

हर नर्मदे हर

(દત્તદેવ-જનાર્દન-શર્મા-'પાગલદત્તાનુ')

:: ચાંદોદ તિર્થ મહાત્મ્ય. ::

કિંમત રૂ. ૦-૧૨-૦

॥ શ્રી નર્મદે દેવિ વર પ્રસીદ ॥

॥ આદી રૂપા, આદિ માયા, આદ્યા અમ્બા અમ્બરી।

॥ ત્રય તાપ શાન્ત કર્તિ રુદ્ર દેહા શંકરી ॥ જય શંકરી ॥

શ્રી ક્ષેત્ર

:: ચાંદોદ તિર્થ મહાત્મ્ય ::

સહ

શ્રી ગણેશ ગુરુ ભકત જીવન

યોજકઃ—

દત્તદેવ જનાર્દન શુકલ (પાગલદત્ત)–ચાંદોદ

અમરગઢ દત્તદરબાર ચક્રદત્ત ઘાટ.

પ્રચારકઃ—

ભટ્ટ બન્સિલાલ ઉજમરામ સુત

ચિ–ગણેશપ્રસાદ બન્સિલાલ ભટ્ટ—ચાંદોદ

(રામજી મંદીરના ટેકરે)

{ ગણેશ લોક ગમન્ ભટ્ટ બન્સિલાલના શ્રેયસાર્થે ચાંદોદમાં આવતા શ્રદ્ધાળુ ભાવિક યાત્રાળુઓને અરધિ કિમ્મતે આ પુસ્તક અપાય છે. }

કિમ્મત રૂ. ૦–૮–૦

સંવત ૧૯૮૭. (પ્રત ૫૦૦) સને ૧૯૩૧.

મુદ્રક:

હરિભાઇ દલપતરામ પટેલ

અન્ત્યોદય પ્રીન્ટિંગ પ્રેસ

અમદાવાદ.

॥ હરનર્મદેહર ॥

—ગ્રંથયોજકનો આનંદોત્સાહ—

શ્રેયસ પથ ગામી પ્રિય—હંસદેવ ! હરનર્મદે ! ભાઇ. બાઇ. બાલબાલા. ! ! પેઢીનાં પૂણ્ય બળે, તમો; પતિત પાવનિ, ઉભયતટ સિદ્ધ, કલીમલ હારિણી, સર્વ પાપ નિવારિણી, નર્મદા મૈયા ના. ઉત્તરતટી ગુજરાત પ્રાંતમાં સર્વ શ્રેષ્ઠ ચાંદોદ કરનાલીનાં તિર્થ યાત્રાએ આવ્યા. ધન્ય. જયમંગલ જયગુરુદત્ત ભલે આવ્યા. ભાવભર્યું હૃદય રાખજો. કેમકે ભાવ શુષ્ક સમયનો વર્તાવ છે જેથી. સર્વ કર્મોમાં આંતર શ્રદ્ધા શુષ્ક વર્તાય છે, અને ઉપરટપકે કાર્યો થાય છે.

મ્હારા ચાંદોદના દશવર્ષના વસવાટમાં ભાવભર્યા યાત્રાળુ હંસોનાં કવચિતજ દર્શન કર્યાં છે. બાકીતો દેખાદેખી ગાડરીયાં, સ્હેલાણીયાંજ ભાળ્યાં એ સ્હેલાણીઓને, ભાવભર્યા યાત્રાળુઓ માટે તૈયાર કરેલ, " શ્રી ક્ષેત્ર ચાંદોદ તિર્થ મહાત્મ્ય " નું શ્રેયસાર્પક પુસ્તક રજુ કરવા, શિવદત્ત રેવા મૈયાની આજ્ઞાને અનુસરી, ચાંદોદના, મ્હારા હૃદય સ્પર્શિ મિત્ર, ભટ્ટ

બન્સિલાલ ઉજમરામના કલ્યાણી આત્મારામને સમર્પવા મમેષ્ટ ગુરુ દત્તરાજના આદેશને વર્તાવું છું. ભટ્ટ બન્સિલાલે ગણેશ લોકગમન પ્હેલાં આ પુસ્તકનું લખાણ વાંચી જોયું હતું, અને માગણી પણ કરી હતી, જે. મહારાજશ્રી. જો આ પુસ્તકનું લખાણ. કૃપા કરી પ્રકાશમાં મૂકવા, મ્હને સોંપો તો, મ્હેં મ્હારા યજમાન યાત્રાળુઓની અને અન્ય સઘળા. યાત્રાર્થિઓની અતિ અગત્યની સેવા કરી સ્હમજાય.

ખરેખર આ પુસ્તકનું લખાણ. યાત્રાએ આવનાર એક ભલા ગામડીયાથી માંડી એક સારા શહેરી સાક્ષર ને અતિ ઉપયોગી નીવડી સંતોષ આપે એવું છે. ઊંડી ઊંડી શ્રદ્ધા છે, જેના હૈયામા એવા અનેક યાત્રાર્થિઓને, આ પુસ્તકનું વાંચન નાસ્તિકતાનો દંભી અધ્યાસ તોડાવી આસ્તિકતાના કલ્યાણી પ્રવાહમાં લાવી. યાત્રાના ફળને સિદ્ધાવે એવું છે. ત્યારે મ્હેં તેમને જણાવ્યું હતું જે. બન્સિલાલજી, જવા દોને હવે, સ્વરાજ્ય પ્રાપ્તિના પુરૂષાર્થમાં ચઢી ગયેલો લોકસમાજ હવે તિર્થ યાત્રાની ગુપ્ત કલ્યાણકર પદ્ધતિને જાળવી રાખે એમ નથી દેખાતું. એટલે આપની માગણીને મૂલતવી રેવાદો, મ્હારી પાસે આવતા. શ્રદ્ધાળુ ભાવિક યાત્રાર્થિઓને, તિર્થ મહાત્મ્ય મ્હારે જણાવવું જોઈએ, એટલા માટે આ લખાણ હું જાળવી રાખુછું. આપનો લોકોપયોગી સેવાધર્મિ સંકલ્પ શ્રી શિવદત્ત રેવામૈયાની કૃપામયી આજ્ઞા થયે સિદ્ધ થશે. મારી મંદેચ્છા જોઈ, બન્સિલાલે માગણી મૂલતવી રાખી, છતાં બીજી વાર જ્યારે એમના સાળાના દિકરા ભાઈ હિરાલાલ દેવલોક થયા, ત્યારે

તેના આત્માના કલ્યાણાર્થે, પ્રકાશમાં મૂકવા. માગણી કરી. તે સમયે પણ મારા. નિવૃત્તિ પ્રિયજીવનના વ્યસને, નિરૂત્સાહ દર્શાવ્યો, એટલે બીજી માગણી પણ મૂલતવી રહી. આજે તેમની માગણી સિદ્ધ થાય છે. અને ભટ્ટ બન્સિલાલની અખંડ સ્મૃત્યાર્થે સંયોજાય છે. એ જોઈ આનંદોત્સાહ ઉભરે છે. ખરે-ખર સત્ય સંકલ્પો હમ્મેશાં સિદ્ધજ થાય છે.

ભટ્ટ બન્સિલાલનાં ધર્મપત્નિ ચાલુ સાલના મહામાસના શુકલપક્ષમાં, અમરગઢના દત્તો પાસનીય સિદ્ધ વાતાવરણમાં, એકાદશીના સૂર્યોદયે પતિશ્રીનો અમરગઢીય સબંધ તાઝો કરાવી વીનવે છે જે, પ્રભો ! તમારા મિત્રની દૈવી સ્મૃતિ માટે આપની ઇચ્છામાં આવે એમ વર્તો. એમણે અમારા માટે ઘણું કર્યું છે. માટે કશોય પણ સંકોચ રાખ્યા વિના, આપ આપની દૈવી પ્રવૃત્તિઓમાં એમનું જીવન જોડી દઇ સત્ સ્મૃત્તિ સમર્પો. સાધુ જીવની; સુખબાની આંતર માગણીને વધાવી. ભટ્ટ બન્સિ-લાલને, મારા દૈવી મિત્ર ગણી, એમની કાયમની સ્મૃતિ માટે આ પુસ્તક યાત્રાળુઓને સોંપતાં જે આનંદોત્સાહ ઉભરાય છે તે જુદોજ છે. સૌમાં, આનંદોત્સાહ ઉભરાવ. એવી સદ્ભાવના સહ યાત્રાળુઓ ! જયગુરુસ્વામિ. સહ હરનર્મદે સ્વિકારશો.

લી. દત્તાશ્રયી.

પાગલદત્તના

જયગુરુદત્ત.

પ્રકાશક પૂત્રના પિતાનો પરિચય.

આ પરિચય જીવન ચરિત્રોના અભ્યાસી, દેવજીવનાદર્શ ઘડનારા, સંસ્કારી યાત્રાળુઓ, અને અન્ય શ્રેયસી હંસોને ઉપયોગી સમજી રજુ કરવામાં આવ્યો છે.

યાત્રાળુ જનોની વાતોમાં, તિર્થના ગોર દેવો માટે સદ્ભાવ નથી બોલાતો, લગભગ ઘણા જનોના હૈયામાં તિર્થગોર એટલે લોભની મૂર્તિ અને યાત્રાર્થિઓની પાસેથી પૈસા ધૂતી લેનાર બાંમણજ, એ નિચભાવ દૂર થવા માટે અને ત્રિર્થના ગોર દેવો ઉપર યાત્રાળુઓનો પૂજ્ય ભાવ પ્રગટાવવા, ચાંદોદ તિર્થના, પ્રસિદ્ધ ગોર ભટ્ટ બન્સિલાલ ઉજમરામનું દૈવી જીવન રજુ કરી, મ્હારો તેમની સાથેનો મિત્ર ધર્મ સિધ્ધુછું. સાથે શ્રી ક્ષેત્ર ચાંદોદ તિર્થ મહાત્મ્યનો પ્રકાશ કરવા, એમના કુટુંબે યાત્રાળુઓની સેવા બજાવવાનો તિર્થ ગોરનો ધર્મ અદા કર્યો, જે માટે ઉપકાર જણાવવો જોઇએ. પણ એવી સમજ અને ટેવ ન હોવાથી વિના ખુશામતે, ભટ્ટ ભન્સિલાલની સ્મૃતિ આ પ્રયાસમાં જોડી પ્રચલીત વિવેક પણ જાળવું છું.

ભટ્ટ બન્સિલાલ ઉજમરામ ચાંદોદમાં આવતા. યાત્રાર્થિ-

ઓના પ્રસિદ્ધ ગોર, તેમજ વ્યહવાર કુશળ મુત્સદ્દી, જ્ઞાતિ. પટેલ, તરીકે ઓળખાતા હતા. ચંદોદની વસ્તિ તેમજ એમના પરિચયમાં આવેલા વ્યહવારી જનો, એમને કાયદાબાજ અને કોઈથી ન છેતરાય એવા જાણતા. સંવત ૧૯૭૭ ના ઉનાળામાં મ્હારૂ પ્રથમાવાગમન થયું, ત્યારે તેઓ દલપત દેવની ધર્મ-શાળાના મેડા ઉપર મ્હને પ્રથમ મળ્યા. જે વખતે મ્હેં તેમને નાત પટેલ અને વ્યહવાર કુશળ મુત્સદ્દિ બ્રાહ્મણ તરીકે જાણ્યા. પણ જેમ જેમ એમની સાથેનો સબંધ ગાઢ થતો ગયો, તેમ તેમ મ્હે તેમનું આંતર જીવન દૈવી જોયું. યાત્રાળુઓને તિર્થ મહાત્મ્યના વાંચનમાં આ પરિચય શા કામનો ! એવું ધારના-રને મ્હારો આંતરભાવ રજુ કરૂછું જે, યાત્રાળુઓની નિજગોર પરત્વેની નિચભાવનાઓ દૂર થાય, અને સઘળાંને એવું સ્હમજાય જે તિર્થમાં વસતા ગોરદેવો, એમના વડીલોના તપ ચારિત્ર્ય બળમાં આંતરજીવને દેવસમા હોય છે, અને લોક દૃષ્ટિએ વ્યહ-વાર કુશળ, લક્ષ્મીસંચક ગણાય છે. પણ તે લક્ષ્મી ઉપાર્જન કરવાની પદ્ધતિમાં સર્વ શ્રેષ્ઠ પદ્ધતિ છે એવું મ્હારૂં માનવું છે. તિર્થમાં આવતા યાત્રાળુઓને પોતાના પ્રાણ સમા જાણી, તિર્થમાં રહે ત્યાં સુધી યાત્રાળુ પોતાના ઘરને પણ ભૂલી જાય, એવો વિવેક ધર્મ જાળવી, યાત્રાળુઓની રાજી ખુશીથી અપાતી દક્ષિણા દાન ગ્રહવું, અને બ્રાહ્મણ વૃત્તિમાં તિર્થક્ષેત્રે જીવન ગુજારવું, એ અત્યુત્તમ જણાશે. જીવન ગુજારવાની પદ્ધતિના અભ્યાસકને.

ભટ્ટ બન્સિલાલ પોતાના યજમાનો પાસેથી રાજી ખુશીનું

દાન સંગ્રહતા, કવચિતજ એવા શઠ અવિવેકી યજમાનો પાસે લોભવૃત્તિ જણાવી હશે. ઘણા તિર્થ ગોર દેવોમાં આ ટેવ ઘર કરી ગઇ હોય છે. જેને વિચારકો તો અભ્યાસે મુકી દેછે. મારા પરિચય પછી તો એમની લોભવૃતિ તદ્દન સમજના ઘરમાં શમી ગઇ હતી. ઘણા યજમાનોને મ્હારી પાસે પોતે મોકલતા, ત્યારે યજમાનો પણ બન્સિલાલની વૃતિ ફેર જોઇ અમરગઢના સંગને ભાવપૂર્વક વખાણતા.

વળી મિત્ર ધર્મે, ઘણાજનો મિત્રોની ગુણ સ્મૃતિમાં, અનેક પ્રકારો સમાજ પાસે રજુ કરે છે. એ પ્રકારોમાં આ મ્હારો પ્રકાર જીવનચરિત્રોના આંતર અભ્યાસી ને સર્વ શ્રેષ્ઠ અને સ્તુત્ય ભાસશે.

સાહિત્ય રસજ્ઞ પંડિતજનો પોતાના પરિચયમાં આવેલા દેવમિત્રોનાં, દેવજીવન સંગ્રહે, અને રજતમ પ્રધાન માનુષિ જીવન ચરિત્રોના. મિથ્યા વાંચનમાં ચઢી ગયેલા. સાહિત્ય પિપાસુ વર્ગને પાછાં ફેરવી. દેવજીવન ગુજારી ગયેલાં દેવાદર્શ રજુ કરી, જનસેવા સિદ્ધે એવી યાચના છે. સમાજની કલ્યાણી ચેતનાને પ્રગટાવનારા, ભક્તજનો ! અમર તપો ભારતમાં;

સ્વરાજ્ય સોંપાવનારાનાં જીવન, પ્રજાને વિલાસમાં વધારી. આધિભૌતિક સુખો સોંપનારાં જીવન, લોકકુશળતા, નાત કુશળતા, શહેર કુશળતા, ગામ કુશળતા, શેરી કુશળતાને જણાવતાં, મિથ્યા મ્હેનતમાં અણમોલ જીવનકાળ વ્યતિત કરાવનારાં, અસત્ જીવન ચરિત્રો, ઉછળતા, કેળવાયેલા, યુવાન

સમાજની બુદ્ધીમાં રજુ કરવા કરતાં, છેલ્લા જન્મી મુક્તાત્મા-ઓ કે, હજી જન્મ ધરનારા દેવાત્માઓનાં, દૈવિજીવન ચરિત્રો સોંપવાં, એ ભારતનો સનાતન સત્ય પુરૂષાર્થને તાજો કરવાનો સત્કર્મ યોગ. (પાકો કર્મયોગ.) કર્યો કહેવાય.

આધિભૌતિક અને આધિદૈવિ સુખોમાં ખેંચાઈ ગયેલો વર્તમાન સમાજ, નેતાઓના થાકે હવે થાકયો દર્શાય છે. પાશ્ચિમાત્ય પ્રજાના સંગે, આપણો બાપદાદાઓનો જીવન જીતવાનો (મોક્ષ-મુક્તપદ-પૂર્ણપદ) પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ વિસર્યા, અને જીવનનો એટલો કાળ મિથ્યા કર્યો અને કરાવ્યો, એમ થાકેલાંઓને જણાશે.

સ્વ સિદ્ધાંત અને મનમુખી માન્યતા. સાચી ઠરાવવા ઘણા હઠીલાઓની હઠ પરમાત્મા જ્યારે મૂકાવે છે, ત્યારે તે હઠીલાઓની પાછળ દોરવાઇ ગયેલા જીવો પશ્ચાતાપ કરે છે. એવી રીતે હમણાં, ઘણાઓનો અંતઃસ્તાપ વાતાવરણમાં વ્હેતો દેખાય છે. ભારતના જીવોને પ્રાચિન સંસ્કારોની ટેવો જીવમાં ઘડાઈ ગયેલી હોય છે એટલે, અંતઃસ્તાપી હૈયુ શાન્તિ લેવા આપણા પૂર્વજોની. તિર્થયાત્રા કરવાની પદ્ધતિને યાદ કરે છે. ઇતિહાસ પણ સાક્ષી પુરે છે જે, અંતઃસ્તાપી રાજા મહારાજાઓ અને ગરીબ ગુરવાંઓ, અંતઃસ્તાપે તિર્થયાત્રાએ વિચર્યા છે. અલબત ભારતનાં અંતઃસ્તાપી હૈયાં માટે શાન્તિ લેવા આપણા મહર્ષિઓએ સૌન્દર્ય પૂર્ણ સરિતાના તટો ઉપર તપશ્ચર્ણ આદરી, સત્ય જીવના દર્શ઼ઘડી, આપણા માટે તિર્થયાત્રાઓનાં સ્થળો અમર કર્યાં છે.

ગુજરાતનાં અંતઃસ્તાપી હૈયાં માટે, ગુજરાતનાં તિર્થ-યાત્રાનાં સ્થળોમાં સર્વ શ્રેષ્ઠ ચાંદોદ કરનાળીનું યાત્રા સ્થાન વર્ણવ્યું છે. તે બરાબર છે. લગભગ ગુજરાતમાં વસતુ હરેક કુટુમ્બ, એક વખ્ત તો ચાંદોદ કરનાળીની યાત્રાએ આવવાનુંજ ભલેને તદ્દન નાસ્તિક હૈયા સૂનાં, તિર્થયાત્રાએ ન આવે, અને બળ્યાં ઝળ્યાં રહે, તેથી શું ! તિર્થોના મહિમા ઘટે ખરા કે ? કદી નહિ. ઓ થાકેલા અંતઃસ્તાપી બંધુઓ ! આવો ! ! એકાદ વખ્ત તો પતિત પાવની રેવામૈયામાં સ્નાન કરી, પ્રત્યક્ષ શાન્તિનો સ્વાનુભવ પ્રાપ્ત કરો. યાત્રીઓને. આ લેખકની યાચના છે જે, તિર્થે વસતા તમારા કૂળના ગોરદેવ ને, તમો. દેવજ સમજજો. અને ગોર દેવના દેવજીવનનોજ અભ્યાસ કરજો. જો તમને દેવજીવન ન જણાય, અને દેવભાવ ન બંધાય, તો જ્યાં દેવભાવ કબૂલ થાય, ત્યાં યજમાનપણાનો સબંધ બાંધવો. જેથી જુના ગોરદેવની ચેતના. પણ પ્રગટ થાય, અને દેવજીવન વર્તવા. ફરજ પડે.

ભટ્ટ બન્સિલાલનું દેવજીવન, એમના યજમાનોની જાણમાં રજુ કરતાં, લેખક રાજીપો દર્શાવે છે જે, ધન્ય એમના યાત્રાર્થિ યજમાનોને, કે જેમને છુપુ દેવ જીવન વિતાવનાર ગણેશ ગુરુભક્ત ગોરદેવ પ્રાપ્ત થયા હતા. હવે તેઓ આ લોક-માંથી ગણેશ લોકમાં સિધાવ્યા છે. ખરેખર, ભટ્ટ બન્સિલાલનું પ્રાણોત્ક્રમણ દેવસમુ થયુ છે. એમનું મરણ જોનારાં સઘળાં જણાવે છે જે, દેવમરણ—ઓ મ્હારા. દેવમિત્ર ! ! મ્હેં ત્હમોને રૂબરૂમાં તો મ્હારી અવધૂત વૃતિની કડકાઇ રજુ કરી હતી,

પણ તમોએ તે મીઠી કરી માની લીધી. અને મરતા સુધી આરંભવત્ અટલ ભાવ રાખ્યો.

છેવટે ચિ. ભાઇ ગણેશપ્રસાદના લગ્ન સમારંભે, મ્હેં અને ત્હમે જાણી જોઇ આપણો સબંધ મોળો દર્શાવ્યો, એનું કારણ. તમારી પાછળ વર્તવામાં આવતો-સગા સબંધીનો માનુષિક વ્યહવાર, સબંધી પ્રિય ગણાય અને ચાલતા વ્યહવારમાં વિક્ષેપાવરણ ન આવે.

લોકપ્રિય જીવન, અને ઈષ્ટપ્રિય જીવન જીવનારાઓના, જીવન વર્તાવ. ભિન્ન ભિન્ન હોય છે.

લોકમાન્ય એટલે-પ્રેયસ-

અને

દેવમાન્ય એટલે-શ્રેયસ-

તમો શ્રેયસ જીવનમાં જીવતાં, પ્રેયસ જીવનનો વર્તાવ વર્તાવતા. એટલેજ પાગલ અસંગી રહેતો. છતાં, તમારા દેવ જીવનના વર્તાવનો અભ્યાસી રહેતો. અમરગઢ દત્તદરબારની સ્થાપના થયા પછીના, આજ સુધીના સઘળા ઉત્સવોમાં, આપે દેવમિત્ર જીવન રજુ કરી મમાંતર શાંતિ મેળવી. અમદાવાદ પાસે કોચરબ પાલડીના મહા રુદ્રોત્સવ પછી, આપે આપનુ પ્રેયસી વ્યહવારી જીવન મંદ પાડયું હતું, અને મ્હારી શ્રેયસ્કર યાચનાઓ જીવનમાં ગ્રહણ કરી જેમ બને તેમ અસંગ આસન અને એકલા રે'વાની ટેવવાળા થયા હતા. જેથી

તમારા વ્યહવારી સબંધીઓ, તમારી મતિ ફરી છે એમ જણાવતા હતા. ખરેખર શ્રેયસપદ સિદ્ધતા, હંસોએ, પ્રાણોત્ક્રમણ અગાઉ, અમુક સમય વૃતિનો ફેરફાર કરી બહિર વૃતિઓને તોડી છે. જ્યારે તમો તમારા પ્રાણોત્ક્રમણ અગાઉ ૧૦–૧૫ દિવસ પ્હેલાં શ્રીરામજી મંદીર પાસે મળ્યા હતા. ત્યારે, તમારૂ આંતરલક્ષ, ઇષ્ટ ગુરુમાં પરોવાયુ હતું. એ ભાળી હું ઘણો રાજી થયો હતો.

આ વર્તમાનકાળમાં ઈષ્ટ ગુરુની ભક્તિમાં પ્રાણ છોડનાર વીરલ હંસોનાં દર્શન દૂર્લભ છે.

ઓ ગણેશ ગુરુના પરમ ભક્તરાજ !! જય ગણેશ—જયગુરુસ્વામિ—તમારી ઇષ્ટ ગુરુની ભક્તિનું આદર્શનિય જીવન ભક્તોની જાણમાં લાવવાની જરૂર જણાયે, તમારા ઇષ્ટ શ્રી ગણેશદાદાની પ્રેરણાથી ચાંદોદ ક્ષેત્રના તિર્થ મહાત્મ્યનું લખાણ તમનેજ સમર્પુ છું. આથી ચાંદોદના તેમજ તમારા બાહ્ય જીવનના પરિચીત જનો, કદાચ મ્હને ખુશામતીઓ જાણશે. પણ તે માટે મ્હને જરાય પણ દરકાર નથી. કારણ કે, હું મ્હારા પરિચયમાં આવેલા દેવજનોનું દેવજીવન, ભક્તોના સાહિત્યમાં વધારો થાય તે માટે પ્રકાશમાં લાવવાનો ઉત્સાહી છું. વળી સાચા ઇષ્ટ ગુરુ ભક્તોનું આંતરજીવન ભક્તજનાર્થે, પ્રગટ કરવું એ એક છૂપી અને અણમોલી લોક સેવા સિદ્ધાય છે એવું મ્હારૂ માનવું છે. માટે, તમારૂં ઇષ્ટ ગુરુભક્તિ બળવાળુ જીવન, ટુંકામાં રજુ કરૂછું.

આપનાં ધર્મપત્નિ સુખબાએ, ચિ. ગણેશપ્રસાદના નામે,

શ્રી ક્ષેત્ર ચાંદોદ તિર્થ મહાત્મ્યને તિર્થમાં આવતા જનસમાજ માટે, તમારી કાયમ સ્મૃતિમાં પ્રકાશમાં લાવવાની ફરજ અદા કરી છે.

ચાંદોદ તિર્થના ગોરદેવો તરફથી. યાત્રાળુઓને તિર્થ મહાત્મ્ય જાણ થાય એટલા માટે આજ સુધીમાં કશોય પ્રયત્ન થયો નથી. સદ્‌ગત જીવનમુક્ત, સણોર દરબારના કારભારી સાહેબ, ભાઇ મગનલાલજીએ રેવા પંચતિર્થિનું પુસ્તક પ્રકાશી, યાત્રાળુઓની સેવા કરી છે. જે પુસ્તકમાંનો પણ થોડો ઘણો આ-ધાર આ પુસ્તકમાં લીધો છે. માત્ર તે પુસ્તક કરતાં આ મહા-ત્મ્યમાં ફેર એટલોજ કે સંવાદના રૂપમાં અનેક પ્રકારની ચર્ચા કરતો યાત્રાળુઓને અથ ઇતિ વાંચી જવાનો ઉત્સાહ ઉભરાવતું અલખાણ લખાયું છે. અસ્તુ.

ઓ ગણેશ ગુરુ લોકમાં બીરાજતા ! બન્સિલાલના આત્મદેવ ! નમોનમઃ ! જયગણેશ. !

તમો મ્હને સતસંગમાં જણાવતા જે, જ્યારે મ્હેં ડભો-ઇમાં ગુરુદેવ પૂર્ણાનંદ મહારાજની દિક્ષા લીધી, ત્યારથી મ્હેં મ્હારૂં જીવન ઇષ્ટ ગુરુભક્તિમાં કેળવવા માંડયું. તમો જ્યારે, મ્હને મળ્યા ત્યારે તમો ગુરુદિક્ષાને પામી ગુરુકૃપામાં ઝુલતા હતા. તેમાં વળી, શ્રીગણેશ ઉપરનો આપનો ઉપાસનીય દૃઢ ભાવ જોઇ, મ્હેં આપના હસ્તે એક ગણેશ મૂર્તિને પધરાવી. ખરેખર તમો ગણેશભક્ત એટલે, એ ગણેશ મૂર્તિના પધરાવ્યા પછી, મ્હારો દત્તભક્તિભાવ પ્રાગટયનો અનુભવ કરવા માંડયો,

અને મંગલ મંગલ ભકત્યાનંદ થયા કરે છે. મ્હેં ઘણીવાર આપના સમાગમમાં જોયું છે જે, ગણેશ ગુરુની ઉપાસના વિધિ પરવાર્યા વિના કદી પણ ભોજન લેતા નહિ, સિન્દુર, દુર્વા અને પુષ્પ માટે, એટલા બધા પ્રયત્નિ રેતા જે, જે દિવસે એ ત્રણમાંથી એક વસ્તુ, જો ગણેશગુરુને ન ધરાવાય તો, ઉદાસીન રે'તા, તે જ્યારે પાછુ મનમાન્યુ ચઢાવતા ત્યારેજ રાજી થતા. હમ્મેશાં ગણેશાથર્વ શિર્ષ ના, ૧૧–પાઠથી ઉપાસનિય મૂર્તિ ઉપર અભિષેક કર્તા. ગણેશ ચતુર્થિનુ વૃત કદી ભંગ થવા નથી દીધું. ઇષ્ટ ગુરુનું એટલું બધું તન્મયી ત્રાટક હતું જે, તમારો ચોલો ગણેશગણ અને ગુરુમૂર્તિ સમો દેખાતો હતો.

સિન્દુરની બિંદગી વાળુ, એ ભક્ત મુખડુ, હજી પણ મ્હારી આંખો આગળ તરવરી રહ્યું છે. વાર્ષિક ગણેશ જયંતિ ઉજવતા, અને તે દિવસે ગણેશો પાસનામાં તમારા અંગમાં ગણેશજીનો આવિર્ભાવ થતો, એવું મ્હેં અવલોકયું છે. તમારા અન્ય સબંધીઓ, તમારી ઉપર ગણેશ ગુરુની કૃપા છે. એવું જાણતાં. કારણ કે, ઘણાં કાર્યોમાં, તમો સામા પક્ષના બળ ઉપર વિજય મેળવતા. અને નિર્વિઘ્ને હાથ ઉપર આવેલાં કાર્યો પતાવતા.

તમારા વ્યહવારી જીવન વર્તાવનું લખાણ, અત્રે જણાવવું મને નથી રૂચતું, કારણ કે વ્યહવારમાં દેવવૃતિઓ શોભા આપતીજ નથી. અમરગઢના પરિચય પછી તમો ગણેશ ગુરુ ભક્તિમાં વધારો કરતા, અને ધીમે ધીમે એકાંતિક ભક્તદશાને પામવા લાગ્યા. મરણાંતે તમોએ **ઓ ગણેશ ! ઓ ગુરુ !**

ઓ ગણેશ ! નો આર્તનાદ ઉચ્ચારી, મતીને શ્રીણેશ ગુરુમાં યોજી હતી, એવું રૂબરૂમાં અનુભવ્યું છે. સત્સંગમાં જ્યારે આપ ખુલ્લા થતા, ત્યારે જણાવતા જે બાપજી! મ્હને તો આપનાં ત્રણ સૂત્રો જીવનમાં પચાવવાં ઘણાંજ ગમ્યાં છે. ગૂણગા. ગમખા અને ગૂમથા–અને તે મ્હેં જીવનમાં ઉતાર્યા છે. ખરેખર, એમણે ઉતાર્યા હતાંજ. એવું એમના સમાગમીઓ જણાવે છે. આંતરદયા, બીજાનું ભલુ કરવું, નબળાની સ્હાયમાં રેવું, કોઇનુ ઇરાદા પૂર્વક બગાડવું નહિ, એવા અનેક દૈવી ગુણો એમનામાં છૂપા ઢંકાઇ રહેલા હતા. ગમ ખાવાની ટેવ તો સર્વ શ્રેષ્ઠ હતી, અમરગઢનો દત્તાવધૂતિ સંગ જો સૌ પ્હેલાં ગ્રહણ કર્યો હોય તો ભટ્ટ બન્સિલાલેજ અમરગઢના સાહિત્યમાંથી, એમને, જે વધારે પ્રિય હતું. તે ચાલુ લખાણમાં જોડી દીધું છે. હરતાં ફરતાં તેઓ,

"તેરે વિરહમેં જલા રહાહું દત્ત દિગમ્બર દર્શન દે"

"આતા નંગાં જાતા નંગા"

"ખુવારી ખુદમસ્તોની"

"દત્તાર્તિ સહ દત્ત પ્રાર્થના" અને

દત્ત ચરિત્રામૃતમાંથી, ગણેશ મહિમા ગૂણગાન વાળો પ્રસંગ, વખતો વખત વિચારતા. અને મુખપાઠ કરતા. અમર મેધામાંથી, શાંતિપાઠ, અને સ્વરૂપ સિદ્ધિ શાસ્ત્રનો પાઠ કદી કદી બોલી જતા.

પૂર્ણાનંદ મહારાજનાં ભજનો, જ્યારે ગાતા ત્યારની એમની તન્મયી મુદ્રા, હજી પણ મ્હને નમાવે છે.

ધન્ય એવા ઈષ્ટ ગુરુભકતોના જીવનને અને ધન્ય એના પરિચીત જનોને. જે માટે આ એક ધન્યવાદનું ભજન અત્રે ટાંકવા ઇત્તાજ્ઞા થઇ છે.

(ભકતજનને ધન્યવાદનું ગીત-)

એવા જન્મ્યા ભક્તોને ધન્ય ધન્ય છે હરિ-એવા (૨)
જેનાં જીવન ચરિત્ર જગવન્દ્ય છેરે—એવા જન્મ્યા. ૧
ધન્ય એના તાતને ને ધન્ય એની માતને;
ધન્ય છે હરિ ભગતની નાતનેરે—એવા જન્મ્યા. ૨
ધન્ય એવા ગામને ને ધન્ય એવા ઠામને.
ધન્ય એવા સંતના રે'ઠાણનેરે—એવા જન્મ્યા. ૩
ધન્ય ગુરુ ધન્ય ઇષ્ટ ધન્ય કુલદેવાને,
ધન્ય એના સાધકની સેવનેરે—એવા જન્મ્યા. ૪
ધન્ય એના ટેકને ને ધન્ય એના નેકને,
ધન્ય એવા તારે અનેકનેરે,—એવા જન્મ્યા. ૫
ધન્ય એના સંગને ને ધન્ય એના રંગને.
ધન્ય એના દીલના ઉમંગનેરે—એવા જન્મ્યા. ૬
ધન્ય વદે પાગલ જે છોડે જગ ધાંધલ,
જે ગણાય ગુરુનાં એકલમલરે—એવા જન્મ્યા. ૭

ધન્ય એવા ગોવિંદ ગુરુના ભક્તોને.

બોલો ! ગુરુ ગોવિંદ ભક્ત સંતોની જય જય.

હવે આપણે ગ્રંથારંભ કરીએ. યાત્રાળુઓ, ગોર બન્સિલાલના દેવજીવનમાંથી, દેવવૃતિનું ગ્રહણ કરે અને તિર્થના ગોરદેવ ઉપર ભાવિક રહે એવું યાચતો. યોજક ગ્રંથારંભ કરેછે.

–ગ્રંથારંભી મંગલમૂર્તિ ગુણગાન–

આ ગીતા ગણેશભક્ત. ગોર બન્સિલાલને મુખપાઠ હતું. એઓ આ. ભજનના ગાનથી ઘણીવાર ભક્ત દશામાં મૃદુ થઇ, ધ્યાનસ્થ થઇ જતા. ઉજ્જેને (અવન્તિકા ક્ષેત્રે) રાજા રામચંદ્રે સ્થાપેલા, ચિંતામણી અને ઇચ્છામણી, ગણેશના પ્રાચિન ધામમાં, પ્રગટ ગણેશ. મૂર્તિની પ્રાર્થનામાં, આ ગીથ લખાયું છે, અને તે પછી જેને જેને આ ગીત સોંપવામાં આવ્યું છે, તે તે બધાંનાં પ્રાલબ્ધ શ્રી ગણેશદાદાએ સિધાં કર્યા છે. અને, રિદ્ધિ સિદ્ધિ સમર્પે છે. વળી ભાવપૂર્વક ગાવાથી શ્રી ગજાનન મહારાજ ગાનાર ઉપર પ્રસન્ન રહે છે. ગણેશ ગાન સાથે ગણેશ દત્ત સિદ્ધ ધૂનથી ચિત્તવૃત્તિ સ્થિર કરવી.

શ્રી ગજાનન સ્વામીની કૃપા પ્રાદીમાં મળેલી સિદ્ધ ધૂન–

ગણેશ ભજન ધૂન.

રિદ્ધિ સિદ્ધિ બુદ્ધિ દાયક મંગલમૂર્તિ મોરયા
લક્ષ લાભ ક્ષેમ કુશલ વરદ દાતા મોરયા
જય ગજાનન મોરયા–મોદક પ્રિયા મોરયા
મુષક વાહન મોરયા–મોરાયા મોરયા મોરયા હો
જય ગજાનન મોરાયા. ૧

—શ્રી ગણેશ કૃપાતસિદ્ધ—

—॥ શ્રી ગણેશોદ્‌ગીથ ॥—

(પાગલીયા રાહ)

ગૌરી નંદન હે ગણેશા, વિધ્ન હરણા મોરાયા;
વક્રતુંડા શુંડ દુંડા, મૂર્તિ મંગલ મોરયા ૧

રિદ્ધિ સિદ્ધિ બુદ્ધિ દાયક, કષ્ટ હરણા હે વિનાયક;
ભક્તને તું તુર્ત સ્હાયક, ભાલચંદ્ર મોરયા. ૨

લક્ષ લાભ ક્ષેમકુશલ, દાતા વર મૂર્તિ મંગલ;
ટાળનારા લોક ધાંધલ. એકદંતા મોરાયા. ૩

ગણપતિ ગંગં ગજાનન, મોદક પ્રિય મુષક વાહન;
પરશુ ધર ભક્ત તારન, જય હેરંબ મોરયા. ૪

દેવમાન લોકમાન, પ્રગટ દેવ સિદ્ધિવાન;
દાસ પાગલ કરત ધ્યાન, જય ગણેશા મોરયા. ૫

પાળજો સંભાળજો. હે નાથ સ્વામિ તારજો;
પંપાળજો બુચકારજો, મયુરેશ પાગલ મોરયા. ૬

ઉદ્‌ગીથ—૨—

સેવોરે શીવ ગૌરી કે નંદન, ગૌરી કે નંદન દુઃખ નિકંદન-સેવોરે.
બાલા યોગેશ્વર, અવધુ સિધ્ધેશ્વર,
બુદ્ધિપતિ શુંડ દુંડા ગજાનન. સેવોરે ૧

રિદ્ધિ કે સ્વામિ, નામ અનામી,
સિદ્ધિ કે દાતા સતચિત આનંદ. સવોરે. ૨

પાશાંકુશધર. મંગલ સખકર,

જોગેશ્વર ભક્તન ભવતારન. સેવોરે. ૩
મુષક વાહન, મોદક પ્રિયગણ,
પ્રગટ વિનાયક કલિમલ ભંજન. સેવોરે. ૪
જય લંબોદર, સદ્ય સંકટ હર,
આદિ અનાદિ અગ્રપદ પૂજન. સેવોરે. ૫
જય ગુરુસ્વામી, અમર નિષ્કામી,
નમે પ્રભુ પાગલ પ્રગટ પરમાત્મન. સેવોરે. ૬

ઉપરોક્ત બન્નેય ભજનો ગણેશ પ્રસાદીનાં છે માટે અશુદ્ધ વાતાવરણમાં અને અશુદ્ધ ભાવમાં ન ગાવાં.

જય ગજાનન—

હર નર્મદે હર.

—પ્રગટ નર્મદોપાસના—

યાત્રાળુઓ-શ્રી નર્મદા મૈયાની આ આરતી.

ચાંદોદના ચક્રપાણી ઘાટ ઉપર આવેલા અમરગઢ દત્ત દરબારમાં આજે ૧૦ વર્ષથી સાયંપ્રાતર સિદ્ધાય છે. જેથી નર્મદામૈયા અવશ્ય પ્રસન્ન થાય છે. એવો લેખકનો, તેમજ આરતી ઉપાસનારાઓનો અનુભવ છે. માટે જેમ બને તેમ આ આરતીનો પ્રચાર ચાંદોદની યાત્રાએ આવનારાં ભાવિક યાત્રાળુઓમાં કરવા યાચના છે.

આરતી પ્હેલાં તપ સિદ્ધ ધૂનો ધૂનયોગની પદ્ધતિથી ઘૂંટવી અને પછી આરતી બોલાવી—

—નર્મદા મૈયાની તપસિદ્ધ ધૂનો—

૧ નર્મદા નિરંજની પાપતાપ ભંજની—

૨ પતિત પાવની રેવામૈયા જટાશંકરી તવશરણં ભવભયહરણં—

૩ રેવા રેવા આનંદા નંદા રેવા—

૪ નર્મદેહર નર્મદે તુંહિ નર્મદે હર સર્વદે—

૫ રેવા તીરે તપ કરતાં ઓમ્ નમઃ શિવાયના જપ જપો,—

૬ આદિરૂપા આદિમાયા, આદ્યા અમ્બા અમ્બરી જય રેવાશંકરી—

૭ જયજય નર્મદ મહારાની, મૈયાશંકરી પુરાની—

૮ કિંકરીને તાર મૈયાશંકરી, બાલને બચાવ રેવાશંકરી—

૯ જયરેવા રેવા, મૈયા રેવા રેવા, જપ કરનારા પામે મેવા—

૧૦ પ્રાચિન ઋષિ મહર્ષિ સઘળા, રેવા તીરે તપ કરતા.
અપરાધો સૌ ભસ્મ કરતાં, મૈયા ભવ ભયને હરતાં—

૧૧ નર્મદા નર્મદા જય દત્ત પ્રિય નર્મદા.
સર્વદા સર્વદા ભક્તરક્ષી નર્મદા—

ઉપર જણાવેલી ધુનો નર્મદા મૈયાના તટઉપર દત્તો પાસનામાં પ્રસાદી માની ઘૂંટી—(જપી) સિદ્ધ કરી છે. સાથે સ્વાનુભવ એવો છે જે આ ધૂનો જપનાર જીવ, અન્ય કશુય ન કરતાં માત્ર નર્મદા તટે નિવાસ કરી, રેવાશ્રયી બને અને આ ધૂનો તપથી જપે તો તે જીવના ઘણા જન્મો રદ થઇ અંતિમ જન્મની તૈયારી, તે અનુભવે છે, વળી એની સઘળી મનોવ્છિત દેવભાવનાઓ, ફળીભૂત થાય છે અને તે આ લોક પરલોકને સિદ્ધે છે. જો યાત્રાળુ જનો, પોતાના ગૃહે જઇ સાયં

પ્રાતર ઘરનાં બચ્ચાં બૈરા સાથે આ ધૂનો જપે તો, નર્મદાદેવીની અભયી કૃપાને તેઓ જાળવી રાખે છે. ધૂનો બોલ્યા પછી, ધૂપ સળી સળગાવવી અને દીપ જ્યોતિથી નર્મદા માની ભાવારતી ઉતરાવી.

શ્રી નર્મદામૈયાની સિદ્ધાઽર્તિ.

જય જગદમ્બા અમ્બા, નર્મદ મહારાની, મૈયા શંકરી પુરાની,
અનાદી અમ્મર સાક્ષી, જળરૂપ નારાયણી. ॐ નિરંજનીમા, ૧

ઉભયતટે રૂષિમુનીઓ, આશ્રય લઇ તપીઆ, મૈયા આશ્રય લઇ તપીયા,
પરમતત્વને પામી, તવ જળમાં શમીયા. ॐ નિરંજનીમા. ૨

કળીયુગમાં સૌ શ્રેષ્ટ, પ્રગટ ભવાનીમા, મૈયા પ્રગટ ભવાનીમા,
દર્શન આનંદ આપે, કલેશ વિદારિણીમા ॐ નિરંજનીમા. ૩

ઉત્તર દક્ષિણ દીશ, હદ પાડી વ્હેતી, મૈયા હદ પદ પાડી વ્હેતી
અનેક જીવને જીવન, માતૃવત્ દેતિ ॐ નિરંજનીમા. ૪

એવી ભવ ભય હરમા, તવ શરણું રે'તાં, મૈયા મનથી આદરીયાં,
ભાંય બેયાં હૈયાં, હૈયાં સૌ દેતાં. ॐ નિરંજનીમા. ૫

પ્રેમ ગરીબ પૂજન, મનથી આદરીયાં, મૈયા મનથી આદરીયાં,
આરતી કરવા માટે, બાળક સૌ મળીયાં. ॐ નિરંજનીમા. ૬

નયન તણી બે જ્યોત, આરતી અંગ ગણો, મૈયા આરતી અંગ ગણો,
આત્મભક્તિ સ્વિકારી, માયા દોષ હણો. ॐ નિરંજનીમા. ૭

એજ હ્રદયના ભાવ, પુષ્પાંજલીમાં લો, મૈયા પ્રેમાંજલીમાં લો,
પાગલ સાથે સૌને, નિર્ભય પદવી-દો. ॐ નિરંજનીમા, ૮

—હર હર નર્મદે હર—

નર્મદાપૂત્ર બ્રહ્મચારી ગૌરિશંકર મહારાજની નર્મદાર્તિ પરિક્રમાવાસી સન્તોમાં પ્રચલિત છે તે પછી મહારાજ શ્રી ગૌરિશંકરજી પેઠે મૈયાજીની કૃપા પ્રસાદીમાં મેળવેલી, આ આરતી છે. સ્વાનુભવ છે જે નર્મદાના ભક્તો જો રાત્રીના આ આરતી ભાવપૂર્વક આર્તનાદે ગાય તો જરૂરથી થોડાજ અરસામાં મૈયાનું પ્રગટ દૃષ્ટાંત અનુભવે છે. શ્રીમંત યાત્રાર્થિ અને નર્મદાના ભક્તો પાસે વિનંતી છે જે આ સિદ્ધાર્તિને છપાવી જો તેનું લ્હાણું-વ્હેંચણી-ઓ'ળી રીતે કરે તો. જરૂર નર્મદા દેવી એના ધર્માર્થ કામ મોક્ષને સિદ્ધાવેજ હર નર્મદે-

ઉદ્ગાતર દત્તદેવ જનાર્દન શુકલ

પાગલદત્તના

જયગુરૂ દત્તસહુ-હરનર્મદે-

—શ્રી ક્ષેત્ર ચાંદોદ તિર્થ મહાત્મ્ય—

પ્યારે યાત્રાર્થિ ! જય ગુરુસ્વામી. ! સાથે બોલો

" હર હર નર્મદે હર. "

જેણે નર્મદા મૈયાની સાત પરિક્રમાઓ કરી હતી, એવા, રેવા મૈયાના પરમોપાસક, પ્રાતઃસ્મરણીય શ્રી ગૌરિશંકર મહારાજે, " હર હર નર્મદે હર " નો કલાણી નાદ જીવનમાં સિદ્ધ કરી, નર્મદા તટે નિવાસંતા, અને નર્મદા સ્નાનાર્થે આવતા, યાત્રાઓના ભવતાપ નિવાર્ણાર્થે સોંપેલો છે. તમો જાતે અનુભવ કરજો. એકાદ રાત્રીએ નવ વાગ્યા પછી નર્મદા તટે આવી, શાંત વાતાવરણમાં ઉપરોક્ત નાદ ભાવ પૂર્વક પ્લુત નાદે ઉચ્ચારશો, તો એ નાદમાં શો અનુભવ છે, તે તમને સમજાશે. જેવો " વન્દે માતરમ્ અને " કલાણાની જય, એ નાદમાં કેવા આનંદ થાય છે એથી પણ મહદાનંદ તપસ્વી. ઉપાસકોના સિદ્ધ નાદમાં સમાયો હોય છે. માટે બોલો. આપણા તિર્થ મહાત્મ્યના ગ્રંથારંભમાં **હર હર નર્મદે હર.**

સ્વરાજ્ય લેવાના ઘણા પ્રયત્નો લોક નેતાઓના અને લોક સંઘના થઇ રહ્યા હતા. જેમાં ધાર્યા મુજબ ફત્તેહ ન મળવાથી લોક વર્ગ અંતસ્તાપી હતો. અંતસ્તાપે તિર્થયાત્રા વિચરણ કરવું. એવી ભારતીય સનાતનીય પદ્ધતિને સ્હમજનારાં, આસ્તિ હૃદયો ભારતનાં પ્રાચિન તિર્થ સ્થાનોમાં વિચરતાં હતાં. એ મુજબ આપણા તિર્થ મહાત્મ્ય સંવાદના પ્રધાન શેઠજી જીવરાજ શેઠ. મુંબાઇ નગરીથી પોતાના કુટુમ્બ અને મિત્ર વર્ગ સાથે ગુજરાતના પ્રસિદ્ધ ક્ષેત્ર ચાંદોદે આવવા નિકળી ચૂકયા હતા.

-અધ્યાય પહેલો-

જીવરાજ શેઠ અને આત્મારામ ગોરનો સંવાદ.

તિર્થમાં આવતા ગૃહસ્થ સજ્જનોએ તો, પ્રથમથી પોતાના તિર્થના કુલ ગોરદેવને પત્રથી જણાવવું. જેથી, સ્ટેશને ઉતરતાં ગોર દેવોની પૂછાપૂછી અને ખેંચાતાણ થાય નહિ.

આપણા જીવરાજ શેઠજીએ પ્રથમથી ગોરદેવને જણાવ્યું ન્હોતું ફાલ્ગુન માસ હતો, શુક્લપક્ષી અષ્ટમિ હતી. રાત્રે આવતી નવની ગાડીમાં જીવરાજશેઠ સેકન્ડકલાસના ડબ્બામાંથી ઉતરી, સઘળા કુટુમ્બ મિત્ર વર્ગ ને લગેજ સંભાળી લેવા સૂચવતા, વેઇટીંગ રૂમ પાસેની બાસ્ટિલ ઉપર બિરાજ્યા. ચાંદોદના પ્રસિદ્ધ આત્મારામ ગોર, સ્ટેશન માસ્તરની મિત્રતાના હક્કે, અને શ્રીમંતાઇના હક્કે પ્લેટ ફોર્મે પાસ હોવાથી શેઠજી પાસે વિના સંકોચે, પોતાના માણસના હાથમાં ચોપડા ઉચકાવી, પાસે જઇ વિનયથી શેઠજીને પૂછવા લાગ્યા.

આત્મારામ ગોર—શેઠજી આપના પિતાશ્રીનું શું નામ?

જીવરાજશેઠ—ગોરદેવની વિનયી અને વિવેકી મુદ્રા ભાળી, હસતા મુખે પિતાશ્રીનું નામ જણાવે છે. મારા પિતાજીનું નામ, હંસરાજ શેઠ અને મ્હારૂં નામ જીવરાજ જંજીબારવાળા-

આત્મારામ—જય થાવ! જય થાવ! આજથી ૧૦ વર્ષ પ્હેલાં આપના પિતાશ્રી પધાર્યા હતા. અને આપણે ત્યાંજ ઉતારો કર્યો હતો. તે વર્ષમાં પણ દેશનેતાઓનો સત્યાગ્રહ કરી સ્વ. રાજ્ય લેવાનો પ્રત્યન નિષ્ફળ નિવડ્યો હતો. દેશસેવામાં પોતાની ઘણી લક્ષ્મી વપરાઇ ગઇ છતાં, વિજય ન મળ્યો એટલે શાંતિ લેવા પધાર્યા હતા. અને ચાંદોદમાં દશ પંદર દિવસ નિવાસ

કરી, પોતાની ધર્માદા ખાતાની લક્ષ્મીનો સદૃપયોગ કર્યો હતો. ચાંદોદની ચોરાશી, અને બ્રાહ્મણોને અરધો અરધો રૂપીયો દક્ષિણા વ્હેંચી હતી; પધારો, પધારો, આપના પિતાશ્રીના કુલનો ગોર હું છું.

જીવરાજશેઠ—હસતે મુખે બોલ્યા, શું આપનું નામ આત્મારામ ગોરદેવ કે!

આત્મારામ ગોર—હાજી. આત્મારામ રેવાશંકર વ્યાસ-!!

જીવરાજ—ગોરદેવ! હું આપને પત્ર લખવો વિસરી ગયો. મ્હારાં સ્વર્ગસ્થ માતુશ્રીએ, આપની ગોર વૃત્તિનાં વખાણ કર્યાં હતાં. અને નામ પણ જણાવ્યું હતું. આપ અત્રે મળ્યા એટલે ઠીક થયું નહિતર પૂછવું પડત.

આત્મારામ ગોર રાજી થતા, અને ફુલાતા મજુર વિગેરેનો બંદોબસ્ત કરી શેઠજીનું સઘળું લગેજ મેળવી લઇ, મજુરો સાથે ઘેર રવાના કરતા. શેઠ સાથે સઘળા કુટુમ્બને ભાવપૂર્વક સ્ટેશન બહાર લાવ્યા. ઘણા ગોરદેવો સેઠજીની આજુ બાજુ ચોપડા લઇ ફરીવળ્યા. એને પોતાને ત્યાં લઇ જવા આગ્રહે છે.

આત્મારામ ગોર શેઠજીની દેવ સેવાની પેટી ડબ્બામાં રહી થઇ હતી તે લેવા ગયા હતા. એટલે અન્ય ગોરદેવો શેઠજી પાછળ ફરી વળ્યા હતા.

આત્મારામ ગોર—ગુસ્સાને. અરે જરા જોતા પણ નથી કે આ કોણ છે! દશ વર્ષ પ્હેલાં આવેલા મુંબાઇના શેઠજી હંસરાજજીના પુત્ર જીવરાજજી પધાર્યા છે. એમના પિતાજીએ તમોને જમાડી અર્ધો-અર્ધો દક્ષિણા આપી હતી તે ભૂલી ગયા. આત્મારામ ગોરના યજમાન છે, એમ જાણી ગોર દેવોનું ટોળું વિખરાઇ ગયું અને આત્મારામ ગોર સહ જીવરાજ શેઠનું કુટુમ્બ

ચાંદોદમાં પ્રવેશ કરે છે.

જીવરાજશેઠ—ગોર મહારાજ ! તિર્થના ગોરદેવોમા લોભ વધારે હશે વારૂ ! જુઓને મારી પાછળ કેટલા બધા વિંટળાઇ વળ્યા હતા એ શું આવા સુધરેલા જમાનામાં સભ્યતા ગણાય કે ?

આત્મારામ—શેઠજી ! ઘણાયે યાત્રાળુઓ અપમાન કરે છે. તિરસ્કારે છે, અરે કેટલા નાસ્તિક અજ્ઞાનીઓ ગાળો પણ દે છે. છતાં "પડી ટેવ તે તો ટળે કેમ ટાળી" એ રીતે તિર્થના ગોરમાં આ ટેવે ઘર કર્યું ને. લક્ષ્મીનો લોભ તો ખરોજ–યજમાન ઘેર આવે અને દશ પંદર રૂપીઆ મળે, એ લોભે અમો યજમાનોનું અપમાન સહન કરીએ છીએ. ઘણા યજમાનો સમજાવે છે, પણ અમોને પૈસાના. લોભે અસર નથી થતી. એક બે બનાવો હમણાં એવા બની ગયા ત્યાર પછી એ અમારી દુરાગ્રહી ટેવે મોળાશ પકડી છે.

જીવરાજશેઠ—કેવા દાખલા બન્યા ? આત્મારામ ગોર કહે છે–એક ક્રોધિ યાત્રાળુએ મ્હારા એક સગાને બે ચાર તમાચા ચોટી વાલ્યા. વળી એક સુધરેલા ભાઇ તો પોલીસ સુધી પણ પહોંચ્યા જીવરાજશેઠ વચમાં હસતા બોલ્યા. ઠીક થયું એવા મળ્યા વિના તમો તિર્થના બ્રાહ્મણો પાંશરા ન થાવ.

આત્મારામ ગોર—શેઠજીનો આ ભાવ હનન કરવા, સ્વરૂપમાં આવી જઇ બોલ્યા શેઠ માફ કરજો !

હમો તિર્થના બ્રાહ્મણો, તેમાં નર્મદા તટના તો રૂપિજ સમજજો વિનય ધર્મ તો અમારોજ શ્રેષ્ટ છે. સાંભળો, અમારા પૂર્વજ વડીલોએ અમોને ગળથુથીમાં આતિથ્ય ધર્મ પાલનબળ પાયુ છે. યાત્રા કરવા આવતા, શ્રદ્ધાળુ સુજનો શાસ્ત્ર દૃષ્ટિએ અધિકારી ગણાય છે. એટલે એવા કલ્યાણપથમાં પ્રવાસ કરનારા સંસ્કારી હંસોને, યાત્રાર્થે

આવ્યા જાણી અમો જૂના વિવક ધર્મે સામા આવવાની ટેવ વાળા બની ગયા છીએ. દેશબન્ધુની સામુ વગર બોલાવે જવું એ હૃદયનો પ્રાણોપાસન ધર્મ નહિ તો બીજું શું ! નાશવંત સ્વરાજ્ય અપાવનારા દેશભક્તની સામુ સામૈયુ લઇને જવું એ કરતાં કલ્યાણકર્તા તિર્થમાં આવનારા દેશબન્ધુઓની સામું જવું, એ સંગ્રહણીય છે. તિર્થના ગોરદેવો યજમાનને ગાડીમાંથી ઉતરતાંજ વ્હાલથી જુએ છે. તેમ વિવેક સાથે નામ પૂછે છે. નામ પૂછવાનું કારણ, યાત્રાળુના વડીલો જો આવી ગયો હોય તો જાણે ઘરના સગા સબંધી ન આવ્યા હોય તે ભાવે-વિવેક છે. આંધળો ને અજાણ્યો, એ કહેવત મુજબ અજાણ્યા યાત્રાર્થિની આંખ બની પોતાના ભાઇ સમા જાણી સ્વાગત કરીએ છીએ. તે શું ! એ અમારી વિનય પદ્ધતિ સુધરેલાઓને જંગલી જણાય ! જંગલી તો એવા એ કે, મેમાન આવતાંજ કયારે જશો. કયાં ઉતરવાના છો ? એમ પૂછવું, અને મ્હને ટાઇમ નથી આપની સાથે વાત કરવાનો કે બેસવાનો, એવું વર્તાવનારાઓ—

કહો શેઠજી—વિનય ધર્મ અમારો કેવો સુંદર ? અણસમજુ અને ઉદ્ધત સુધરેલ ભાઇઓ, ગોર લોક સામા આવી ખલેલ કરે છે, અને જંગલીપણું જણાવે છે, એ ઠીક નથી, હાસ્યાસ્પદ છે, એમ ભલે સમજે. પણ ખરી રીતે તો કુલવાન વિવેકી અને પ્રાચિન પદ્ધતિના અભ્યાસકને સમજાશે જે યત્રાર્થિને અમો તિર્થના રૂષિદેવ સંતાનોનું સનાતનિય સ્વાગતજ સમજાય—

જીવરાજશેઠ—આત્મારામ ગોર સામું ગંભીર મુદ્રાએ જોતાં જણાવે છે કે ખરી વાત છે. આ પણ એક ભાઇચારાની પદ્ધતિ ગણાય પણ એમાં તમો આટલો સુધારો કરો તો વધારે સારૂં.

ગોર—કયો ? જણાવો શેઠજી ?

જીવરાજશેઠ—એક તો યાત્રાળુઓની સામા મુખ્ય ગોરદેવે ન આવતાં પોતાના નાનેરાં કે નોકરને મોકલવાં, તેઓ સ્ટેશન બહાર

આવી ઉભા રહે, અને નામ પૂછ્યા વિના યાત્રાર્થિ, ગોરની શોધ કરે તોજ તેનું સ્વાગત કરે. કદાચ મુખ્ય ગોરદેવ આવે તો નોકર કે નાનેરાને સાથે રાખે.

ગોર—ઠીક છે. શેઠજી સમય બદલાયો છે, એટલે અમારાં બાળકો અમારી પેઠે સામા આવવાનું માંડી વાળશે, અને ત્યારેજ યાત્રાળુઓને આ પદ્ધતિ ઉપર માન ઉપજશે. વાતો કરતા કરતા ગોર યજમાન આવી પહોંચ્યા, સ્ટેટનાકાની ઓરડી પાસે—

યાત્રાળુઓ પાસેથી માંડવા સ્ટેટ, મ્યુનિસીપાલિટીની વ્યવસ્થાઓમાં, એક એક આનો કર લે છે. તે ભરી દઇ ગોર યજમાન ઘર આગળ આવી પહોંચ્યા. અત્રે સર્વે યાત્રાળુઓને વિનંતી છે જે, સ્ટેટ નાકાનો એક આનાનો કર ન ભરવાની નાખુશી ન દર્શાવતા ખુશીથી ભરી દેવો, કેમકે એ કરનો ઉપયોગ આવતા યાત્રાળુઓની સગવડતામાં ખર્ચાય છે. ઘણાઓને દાણચોરી કરવાની ટેવ હોય છે. તે ન કરતાં તિર્થમાં સાચું વર્તવું.

ગોરદેવનાં કુટુમ્બી જનો, કેટલાં ઓટલેથી, અને કેટલાં બારીએથી, બાપાજીની સાથે કોઇ મોટું શેઠીઆ કુટુમ્બ આવ્યું જાણી રાજી થયાં. અને વ્હેલાં વ્હેલાં. સામાં આવી, શેઠજીનાં બાળબચ્ચાંને વધાવી લે છે. અને પોતાનાં ભાન્ડુ સમા વ્હાલે ઘરમાં લઇ જાય છે. ગોરાણી બાળબચ્ચાંને હાથ પગ ધોઇ, **નાસ્તો** કરી લેવા સૂચવે છે. **અને** સર્વેના વાળુ માટે બંદોબસ્ત કરે છે.

આત્મારામ ગોરના ઘર પાસેજ જુદાયદા ઘરમાં શેઠ શાહુકારો માટે રાખેલા વિભાગણાં દેશરાજ શેઠના કુટુમ્બે ઉતારો લીધો, અને દેશરાજ શેઠ એક ચોપરા ઉપર બેસી પાન ખાઇ રહ્યા છે. ત્યાં એક મુંબાઇનો યુવાન દલાલ, શેઠજી પાસે આવી જયશ્રીકૃષ્ણ કરી. પાન ખાતાં લ્હેરી અવાજે જણાવે છે જે, શેઠજી! આ કરતાં તો આપને ધર્મશાળામાં વધારે ફાવત અમો ત્યાં ઉતર્યા છીએ.

છેલ્લા શબ્દો જીભ દાંતથી છૂટા પડે છે, ત્યાં આત્મારામ ગોર વાળુની વ્યવસ્થામાં હતા, ત્યાંથી આવ્યા અને પાન ખાતા એઓ પણ પાસેના પોતાના આસને બેઠા.

શેઠ—પેલા દલ્લાલને ઉત્તર વાળે છે, શું ધર્મશાળા સારી છે? પેલેથી જાણતો હતતો જોઇતું સઘળું લગેજ સાથે લાવત અને સ્વતંત્રપણે ત્યાં નિવાસ કરત. પણ હવે તો ગોરદેવને ત્યાંજ સારૂં છે, ફરી કોઈ સમે.

આત્મારામ ગોર—શેઠજી સાંભળો. માફ કરજો, મારે ન જણાવવું જોઇએ, પણ આપ ખાનદાની છો, એમ સમજી જણાવું છું. ધર્મશાળામાં ઉતરવું, હોટેલોમાં ઉતરવું, ઘાટ ઉપર ઉતરવું, એતો ડાંડ એટલે એકલો હોય તેને ફાવે. ગર્ભ શ્રીમંત કુટુમ્બને એમ બહાર ઉતરે ન પાલવે. કેમકે કેટલો સરસામાન ઘેરથી લાવે! ગોરના ઘર જેવી સોઈ સાધન અન્યત્ર નજ મળે બચ્ચાં છોકરાંને ખાવા પીવાની સગવડ એવા સાધનોમાં નથી જળવાતી. જેને માજીમાં એક બે ડુબકાં મારી, દેવદર્શનની પરવા કર્યા વિના, અને દાન પુન્ય કે ભજન સતસંગના આનંદ વિહિન, શુષ્ક પાછા ફરવું હોય તેને ફાવે, વિલાસી યાત્રીઓનાં એ કામ છે. ન ફાવે આપ જેવા ખાનદાની ધર્મ શ્રદ્ધાળુ આસ્તિક અને વૈષ્ણુ જનને. પછી તો જેની જેવી મરજી—યુવાન દલાલ ગોરદેવની શાણી વાત શેઠના મગજમાં ઉતરી છે, એવું અવલોકી મળ્યા વિના, નિચેજ ઉતરી પડયો અને રસ્તો માપ્યો.

શેઠજી—ગોર મહારાજ! આપ પણ મુત્સદિ લાગો છો. આપે આપના વિરૂદ્ધની બધી બાબતોના એવી સુંદર રીતે ઉત્તર આપ્યા જે મારા હૈયામાં તે ઠસી ગયા. નિંદાળુ યાત્રાળુઓએ, તમો ગોર લોકની જે વાતો જણાવેલી એ બધી મ્હને તો તદ્દન

સમજ વિનાની અને જુઠી જણાઇ. હું તો આપના ઘરમાં પગ મૂક્યો છે, ત્યારનો જોયાજ કરૂંછું. જે, શું આપના પવિત્ર કુટુમ્બનો વિનયીભાવ—ઘરની સર્વ વ્યવસ્થા. અને નાનાથી તે મોટાંઓનું અમારા પરત્વેનું વર્તન જોઇ, એટલો તો રાજી થયો છું જે, વાહ ધન્ય. ખરેખર આવું આતિથ્ય તો દેવને ત્યાં પણ થતું નહિ હોય.

આત્મારામગોર—શેઠજી. યાત્રાએ આવેલાંને અમો મોક્ષનાં અધિકારી અને કલ્યાણી હંસ માનીએ છીએ. એટલે એમો સૌની દેવ સમાં જાણી વૃત્તિ જાળવીએ છીએ. ઇષ્ટ નર્મદા માની કૃપાથીજ અમારામાં આ ધર્મ હજી જળવાઇ રહ્યો છે. ભારતનો આતિથ્ય ધર્મ તો બસ. અલૌકિકજ છે. મહાભારતના વાંચકોને તે જાણ હશે. અસ્તુ.

ચાલો આપણે તો આવી ચર્ચાઓમાં ચઢી ગયા. વારૂ પાણી તૈયાર થયાં છે, પરવારી લો અને પછી શયન કરો. વાળુથી પરવારવું અને સર્વેનું શયન કરવું.

જીવરાજ શેઠની યાત્રાનો બીજો દિવસ.

આત્મારામ ગોર અને ગોરાણી, તારાસ્નાની હતાં, એટલે સૌ પ્હેલાં સ્નાન પૂજન વિધિ પરવારી, શેઠજીના ઉતારા કુટુમ્બના ચાહ પાણીની વ્યવસ્થા કરે છે. મુંબાઇના નિવાસીઓ ચાહ પીવાની ટેવવાળા હોય છે, એટલે આત્મારામ ગોરદેવે ચાહ તૈયાર કરાવી. સઘળાંને ચાહ પીવા બોલાવ્યાં. શેઠજી સાથે સઘળાં દાતણ પાણી પરવારી, ચાહ લેવા, નીચે ઉતર્યાં. આત્મારામ ગોરદેવે એક તપેલીમાં ચાહ અને એક તપેલીમાં ત્રીકુટ અને દશમૂળનો ઉકાળો તૈયાર કર્યો હતો. શેઠ સાથે સઘળાને ચાહ આપી ગોરદેવે ઉકાળો લીધો.

દેશરાજ શેઠ—ગુરૂમહારાજ? આપે એ શું લીધું? શું આપ ચાહ નથી લેતા?

ગોરદેવ—ના–શેઠજી! ચાહ પીધા કરતાં ત્રીકુટ એટલે સુંઠ મરી અને પીપૃર સાથે દશમૂળ કે તુલસીપાનનો ઉકાળો પીવો. શ્રેયસ્કર અનુંભવ્યુંછું. જુઓ આપ આ ઉકાળાનો સ્વાદ લઇ જુઓ. ચાહ કરતાં પણ સ્વાદિષ્ટ લાગે છે અને ગુણકારી હોયછે, ચાહમાં દૂધ પાણી સાથે ઉકળે છે, એટલે ચાહ પીનાર સઘળાંને, પાંડુ સાથે લોહિ વિકાર અને મંદાગ્નિનાં દરદ કાયમનાં થઇ જાય છે. જ્યારથી ભારતમાં ચાહ પીવાની પ્રદ્ધતિ પ્રવર્તાઇ છે. ત્યારથી પૂર્વે આરોગ્યતાના જીવનમાં તુટ પડી છે, અને ઘણા ખરા ચાહના ગરાડીઓ. અલ્પાયુષિ, અવિર્યવાન અને અશક્તિમાં, વ્હેલા મરતા જોયા છે. માટે જો આપ આપના કુટુમ્બમાંથી ચાહ પીવાની આરોગ્ય હારક પ્રદ્ધતિને ટાળી દો તો અત્યુત્તમ—

ગોરદેવની આ સત્ય હકિકત સાંભળી સઘળાં ચાહ પીતા શેઠજીનાં બાળબચ્ચાંઓએ, આવતી કાલથી ઉકાળો પીવાની રાજીખુશી દર્શાવી અને ચાહ છોડવાનું નક્કી કર્યું.

ચાહ પાણી પરવારી, ગોરદેવ પાસે શેઠજી નર્મદા સ્નાન કરાવવાનું સુચવે છે.

અંદરના ઓરડામાંથી ગોરાણી, શેઠાણીજીને પૂછેછે. શું ભોજન બનાવું?

શેઠાણી—શેઠ સામું જોઇ રહ્યાં, એટલે શેઠજી બોલ્યા જે ગોરદેવની ધ્યાનમાં આવે તે.

ગોરદેવ—જુઓ શેઠજી આપનું કુટુમ્બજ આજ દશબાર વર્ષે મારે ત્યાં ફરીથી પધાર્યું છે. માટે ગણેશભોજન બનાવવા મારી ઇચ્છા છે.

શેઠજી—ગણેશભોજન એટલે શું ગુરુદેવ.

ગોર—મોદક-લાડુનું ભોજન.

શેઠજી—આનંદથી હસતા હસતા અનુમતિ આપે છે. ભલે, જેવી આપની આજ્ઞા. ચાલો હવે નર્મદા સ્નાનાર્થે જવા આજ્ઞા કરો.

ગોરમહારાજ પોતાના દત્તક લીધેલા ભાણેજ પુત્રને, શેઠજીયે તિર્થ સ્નાને લઇ જવા આજ્ઞા કરે છે. જેનું નામ ધનશંકર શર્મા હતું.

શેઠજી સાથે શેઠાણી, શેઠજીનાં બ્હેન, શેઠાણીનાં બ્હેન, ત્રણ પુત્ર નાના, મોટા પુત્રની વધુ, બે દિકરીઓ એક મુનીમ અને મુનીમ પત્નિ, સાથે એક ઘાટી અને ચાકરડી, એમ બધાં મળી ૧૩ જણનું ટોળું ધનુશંકર સાથે સ્નાનાર્થે નિકળ્યું.

શેઠજી—ભાણા મ્હારાજ આપનું નામ શું?

ભાણા મહારાજ—ધનશંકર.

જી—એટલે? એ કેવું નામ!

ધનશંકર—ધન. ▭ પરિપૂર્ણ અને શંકર એટલે—મહાદેવ-પરિપૂર્ણ મહાદેવ—

શેઠજી—હસતાં હસતાં, ઠીક ઠીક. ગુરુદેવની પેઠ ભાણામહારાજ પણ, હુંશિયાર લાગે છે. એમ પ્રશંસા કર્તાં ક્યાં નિર્ભય નાવાનું હશે એવું ધનશંકરને પૂછ્યું.

ધનશંકર—ચક્રપાણીના ઘાટે સારૂ પડશે.

શેઠજી—ચાલો ત્યારે બીજો ઘાટ છે ખરો કે!

ધનશંકર—હા. મલ્હારરાવ ગાયકવાડે એક સુંદર ઘાટ બંધાવ્યો છે, જેનું નામ મલ્હારરાવનો ઘાટ છે.

શેઠજી—એમાંથી ક્યાં જશું! ધનશંકર મહારાજ!

ધનશંકર—આજે તો ગમે ત્યાં સ્નાન કરી લેવાય, આવતી કાલે ચક્રપાણીના ઘાટે કે ચંડાદિત્યેશ્વરના ઘાટે સ્નાન કરવું પડશે.

શેઠ—એમ કેમ. નર્મદામાં તો ગમે ત્યાં નાહિએ, શું એથી નર્મદા સ્નાન ન ફળે !

ધનશંકર—ના ના. સાંભળો. મુંબાઈમાં આપના જેવાં ઘર ઘણાં હશે, એમાંથી કોઇ અન્ય ઘરમાં પેસી જઇ આપના ઘરના જેવો મહિમા લેવા હું ઇચ્છુ તો મળે ખરો કે ?

શેઠજી—ના ના. બરાબર ખરી વાત છે, ચાલો ત્યારે તો આજે તો પાસે પડે ત્યાં જઇ, સ્નાન પરવારી વેળાસર પાછા ફરીએ. એમ વાતો કરતા સઘળા ચક્રપાણીના ઘાટે આવી પહોંચે છે. ત્યાં યજમાન માટે બે વઢતા ગોરદેવોનું વાકયુદ્ધ સૌની વૃતિને ખેંચે છે.

કાળોગોર—લાંબો હાથ કરી. અલ્યા ગોરાગોર ! એ કાછીયો તો મારો યજમાન છે.

ગોરોગોર—અલ્યા કાળાગોર ! ત્યારે ગયા ગુરુવારે પેલો મ્હારો મોચી યજમાન તું તારે ત્યાં કેમ લઇ ગયો હતો ?

કાળોગોર—મોચી ફોચી કોઇ નથી આવ્યો, જાણ્યા વિનાજ બક બક કરે છે.

ગોરોગોર—ત્યારે તુંતો આ શાસ્ત્રનાં વચન બોલતો હશે વારૂ ! કેમ, ખબરદાર મારા યજમાન તરફ નજર કે આંગળી કરી તો તારી વાત તું જાણયો.

કાળોગોર—નામ પ્રમાણે કોપ્યો, અને ગોરાગોરને ક્રોધાવેશમાં એક બે લપ્પડ ખેંચી કાઢી પલાયન કરતો હવો.

ગોરોગોર—મારી નાંખ્યોરે ? મારી નાંખ્યો ? એમ મરતો હોય એવા અવાજે બૂમરાણ કરી મુકે છે.

તમાસાને તેડુ શું ! એ કહેવત પ્રમાણે પ્રેક્ષકોનું ટોળુ ભરાઇ ગયું. ઘોંઘાટ અને બૂમરાણ સાંભળી પ્રજારક્ષક પોલિસ પણ આવી પુગી.

ગોરોગોર—રડતો રડતો, અરે હવાલદાર ! જુઓ આ પેલો કાળોગોર મને લપડાકો મારી ગયો. જુઓ આ મ્હારો દાંત પાડી નાખ્યો.

હવાલદાર—આજુબાજુના લોકને પૂછેછે, પણ કોઇ એમ નથી કે'તુ કે હા મારો છે. કેમકે સાક્ષી પુરવા કોરટમાં જવું પડે એ ભયથી.

ગોરોગોર—રડતાં, અરેરે લોક પણ કેવા થઇ ગયા છે, આ બધાં જુએ છે કે કાળે મ્હને બે લપડાકો ખેંચી કાઢી, છતાં કોઇ જણાવતું નથી. હશે ભાઇ હશે, પાપનો પોરો છે.

કેમ અલ્યા છીનીયા ! કેમ નથી બોલતો ?

હવાલદાર સાહેબ ! જો હું ખોટું કે'તો હઉ તો રેવાજીના સોગન છે. આપ ના માનો તો પૂછો પેલા મુંબાઇના શેઠસાહેબને.

હવાલદાર—શેઠજી પાસે જઇ વિનયથી પૂછેછે. કયું સાહબ ! આપ કયા કહતે હો.

શેઠ ન્હાતાં ન્હાતાં ધનશંકર સામુ જુએ છે, અને સ્વગત વિચારે છે. મેં જોયું છે, જો ના પાડુછું તો જુઠો ઠરૂંછું, અને હા પાડુછું તો પેલો ગોર શિક્ષા પામે છે. કહો ભાણુામહારાજ. શું કરૂં !

ધનશંકર બુદ્ધિશાળી ને ચાલાક હતો, એટલે હવાલદારને જણાવે છે જે.

હવાલદાર સાહેબ ! શેઠજીના ઉતારે આવજો, ત્યાં જે હશે તે જણાવશે. ઉતારો આત્મારામ ગોરદેવને ત્યાં છે, આવી રીતે પ્રથમ દિવસનું સહજ સ્નાન પરવારી શેઠજી ઉપરના બનાવની ચર્ચા કરતા, ધનશંકર સહિત ઘર આગળ આવ્યા.

આત્મારામ ગોર—ખબર પૂછેછે કેમ શેઠજી ! નર્મદા સ્નાનનથી કેવી શાન્તિ વળે છે !

શેઠ—અમોઘ ! પણ ગોરદેવોના યુધ્ધે મ્હને શાન્તિમાં વિક્ષેપ કર્યો.

આત્મારામ ઘનશંકર ભણી જોઇ પૂછેછે, શું થયું !

ઘનશંકર—એતો પેલો, કાળો અને ગોરોગોર લઢ્યા યજમાન માટે એમાં શેઠજીની સાક્ષી હવાલદાર માગતો હતો.

આત્મારામ—શેઠજી મ્હારા. એવા પ્રસંગો તો એક બે દિવસે તિર્થોમાં થયાજ કરવાના. કેમકે ઘણા તમોગુણી, ગોર મહારાજો યજમાન માટે મારંમારા સાથે થાણા કચેરીએ પ્હોંચે છે. જે માટે બંદોબસ્ત ઘણી વખત કર્યો, પણ અંદર અંદરની ઇર્ષામાં યજમાનો નિમિત્ત લડી મરે છે, જેમાં યજમાનો પણ કાયર થઇ એ લડવાડીયા ગોરદેવોને ભૂલે છે. હોય ત્રીગુણીમાયામાં અનેક ખેલ ખેલાઇ રહ્યા છે એથી આપણે શું.

શેઠજી—બરાબર છે ગોરદેવ, ! એથી આપણને શું ! ચાલ્યા કરે છે. સંસારમાં એવા ઝઘડા, પણ જરૂરથી તિર્થના આગેવાન બ્રાહ્મણોએ આવા ક્રોધી ગોરદેવો ઉપર અંકુશ રાખવો જોઇએ. કેમકે આથી યાત્રાળુઓનો ગોર ઉપરનો ભાવ ઓછો થાય.

ગોરદેવ—હાજી, બરાબર છે. થોડાજ અરસ્સામાં એવા બનાવો ન બને તે માટે સરકારની સત્તાને સામેલ કરી, કોઇ બંદોબસ્ત કરવા પ્રયત્ન કરશું. હશે ચાલો, ભોજનવિધિ પરવારી લો, પછી અન્ય ચર્ચાઓમાં આપણે ઉતરીશું. સઘળા ભોજન માટે તૈયાર થાય છે.

ગોરદેવના ગૃહાશ્રમની વ્યવસ્થા અને ૠષિભોજનની પદ્ધતિ જોઇ જીવરાજશેઠ રાજી રાજી થઇ ગયા અને જમતાં વાતો કરવા માંડયા જે.

જીવરાજશેઠ—ગુરુમહારાજ હવે હું આપને ગોરદેવ ન કહેતાં ગુરુ મહારાજ કહીશ. કેમકે આપે આપના ૠષિ ચારિત્ર્યથી મ્હારા હૃદયમાં પૂજ્યસ્થાન લીધું છે. ધન્ય છે આપના પ્રાલબ્ધને જે, નર્મદાતટે અને ૠષિ બ્રાહ્મણને ત્યાં આપનો જન્મ, સાથે

પૂર્ણપદ પ્રાપ્તિનો સિદ્ધ થયો છે, એવો પુરૂષાર્થ જોઇ લોકકથનીથી મ્હારો તિર્થગોર પરત્વેનો નબળો ભાવ દૂર કરૂંછું. અહોહો ! શું હજી આપના જેવા રૂષિબ્રાહ્મણો ભારતના સનાતનાસત્યને જાળવવા તિર્થક્ષેત્રોમાં તપી રહ્યા છે ? ધન્ય ભારત ! ધન્ય મહર્ષિઓ ! ધન્ય સનાતન.

આવતી કાલે મને આપશ્રી દેહપ્રાયશ્ચિત વિધી કરાવી, ઉપનવન સંસ્કાર આપો, અને મ્હને દિક્ષીત કરી ઉપદેશો હવે મ્હારે પ્રેયસી કર્મયોગ સિદ્ધતા નેતાઓના વિચારોમાં પડવું નથી. જીવન કલ્યાણમાંજ બાકી જીવન વ્યતિત કરવું છે.

આત્મારામ ગોરદેવનાં ગૃહિણી, સતીસમાં રૂષિપત્નિવત્ દેવબળ વાળાં હતાં. એટલે એમના હાથે સિદ્ધ થયેલો પાક, સંસ્કારી શેઠજીને અને કુટુંબને જમવામાં આવે છે, એટલે એકદમ બુદ્ધિ ફેર થઇ ગઇ છે.

ખરેખર ! પવિત્ર બ્રહ્મજ્ઞાની, સુશીલાઓના હાથનો પાક જમવામાં આવતાં ઘણાંની બ્હેકી બુદ્ધિ શાંત થાય છે. અને જીવન્ત કલ્યાણપદ સિદ્ધિની પ્રજ્ઞા જાગૃત થાય છે.

આત્મારામ ગોર—શેઠજીના ઉત્સાહને વધાવે છે, અને જણાવે છે જે, શેઠજી જ્યારે યાત્રાળુ યજમાનોમાં કલ્યાણ ચ્હાતા યજમાનો આવે છે, ત્યારે મ્હારો આશ્રમ બ્રહ્મલોક સમો મ્હને ભાસે છે તમો અને તમારૂં કુટુંબ લોકસેવા, અને પુણ્યદાનના પ્રકારથી ચિત્તશુદ્ધી વાળુ બન્યું છે. અને પ્રાણોપાસનાના ફળે તમોને છેલ્લો જન્મ કરવાની દઢ ઇચ્છા થઇ છે. ખરેખર કલ્યાણપદની ઇચ્છા રાખનાર મુમુક્ષુ હંસે, ઉપનિષદમાં કથ્યા પ્રમાણે સદ્ગુરુ દેવને હું સોંપવું પડે છે, અને જ્ઞાનસિદ્ધિ માટે સદ્ગુરુ સમીપ એકાદ બે ત્રણ વર્ષ સેવામાં રે'વું પડે છે. સાથે દિક્ષા લેતા પ્હેલાં બ્રહ્મતનું બાંધવું પડે છે. દેહ પ્રાયશ્ચિત સંકલ્પ

ભાવના એટલે દેવતનું બાંધવાનો પ્રયોગ અવશ્ય તમો આવતી કાલે દેહપ્રાયશ્ચિત વિધિસહ યજ્ઞોપવિત ધારણ કરો, અને વધારે નહિ તો એકાદ માસ અત્રેજ નિવાસ કરો. વાતો કરતા સઘળા જમી ઉઠે છે, અને આરામ પછી દેવદર્શને જવું એમ કાર્યક્રમ નક્કી કરી સઘળાં બપોરના આરામમાં પ્રવેશે છે.

આરામ લીધા બાદ સાંજના ૪ વાગે સઘળાં સાયંસ્નાન પરવારી દેવદર્શને નિકળે છે. આત્મારામ ગોર પણ સાયંકર્મ આટોપી શેઠજીની સાથે શેષનારાયણના મંદીરે પધારે છે.

ત્યાંથી ચંડાદિત્યેશ્વર થઇ, સાયંકાળ પહેલાં સઘળા ગોરગેહે આવી જાય છે. આવતી કાલે શેઠજી દેહપ્રાયશ્ચિત યજ્ઞોપવિત ધારણ વિગેર કર્મો કરવાના હતા. એટલે તેની તૈયારીમાં આત્મારામ ગોરદેવ ગામના કર્મઠ ભુદેવોને બોલાવી, આવતી કાલનો કાર્યક્રમ નક્કી કરે છે, અને સઘળાં રાત્રી પસાર કરે છે—

જીવરાજ શેઠની યાત્રાનો ત્રીજો દિવસ.

(ગોરાણી–શેઠાણીનો સત્સંગ, ચંડાદિત્ય તિર્થસ્નાન અને)

—ધનશંકરનું જાહેર ભાષણ—

નર્મદાતટના ભુદેવો કર્મઠ હોય છે. જેથી ગોરદેવ આત્મારામ મહારાજનું ઘર, એટલે ચાંડોદમાં રે'તા પ્રાચીન સનાતનિય રૂષિદેવનો નિવાસાશ્રમ—

આત્મારામ ગોરના ઘરનાં બૈરાં, સવારના ૪ વાગે ઉઠી ઘરનું વાસી સર્વ કામ પરવારી, તારાસ્નાન વિધિ પાળતાં હોવાથી, નર્મદા સ્નાને ગયાં. ગોર મહારાજ પણ નર્મદાસ્નાને ગયા હતા. ગોરાણીજી સૌ પ્હેલાં સ્નાન કરી ઘેર આવી, ગૃહાશ્રમ પુજન કરી લઇ ગૃહદેવ પૂજનનું સાહિત્ય તૈયાર કરતાં. ગોરદેવનું બનાવેલું પ્રભાતીયું ઝીણા કંઠે ગાવુ શરૂ કરે છે.

(પ્રભાતીયાનો પ્રચલિત રાહ)

હે ગુરુ, હે પ્રભુ, સ્હાય થા, પ્રગટ થા, ભારતીદેવ સૌ જીવ જેવા;
થઇ ગયા, વહી ગયા, ધર્મ ભૂલી ગયાં, બાપલા સૌને ઉદ્ધાર દેવા. ૧
પતિવ્રતા નાર શીલ સિદ્ધ ભરથાર સૌહાર કલીયુગથી ખાઇ બેઠાં;
ધર્મને કર્મના મર્મ લોપાય છે, જાય છે ખાય છે લોક એંઠાં-૨
વૈષ્ણવજન નથી, પૂર્વિસમ મનનથી, ભક્તિ ભજન પૂજન સર્વ ભૂલ્યાં;
મ્હારૂં ત્હારૂં કરી, હું તુંમાં જાય મરી, કામક્રોધે બળી, રે'છે ફૂલ્યાં-૩
દેવના દેવ, મહાદેવ દૃષ્ટિ કરો, સૃષ્ટિના તાપ ટાળો દયાળુ;
આપ વિણ અન્ય કો, તારનારો નથી, હે પ્રભુ હે વિભુ હે કૃપાળુ-૪

ગોરાણીનું સુંદર રાગનું અને સમજવાળું પ્રભાતીયું સાંભળી, શેઠ શેઠાણી આદિ સર્વ જનો, પથારીમાં જાગૃત થઇ, પરમાત્માનું નામસ્મરણ કરવા લાગ્યાં.

ખરેખર, આચાર વિચાર સિદ્ધ સ્નાતકોના, નિત્ય નૈમિતિક તપબળે, નાસ્તિક જીવ પણ આસ્તિક બને છે. શેઠાણીને પણ ગોરાણીના આચરણની અસર થઇ. જેથી પૂજ્યભાવે ગોરાણીના દર્શન માટે, નીચે આવી જયશ્રીકૃષ્ણ કહ્યા—

ગોરાણીએ આસન આપ્યું, અને હસતે મોઢે ભાવ સહિત અમાડી પૂછ્યું કેમ શેઠાણીજી ! દાતણ પાણી પરવાર્યા ?

શેઠાણી—હા ગોરાણીજી ! આપ નર્મદા સ્નાન કરવા પધાર્યા, ત્યારનો મ્હારી આંખ ઉઘડી ગઇ છે. આપનું પ્રભાતીયું, અને આ બધો દૈવિ આચાર વિચારનું શ્રદ્ધા પૂર્વક વર્તન જોઇ મને તમારી ઉપર પૂજ્યભાવ થાય છે. ખરેખર નર્મદાતટના રૂષિ ગણાય છે, તે બરાબર છે. ધન્ય છે, તમારા પૂર્વના પૂણ્યને—અમો તો દરરોજ સાત આઠ વાગે ઉઠનારાં, અને ઉઠી તરત ચાયથી દાતણપાણી કરનારાં ભ્રષ્ટ જીવો છીએ. ગોરાણીજી

હું તો હવે દરરોજ વ્હેલી ઉઠીશ, અને આપની માફક સૂર્યોદય પ્હેલાં દેવસેવા પરવારી લઈશ. સમાજનાં સુધરેલાં બૈરાં આઠ વાગે ઉઠી છૈયાં છોકર અને પતિદેવને ઉઠાડે અને ઉઠતાંજ નોકરપાસે તૈયાર કરેલી ચાય પાય એ પિશાચી વર્તણુક કરતાં ઘરની ગૃહિણીએ સૌ પ્હેલાં ઉઠી પ્રાતઃકર્મ પરવારી લઇ પ્રભુ નામ સ્મરણ કરતાં તૈયાર કરેલ ઉકાળો કે ચાહ બચ્ચાં છોકરાંને પાય એ ખરેખર દેવજીવનનોજ વર્તાવ મનાય. ગોરાણીજી આપનું ચારિત્ર્ય બળનું તેજ ખરેખર કોઈ અલૌકિક ભાસે છે, આપનાં દર્શન કરી મારામાં સુધરેલી ભુતડી ભરાઈ હતી, તે પલાયન કરી ગઈ અને દેવજીવનમાં વૃતિવળી.

ગોરાણી—શેઠાણીજી પૂર્વનાં સંસ્કારી અને પ્રભુ ભજનમાંથી પડેલાં ભક્તજનોને એકદમ સનાતન વર્તનો અસર કરે છે. અને સંગે કરી પડી ગયેલી વર્તનની નબળાઇ દૂર થાય છે. તમો જણાવો છો તેમ આખા સમાજને સૂર્યોદય થયા પછી ઉઠવાની ટેવ પડી ગઇ છે. હમણાં હમણાં એ ટેવ નાબુદ થાય છે. અને સઘળા વ્હેલા ઉઠવાની ટેવવાળા થવાના પ્રયત્નમાં છે.

આ કલીયુગના જીવોમાં પ્રાચિન સનાતનિય આચાર વિચાર મંદ થવા માંડયો છે. તો પણ પૂર્વના અભ્યાસી જીવો તો સનાતન સત્યનેજ જીવનમાં વર્તાવે છે. તમો તમારા પતિશ્રીના, દેશભક્તિના સતકર્મથી ચિત્તશુદ્ધિને પામ્યાં છો. પ્રાણોપાસનથી અને જીવદયાથી ચિત્ત નિર્મળ થાય છે. તે રીતે તમો બધાં કલ્યાણ સિદ્ધવા નિર્મળ થયાં છો. જરૂર તમો જીવન ફેરવશો એમ તમારા અંતરમાં નક્કી કર્યું છે એવું સમજાય છે.

શેઠજી પણ તમારા ગરદેવની પાસે ગુરુ દિક્ષા લેવા જણાવે છે અને ગોરદેવ હા પાડે છે એ ઉપરથી ચોક્કસ જાણવું જે આ તમારૂં

છેલ્લું જીવનજ સમજજો.

શેઠાણી—ગોરાણીજી, આપ તારાસ્નાન કેટલા વર્ષથી કરોછો ?

ગોરાણી—૩૦ વર્ષથી. શેઠાણીજી અમોને તો ગળથુથીમાંજ સનાતન આચાર વિચારો પાયા હોય છે, એટલે લગભગ હુંતો નાની હતી ત્યારથીજ તારાસ્નાન કરૂંછું.

શેઠાણી—હું પણ હવે તારાસ્નાન કરીશ. મારાં સાસુશ્રી તારાસ્નાની હતાં, અને એનો લાભ કરનારનેજ સમજાય છે એમ જણાવતાં હતાં.

ગોરાણી—જુઓ શેઠાણીજી, વિધી-વૃત સ્વાભાવિક ધર્મ છે એ મુજબ તારાસ્નાની સ્ત્રીયોના બળે ઘણાના ગૃહસ્થાશ્રમ દેવજેવા શોભે છે. તારાસ્નાન કરવાથી શું ફાયદા થાય છે, એ માટે એક ભક્તરાજ જણાવે છે જે.

—અમરગઢીયો રાહ—

તે તત્વ સત્વ મણાય છે, જીવ ભાવ ખૂબ હણાય છે;
બ્રહ્માનંદ લ્હેર લ્હણાય છે, ટેકીલા તારાસ્નાનીથી. ૧
વાક્ સિદ્ધિ શ્રી સિદ્ધિ મળે, બ્રાહ્મિ બુદ્ધિ ખૂબ સિદ્ધિરે;
લોક પરલોકિ વિજય વરે, ટેકીલા તારા સ્નાનીજી. ૨
કોઇ શત્રુ એનો ના બને, કોઇ મિત્રો કદિ ના છેતરે;
દુઃખા પત્તિ રહે વેગળે, ટેકીલા તારાસ્નાનીની. ૩
શ્રી ભર્ગનાથા રાજીરે, દેવો બધા વરદાન દે.
ચારે દિશ કિર્તિ દૈવિ ગ્હે, ટેકીલા તારા સ્નાનીની. ૪
લોક માન્ય મહાત્મા તે થતા, ને રાજ્ય વિજય વ્હોરતા;
પાગલ સમા પલટાઇ જતા, ટેકીલા તારાસ્નાનીજી. ૫

વળી વ્હેલા ઉઠનારને આરોગ્યતા સાથે દૈવિ બુદ્ધિનું બળ કાયમનું રે'છે. સૂર્યોદય પહેલાં સ્નાન કરનારને અને કાયમ પ્રભાતની

નિંદ્રા તજનારને આ ફાયદા થાય છે.

(ઉપલો રાહ)

વ્હેલા ઉઠંતા વીરને, ધીરતા ધીની શાંતિ મળે;
પ્હેલા પ્હોરે શૂરવીરને, સૌ વિદ્યા તો સ્હેજે ફળે. ૧
પ્રાતઃકાળી પ્રાણુવાયુમાં, આયુ વર્ધક અમૃત વહે;
સુધારો થાય છે બુદ્ધિમાં, રોગ શોક સે'જે ના રહે. ૨
વેદીયાને વેદ મોઢે થતા, ગાયકના કંઠ કોકિલ સમા;
શોધક્રિયા શોધો સિદ્ધતા, યોગી ભક્તો આનંદ લે. ૩
તનમન આત્મા બળવાન બને, નિયમિત રે'તાં રામરમે;
વ્હેલો ઉઠનાર બ્રહ્મે રમે, પાછળનાંને એ બોધ દે. ૪
પાગલ વ્હેલા ઉઠતા ઘૂંટે, ગુરુનામ ધૂનાનંદ લૂંટે;
સ્હેજે માયાથી તે છૂટે, વ્હેલા ઉઠતાને સૌ નમે. ૫

ગોરાણીજીનો સુંદર રાગ અને સમયોક્ત ભજન સાંભળી શેઠ આદિ સઘળાં યાત્રાળુઓ ગોરાણીજી પાસે ભરાઇ ગયાં, અને શેઠે ફરીથી બોલવા વિનવ્યું. ગોરાણીજી ફરીથી બોલ્યાં, અને શેઠજીએ નોંધપોથીમાં નોંધી લીધું; ત્યાં આત્મારામ ગોરમહારાજ નર્મદાતટથી પ્રાતઃકર્મ પરવારી પધાર્યા. અને સઘળાંને ગોરાણીજી પાસે બોધગ્રાહી મુદ્રાનંદમાં જોઇ પૂછ્યું.

આત્મારામ—કેમ શેઠજી ? ગોરાણીજીના ઉપદેશમાં દૈવી બળ શક્તિ દેખાઇને ! ખરેખર મારા કરતાં ગોરાણીનું ચારિત્ર્યબળ અને તપ બળ વિશેષ છે, એમ વખાણતા ગોરદેવ–દેવગૃહમાં પ્રવેશ કરે છે.

શેઠ શેઠાણી સઘળાં ઉકાળો પી લેછે અને ગોરાણીજીની પતિ પૂજન પદ્ધતિ જુવે છે.

ગોરાણીએ ગોરદેવનું પાદપૂજન કરી ચરણામૃતપાન લીધું અને

ગંધાક્ષત કરી, પ્રદિક્ષણા કરી, દંડવત કર્યા અને ગોરદેવનો આશિર્વાદ લીધો. ગોરદેવ પૂજનવિધીમાં પ્રવેશ કરે છે, અને સઘળાં પોતપોતાના આસને સ્નાનવિધી પરવારવા છુટાં પડે છે.

આત્મારામગોર—શેઠજી હું ગૃહદેવ પૂજન પરવારી લઉં ત્યાં સુધી આપ અન્ય કાર્ય પરવારી લ્યો. પછી આપને તિર્થસ્નાનાર્થે જવાનું છે. હમણાં નોંતરેલા ભુદેવો આવશે, આપણા ધનશંકર આપના કર્મોના આચાર્ય થશે અને અન્ય વરૂણી કરેલા બ્રાહ્મણો સાથે રહેશે.

ચિ. ધનશંકરે—ઘનપાઠીની પરિક્ષા પૂર્ણ કરી છે, અને આચાર્ય પરિક્ષા પણ પસાર કરી છે. માટે યથાશાસ્ત્ર સઘળાં કર્મ સિદ્ધાશે. માત્ર આપને એમના જણાવ્યા પ્રમાણે કર્મોમાં ભાવવાળા અને જરા પણ દલિલ ડાપણ ન કરવાના સંયમી થવું પડશે. કેમકે ધનશંકરને ભાવશુષ્ક યજમાન સાથે નથી બનતું. એની વિદ્વતાનો આનંદ લેવો હોય તો જીજ્ઞાસા પૂર્વક પ્રશ્નોત્તર કરવા. પાઠશાળામાંથી હમણાંજ તે આવશે.

શેઠ—ભલે ! ગુરુમહારાજ હવે જેમ આપ વર્તાવશો તેમ વર્તિશ. કેમકે ગોરાણી મૈયાએ શેઠાણીને જીત્યાં, અને આપે મને જીત્યો. એટલે અમો ઉભય આપનાં આશ્રિત થયાં છીએ. મોક્ષાર્થે આપનાજ સિદ્ધાંતો, જીવનમાં ગ્રહણ કરવા અને પચાવવા. શ્રદ્ધા સાક્ષી આપે છે. બાપજી ! શું કરીએ, હિન્દનાં હતભાગ્ય છે કે સ્વરાજ્યાર્પક નેતાઓએ ભારતના હૈયામાંથી શ્રદ્ધાનું બીજ કોવરાવી નાખ્યું અને માત્ર બુદ્ધિવાદનું મનમુખીપણું ઘુસાડી દઇ એવી સ્થિતિમાં મૂકી દીધાં છે જે કોઇ સમર્થ બ્રહ્મકુમાર યોગીરાજ વિના પુનઃ એ દૈવિતારણીય શ્રદ્ધા ઉગે એમ નથી દેખાતું. પરમાત્મા આપ જેવાં રૂષિ યુગલોને ત્યાં

જન્મ ધરો અને ભારતના કલ્યાણી સમાજને બચાવો.

આત્મારામગોર—ધન્ય શેઠજી, લોક કલ્યાણની ભાવના અને પરમાત્મા વાહનની આંતરેચ્છા જોઇ હું આપને અત્યારે ભારતના સાચા દેવ તરીકે ઓળખું છું, પરમાત્મા તમારી ઇચ્છાઓ સફળ કરો.

(ધનશંકર શર્માનું આવવું અને શેઠજીને તિર્થસ્નાનાર્થે અને દેહ પ્રાયશ્ચિત વિધિ કરાવવા માટે ગોરદેવનું ધનશંકરને જણાવવું)

ધનશંકર—ચાલો શેઠજી. ગઇ કાલે વરૂણ માટે જણાવેલા ભુદેવો આવી ગયા છે. તેઓને મ્હેં સઘળું જોઇતું સાહિત્ય લઇ ચંડાદિત્યેશ્વર તિર્થે મોકલી દીધા. આપ તૈયાર થાઓ, અને સઘળાંને સાથે લો.

ગોરમહારાજની આજ્ઞા લઇ સઘળાં તિર્થસ્નાનાર્થે નિકળે છે. ગોરદેવ ગૃહદેવ પૂજન વિધીમાં બિરાજે છે.

જીવરાજ શેઠની ચાંદોદના આદિતિર્થે સ્નાનની વિધિ.

(ચાંદોદ યાત્રા સિદ્ધ કરવાની ઇચ્છા રાખનારે આ નીચે જણાવેલા તિર્થમાં જીવરાજશેઠની વિધિ પ્રમાણે સ્નાન કરવું જોઇએ)

જીવરાજશેઠ અને એમનું કુટુંબ, ભાણા મહારાજ ધનશંકર સાથે ચંડાદિત્ય તિર્થે જવા નિકળ્યા.

શેઠ—ભાણામહારાજ ચંડાદિત્ય તિર્થે પ્રથમ સ્નાન કરવાનો શો હેતુ? શું બીજા ઘાટે સ્નાન ના થાય કે!

ધનશંકર—આપને મેં ગઇ કાલે સમજાવ્યું હતું જે મુંબાઇમાં મકાન તો ઘણાં હોય છે પણ આપના ઘરના જેવા મહિમાવાળુ તો આપને ત્યાંજ આવુ તોજ ફળે. એવી રીતે ચાંદોદના પ્રાચિન મહર્ષિઓએ ચાંદોદનું તિર્થસ્નાન આ તિર્થે સિખ્યું છે.

તિર્થસ્નાન આદિ શ્રેયસી શ્રદ્ધાવાળા પ્રયોગોમાં ભાવના સિદ્ધ કરવાનું મૂળ તત્વ છે, જેવી રીતે હમણાંના મહાત્માઓના આશ્રમનું ફળ અને મહિમા એમના અનુયાયીઓ લોકને કેવો સમજાવે છે. એવી રીતે અમારા બાપદાદાઓએ આ તિર્થની ઉત્પતિ અને મહિમા વર્ણવ્યો છે એનેજ અમો માનીએ છીએ અને મનાવીએ છીએ પણ સમય એવો છે. સનાતનય સત્યોને ઉંચાં મુકી મનમુખી વર્તન વર્તાવવાના આદર્શ સિદ્ધતા વર્તમાન મહાત્માઓનાં સ્થાનો પરત્વે પૂજ્ય ભાવ રાખવા ફરજ જણાવે છે અને જ્યાં પ્રાચિન રૂષિ મહર્ષિઓએ મહાન તપ કરી પંચભૂતાત્મકિ સત્તાને સગુણ સત્તામાં પ્રગટ કરી તિર્થોનાં મહાત્મ્યો સિખ્યાં છે એને નમાનવું અને નવું મનાવવું એતો નવાનો મોહ પામનારા વ્યામોહિ જીવો ગણાય. અમોતો જુનાને ઉપાસનારા નિશ્ચયી સનાતની હંસો ગણાઇએ, આપ પણ એ કોટિમાંના છો. એટલેજ આ પદ્ધતિને ગ્રહણ કરી દેવાંગ બનાવો છો. અમારા રૂષિ મહર્ષિઓએ આયુર્વેદને મળતા રહિ આચારોને બાંધ્યા છે અને પાળી સિખ્યા છે. વર્તમાન કાળી સ્નાનવિધિ પ્રયોગ—મનમુખી છે, જંગલી છે.ઃનાગા થઇને નાવું. બે ચાર દિવસે નાવું, ઓરડી બંધ કરી નાવું, ગમે ત્યારે નાવું, સાબુથી નાવું, એ બધા કરતાં અમારો રૂષિ સ્નાનનો વિધિ કોઇ અલૌકિક અને આરોગ્યદાતા છે, જેને અનુભવવું હોય તેણે પોતાના આચાર્ય ગોરદેવને વિનવવું. જે મને પ્રાચિન સનાતનિય નિત્ય સ્નાન પ્રયોગ વિધિ ઉજવાવો. એ પદ્ધતિ જ્યારે તમો રૂબરૂ અનુભવશો ત્યારેજ સરખામણી કરી શકશો જે કયો વિધ શ્રેષ્ઠ.

દેવસ્નાન વિધિ તો કોઇ અલૌકિક છે, દેવો, આચાર્યો અને રાજાઓમાં હજીએ પ્રયોગ વર્તાતા હશે. નિત્યસ્નાન પ્રયોગ વિધિ સમજવા. આન્હિક પ્રકાશમાં નિત્યકર્મ પ્રદિપ આદિ નિત્યાચાર વિચારના ગ્રંથોમાં એ વિધિની પદ્ધતિઓ જોવા ભલામણ છે—અસ્તુ.

ચાલો આપણે ઘાટ ઉપર આવી પ્હોંચ્યા છીએ. આ વર્ષે મોટી રેલ આવવાથી આ ઘાટ ઘણો જુનો થયો હતો અને ખોદાઇ ગયો હતો, એટલે તણાઇ ગયો છે, કોઇ ધર્માત્મા સદગૃહસ્થ આત્રે અને બંધાવે ત્યારે અથવા ચાંદોદની ભૂમિના માલિક આ વિચારણા ધ્યાનમાં લઇ તિર્થસ્નાનનો ઘાટ બંધાવે તો તિર્થદેવ અવશ્ય માલિક ઉપર રાજી રહે.

શેઠજી ઉતારો કપડાં અને બિરાજો નર્મદાતટે પેલા દર્ભાસન ઉપર, સઘળાં બચ્ચાં છોકરાંને તમારી પાછળ બેસાડો અને બ્રાહ્મણોના જણાવ્યા પ્રમાણે ભાવપૂર્વક સંકલ્પે સ્નાનવિધિ સિદ્ધો.

શેઠજી—ધનશંકરજી, અમો બધાં આપ જણાવો તેમ વર્તવા કબુલ છીએ. કેમકે તિર્થસ્નાનનું ફળ અમારે સિદ્ધવું છે. અને દેવાંગ સાથે દેવવૃત્તિ જાગૃત કરવી છે માટે કૃપા કરો આપ સઘળા સાથે અમારા આચાર્ય બની અમોને પાવન કરો.

ધનશંકર—વાહ શેઠજી. આજ સુધીમાં આવા ભાવિક શ્રીમંત ગૃહસ્થ તો આપજ જોયા. બાકી તો શ્રધ્ધા વિનાના અને લોકૈષણાના ભૂખ્યા આપ ફલને ન્હાઓછો, અને દેવ બનવાના ભાવવાળા છો, એટલે વિધિ ઉજવાવતાં અમને પણ ઉત્સાહ થયો છે. બિરાજો, સઘળાં આસન લ્યો, અને પ્રથમ આ તિર્થનો મહિમા સાંભળી જાઓ, સઘળા એક ચિતે ચંડાદિત્ય તિર્થ મહાત્મ્યને શ્રવે છે.

શ્રી ચંડાદિત્ય તિર્થ મહાત્મ્ય.

ધનશંકર—નર્મદા પુરાણમાં આ તિર્થનો મહિમા માર્કંડેય રૂષિ જણાવે છે—સાંભળો.

ચંડમુંડ નામના બે દૈત્યોએ નર્મદાના ઉત્તર કિનારા ઉપર ગૃહ છોડીને તિવ્ર તપ કર્યું હતું, તેઓ ત્યાં અવિનાશી સુર્યની ભક્તિ

કરતા હતા.

તેઓએ કરેલી સુર્યની સ્તુતિ.

ત્રિજય પૂજનિક લોકપાલ, વિશ્વપ્રકાશ વિશ્વચક્ષુ, વિશ્વરૂપ, વિશ્વના દૃષ્ટિગોચર, તેજથી જોઇ શકાય નહિ તેવા, કપીલરૂપ, વેદત્રયીરૂપ, પ્રત્યક્ષરૂપ, મોક્ષરૂપ, ધર્મ સ્થાપક ધર્માત્માના નિવાસસ્થાન. ધર્મના દ્વારભૂત, વિષ્ણુરૂપ, બ્રહ્મરૂપ, મોક્ષરૂપ, મોક્ષદ્વાર, જ્ઞાન, કર્તા કર્મ વિધિવાકય પ્રકાશક પવિત્ર મૂર્તિ, સુવર્ણ સ્વરૂપ, જ્ઞાનરૂપ જ્ઞાનથી જણાય એવા વેદરૂપ, અનંતસ્વરૂપ, જેમના ઉદયથી સર્વ કર્મનો પ્રારંભ થાય છે. વરદાયક, લોકનાથ કલા કાષ્ઠાદિરૂપ, એવા જે સૂર્યનારાયણ તમને અમે નમસ્કાર કરીએ છીએ,

હે જગન્નાથ ? તમારા સિવાય આ જગત શી રીતે થાય ! ક્રમના કાળનો વખત માસ, અયન વર્ષ ઇત્યાદિ મર્યાદાઓ જે સૂર્યને વિષે રહી છે, તેમને નમસ્કાર. હે બળ સુખરૂપ અને પુષ્ટિ આપનાર અને રોગનો નાશ કરનાર સૂર્યદેવ અમને ઇચ્છિત વર આપો.

માર્કંડેયરૂષિ—ચંડમુંડની સ્તુતિ અને તપથી સૂર્ય પ્રસન્ન થયા.

સૂર્ય—ધન્ય છે. નર્મદા તટમાં ઘણું પ્રશંસનિય તપકર્યું તમારા મનનું ઇચ્છિત વર માગો !

ચંડમુંડ—હે દિવાકર અમે બન્નેય અજેય અને રોગરહિત સર્વ કાલ થઇએ.

સૂર્યનારાયણ—તથાસ્તુ તમો સર્વકાળ અજેય નિરોગી થશો. પણ બ્રહ્મદ્વેષ અને, વિધિધ્વંસ કરશો તો તમારો પરાજય થશે, કારણ કે બ્રહ્મદ્વેષ કરનાર રાજા હોય તો પણ તેનો ઉદય થતો નથી એમ કહી સુર્યદેવ ત્યાંજ અંતર્ધ્યાન થયા.

ચંડમુંડે ચંડાદિત્ય નામના સુર્યની ત્યાં સ્થાપના કરી તે વખતથી, આ ચંડાદિત્ય તિર્થ ત્રણ લોકમાં પ્રસિદ્ધ છે. એ સુર્યની પૂજા

ભક્તિ વડે કરે તો વાંછીત ફળ મળે છે. જીતેન્દ્રિય રહિ તપ કરવાથી નિરોગી રહેવાય છે. સ્નાનથી અને છઃ અગર રવિવારે ઘીનો દીપ કરવાથી સુર્ય મળે છે. ગાય સુવર્ણ વસ્ત્ર અને તેલના દાનથી સર્વ સુખ મળે છે, ચંડાદિત્યની ઉત્પત્તિ એકાગ્રચિતે શ્રવણ કરવાથી નિશ્ચય વિજયી થવાય છે. ચંડમુંડ દૈત્યોને સૂર્યથી વર મળ્યો અને દૈત્યોનો વધ પોતાથી છે એમ જાણી ચંડિકા દેવીએ ચંડાદિત્યની સ્તુતિ કરી માગ્યુ કે એ દૈત્યોનો નાશ પોતાથી થાય.

ચંડાદિત્ય તિર્થની દેવી પ્રત્યે સ્તુતિ.

ત્વં દેવી પરમાશક્તિ બ્રહ્મ વિષ્ણુ શિવાત્મિકા,
વિશ્વાંબિકા મહામાયા, મહોત્સાહા મહાબલા.
સુરપિંભિઃ પાર્થિતાત્વં વિશ્વવંદ્યા જગન્મયિ:
ત્વામનારાધ્યકઃ શક્તઃ સર્વાર્થફલ સાધક.
દુરિત ધ્વંસિની દેવી, ત્રિપુરે સુરસેવિતે,
નમસ્તેસ્તુ જયસ્તેસ્તુ મત્પાર્શ્વસ્ત્વં સ્થિરાભવ.

હે દેવી તમે પરમશક્તિ બ્રહ્મા વિષ્ણુ અને શિવરૂપ વિશ્વનાં અંબિકા, મહોત્સાહા, મહામાયા, મહા બળવાન, અને દેવો તમારી પ્રાર્થના કરે છે. વિશ્વને પૂજવા લાયક છો. જગદરૂપ છો, તમારૂં આરાધન કર્યા વિના, સ્વાર્થ સાધવાને કોણ શક્તિમાન છે ? હે પાપનો નાશ કરનારાં તમને વારંવાર નમસ્કાર કરૂંછું, મારી એક બાજુએ તમો અહિં નિવાસ કરો.

સુર્ય–હે ! પરમેશ્વરી ! મનુષ્યને બ્રાહ્મણદ્વેષ, જલદીથી ભીખારી કરે છે. બ્રાહ્મણની નિંદા આયુંષ્યનો નાશ કરે છે, અને હિંસા સર્વ વસ્તુનો નાશ કરે છે. બ્રાહ્મણનું દ્રવ્ય કુલનો નાશ કરે છે, માટે હે દેવી ! જ્યારે તે દાનવો બ્રાહ્મણનો દ્વેષ કરશે, ધર્મની મર્યાદા તોડશે, યજ્ઞો ભંગ કરશે, તિર્થ દેવાલયાદિનો નાશ કરશે, ત્યારે તેમનું તેજ

બળ ક્ષીણ થઇ જશે. હે દૈત્ય વિદારિણી દેવી! આ દૈત્યોનો વધ નિશ્ચય તમો કરશો. હે ચંડી! તિર્થની સાર્થકતા આપો, અને દુષ્કર્મનો નાશ કરો. આવી રીતે કહી ચંડાદિત્ય ત્યાં અંતર્ધ્યાન થયા, અને ચંડિકા દેવીએ ત્યારથી સુર્યની પ્રાર્થનાથી ચંડાદિત્ય સમીપ નિવાસ કર્યો. અષ્ટમિ નવમિ ચતુર્દશિ અને રવિવારે નાના પ્રકારના પૂજન દ્રવ્યથી પૂજા કરનારને વાંછિતફળ મળે છે–ઇતિ.

ચંડાદિત્ય તિર્થ મહાત્મ્ય સંપૂર્ણ.

મહાત્મ્ય શ્રવણ કરી યથાવિધિ દેહ પ્રાયશ્ચિત સંકલ્પ સાથે તિર્થસ્નાન વિધિ પરવાર્યા, અને સઘળા તિર્થ દેવમંદીરમાં, એટલે ચંડાદિત્ય ચંડીકાદેવીના મંદીરમાં આવ્યા. હમણાં આ મંદિરની વ્યવસ્થા ચાંદોદના બ્રાહ્મણ પટેલો પાસે રહે છે. ચંડિકા દેવીનું પૂજન અને અખંડદીપ ગામના ગૃહસ્થ રા. મહાશંકર હરગોવિન્દ પાઠકજી તરફથી થાય છે. પાસે એક નર્મદા પાઠશાળા છે, ચાંદોદની પશ્ચિમે ગંગનાથ જતાં આ તિર્થમંદિર આવ્યું છે એટલે યાત્રાળુઓ વધારે લાભ લઇ શકતા નથી, છતાં જેના ગોરદેવ યાત્રાળુને ચાંદોદ તિર્થનું ફળ આપવાની ઇચ્છાવાળા હોય છે તેઓ અત્રે યાત્રાળુઓને દર્શન કરાવવા લાવે છે. ધનશંકર મહારાજે તિર્થદેવ પૂજન આરતિમાં મામા અને મામીને દર્શનાર્થે બોલાવ્યાં હતાં એટલે ગોર ગોરાણી એક બે ભાવિક ભક્તોને લઇ ચંડાદિત્ય તિર્થ દેવળમાં આવ્યાં અને પૂજન આરતિના ઉત્સવમાં સામેલ થયાં, શેઠ શેઠાણી આરતી ઉતાર્યા પછી ગોરાણીજીને એક માજીનો ગરબો ગાવા જણાવે છે.

ગોરાણીજી ગોરદેવનો બનાવેલો ગરબો આકર્ષણિય કંઠે ગાય છે, અને ભરાયેલું સ્રીવૃંદ ઝીલે છે.

—ચાંદોદની—

ચંડિકા માતાનો ગરબો.

માડી તમો ચંડમુંડને હરવા, મૈયા પ્રગટ થયાં છો જો;
માડી મારાં લીધી સુર્યની સ્હાયકે, કરમાં શસ્ત્ર ગ્રહ્યાં છે જો.
માડી મારાં વાઘ ઉપર થઇ સ્વારકે, રૂદ્રી રૂપે દીસોછો જો;
દેવજનો પર અતિશય પ્યારકે, દુઃખ હરવા હસોછો જો.
બ્રાહ્મણ દ્વેષી દૈત્ય વધેરી, તિર્થ શોભાવતાંજો;
વસિયાં આદિત્ય સહશંકરીકે, ભકતોને ભાવતાં જો.
આઠમ નોમ ચૌદશ રવિવારે, પ્રગટ પધારતાંજો;
ભાવે પૂજનારા નેપાળો, ભવથી તારતાં જો.
ગરબો ગાય શીખેને સુણે, તે નરનારને જો;
મન ઇચ્છિત સૌ પ્રાપ્તિ થાય, ઝીતે સંસારને જો.

ગરબો પૂરો થયો, પ્રસાદ લઇ સૌ આત્મારામ ગોરદેવને ત્યાં ભોજનાર્થે ગયાં.

ચાંદોદ તિર્થમાં આવનાર યાત્રાળુઓમાં પદ્ધતિ પડી ગઇ છે, જે નર્મદાસ્નાન કરી મીષ્ટાન જમવું. અને સારી પેડે ખાઇ બપોરના સુઇ જવું. આત્મારામ ગોરદેવે પોતાના યજમાનોને આ પદ્ધતિમાં પ્રવેશવા ન્હોતા દીધા. એટલે ફરાળી ખાદ્ય પદાર્થો બનાવ્યા હતા. સઘળા જમવા બેઠા તે સમયે.

શેઠજી—ગુરુમહારાજશ્રી કેમ આજે ફરાળી ખાદ્ય પદાર્થો થયા છે, મેંતો મિષ્ટાન પાક ધાર્યો હતો.

આત્મારામ—હાજી બરાબર છે આપનું ધારવું કેમકે તિર્થમાં જનારાઓ બધાય મિષ્ટાન્ન જમવા અને લ્હેર કરવાજ જાય છે.

એવી યાત્રાળુઓમાં પડેલી ટેવ મારા આશ્રમમાંથી મેં ટાળી દીધી છે. કેમકે યાત્રાએ આવેલા મુમુક્ષુએ તો સતસંગાર્થે હોજરી

બહુજ હલકી રાખવી જોઇએ. અમો ઉભય લગભગ એકાદ વર્ષમાં બે ત્રણ માસજ અન્ન ભક્ષણ કરીએ છીએ બાકીના દિવસો તપ, વ્રત, ઉત્સવ આદિ નિયમોમાં ફરાળથીજ પસાર કરીએ છીએ. કેમકે ઉપનિષદમાં એવું મેં જોયું કે અન્નમયકોશ જીત્યા વિના પ્રાણમયકોશ સિદ્ધાયના અને પ્રાણમય સિંધ્યા વિના મનોમય ન સિદ્ધાય. જેનો મનોમયકોશ, સિદ્ધ નથી તેનો વિજ્ઞાનમય કોશ હોયજ કેમ ! અને વિજ્ઞાનમય કોશની શુદ્ધિ વિના આનંદમય કોશમાં હંસો કેમ રમી શકે. માટે શેઠજી આજના આ ફરાળના ખાદ્યોથી આપ એમ ગ્રહણ કરજો કે દેવજીવન વિતાવવાની ઇચ્છાવાળા હંસે ફળમય કોશ કરવો પડે, જ્યાં સુધી સાત્વિક ખાદ્યોથી સત્વશુદ્ધિ કરી નથી, ત્યાં સુધી કલ્યાણના વિચારનો એ અધિકારી નથી. હાલમાં અમારી પ્રાચિન સનાતનિય ભોજન પધ્ધતિ કયાં પળાય છે. માત્ર પેટભરણુ અને સ્વાદ શરણુ પધ્ધતિમાં સમાજ વળી ગયો છે.

શેટજી ! મારા પરિચયમાં, એટલે સતસંગમાં આવી ગયેલા યાત્રાળુ યજમાન એના ઘેર જઇ પ્રથમ રસોડુજ સંભાળે છે, એટલે રસોડામાં વપરાતાં વાર્ષિક ૧૨ શેર મરચાં તે બશેર કરી નાંખે છે, વપરાતુ વાર્ષિક ૧ મણ બેમણુ તેલ તે પાંચ શેરમાં આવે છે. ચટાકા, મસાલા અને માનુષિક પદાર્થો રસોડામાંથી વિદાય કરે છે. અથાણાં, રાયતાં, પાપડ, ચટની, આદીની ગૃહસ્થાઇની શોભા રદ કરે કરે છે, અને સાધુતાઇનું ભક્ત જીવનનું રસોડું બનાવે છે. છૂટે છે, મારા સંગીના આ સઘળા શોખો સમાજના હમણાંના, શેઠ ગણાતા અને શ્રીમંત ગણાતા ગૃહસ્થના જેવી થાળી જમવાની ઢાંસાઇને ભૂલી જાય છે. હમણાં તો આવી રીતે ભાઇસાબોને થાળી જમવાની ટેવ હોય છે.

તીખાં તમ તમ સ્વાદીલીયાં, ભોજન વિના ભાઇ ના જમે;
ઉનાં ખાટાં તેલે ભર્યા, ખાણાં હોય તો શેઠને ગમે.

ખટ શાક ને ચાર ચટનીભર, માવા મલાઇ ઘી દહિથી તર;
ભજીયાં ભાજીવણ સાહેબવર, ગૃહિણી રંધવારાને દમે,
હું તો આવું જમનાર છું, બે ત્રણ વેળા ખાઉં છું;
ખાટે ખારે અકળાઉં છું, આવી થાળી જમનાર અમે.
નાતી વરાનાં ખાધેલાં, ડોવાયલાં જેનાં હોજરાં;
એવાં શું થાયે મોક્ષીલાં પાગલ સાત્વિકાન્નને જમે.

સાત્વિકાન્ન ભોજન પધ્ધતિ યાત્રાળુઓને અમારા બાપદાદાઓ પળાવતા, જ્યારે તેઓ યાત્રા સ્થાન છોડે ત્યારે છેવટના બ્રહ્મભોજન કરાવતા ત્યારે મિષ્ટાન્નને જમતા. હમણાંની પેઠે યજમાનો સૌ પ્હેલાં ગોરાણીને સ્વાદિષ્ટ ભોજન કરવાનીજ સૂચના કરે એવું નહોતું. ફરાળ કરતાં કરતાં સર્વે જમી ઉઠયાં અને નિવૃત્તિ માટે આરામ માટે એક બે કલાક સઘળાં છુટાં પડયાં.

શેઠશેઠાણી—પોતાના ઓરડામાં આવી વિચારે છે, સાંભળોછો કે હવે તો ગોરદેવ અને ગોરાણીજીને ગુરુપદે આપણે સ્થાપીએ અને આપણી આ પાછળની વૃધ્ધ જીંદગી કલ્યાણના પુરૂષાર્થમાં ગુજારીએ.

શેઠાણી—હાજી, બરાબર છે. ખરેખર, ગોરાણીજી જેમનું નામ (રેવામા છે) તે સતિ છે. અને ગોરદેવ પણ એક શિવરેવાના પરમ ભક્ત સિધ્ધ રૂષિદેવ છે. મેં પણ આપના જેવોજ નિશ્ચય કર્યો હતો. આપની સ્હાનુભુતિ છે એટલે હવે ગોરદેવની દષ્ટિમાંજ આપણે નર્મદાતટે આશ્રમ બંધાવરાવીએ, અને વર્ષમાં ચાર માસ નર્મદાતટે ગુરુ સેવામાં અને કલ્યાણના વિચારમાં ગુજારીએ. શેઠ શેઠાણીજીની આ વાત સાંભળી ખુબ રાજી થયા અને આત્મારામ ગોરદેવને આ બાબતની સલાહ લેવા બોલાવ્યા. ગોરદેવનું આવવું.

શેઠ—ગુરુમહારાજ, અમો બન્નેએ એવો વિચાર કર્યો જે, નર્મદાતટે આપની દષ્ટિમાંજ એક આશ્રમ બંધાવીએ અને એમાં વર્ષમાં ચાર માસ આવી ગુરુસેવા સહ કલ્યાણી વિચારમાં વૃત્તિ કેળવીએ.

ગોરદેવ—અહોહો, અમો બન્નેય પણ તમોને આજ સલાહ આપવા વિચાર કરી રહ્યાં હતાં. તમોએ પણ આ વિચાર ગોઠવ્યો, એટલે એકજ વિચાર ઉદ્દભવે, ઇશ્વરની મરજી છે, એમ જાણવું. મમેષ્ટ શિવદત્ત રેવામાની ઇચ્છાથી તમો અવસ્ય જીવન્ત કલ્યાણપદ સિદ્ધિ પ્રાપ્ત કરો અને જ્ઞાતિને આદર્શ આપો. તમારી જ્ઞાતિથાં આપ મોટા અને માનવંતા છો એટલે આપ જેમ ચાલો તેમ તમારી પાછળના સઘળા ચાલે, એ સમાજની ટેવ છે માટે અવસ્ય હવે આપ આ થકેલા કાળને ઉપરોક્ત વિચારમાં વર્તિ આદર્શ આપો, કેમકે એક અનુભવી ગાયછે કે સાંભળો—

પાગલીયો રાહ.

સૌ થાકયાને થાક કાળ છે, એ ઝઘ ઝઘંતા સાંભળો;
પાગલ અનુભવ સાર કે', જુઠ્ઠાં પ્રકાશન ના કરો.
વેદ થાકયા થાકયા બ્રાહ્મણો
થાકી બેઠા સૌ સંત જનો
એ થાકના પૂજક બનો
આ છેલ્લું જીવન સિદ્ધિ લો.

થનથનાટ કરતા થાકશે;
એ કલ્યાણી બળ માગશે;
જુઓ સ્વરાજીયાંના દાખલે
હવે હિમાળો સેવવા કથે.
હું આ સુધારું શ્રેષ્ઠ થઇ

લોક નાયકાતમાં ઘેલા રહિ
એ સઘળા આખર થાકી જઇ
તંબુરો લઇ હરિ નામ લે.

ઓ ડાહ્યાભાઇ હવે પાછો ફર
શાને ઉત્પાતિ ચાળા કર
લોકને મારી તું શાને મર
રેંટિયા તકલી તજી નામ લે.

તું તારો જોડો પ્હેરી લે
રાગ દ્વેષિ આંખો ફોડી દે
ગુરૂજીની ગોદડી ઓઢી લે
પાગલ સમજ્યાંને સુચવે.

એ થાક તમને લાગજો
છેલ્લા જીવનિયા જાગજો
દેશ ભક્ત સુધારક ત્યાગજો
દત્તગુરુની સેવામાં રહે.

આપને જ્યારે બરાબર થાક લાગ્યો અને પાછા પડ્યા ત્યારેજ આપને કલ્યાણી વિચારો ઉદ્ભવ્યા.

હવે લગભગ ઘણાંને કલ્યાણ માર્ગમાં વિચરવાનું યોગ્ય લાગશે કેમકે સ્વસત્તાની બધીય બાબતો અને બાજીઓના અખતરા કરી જોયા પણ સૌમાં મીડું૦ એટલે આપની પેઠે નિવૃતિ લેવા ચાહશે. મેં સાંભળ્યું છે જે પાંડિચેરીમાં યોગીરાજ અરવિન્દઘોષે ઘણા હંસોને નિવૃતિમાં વાળી ભારતનો પ્રાચિન યુગ પ્રવર્તાવવા તપમાં વાળ્યા છે જ્યારે મેં તે જાણ્યું ત્યારે હું રાજી થયો અને એવા મહાત્માઓ ભારતને શોભારૂપ છે. આપ પણ એવા બનો અને વર્તિ વર્તાવો.
શેઠજી—ચાલો ત્યારે નર્મદાતટે સાંજના ફરવા જઇએ અને આજેજ

આપ જણાવો ત્યાં આશ્રમ માટે જમીન ખરીદી લઇએ.

ગોર—શેઠજી ઉતાવળ ન કરો પ્રથમ તો તમો ચાંદોદનાં સર્વ તિર્થનાં સ્નાન કરી મહાત્મ્યને જાણો પછી ચાંદોદની પ્રદિક્ષણા કરી એકાદ માસ ગામદેવોને અને તિર્થદેવોને ઉપાસો તે પછી તે સઘળાંની શી ઇચ્છા છે તે જોઈ પછીથી આશ્રમ માટેનો સંકલ્પ રાખો.

શેઠજી—જેવી આજ્ઞા. ગુરુદેવની! કેમકે હવે આપની આજ્ઞા એ પરમાત્માની આજ્ઞા.

મારા પિતાજી અને માતાજીએ અમને શિક્ષણ આપ્યું છે જે એક પ્રગટ સદ્‌ગુરુ મૂર્તિને પ્રત્યક્ષ પરમાત્મા જાણ્યા વિના અને એની આજ્ઞામાં આધિનતા પાળ્યા વિના કલ્યાણનું ઘર જડતું નથી, મારાં માતુશ્રીની તો ગુરુભક્તિ ઉપરની શ્રદ્ધા અને ટેક એટલો બધો હતો જે એમની પાસે કોઇ અન્ય સંતની મહત્તાની વાત કરીએ તો તેઓ તે વાત ન સાંભળવા અરાજીપો બતાવતાં. એક વખત મેં મહાત્માજીનું જીવનચરિત્ર લઇ સંભળાવવા માંડયું અને વખાણ કરવા માંડયું ત્યાં તો પોતે એકદમ ગુરુભક્તિના બળમાં આવી જઇ મને અટકાવી પૂછવા માંડયાં જે ઉભો રહે, એ મહાત્મા ગુરુદેવને માને છે કે નહિ એમના ગુરુજીનું શું નામ છે? ત્યારે મેં જણાવ્યું જે હજી તેઓને લાયક ગુરુ નથી મળ્યા એટલે શોધમાં છે અને હજી કોઇ ગુરુદેવને માનતા નથી.

માતુશ્રીએ તુરત સ્નાન કરી નાખ્યું અને જણાવ્યું કે હવે ન ગુરુવાઓની વાતો મારી સામુ આવી ન કરવી. ત્યારે મને તે વખતે માતુશ્રીની આ ધર્માંધતા જણાઇ અને હસવું આવ્યું, પણ અત્યારે ને બરાબર લાગે છે. ધન્ય માતુશ્રી તારી ગુરુભક્તિના બળને, ધન્ય ભારતની ગુરુ પ્રણાલીની તારક પદ્ધતિને.

આત્મારામ—અહોહો. તમારાં માતુશ્રીનાં શાં વખાણ કરૂં, જો કે એક વખતજ પોતે પધાર્યાં છે, અને થોડોજ સમય અત્રે નિવાસ્યાં હતાં પણ સાક્ષાત અંબાની મૂર્તિજ હતાં. ધન્ય એમની પ્રભુ અને ગુરુ પરત્વેની ભક્તિને, અહોહો એવાંનાં બાળકો કેમ ન થાય. કલ્યાણી થાયજ. ચાલો હવે આપણે સાંજનો સમય થયો છે એટલે શેષનારાયણના દર્શનાર્થે જઇએ, હું સાયંસ્નાન સંધ્યા પરવારી આવુંછું.

શેઠજી—અમો પણ નર્મદા સ્નાને આવીએ, જ્યાં સુધી અત્રે રહીશ ત્યાં સુધી બે વખત સ્નાન કરીશજ, અને બનશે તો હંમેશાં વર્તિશ.

ગોર—ચાલો ત્યારે હું તો આપનાથી જુદો પડી મારા નિત્યના એકાન્ત સ્થાને જઇ કર્મો પરવારીશ. આપ આ ધનશંકર શર્મા સાથે પધારો.

ધનશંકર—હાજી ચાલો. આજે ઘાટ ઉપર એક દેશભક્ત નેતાજીનું ભાષણ છે, એટલે આનંદ આવશે.

શેઠ આદિ સઘળું મંડળ ચક્રપાણીના ઘાટે આવે છે, અને સ્નાન પરવારે છે ત્યાં દેશભક્ત નેતા અને ચાંદોદના એક યુવકમંડળ સહ સ્વરાજ્યવાદીઓ તેમજ યાત્રાળુઓ ભાષણ સાંભળવા ભરાઇ જાયછે.

ધનશંકર—એકલા ઘાટ ઉપર બેસી સાયંકર્મ કરી જપમાં બેસી રહ્યા છે. એ જોઇ ભાષણ કર્તા દેશભક્ત નેતા બ્રાહ્મણોની ટીકામાં ઉતર્યા અને વાતાવરણ ફેરવ્યું.

શેઠજી—સભામાંથી ઉભા થયા અને પોતાનું કુટુંબ તેમજ જાણીતા-ઓને લઇ ધનશંકર પાસે જતા રહ્યા.

ભાષણકાર—જતા રહેલા બધાયને મોટેથી સંભળાવે છે જે ધર્મશ્રદ્ધામાં અંધ બની ગયેલા જુની. ખખ્ખડ બુદ્ધિવાળા ભાઇઓ હવે આ

લોકમાંથી રસ્તો લેતો સારૂ છે, કેમકે તેઓ અમારૂં અને અમો જુવાનીયાઓનું કાર્ય મંદ પડાવે છે.

ઘનશંકર શર્મા—જ્યારે ભાષણકારની સખ્ત ટીકા થવા માંડી એટલે ઉભા થયા અને ભાષણકાર પાસે ગયા. જઇ વિનયથી પૂછેછે જે પ્રભુ વિના કારણે અમો નિરપરાધિ પરત્વે આપ શાને વૈખરીવાણીનું ઝેર વર્ષાવો છો, અમો તમારા અને બધાય દેશભક્તોની ભક્તિના કાર્યને અનુમોદન આપીએ છીએ, અને તમોને ધારેલું ફળ મળે એમ ચહિએ છીએ. પણ અમો અમારી સનાતનિય શ્રેયસી કલ્યાણી પદ્ધતિને છોડી શકતા નથી. કેમકે અમારૂં આ છેલ્લું જીવન છે.

વળી અમારૂં એવું માનવું છે જે પ્રભુની કૃપા વિના કશુંય બની શકતું નથી, માણસ કે દેવ માત્ર ફુલાય એટલુંજ સઘળું કર્તા હર્તા પરમાત્માજ છે. અમારા પ્રાચિન સપ્તર્ષિઓ, મહર્ષિઓ પરમાત્માની પ્રગટ સહાયથીજ અમર તપ્યા છે અને તપે છે. સાંભળો રાવણે રૂષિઓનાં ટચલી આંગળીનાં રક્ત કરમાં લીધાં છતાં રૂષિઓએ સહન કર્યું શક્તિ હતી, બ્રહ્માંડોનો પ્રલય કરવાની અને નવાં રચવાની પરંતુ એ કાર્યો ખુદ પરમાત્માનાંજ છે એમ સમજી પ્રભુનું આવાગમન ચાહ્યું. જેથી પરમાત્મા રામજી, એ રક્ત કુંભમાંથી થનારાં સીતાજીને પરણવા જન્મ લે છે, અને સીતાજીના કારણે રાવણનું મરણ થાય છે, એવી સમજવાળા અમો અમારી સમજ નબળી નથી કરી શકતા. તમારા આ જુદ્રા ઉહાપોહથી, કેમકે દૈવેચ્છાથીજ રાજ્ય કરવાના પાત્ર છે, માટે નકામી એ બધી સત્યાગ્રહ અને અસહકારની ચળવળોથી સાચી બાબત અમારાથી ન છોડાય. સનાતન સત્ય ઉપર હજી કોઇ પણ સત્તાએ પગ મૂકયો નથી માટે હવે આપ સઘળા સમજો અને જો બને તો શ્રીહરિને ઉપાસો સાંભળો. સત્યનો આગ્રહ

શું? સત્ય એતો ત્રણે કાળમાં સત્યજ છે, ખોટાનો આગ્રહ થઈ શકે? વળી મહાત્માઓમાં અસહકારનું બીજ કેમ હોય?

હરિરેવ જગદ્દ, જગદેવ હરિ;
ધોળી, કાળી, પ્રજા પ્રભુએજ કરી–(ધૂન)

વળી

વસુધૈવ કુટુંબકમ્, ભાવ વણ્યા;
અસહકાર પછી કહો કેમ કર્યા–(ધૂન)

દોહરો.

રાજ્ય અપાવવા રોકડા, કરોડ લેતે દેવ;
રામ રટાવંત બાપડા, નિંદાય કાલની ટેવ.

એ પ્રમાણે હવે થાક લાગ્યો છે, છતાં શાને માટે તાણાતાણ કરી, ભલા જીવોને અથાડી મારોછો. સાંભળો! ભાઇઓ, એક જૂના દેશ ભક્તે શ્રીહરિના માર્ગમાં પ્રવાસ કરતાં, એક દેશભક્ત મિત્રને સંભળાવેલું કિર્તન સંભળાવુંછું તે સાંભળો, અને ઝીલો.

(ગરબીનો રાહ.)

તુંતો રામ સુમરને બાપ જગને લઢવા દે,
કર રાગ દ્વેષનો ત્યાગ મનને મરવાદે. ૧
લેખક ઉપદેશક પુરાણી ચતુરી કરેતો કરવા દે,
વાડાના જાડાને સુખે પેટ ભરેતો ભરવા દે. ૨
દેશભકત મહંત આચારી, પેલાં શાસ્ત્રીને શીર ઝુડવાદે;
દેવી દેવતા જોગી જતીને અપની મૌઝમાં બુડવા દે. ૩
પાગલ ૐ ગુરુદત્ત નિરંજન સતગુરુ મંતર ઘૂંટવાદે,
જ્ઞાનીઓના નામ સ્મરણની નિર્ગુણમસ્તિ લૂંટવદો. ૪

આ ભજન સઘળા શ્રોતાજનો ઝીલે છે, અને ઘનશંકર શર્માને આગળ ભાષણ કરવા વિનવતા, દેશ ભકતરાજને બેસાડી દેછે. ખરે-

ખર સત્ય સનાતનના ઉપાસક બળ પાસે ભ્રષ્ટ, આધુનિક વાચાળ જનનું ન ચાલે. ધનશંકર શર્મા શ્રોતાજનોના આગ્રહે હવે ભારતે શું કરવું જોઇએ, એ માટે ભાષણ આપે છે.

"વર્તમાન ભારતાત્માઓએ હવે શું કરવું જરૂરનું છે?"

ધનશંકર શર્મા—ચક્રપાણીના ઘાટ ઉપર ઉપરોક્ત વિષય ઉપર ભાષણ કરે છે, એવું ગામમાં જણાઈ ગયું. જેથી ઘણા શ્રોતાઓ સૌસૌના યજમાનો સાથે ભરાઇ ગયા. સાંજનો વખત હતો એટલે ફરવા આવનાર અને સ્નાને પધારતા સઘળા આ વિદ્વાન આચાર્યશ્રીની દૈવી વાણીને સાંભળવા જ્યાં ત્યાં આસન લઇ બેસી જવા માંડયા—

ધનશંકર શર્મા—

ભાષણકર્તા દેશભક્ત ભાઇને માન આપી સભાનું પ્રમુખપદ સોંપે છે અને હર હર મહાદેવ હર ॥ હર હર નર્મદે હર ॥ ના કલ્યાણી તારક શબ્દ નાદથી સર્વેનાં મન એકાગ્ર કરે છે, અને વળી બધાંને વધારે એકાગ્ર કરવા માટે ધૂનયોગ પદ્ધતિ, એટલે શબ્દનાદ સાથે સમજાતું વાક્ય ઘૂંટવું, અને તેમાં થતા પ્રાણાયામ સાથે સર્વની વૃતિને એકાગ્ર કરતાં, સમાધિ સમુ દશ્ય દરાવવું એવી જુની પણ લોકને નવી પદ્ધતિ ભણાવે છે, અને ઉપરની જણાવેલી ધૂનો ફરીથી બધાંને બોલાવે છે.

હરિ દેવ જગદ્ જગદેવ હરિ
ધોળી કાળી પ્રજા પ્રભુએજ કરી. ૧
વસુધૈવ કુટુંબકમ્ ભાવ વણ્યા
અસહકાર ભલાજન કેમ કર્યા. ૨
અનુભવમાં જ્યાં મોટું મીઠું, સ્વરાજ્ય લઇને શું કરશો. ૩
પ્રલયકાળમાં શેની શાન્તિ, સ્વરાજ્યવાદી માગો છો! ૪

રામનામનો મંત્ર મૂકીને ખાદી મન્ત્રે ચઢી ગયા,
ચેતોરે ભાઈ મોટા ડાહ્યા, કાળચક્રમાં ખપી ગયા—બળી ગયા.

આ ધૂનો એક સાથે સઘળા શ્રોતાજનો બોલ્યા, જેથી ઘાટ ઉપર જાણે દેવલોકનો મેળો થયો હોય એમ સઘળાંને લાગ્યું.

રાગદ્વેષ હજી જેમાં શમ્યા નથી, એવા ઉછરતા યુવકોને ઉપરની ધૂનોના ભાવ રૂચ્યા નહિ, એટલે મંડળનો મુખ્ય યુવાન ઉભો થઇ સઘળા યુવકમંડળને સભા છોડી જવા સુચવવા લાગ્યો. ઘણા સંસ્કારી અને સમજતા યુવાનો, મુખ્ય ભાઇની આજ્ઞા લોપ કરતા જણાયા; એટલે એમણે બ્યુગલ ફુંક્યું, અને સભા છોડી ચાલ્યા જવા સુચવ્યું, છતાં યુવાનો તો બેસીજ રહ્યા, અને ઘનશંકર મહારાજની આકર્ષણિય વિદ્યુતમાં ધૂનોને મોટેથી બોલવા માંડયા.

શેઠ શેઠાણી અને એમનું મંડળ તેમજ તિર્થમાં આવેલા યાત્રાળુઓ તો, આ દ્રશ્ય જોઇ આશ્ચર્ય સાથે ઉઠી જત્તા. યુવાનોને જોવા માંડયા, એક વૃદ્ધ જ્ઞાતાજન ઉભા થઇ સઘળા યુવાનોને કે'વા લાગ્યા જે, ભાઇઓ! સાંભળો, યુવાનોએ પોતાની ધોંસ એટલે ઉછળતા લોહિનો ધર્મ, વૃદ્ધ અને જ્ઞાતજનોના ડાહ્યા સૂચન બોધમાં અટકાવવી જોઇએ. એકદમ આંખો મીચીને ઉછળતુ લોહિ અમુક વિચાર પદ્ધતિમાં વાળી દેવું, એતો ઉદ્ધતાઇમાંજ લેખાય. આપ સઘળા બેસી જાઓ, જુઓ ઘનશંકર મહારાજે તમારા ભાષણકર્તાનેજ પ્રમુખ નિમ્યા છે, તો પછી સભાના નિયમ પ્રમાણે પ્રમુખની આજ્ઞામાં બેસી રેવું જોઇએ. યુવાનો થોભ્યા, સઘળા બેસી ગયા, અને પ્રમુખશ્રીની આજ્ઞામાં ઘનશંકર મહારાજનું અગત્યનું ભાષણ સાંભળવા શ્રોતાજન થઇ ગયા.

ઘનશંકર મહારાજ—

"વર્તમાન ભારતાત્માઓએ હવે શું કરવું જરૂરનું છે?"

એ વિષય શ્રોતાજનો પાસે રજુ કરતા પહેલાં સઘળાંના હૃદયમાં આ કલ્યાણી ભાવનાઓ વાળી દેવી છે એટલે સનાતનિય સિદ્ધ પ્રણાલી ને વર્તાવે છે.

જ્યારે મનોબળવાળાં હંસદેવમાં આત્મબળની કલ્યાણી ભાવનાઓ રોપીદેવી છે, તે સમયે સમજુ વકતાએ પ્રાચીન મહર્ષિઓના શાંતિપાઠમાંની, સદ્‌ભાવનાઓ પરમાત્મ સ્મરણ કરી ઉચ્ચારાવવી જોઇએ. એટલે ધનશંકર મહારાજ ઉપનિષદીય શાંતિપાઠમાંથી–

सहनाववतु । सहनौ भुनक्तु । सहवीर्यं करवावहै ।

તેજસ્વિના વધિતમસ્તુ। મા વિદ્વિષા વહૈ ।। ની રાષ્ટ્રૈયૈકતા. સિદ્ધાવતિ ભાવના, સઘળાંને પડાવી પરમાત્મ ગુરુરાજનું સ્મરણ કરેછે.

ગુરુબ્રહ્મા–ગુરવેનમઃ બોલાવી

ભાષણનો આરંભ કરે છે, ત્યાં દેગૌરવ આત્મારામજી પોતાનાં સાયંકર્મો એકાન્ત સ્થાનથી પરવારી આ સભામાં પ્રવેશ કરે છે. ધનશંકર ને ભાષણકર્તા જોઈ પોતે પણ બોલ્યા ચાલ્યા વિના અસ્પર્શ રહિ એક બાજુએ આસન લઇ સાંભળે છે.

ધનશંકર—બોલો આત્મારામ મહારાજની જય! જય ગુરુરાજ મહારાજની જય!

સાંભળો શ્રોતાજનો. અકસ્માત આજે મારે આપની સન્મુખ "વર્તમાન ભારતાત્માઓએ હવે શું કરવું જોઇએ?" એ ઉપર બોલાવાની ફરજ પડે છે. એ શ્રી પરમાત્માની મરજીથીજ થાય છે, ઇરાદાવિના થતી દૈવિ ક્રિયાઓ દેવોજ કરાવે છે એમ હું માનુછું.

પાગલીયો રાહ.

ભારતની આરત સાંભળી, હવે સહાય કરે છે શ્રીહરિ;
પાગલ વદે પાછો ફરી, સૌ દેશ બન્ધુ ચેતવે. ૧
જ્યાં ધર્મ ત્યાં તો જય સદા, આવે ન દુઃખો આપદા;

અસુરો નથી નડતા કદા, સત્ધર્મિને પ્રભુ રીઝવે. ૨
પશ્ચિમ પદ્ધત છોડીદો, પૂર્વિનિતમાં ચિત જોડી દો;
રાગદ્વેષિ વૃતિ તોડી દો, થાકયા જનો લળીને કવે. ૩
ભારત આચાર વિચારમાં, સૌ શ્રેષ્ઠ આ સંસારમાં;
આધ્યાત્મિક જીવન પ્યારમાં, સઘળા શાન્તિ લેશે હવે. ૪
આ જીવન કિર્તન જાણી લો, વર્તિને આનંદ માણીલો;
વર્તમાન ધર્મ આ લ્હાણી લો, પાગલ અંતરમાંથી લવે. ૫

ભાઇઓ ! પરમાત્માની ઇચ્છા ને આધિન થવું એ આપણે એમના તણુખા રૂપી જીવોએ પાળવું પડે છે, નથી પાળતા તો અંતે થાકીજાઇને પણ પાળીએ છીએ.

શ્રીહરિની મરજીથીજ રાજ્યસત્તાઓનું બળ વર્તાય છે, હમણાં ઇંગ્રેજ સરકારની ઉપર પરમાત્મા રાજી છે, અને આપણે અરાજીપો કરવા ચાહિએ છીએ. એ કેમ બને ? ખુદની મરજી ભક્ત વિના કોણ ફેરવે, જો તમારે એ મરજી ફેરવવી હોય તો પરમાત્માના ભક્ત બનો ભકત બનનારને સ્વરાજય શું પણ દુનિયાનું રાજ્ય નકામું છે. રાજા ભર્તુહરિ વૈરાગ્ય શતકમાં જણાવે છે જે, હે રાજાઓ ! ઘણા રાજાઓએ ભોગવેલી એઠી પૃથ્વી જેમ એઠાં પતરાળાં ચાટવા, ડાંઘીયા કુતરાઓ ઉકરડા ઉપર લઢે છે, તેમ તમો શા માટે કતલખાનું ચલાવી એંઠી પૃથ્વી ભોગવવા મિથ્યા પુરૂષાર્થ કરોછો ?

એવી રીતે મિથ્યા બાબતોમાં ભકતોનેં રૂચતુજ નથી. જેમ નાના નચિકેતાને યમરાજનાં બતાવેલાં સર્વ સુખો મિથ્યા ભાસ્યાં અને શ્રેયસજ રૂચ્યું તેમ ભકતોને તો કલ્યાણજ રૂચે છે. ભારત એ શબ્દમાંજ એવો ભાવ સમાયો છે જે ભા–કેતાં–આત્મા અને રત–એટલે–તન્મય–આત્મામાં તન્મય–એટલે **કલ્યાણનાજ પુરૂપાર્થમાં** **જેનું લક્ષ** એટલે ભારતનો વન્નિ માટે આપણે તો આત્મકલ્યાણ

વિનાની અન્ય બાબત મિથ્યાજ સમજવી. વિચારો, આપણે અત્યારે એ લક્ષમાંથી ખસી જઇ મિથ્યામાંજ મજુરી કરી રહ્યા છીએ. વળી ભારતની પ્રજાનો ધર્મ તો રાજ્ય સત્તામાં પ્રજાધર્મે જીવવાનો છે. આજ સુધીના સઘળી રાજ્ય સત્તાના બળમાં પ્રજાએ રેંતું એજ કેળવણી સિદ્ધ થઇ છે. **રાજા વિના પ્રજા કેવી!** અને પ્રજા સ્વતંત્ર વર્તે એ કેવું? ગાંડપણ–ખરેખર માનસિક ઉન્માદ નહિતો બીજું શું? **રાજા વિનાની પ્રજા કેવી?** અને **બાયડા વિનાની બૈરી કેવી!** એ કહેવત પ્રમાણે પ્રજાકિય સ્વતંત્રતાનું ગાંડપણ ટાળીદઇ **રાજાદેવોભવ**–એ સૂત્ર પ્રમાણે **રાજા એ દેવ છે**–એમ માની પ્રજા ધર્મે પ્રભુના ભક્ત બનવાનું છે. આપણે શ્રીહરિના થઇએ એટલે અવશ્ય અન્ય સઘળા દેશના આપણા અનુયાયી થશે. શ્રી યોગીન અરવિન્દ જણાવે છે જે ભારતનો એક વૃદ્ધ ડોસીનો હંસ અન્ય સઘળા દેશમાં જન્મેલા જીવનો ગુરુ થવા લાયક છે. કેમકે ઘણા કાળથી ભારતહંસો પ્રભુના પરમાત્માના થવાના પુરૂષાર્થિ છે.

છેલ્લો જન્મ તો ભારતમાંજ પ્રાપ્ત થાય છે, અન્ય દેશમાં થતુ પ્રાણોત્ક્રમણ એટલે હજી ભારતમાં જન્મી છેલ્લુ જીવન કરવાનું પુરૂષાર્થિ મરણ આપણે ધન્ય ભાગ્ય માનીએ જે આપણો ભારતમાં જન્મ છે, અને તેમાં વળી પતિતપાવની નર્મદા, ગંગા, યમુના, આદિ તટો ઉપર નિવાસીએ છીએ.

વન્દે માતરમ્–જેને આવડતુ હોય તે બોલો, અત્યારે આપણે ભારતભૂમીનું માનસપૂજન કરી લઇએ. આ ખરી દેશભકિત નહિ કે **કાયદો ભંગ કરી રાજાની સામુ થઇ શિક્ષા ખમી મનમાં માનવું, જે દેશભકિત** કરી નહિ નહિ? જ્યાં ભકિત શબ્દ લાગુ પડે છે, ત્યાં રાગદ્વેષ અને દેહારા–દેહારાપણું હોતુજ નથી, એક યુવાન વન્દે માતરમનું ગીત સઘળાંને ઝીલાવે છે.

આ સિધ્ધ ગાનથી સઘળાંની મનોભૂમી, ભારતભૂમી ઉપર ભકિતભાવવાળી થઇ, અને ભારતભૂમિના જીવોએ પાળવાનો સનાતનિય ધર્મ પાળવાની બળવાળી થઇ.

મનશંકર—વ્હાલાંઓ, હવે વર્તમાન ભારતાત્માઓએ તો શ્રીહરિની ભકિતમાં લક્ષ રાખી વર્ણાશ્રમ ધર્મ મુજબ જીવન ગુજારી, રાજા સાથે પ્રજાએ કલ્યાણ પામવાનો પુરૂષાર્થ કરવાનો છે.

આપણે આપણાં અજાત શત્રુભાવવાળાં, પ્રાચિન સત્યામૃત ભરેલાં જીવન વર્તન પાળવાં જોઇએ, અને એ સસવર્તનના બળે અધુરા પ્રાણોને દોરવા જોઇએ. છેલ્લામાં છેલ્લો એ પુરૂષાર્થ ભગવાન સહજાનંદ અને વડોદરાવાળા નૃસિહાચાર્યજીએ ગુજરાતના જીવોને વર્તાવ્યો. અન્ય પ્રાંતોમાં પણ ભકત જનોએ વર્તાવ્યો હશે, તે આપણને માલુમ નથી. સમજ્યા, અને વિચારક દેશનેતાઓએ પાછા ફરવું અને માનુષિક મિથ્યા પ્રયત્નો તજીદઈ દૈવિ જીવનના પુરૂષાર્થો પ્રજા સન્મુખ રજુ કરવા જોઇએ. નૃસિહાચાર્યજીના મહાકાળ પત્રમાં અને સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રિમાં જણાવ્યા મુજબ પ્રજાને દોરવી એજ પુરૂષાર્થ છેલ્લો છે.

ભગવન્ રામકૃષ્ણ પરમહંસે જેમ વિવેકાનંદજીના આત્મદેવને જાગૃત કરી પશ્ચિમના પ્રદેશમાં મોકલી ભારતના સનાતન ધર્મનો વિજય વોરાવ્યો. તેમ અને સ્વામિશ્રી રામતિર્થજીના ઉપદેશોમાં વર્તમાન ભારતને પાળવાનો સંદેશની પેઠે તેમજ શ્રી અરવિન્દઘોષજીની ધારણા મુજબ આપણે સઘળાંએ વર્તવાનું છે.

સ્વામિ શ્રીરામના સંદેશ પ્રમાણે જો ભારત નેતાઓ વર્તે તો રાજ્યસત્તા રાજા સાથે વશ થાય, અને સ્વાધિન બને. દાંતીયાં કરવાથી શું વળે, સમજુતીથી બધું સારૂં થાય. હમણાંના વકીલ બારિસ્ટર, દલાલ, ડોકટર, આદિ ધંધામાંથી વધારે ફારેગ-રહેનારા, બુદ્ધિમ

ઉપાર્જન અર્થે જુના સાચા દેશભકતોનું અનુકરણ કરી અંદરખાનેથી દેશભકિત માટે ફંડો ઉભાં કરી, હાથ ઉપર રોકડ કેશ, પ્રજાજનો પાસેથી પટાવી લેનાર બની ગયા છે.

જ્યાં જ્યાં દેશભકિતમાં આગળ પડતું કામ કરનારાને તપાસશો તો સાચો એકાદ જણ જડશે. બાકી તો ધનોપાર્જન કરનારા અને લોકિષ્ણામાં ઉદ્ધારક બનવાની લાલચવાળા નવરા ભાઇઓ હશે.

ભલી પ્રજા ભારતની. ગાડરીયા પ્રવાહમાં ફસાઇ જનારી દેખા દેખી વર્તનારી, હવે નાણાંથી ખાલી થઇ ગઈ છે, તેમાં ગુજરાતમાં તો ઘરબાર, જમીન, જાગીર, સ્ત્રી, ધન, છોકરાં, આદિને ગુમાવી દુઃખમાં ફસાઇ જઇ દુખદ આંતર નિરાધારપણું ભોગવાઇ રહ્યું છે. રાજ્યસત્તા સામુ થઈ કોંગ્રેસના ડાહ્યા નેતાઓએ ભારતની પ્રજાનું ભૂષણ પાર્લામેન્ટમાં સિધ્યું હતું એ રદ કર્યું છે. અને આપણા રાજ્યના વહિવટ કરનારા પ્રધાનોના મગજમાં પાછુ તાજુ કરી આપ્યું જે ભારતના લોક અજ્ઞાન અને અકેળવાયેલા તામસિ છે, હશે, હોય જે થાય છે તે સારૂંજ થાય છે. સઘળા દેશનેતાઓએ પણ સારૂંજ કર્યું છે. માત્ર હવે મન હઠિલાઇ મુકી દઇ સનાતન સત્યના-ઉપાસક બનતું જોઇએ. સનાતન સત્ય વર્તાવનારા છેલ્લા જગદ્‌ગુરુ શંકરાચાર્ય અને આદિ વિશ્વગુરુ દત્તાત્રેય સ્વામિ મહારાજ એ બે ગુરુમૂર્તિનું ધ્યાન રાખી, તેઓ જેમ વર્તિ વર્તાવી ગયા છે તેમ ભારતના હંસોને કેળવવાના છે. છેલ્લું મહામ્નાય, શંકરાચાર્યજીનું વીલ લખાયેલું છે. તેમ ભારતની ચારે દીશના મહસ્થ આચાર્યોએ ચઢાવના. બાર વાર્ષિક મેળાવડામાં મળી રાજ્યસત્તાને માન આપી સહાનુભુતિથી પ્રાચિન વર્ણાશ્રમી આચાર વિચાર પ્રજામાં પ્રવર્તાવવા જોઇએ. જેમાં ઇંગ્રેજ પ્રજાના ધર્મગુરુઓને પણ સામેલ કરી આપણા આચાર વિચારનાં અમૃતો, એમની પ્રજામાં પ્રસરાવવા તૈયાર કરવા જોઇએ. મેક્ષમુલર

સાહેબની પેઠે ઇંગ્રેજ પ્રજા પણ ભારતમાં જન્મ લઇ જીવવાની આશામાં મરે અને સત્યને ઉપાસી સનાતનધર્મ સિધ્ધે. ભગવન્ વિવેકાનંદ સહ સ્વામિ રામતિર્થ મહારાજે ઘણા અમેરિકન અને યુરોપીયનોને ગાંડા કર્યા હતા, અને હિન્દુ બનાવ્યા હતા.

સ્વામિ શ્રદ્ધાનંદ મહારાજે હિન્દુ બનાવવા જે શુદ્ધિ તત્વનો પ્રચાર કર્યો. એ બહુજ મુત્સદ્દિપણું, અને ધર્મ સંરક્ષાનું તત્વ છે. છતાં એમાં જે વર્ણવ્યવસ્થાનો લોપ કરી એક જાતિપણાનું ધોરણ છે, તે જ્યારે ત્યારે શુધ્ધિને અશુધ્ધિ કરનારપણુંજ છે. કેમકે જ્યારે ત્યારે અન્યવર્ણ સંસ્કારો જાગૃત થાય છે, અને વચમાં લૈડ વેરે છે. ત્યારે વર્ણ વ્યવસ્થાનો કાયદો સમજાય છે. એક મોટી પ્રજાના વર્ગો તો હોયજ. યુરોપ અમેરિકામાં પણ વર્ગો એની મેળે પડયા છે, અને પાળવા પડે છે, એવી રીતે આપણો ચતુર્વર્ણાશ્રમી ધર્મ જુનો અને પાળવા જેવો છે.

જ્યાં ધર્મ નથી, ત્યાં કર્મનો વિજય મળતો નથી. હમણાંના કર્મયોગીઓ ધર્મલોપ કરવાથી દંડાય છે, શિક્ષાય છે, અને પસ્તાય છે, અને ધર્મસહ કર્મ કરનારા વિજય વ્હોરે છે. માટે હે ભાઇઓ ! હવે વર્તમાન ભારતાત્માઓએ પરમાત્માના ભક્ત બનવું જોઇએ, અને ભગવાન પાસે ઇચ્છિત ધારણા સિધ્ધાવવી જોઇએ. જે પરમાંત્મા જેને રાજ્યબળ આપે છે એજ પરમાત્મા. આપણને કલ્યાણ બળ પણ આપશે. માટે ભાઇઓ ! પાછા ફરો, અને ભારતમાં માનવ દેહ જન્મ ધર્યાનું સાર્થક કરો. ચોરાશીલાખ જન્મોથી ભટકા ભટકી આ માનવદેહ પામ્યા; અને ભારતમાં જન્મ્યા તો હવે મિથ્યાની મહેનત મજુરી મુકી દઇ જીવન કલ્યાણની સત મજુરી આરંભો. જે માટે સૌ પહેલાં સબળાઓએ સાયંકાળ પ્રભુ નામ સ્મરણ ધૂન સંકિર્તન પ્રયોગ સંગ્રહવો જોઇએ. પોતપોતાના વર્ણના ધર્મ પ્રમાણે

વર્તિ વર્ણધર્મિ ઉદ્યોગે જીવન વિતાવતાં જીંદગી સિધ્ધવાનું લક્ષ પ્રાધાન્ય કરવું જોઇએ. અમારા આ શેઠજી ! જીવરાજજી માફક, નર્મદાતટે નિવૃત્તાશ્રમ સ્થાપી, નિર્વાસનિક પ્રાણોત્ક્રમણ કરવા સદગુરુ સેવાધિનતામાં રહેવા નક્કિ કરવું, અને ચેતીલઇ છેલ્લો જન્મ કરવો. આપણે બધા ઘાટ ઉપર છીએ, સાંજ પડવા આવી, માટે હવે આ-પણા પ્રમુખ સાહેબને વિનવીએ જે બધાંને રજા આપે.

પ્રમુખ—આવતી કાલે વીઠ્ઠલદાસ લાઇબ્રેરીમાં સર્વે ભાઇઓ તથા બ્હેનોને પણ પધારવા વિનંતિ છે. આપણા જીવરાજશેઠ મુંબાઇના જાહેર પ્રજાના જાણીતા દેશભકત છે, તેઓ આત્મા-રામ ગોરના સંગે પોતાના વિચારો પલટાવી પરમાત્માના પંથમાં પળે છે, એટલે તેઓ સાહેબના કલ્યાણી વિચારો સાંભ-ળવા સર્વેને આમંત્રણ છે. પધારજો—એમ કહી સભાને વિસ-ર્જન કરી અને ધનશંકર સર્મા સાથે સઘળા આત્મારામ ગોરને ત્યાં પધારે છે.

આત્મારામગોર—કેમ શેઠજી. ધનશંકરભાઇની સમજ આપે સાંભળીકે ?

શેઠજી—હાજી ! ખરેખર તેઓ દેવર્ષિસમા જણાય છે, આજ સુધીમાં એમના જેવા નિશ્ચય બળવાળા ઓછા જોવામાં આવ્યા છે.

આમ વાત કરે છે ત્યાં નર્મદાજીની રાત્રીની આરતીના અવાજ કાને પડે છે, જેથી—

શેઠ—ગુરુમહારાજ ! આ આરતી કોણ કરતુ હશે ?

ગોર—પરિક્રમાવાસીઓ.

ગૌરીશંકર મહારાજે નર્મદાની પરિક્રમા કરી ઘણા સંતજનોને નિવૃતિસહ કાળક્ષેપ કરવાનો, અને નર્મદાની ભકિત સિધ્ધવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. એટલે ઘણા સંતજનો પરિક્રમામાં ફરતાં નર્મદાર્તિ રાત્રિના ઉતારે છે.

એમ જણાવતા પોતે પણ પોતાના ઉપાસ્યદેવની આરતીમાં પધાર્યા. શેઠ સાથે સઘળું મંડળ પણ ગોર મહારાજના ગૃહદેવની આરતીમાં સામેલ થાય છે. આરતીનો પ્રસંગ પરવારી, સઘળા આવતી કાલના જળશાયી તિર્થસ્નાનની વિધિ પરવારવાના કાર્યક્રમને નક્કી કરે છે.

જીવરાજશેઠની તિર્થયાત્રાનો ૪ થો દિવસ,

ચક્રપાણી તિર્થનું સ્નાન અને સાંજના ચક્રપાણી તિર્થનો મહિમા.

આજે શેઠ અને એમનું કુટુંબ ચક્રપાણી તિર્થસ્નાન કરવાના ઉત્સાહમાં સૂર્યોદય પહેલાં ધનશંકર સાથે નર્મદાસ્નાન પરવારી ચક્રપાણી ઘાટના તિર્થદેવ, શેષનારાયણ ભગવાનના મંદિરમાં જઇ તિર્થ મહાત્મ્ય સાંભળવું એ વિચારે વેળાસર પરવાર્યા. આત્મારામ ગોર મહારાજ પણ નવ વાગ્યાની અંદરમાં ગૃહદેવો પાસના પરવારી શેષ નારાયણમાં પૂજન અર્થે નિત્ય જતા, એટલે સર્વની સાથે આવ્યા. શેઠનું મંડળ તિર્થસ્નાન કરીઆવી આજે તિર્થ મહાત્મ્ય સાંભળવું, અને આવતી કાલે તિર્થદેવ પૂજનોત્સવ ઉજવવો. એ ક્રમ ગોઠવી દીધો હતો, એટલે શેષનારાયણમાં સઘળુ શેઠજીનું મંડળ આવી ભગવનની નિત્યપૂજા પરવારી ધનશંકર મહારાજના મુખે **ચક્રપાણી તિર્થ મહાત્મ્ય** સાંભળવા બેઠાં. અન્ય યાત્રાળુઓ તેમજ ચાંદોદનાં નિત્ય આવતાં શેષનારાયણ દેવનાં દર્શનિયો સહ શેઠજીનું કુટુંબ મળી સભામંડપ ભરાઇ ગયો હતો. ધનશંકર મહારાજનું ગઈ સાંજનું ભાષણ સાંભળી ઘણા ચાંદોદના ભાઇઓ પણ આવી ગયા હતા.

ધનશંકર મહારાજ—શેષનારાયણ દેવની, પૂજારીઓની, બ્રાહ્મણોની. સંતોની, અને મામા મામીની, પૂજનવિધિ પરવારી, નર્મદા પુરાણની પોથીનું પૂજન શેઠ પાસે કરાવી.

—ચાંદોદના—

—ચક્રપાણી તિર્થનું મહાત્મ્ય વાંચે છે—

ઘનશંકર મહારાજ—નારાયણ ધૂને મંગલારંભ કરી, તિર્થ મહાત્મ્યનું પ્રાકૃત ભાષાંતર સર્વેને સંભળાવે છે.

બોલો ચક્રપાણી તિર્થાધિશ ભગવન,
શેષ નારાયણ–પ્રભોની જય.
જય સદ્‌ગુરુ મહારાજની જય
ચંડપૂરના બ્રહ્મર્ષિ સમાજની જય
જય નારાયણના પૂજારીઓની જય
જય પ્રભુના ભકતોની જય
જય સર્વ શ્રોતાજનની જય

આજે મુંબાઇથી આવેલા યોગભ્રષ્ટ યોગીસમા શેઠજી જીવરાજ ભાઇ અને એમના કુટુંબને મામાશ્રીની આજ્ઞાથી ભગવન સમીપ એમના તિર્થનો અને એમનો મહિમા નર્મદા પૂરાણમાંથી સંભળાવું છું તે શ્રવો—

તે પહેલાં મૂર્તિ નારાયણનું ધ્યાન સિદ્ધ કિર્તન ઝીલો, અને ધ્યાનસ્થ થાઓ.

ઘનશંકર—ગવરાવે છે.

બધા બાહ્મી નાદ ઝીલે છે.

ધન્ય હો શ્રોતાજન આજ હમારા
જુઓ તો નમી પ્રભુ કેવા છે રૂપાળા.–ધન્ય હો.
શેષ ઉપર પરમેશ સુતા છે
લક્ષ્મીજી બન્યાં છે પગ ચંપાળાં–ધન્ય હો.
કોટિ મદન સમ તેજ પ્રકાશે
જુઓરે મુખાકૃતિ હસતા રૂપાળા–ધન્ય હો.
કેસરીવા વાધા મનહારે

પુષ્પ ચમેલીની પગ સુધી માળા–ધન્ય હો.
શ્રીનાથ બાવા સમી પાઘ પહેરી
ભાવિક ભકતોનાં ચિત્ત હરનારા–ધન્ય હો.
બ્રાહ્મણ પૂજક ભાવભરી સેવા
લઇલ્યો ઓવારણાં સૌ કોઇ પ્યારાં–ધન્ય હો.
એક વખત ઉભા થઈ નિરખો
દેવાધિ દેવ શેષનાથ દયાળા–ધન્ય હો.

સઘળાંએ ઉભા થઇ પ્રભુને નિરખ્યા અને ઓવારણાં લઈ બેસી ગયા. ધનશંકર મહારાજે ફરી નારાયણ ધૂનમાં સઘળાંને ઉન્મત કર્યાં.

ધનશંકર—કથાનો આરંભ કરે છે. માર્કંડેય ૠષિ. ધર્મરાજા પ્રત્યે કહેતા હવા—

(અનુષ્ટુપ વૃત.)

જે તિર્થે મનુષ્યોનું જન્મ સાર્થક થાય છે,
તે તિર્થ વૃતાંત સુણો શેષ નર્મદને નમી. ૧
રેવાના ઉત્તર તટમાં જગશાઇ તિર્થછે પ્રસિદ્ધ,
નારાયણતિર્થ પણ કે'છે પોઢયા છે જ્યાં જનાર્દન. ૨

યુધિષ્ઠિરોવાચ—

હેમહારાજ સંભળાવો મહિમા ચક્ર તિર્થનો
કેમ પોઢયા છે વિષ્ણુ એવું તે શું ચરિત્ર છે. ૩

માર્કંડેયોવાચ—

ધન્ય છે યુધિષ્ઠરજી ઉત્તમ પ્રશ્ન કર્યો તમે;
ગુહ્ય તિર્થનો મહિમા અથ ઇતિ શ્રવણ કરો ૪
પૂર્વે તલમેઘ દૈત્ય દેવોને દુઃખ આપતો;
સ્વર્ગાદિ હરિ લીધાં દેવમંડળને જીતી. ૫

છતાંય રૂષિઓ જેને યજ્ઞમાં ભાગ આપતા;
જેથી ફુલાઇને બકતો હું વિષ્ણુ હુંજ બ્રહ્મ છું. ૬
હુંજ રૂદ્ર હુંજ ચંદ્ર સૂર્ય સાક્ષાત હુંજ છું;
કુબેરને મેં લુંટયો છે ઇન્દ્રનો હાથી મેં હર્યો. ૭
અભીમાની અવાજોથી વસુદેવ દિક્પાલ સૌ;
ગભરાઇ બ્રહ્મા પાસે જઇને સ્તુતિ ઉચ્ચર્યા. ૮
નમોદેવ જગત કર્તા વિશ્વ વંદ્ય નમો નમઃ;
વ્યકતા વ્યક્ત રૂપેછો ત્રય મૂર્તિ નમો નમઃ ૯
કેવલાત્મ સ્વરૂપાય ત્રણ ગુણમય પ્રભો;
ચરાચરસ્ય ગુરવે સૃષ્ટિ કર્તા જય નમઃ ૧૦
વિધિજ્ઞાન વરેણ્યાય વિધિના ઘડનાર છો;
કર્યાછે કર્મકાંડ આપે જીવોદ્ધારણ કારણે. ૧૧
વેદાદિના જાણુંતા તત્વજ્ઞ પ્રભુ આપ છો
નમો નિત્ય સ્વરૂપાય કર્મ માર્ગ પ્રદર્શક ૧૨
નમો હિરણ્ય ગર્ભાય શાંતાય પરમેષ્ઠિને
બ્રહ્મદેવ હરો દુઃખ તલમેથ છકી ગયો. ૧૩
બ્રહ્માજીએ કર્યું સાદર આશ્વાસન આપ્યું ઘણું;
શુંછે દુઃખ કથો દેવો બ્રહ્દસ્પતિજી ઉચ્ચર્યા. ૧૪

દેવોવાચ—

સ્વર્ગાદિ હરિ લીધાં અભિમાને મનાવતો;
હું છું જગતનો કર્તા પરમેશ્વર મુજને કથો. ૧૫
બ્રહ્માજીએ જાણ્યું કે વિષ્ણુ વિણુ એ નામરે;
માટે માધવજી પાસે ચાલો સૌ ક્ષીર સાગરે. ૧૬
દેવો પિતામહ પાસે ક્ષીર સાગરે આવીને;
આર્તતા પ્રાર્થતા પ્રેમે શેષનારાયણ શ્રીને ૧૭

યોગીઓ સૌ જીવનપેઠ ચિંતવે પ્રભુ આપને;
હે તાત અભય આપો નમીએ સૌ દેવજન. ૧૮

દેવોની શેષનારાયણુ પ્રત્યે પ્રાર્થના.

અનાદિ પુરૂષોત્તમ છો નિર્ગુણ સગુણ સ્વરૂપ છો;
પોઢંતા ક્ષિર સાગરમાં લક્ષ્મીનારાયણુ પ્રભો. ૧૯
દૈત્યોને હરનારા છો દેવકીના પુત્ર છો;
મંદરાચળના ધર્તા કચ્છપાવતાર રૂપમાં. ૨૦
વરાહ રૂપ ધર્યું આપે નૃસિંહ પણ પોતે થયા;
હિરણ્ય કશ્યપુ માર્યો પ્રલ્હાદ ભક્ત તારણા. ૨૧
બળીરાયને છળનારા વામનજી વ્હારે ચઢો;
આસુરી ક્ષાત્ર બળહર્તા પોતેજ પરશુરામજી. ૨૨
રાવણુના સંહારક હો કંસને હણતા તમો;
બોધ દેતા છો બુધ્ધ કલંકિ કલિમાં થશો. ૨૩
વિશ્વવંદ્ય ગુરુ સ્વામિ દત્તાત્રેય નમો નમઃ
દેવો સૌ ભીખ માગેછે ભય તજી મેઘનો હરો. ૨૪
દેવોની આર્તના સુણી શેષ શયની જાગતા;
કેમ પધાર્યા હે દેવો જાગૃત કેમ મને કર્યો. ૨૫
ગંભીર મેઘના જેવી વાણીથી પ્રભુ પૂછતા;
બ્રહ્માજી કેમ આવ્યાછો દેવ કેમ ગભરાયલા. ૨૬

બ્રહ્મોવાચ—

હે નાથ ગુરુસ્વામિ તેલમેઘ દૈત્યના ભયે;
ત્રાસીને સૌકો આવ્યા અભય વર માગવા. ૨૭
આપ વિના મરેના એ આપજ સમર્થ છો પ્રભો;
દૈત્યોનો વધ કરનારા દેવોના સ્હાયક સદા. ૨૮
શેષ નારાયણુ નાથે દેવોને હસતા કર્યા;

અભય જાઓ હણુએને　　હમણાં એ ક્યાં નિવાસતો. ૨૯

દેવોવાચ--

હેમાદ્રિ પર્વત મધ્યે　　મોટી એક ગુહ્વા વિષે;
ચોવીસહજાર કન્યાસાથે　　હાથી ઘોડા અતિશય. ૩૦
આસુરી જીવની સેના　　મ્હાડી લોકની બની;
ભુખડીઆ તમોગુણી　　અધર્મિની છાંયે રહે. ૩૧
ગરૂડને ચિંતવ્યા શ્રીએ　　ગરૂડજી હાજર થયા;
શંખ ચક્ર ગદા પદ્મ　　હળમૂશળ ધારી ચઢયા. ૩૨
હિમાલયે ગયા દેવ　　શંખ નાદે ચેતવ્યો;
તસ મેઘપુરી વિષે　　ઉત્પાત શરૂ થયો. ૩૩
શિયાળ હોલા પ્રવેશેછે　　રાજ દ્વારને વિષે;
વાયુ વિના પડયો ધ્વજ　　ખરા મધ્યાન કાળમાં. ૩૪
સર્પ ઉંદરનાં યુદ્ધ　　વાઘ ને જાંબુકનું
નાદીયોમાં રૂધિર વ્હેતુ　　સમયવીણ પુષ્પો ખીલ્યાં. ૩૫
આસુરી લોક નાચેતે　　ઉલટા અભિમાનથી
કોણ એ મરવા આવ્યો　　બાંધી લાવ મમ પાસમાં. ૩૬
તસમેઘે કરી આજ્ઞા　　હે ધુંધુમાર તું ચઢ;
આવુંકે હમણાં કે'તો　　ધુંધુમાર લઢવા ગયો. ૩૭
આવતાંજ ઘણા દૈત્યો　　ગરૂડાગ્નિથી જળ્યા;
દીશાઓમાં ઘણા દોડયા　　ધુંધુમાર એકલો લઢે. ૩૮
પ્રભુના એકજ બાણે　　ધુંધુમાર પડી ગયો;
રહેલા દાનવો નાઠા　　હાહાકાર કરી રહ્યા. ૩૯
બાણવૃષ્ટિ શરૂ થાય　　પ્રભુએ સર્વ કાપીયાં;
દૈત્ય જેથી ચીડવાયા　　અગ્ન્યાસ્ત્રને છોડતાં. ૪૦
ત્યારે પ્રભુએ વરૂણાસ્ત્રે　　અગ્ન્યાસ્ત્રને હણ્યું;

દૈત્યે વાયવાસ્ત્ર મુકયું સર્પાસ્ત્રે પ્રભુએ હણ્યું. ૪૧
દૈત્યે ગરૂડાસ્ત્ર છોડયું ગરૂડજીમાં શમી ગયું;
શસ્ત્ર યુદ્ધેન ઝીતાયા ઉનર્યા દૈત્ય રથ થકી. ૪૨
દેવોએજાણ્યું સૌઆવ્યા પ્રભુએ કોપીને મૂકયું;
સુદર્શન ચક્ર પોતાનું મૂકી તલમેત્રને હણ્યો. ૪૩
દેવોએજાણ્યું સૌઆવ્યા પુષ્પવૃષ્ટિ ઘણી કરી;
જયજય ઉચ્ચર્યા હોંસે ધન્ય નાથ નિર્ભય કર્યા. ૪૪

ધનશંકર મહારાજ તિર્થદેવ મહાત્મ્ય વર્ણવી રહ્યા હતા, અને શ્રોતાજનો એકાગ્રચિત્તે શ્રવી રહ્યા હતા. ત્યાં એક બહુ બોલકણો, બુદ્ધિવાદમાં બ્હેકી ગયેલો સમાજ સુધારક ઉભો થયો, અને મહારાજને પૂછવા માંડયો જે.

સમાજસુધારક—પુરાણીમહારાજ, તમો લોકોએ આવાં ગપ્પાં ગોઠવી અમારી મશ્કરી કરાવી છે, અને લોકસમાજને નવરા બનાવી નકામો સમય બગાડયો છે.

ધનશંકર—ભાઇ! તમોને અત્યારે જવાબ આપવો યોગ્ય નથી, છતાં ટુંકામાં જણાવી દઉછું જે અમારા ઋષિમુનીઓએ પુરાણોમાં સમાજને સનાતન આચાર વિચારમાં કાયમ ગોઠવી રાખવા, એવી સુંદર પદ્ધતિ રચી છે જે જેના અભ્યાસકને સમજાશે. ઋષિઓનું ગૂઢામૃત, બુદ્ધિના બ્હેકયા, પુરાણોની પ્રણાલીને તોડી નાખવા ભલે પ્રયત્ન કરે, પણ કદી એ પદ્ધતિ નાશ થાય એમ છેજ નહિ. કેમકે પુરાણોમાંથી ઇતિહાસ મળ્યા છે, અને પુરાણોમાં સર્વ શાસ્ત્રો સમાવ્યાં છે, એટલે બધી વિદ્યાઓ પુરાણોમાંથી જડે છે. નવા શોધકને હમણાંના તમારા આદર્શ લોકનેતાઓના, આશ્રમોના મહિમા જેવા તમોને રૂચે છે તેવા અમોને અમારા પુરાણીઓના ઇતિહાસ સાચા લાગે છે, આ

જે ઇતિહાસ મેં વાંચ્યો, એ નર્મદા પુરાણમાંથી સંભળાવ્યો. અને તે માર્કંડેય રૂષીએ યુધિષ્ઠરને જણાવ્યો છે, તે બરાબર છે. જે સ્થાનોમાં પ્રાચિન ઇતિહાસોના દિવ્ય ચમત્કારો બન્યા છે. અને જ્યાં પરમ ચૈતન્ય સત્તાનો આવિર્ભાવ થયો છે, એવાં સ્થાનો પરત્વે તદ્દન નાસ્તિક હ્રદયનેજ ભાવ ના થાય, આસ્તિકને તો જરૂર ભાવથી સ્થાનેષ્ટ પ્રાપ્ત થાયજ તમોને આ બાબત માટે સાંજના સમજાવીશ. અત્યારે તો આ તિર્થનો મહિમા પુરો સંભળાવી લઉં. આપને વખત હોય તો બીરાજો કેમકે આપ પણ ચાંદોદ યાત્રાએ ઘેરથી નિકળ્યા છો, યાત્રામાં આવી યાત્રાના પ્રસિદ્ધ સ્થાનોના મહિમા ન જાણવા અને બબુચકની પેઠે ખાઇ. પી, ડુબકી લગાવી મંદીરોમાં ફરીવળી ચાલ્યા જવું. એતો મુર્ખનો પુરૂષાર્થ ગણાય. સાંભળો, આ ચાંદોદમાં શેષનારાયણ તિર્થનો મહિમા સર્વોપરી છે, અને વૈષ્ણવજન માટે વન્દનિય છે.

પરમાત્માએ પૃથ્વી ઉપર દૈત્યોની સત્તાનો વામાંધકાર તોડવા, જ્યાં પ્રગટ પ્રકાશનો પરિચય કરાવ્યો એવા સ્થળોને આપણા બાપ દાદાઓએ યાદ રાખી, એના મહિમાને વધાર્યો છે. એવી રીતે આ સ્થળે ભગવાને શી લીલા કરી એનું વર્ણન આપણે જાણીએ—

ઘનશંકર—શ્રોતાજનોને જણાવે છે જે શ્રીશેષ પ્રભુ નારાયણે તલ મેઘને માર્યો જેથી દેવો રાજી થયા, અને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. સાંભળો. ઝીલો—

(દેવોવાચ)

(ચારે જુગમાં નામ તુમ્હારા—એ રાહ)

યુગમાં યુગમાં પ્રભુ વ્હારે ધાયા, અસુર નિકંદન નારાયણ;
નારાયણ ભવ પારાયણ, જય શેષ શયન પ્રભુ નારાયણ. ૧

બ્રહ્માસુર તલમેઘ દૈત્યના, સંહારક શેષ નારાયણ;
નાથ નિરંજન નારાયણ, જય અલખ નિરંજન નારાયણ. ૨
પરમેશ્વર પદમાં છકનારા, હુમદ હારણ સંહારણ;
મધુસુદન પ્રભુ ભજનારાના, ભવ ભય હર્તા નારાયણ. ૩
ચક્ર તિર્થ જળશાયી સિદ્ધા, ચક્ર સુદર્શન ધારાયણ;
શુધ્ધ કરી બ્રહ્મ હત્યા હર્તા, ચક્રપાણી પ્રભુ નારાયણ. ૪

દેવોની સ્તુતિ સિધ્ધ છે, ચાંદોદના શેષ નારાયણના ભકતો આ ભજન મોઢે કરી દરરોજ પ્રભુ સન્મુખ મુકતકંઠે ગાય તો જરૂર તેના યશ, આયુ, મેધા, લક્ષ્મિ, વિ. વધે છે, અને પ્રભુભકિતમાં પ્રાણ સોંપે છે.

ધનશંકરોવાચ—

સ્તુતિ કરી બધા દેવો પુષ્પવૃષ્ટિ કરી ગયા;
પ્રભુ પોતે પધારે છે સુદર્શન ચક્ર શુધ્ધવા. ૪૫
બ્રહ્માસૂર હણ્યો જેથી ચક્ર કાળુ બની ગયું;
ગરૂડજીને કરી આજ્ઞા નર્મદોત્તર તટે પળો. ૪૬
વાયુદેવ પ્રગટ પોતે ગરૂડજી આવી પૂગ્યા;
દેવોરિ સંગમ પાસે પા માઈલના અંતરે. ૪૭
માર્ગશિર્ષ શુકલપક્ષી એકાદશીના દિવસે;
પ્રભુએ ચક્રને ધોયું રેવાના પાવની જળે. ૪૮
સ્તુતિ કરી દિનાનાથે રુદ્ર દેહા નમોનમઃ
જયજય બ્રહ્મ ચારિણી પતિતોની તું પાવની. ૪૯
દેવોને રક્ષવા વાળી પાપીનાં પાપ ટાળતી;
બ્રહ્મહત્યા સ્ત્રી હત્યા પૂત્ર હત્યાનાં પાપ સૌ. ૫૦
સ્નાનથી ટાળનારાં છો તપસ્વીની માવડી;
બધાય દેવોએ ભૂલ શુદ્ધિ છે આપના તટે. ૫૧
સઘળા દેવ દેવિઓ માનવો ને દાનવો;

કરેલાં પાપથી છૂટયાં	તારા તટે તપ કરી. ૫૨
પરાશકિત મહાદેવી,	નારાયણી નમોનમઃ
સુદર્શન ચક્રની હત્યા	ટાળો શંકરી નર્મદા. ૫૩
પાર્થિને પ્રભુજીએ	ક્ષીરસાગર સમાં ગણી;
સુદર્શન ચક્રને ધોયું	પૂર્વવત તે થઇ ગયું. ૫૪
પોતેપણ અત્રે પોઢયાછે	જેથી દ્રયનામ તિર્થ જ્યાં;
જગશાઇ ચક્રતિર્થ	આલોકે પ્રખ્યાત છે. ૫૫
એવા જે તિર્થને વિષે	શુકલ એકાદશી દીને;
કામ ક્રોધાદિને ટાળી	સ્નાન જે ભાવથી કરે. ૫૬
શ્રીમુખે વદ્યા છે જે	ચક્ર તિર્થ સ્નાન કરી;
મને જે પ્રેમથી પૂજે	તેને યમભય ના નડે. ૫૭
પુષ્પકના ભિષેકે જે	પંચામૃતે નવરાવતા;
શણગારો ધરાવીને	અખંડ દીપ રાખતા. ૫૮
ચમેલી જુઇને જાઇ	કદમ બોલસરી કેવડે;
કેસરીયા ચંદને ચર્ચિ	પ્રેમાર્તિ કરી પ્રાર્થના. ૫૯
નૈવેદ્ય યથાશક્તિ	ધરાવી ભેટ મુકતા;
ઉભય લોક સિધ્ધાણુ	પરમ પદમાં હું સ્થાપતો. ૬૦
તિર્થ પ્રદિક્ષણા કરતાં	પૃથ્વી પ્રદિક્ષણા ફળે;
એમાં જરાય સંશયનહિ	શ્રીમુખનું ફરમાન છે. ૬૧
વૈષ્ણવો બ્રાહ્મણો માટે	આ તિર્થ સર્વોતમ
શ્રીચરણ કમળાશ્રયીનો	મમ લોકે નિવાસ છે. ૬૨
આલોકે તે પૂજાય	ધન્ય ધન્ય તેની થતી;
કરવાથી કૃચ્છ ચાંદ્રાયણ	વિષ્ણુગણ તે થતો. ૬૩
ગૌદાને વૈકુંઠ વાસ	છત્રોપાનને પાદુકે;
વસ્ત્રદાન પૃથ્વીદાને	મળે છે સ્વર્ગમાં ગતિ. ૬૪

યુધિષ્ઠરજી કરે પ્રશ્ન ગૌદાને ફળ શું મળે;
તિલધેનુ તણું દાન કેવી રીતે કરાય કહો. ૬૫
હે યુધિષ્ઠિરજી સૂણો નૈમિષ્યારણ્યમાં સુણ્યું;
વ્યાસજીના મુખેથી મેં મહિમા તિલદાનનો. ૬૬
તિલધેનુ વિધિ વ્રતના કથનારા મંગળ વરે;
શ્રવનારાપણ શુદ્ધ થાતા પાંડુ નંદન પાળજો. ૬૭
ગામગૃહ શય્યાને સ્ત્રિ એકત્ર દાન ના કરો;
ઘણા બ્રાહ્મણની વચમાં વ્હેંચે અધોગતિ મળે. ૬૮
પિતરોને પ્રસન્ન કરવા કાળા તિલનું દાન કરો;
મંગળકાર્યમાં ધોળા તિલ વાપરવા રૂડા. ૬૯
ખાવામાં ને હોંમવામાં ને સામાન્ય દાનમાં;
ધોળા તિલ વાપરવા શાસ્ત્રાજ્ઞા એવી પાળવી. ૭૦
તાંબુલ આંબળાં તીલ શેરડી અભડાય ના;
સ્પર્શ્યો હોય જો નીચ પણ તેમાં દુષણ નથી. ૭૧
નિત્ય નૈમિતિક કામ્યે યથાશક્તિ તિલદાન;
કરંતાં પૂત્રવાન ધનવાન થાય છે સત્ય સત્ય છે ૭૨
તીલનું દાન લેનારો ને ચોરંતો પાતકી;
સુવર્ણ દ્રોણનું માપ થાય હરેક તીલનું ૭૩
તિલધેનુ દાનવિધ રાજેશ્રી હોય તે કરે;
ધર્મરાય જરૂર કરજો ચક્રવર્તિ થશો તમે. ૭૪
ચાર દ્રોણની એક ગાય ધોળા તિલની બનાવવી;
એક દ્રોણનો વાછરડો બનાવી મૃગ ચર્મ પર. ૭૫
પધરાવો શુદ્ધ ભૂમિપર કર્ણોમાં રત્ન ઘાલવાં;
આંખોમાં હિરા મૂકી નાસિકામાં સુગંધ સો. ૭૬
જીભે ઘૃત દાંતે મોતી પગમાં શેરડી લીગો;

પેટે ચાંદી ને કુંટીએ   સુવર્ણ ભાવથી મૂકો. ૭૭
અધઃ સ્થાને મધુને ઘી   રૂવાંટાઓમાં સર્ષવ;
કોટમાં કામળ સાથે   કપાળે તામ્ર પાત્રનું. ૭૮
ખાંધેસાકર ગુદેગોળ   કટિ પાછળ ભાગમાં;
સાત ધાન્ય મૂકી પાસે   લોહ દંડ જરૂર મૂકો. ૭૯
સોનાની શીંગડીઓસહ   રૂપાની ખળીઓ રૂડી:
ગળે ભૂષણ તામ્ર પીઠ   કાંસ પાત્ર દોહવા. ૮૦
ગંધ પુષ્પાદિથી પુજી   યથા વિધ પૂર્ણ ભાવથી;
બ્રહ્માર્પણ કરવી સાથે   ભુદેવજીને પ્રાર્થવા. ૮૧
બાલ્યાવસ્થામાં જે કો   કાયિકવાચિક માનસિક;
પાપ થયુ હોય જે તે   ભસ્મ કરજો પ્રભુ રૂપા. ૮૨
જળ ખરાબ કીધું હોય   ને વલોવવાની ગોળીને
શાંબેલું ઓળંગ્યું હોય   તે સઘળાં પાપને હરો ૮૩
નીચ સ્ત્રી ગુરૂપત્નિ   કન્યા સહ પાપ હોય કર્યું
સુરા પાન કર્યું હોય   ને સુવર્ણ ચોર્યું હોય ૮૪
એ બધાં પાપને ટાળો   તિલ ધેનુના દાનથી
ભુદેવ પાવન કરજો   શ્રી શેષ નારાયણ ૮૫
તપ યાત્રા સાધુ સંગ   સહાય સિદ્ધ કરાવજો
તિલ ધેનુના દાને   વૈતરણીપર સ્હાય હજો ૮૬
શાલ્મલિ વન–ઉલંઘી   યમરાજ સમીપ જતો
દુતોને આજ્ઞા કરતા   યમરાજ વધાવતા ૮૭
હે દુતો વૈકુંઠ લઇ જાવ   તિલ ધેનુના દાનીને
વૈમાને બેસાડીને   જો જો કંઇ દુઃખ થાય ના ૮૮
વળી આદાન ના કરશો   ચાકર રે'તા ભુદેવને
નોકરીઆત કરનારા   ને કાણા કુબડાજીને ૮૯

વધુ હાથ પગે હોય	જેને વિષે આંગળાં
તેને આદાન ના કરશો	ને સંભાળ આ રાખજો ૯૦
પૈસા લેતા પૂજારા ને	અભણ વેચનાર ને
મિત્ર દ્રોહી કૃતઘ્નીને	ને અંધાને ના દીયો ૯૧
વિદ્વાન અગ્નિ હોત્રી	કુટુમ્બ વત્સલ સ્વરૂપવાન
સદાચરણી સ્નાતકીયા	બ્રાહ્મણને દાન આપવું ૯૨
કાર્તિક માર્ગશિર્ષ માસે	ને વૈશાખી પુનમે
ચંદ્ર સુર્ય ગ્રહણે ને	ઉતરાયણ સંક્રાતિમાં ૯૩
વ્યતિપાતે દ્રયાતિથે	ગજચ્છાયે દાન કરો
તિલ ધેનુ દીયે મોક્ષા	રાજાઓનેજ પાલવે ૯૪
આ તિર્થે સ્નાનતર્પણથી	ને શ્રાદ્ધ કરવાથકી
પિતરો એક હજાર વર્ષ	તૃપ્તરેને પ્રસન્ન થતા ૯૫
ચક્રપાણી ભગવાન	પૂજતાં ચોદ મન્વંતર
વૈકુંઠમાં નિવાસે છે	સત્ય સત્ય ન સંશય ૯૬
એક બ્રાહ્મણ જમાડે તો	દશ હજારનું ફળ મળે
ધન્ય છે આ જગે તિર્થ	શેષ સાઇ પ્રગટ રહે ૯૭
આ તિર્થતણો મહિમા	સાંભળનારાને પાઠકા
ભગવાનને રીઝવતા	જીવન સુખે ગુજારતા ૯૮

ઇતિ

ચક્રપાણી—જળશાઇ તિર્થ મહાત્મય.

સમાપ્ત.

પેલો બહુ બોલો ભાઇ, ધનશંકર મહારાજને તિલધેનુ દાનની પદ્ધતિ સાચી હશે શું વર્તાતિ હશે પ્હેલાં ' એવો પ્રસન્ન કરે છે!

ધનશંકર—હાજી! ભારતનો દાન ધર્મ સર્વ શ્રેષ્ઠ છે અને દાન કરવાની ટેવ, ભારતમાં જેટલી ઉચ્ચ રીતે કેળવાઇ છે.

એવી અન્ય પ્રદેશમાં નથી કેળવાઇ.

કુદરતના ત્રણ દ-દ-દ ત્રીદદા. દેવોએ સિદ્ધયા. અને પોતાની પ્રજાને સિદ્ધાવ્યા. **દયા-દમન** ને **દાન** એટલે દાન વિધીમાં જે રહસ્ય ભર્યું છે તે ભારતના શાસ્ત્રશોધ સમજે. સ્વરાજ્ય અપાવું અમુક તારીખે, ૧ કરોડ આપો. એમ કહી. અન્ય વર્ષે ભારતની ચારે દીશથી દાન લેવું, અને ફળમાં કશુય ન દેવું, એ કરતાં આ તિલગૌદાનની પદ્ધતિ સર્વ શ્રેષ્ઠ છે. અમુક અન્નનો પાક વધારવા અને તેલવાળા આયુષ્ય આપતા પાકો વધારવા આવા પ્રકારના દાનોમાં સ્હમજનારા. ભુદેવોએ પોતાના કૃષિ યજમાનોને વાળેલા. વળી આ દાનોમા રહેલું ગુપ્ત રહસ્ય-જુદુજ છે. જે માટે આપે જુનાં શાસ્ત્રોનો અભ્યાસ કરવો.

ચક્રતિર્થ જળસાઇ તિર્થ મહાત્મય પુરૂ થાય છે. એક વૃદ્ધ પૂજારી મહારાજ, ધનશંકર તેમજ શેઠજીને પ્રભુ પ્રસાદિના. પુષ્પહાર આપી જાય છે. અને આત્મારામજી ગોરાણીને ચોવિસ અવતારનો ગરબો ગાવા જણાવે છે.

ગોરાણી આત્મારામ મહારાજની આજ્ઞાથી અવતાર ગરબો ઝીલાવે છે સર્વેને

ગરબો પુરો થયો. સઘળાંએ પુનઃ ધુનયોગ આરંભ્યો જેમાં ઘણું જણનો, ભાવ સમાધિષ્ઠ થયાં. કેટલાં ઉન્મત્ત બન્યાં, કેટલાંમાં રૂદન હાસ્ય શરૂ થયું. કેટલાં કંઠશોષથી ફીણ મોઢે લાવી પડી ગયાં ને કેટલાં બ્રહ્મનાદમાં ઝુલતાં જડવત્ બની ગયાં.

ધનશંકર મહારાજ, આશ્ચર્યતામાં પડયા. અને ગભરાયા. એટલે પુજ્ય મામાશ્રી બાજુ નઝર કરી. આત્મારામ ગોર મહારાજ યોગી હતા એમણે નાદ શબ્દ પ્રાણ આપ્યું અને બિન્દને ઝીત્યાં હતાં એટલે ધનશંકરને જણાવે છે જે બેટા? સમાધિ તો ચઢાવી શકો

છો સાથે ઉતારવી પણ જોઇએ, જુઓ અત્યારે, હવે બધાંની દશામાં, થઇ ગયેલો ફેરફાર, થોડા અરસામાં ન ફરેતો, કેટલાક પ્રાણ છોડી દે. માટે એ પદ્ધતિ નવરાશે જાણી લેજો અને જ્યાં ત્યાં ધુનયોગની આ ગુપ્ત શક્તિનો ઉપયોગ ન કરશો.

ધનશંકર—જેવી આજ્ઞા? મામાશ્રી! માફ કરજો?! આ બધાંને પાછા ચેતનમાં લાવો.

આત્મારામ—પ્રાણાયામ કરતા સર્વના પ્રાણને પોતામાં ખેંચે છે. અને પોતે સમાધિષ્ઠ થઈ જાય છે. ત્યાં સધળા પૂર્વવત. ચેતન દશામાં આવ્યા.

શેઠજી—ધન્ય ધન્ય. ધનશંકર મહારાજ ધન્ય. મહર્ષિ આત્મારામ ગોર મહારાજ ધન્ય! મહર્ષિઓ અને ધન્ય ભારતનાં સનાતન સત્યામૃતો—આમ ધન્યવાદના, શબ્દો ઉચ્ચારે છે. ત્યાં રાજભોગ આરતી થવાથી, સધળા. આરતી કરી સૌ સૌના ઘરે ભોજનાર્થે જાય છે—શેઠજી અને આત્મારામ વિ. આવતી કાલે શેષ નારાયણનું પૂજન ભોજન. પરવાર્યા બાદ ભોજન કરવાના હતા, એટલે ફરાળ કરી સાંજની સભાની તૈયારીમાં રહ્યા.

આજે સાંજના પાંચ વાગે આત્મારામ ગોરને ત્યાં આવેલા. દેશભક્ત આગેવાન નેતાશ્રી. જીવરાજ જંજીબાર વાળા, ચાંદોદની વીઠ્ઠલદાસ લાઇબ્રેરીમાં, ભાષણ કરવાના હતા. એટલે ચાંદોદની વસ્તી સાથે યાત્રાળુઓ વખત થવાની રાહ જોઈ રહ્યા હતા. શેઠજી પણ, તૈયારીમાં હતા સ્રીયો માટે એલાયધી, જગ્યાની ગોઠવણ હતી, જેથી સ્રીયો પણ આજનો સભામાં આવવાની છે, એમ જાણી, સ્રી વર્ગ પણ તૈયારી કરી રહ્યો હતો

વિઠ્ઠલદાસ ફ્રિ લા[illegible]માં ૪ વાગ્યાથી [illegible] [illegible] આજની સભાનું પ્રમુખ [illegible] ચાંદોદના, [illegible]

વામાં આવવાનું હતું. જેથી ઘણા વર્તમાન વિચારમાં આગળ પડતા સજ્જનો પણ આવવા લાગ્યા.

સભાના સમયે શેઠજી તથા ધનશંકર વિ. પણ આવી પહોંચ્યા અને સભાનું પ્રમુખ સ્થાન અપાયું.

શેઠજીને વ્યાખ્યાન કરવાનું જણાવતાં શેઠજી ઉભા થયા અને સઘળાંએ માન આપ્યું.

શેઠ—સાંભળો ભાઇઓ ચાંદોદની તિર્થયાત્રાના નિમત્તે મારૂ આવવું થયું. આત્મારામ ગોર મહારાજના પરિચય પછી, મહારા વિચારો ફરી ગયા છે. હું પણ ચાલુ ચળવળમાં સારો ભાગ લેતો, જેમાં મ્હેં, લગભગ ૩૫ હજાર રૂપીઆ આપ્યા હશે. મુંબાઇની સઘળી ચાલુ પ્રવૃતિઓમાં મ્હારા તરફથીજ વ્યાવસ્થાઓ થતી. જેથી ઘણા મ્હને દેશભક્ત તરીકે માન આપવા લાગ્યા, હું આખરે આ ચળવળનું કશુ પરિણામ ન આવવાથી થાકીને ચાંદોદ આવવા નિકળ્યો. ચાંદોદમાં આવ્યા પછી પતિતપાવની નર્મદા મૈયાનું સ્નાન કર્યા પછી અને ગોર મહારાજના સતસંગ પછી હું આ વિચારોમાં દૃઢ થયો છું.

હવે બીજી બધી પ્રવૃતિઓ મુકી દઇ, આપણી પ્રાચિન વર્ણાશ્રમી ઉભયલોક સિદ્ધ પદ્ધતિ પુનઃ પાળવા, અને પળાવવા, પુરૂષાર્થ આદરવો જોઇએ.

પાશ્ચિમાત્ય પ્રજાના તત્વ જ્ઞાનીઓ અને વિજ્ઞાનીઓ જણાવે છે જે પ્રાણને છેલ્લો જન્મ, યાને મોક્ષ આપવા માટે, ભારતના. રૂષિ મુનીઓએ જેવી રીતે જીવન ઘડી, ઘડાવવાના પુરૂષાર્થ આદરી હજી પર્યંત પણ તેમના આચાર વિચારનાં અમૃત, જાળવી રાખ્યાં છે એવી રીતે વર્તવા ભારતા ચાર વિચાર સઘળી પ્રજાઓમાં વર્તાવવા. નેતાઓએ મહેનત કરવી.

તો પછી આપણે, એ સનાતન પદ્ધતિને અપનાવી નવી પદ્ધતિઓ, રજુ કરવી. એ મનોમુખી પણું નહિ તો બીજું શું?

આ યુગ મનમુખી છે, ગુરુમુખી એટલે એક મોટાનું માનવાપણું, હવે લોપ થયું છે જ્યાં ત્યાં સઘળા પોતાને ડાહ્યો, અને ઉદ્ધારક માને છે.

હું પણ, આજસુધી એવું સમજતો, અને નકામી ફુલાશમાં, જીવન વિતાવ્યું એવું સમજ્યો છું.

જે માટે એક ભક્તદેવનું કિર્તન અત્યારે રજુ કરૂં છું.

(પરમેશ્વર તેને ના મળે)

લોકૈષણા પૂરી માણવા દારૈષણા દિલથી લ્હાણવા.
ચાહે ધરાધન આણવા પરમેશ્વર તેને ના મળે-૧
કોઇ સિદ્ધિ કાજ ઉપાસતા કોઇ બખલો લેવા યાચતાં
કોઇ રાજા થાવા વાંછતા પરમેશ્વર તેને ના મળે-૨
હું આવો છું મ્હેં આ કર્યું કુળવાન છું પટલાઇ પામ્યું
કે' મેળવ્યું મ્હેં ધન ઘણું પરમેશ્વર તેને ના મળે-૩
હંકારે પૂણ્ય પ્રકાશતા વિદ્યા ધન મદમાં મહાલતા
અક્કડ છાતીએ ચાલતા પરમેશ્વર તેને ના મળે-૫
આશાથી ઇશ્વર સેવતા સ્વાર્થે ભજે છે દેવતા.
વિતંડી ખૂબ અહમેવતા પરમેશ્વર તેને ના મળે-૬
પાગલ કહે પ્રેમ ધર્મ ભણો હૈયાના દોષો જોઇ હણો.
નારદના નિશાળીઆ બનો તો પરમેશ્વર પ્હેરો ભરે-૬

એ રીતે પરમેશ્વર મેળવવાની ઇચ્છા વાળાએ તો ઉપરનું ભજન સમજ પુર્વક જીવનમાં વર્તાવી નારદજીના નિશાળીયા થવું જોઇએ.

હું. નારદજીનો નીશાળીઓ બન્યો છું.

ઉપાસના. ભક્તિયોગના. પ્રોફેસર—શ્રી પ્રેમાવતાર ભગવનહૃદય નારદજી છે.

નારદજીએ, ભક્તિસુત્રમાં ભકતોનું જીવન કેમ વર્તાવવું જોઇએ. એ જણાવ્યું છે. ;

બધાંયને અવલોકી જવા વિનવું છું.

ભક્તિયોગ વિના હવે ભારત જીવોને શાંતિ વળવાની નથી. જ્યારે જ્યારે, ભારતના થાકયા જીવોએ શાંતિ મેળવી છે, ત્યારે ત્યારે ભક્તિયોગ સ્હેજેજ પ્રવર્તાયો છે.—અને જ્યારે ભક્તિયોગનો પ્રચાર ભારતમાં થવાનો હોય છે, ત્યારે ભકતો પણ જન્મ લેછે. અને જીવોને ભગવાન પ્રતિ દોરે છે. અત્યારે હવે ભક્તજીવનમાં જીવતા ભકતો ભગવાનની ઇચ્છાથી પ્રકાશમાં આવશે, અને થાકેલા ભારતાત્માઓને શ્રીહરિમાં યોજી શાંતિ અર્પશે.

તિર્થક્ષેત્રમાં, ઘણી પેઢીઓથી વસી, જેના બાપદાદાઓએ, ભારતના ધર્મ સંરક્ષણાર્થે, વાત્સલ્યા સક્તિથી, પ્રભુને ઉપાસી આવાહન ચાલાં હોય, તે—સંકલ્પો જ્યારે ભક્તિમાર્ગનું છેદન થતું હોય છે, ત્યારે, સિદ્ધ થતા નઝરે ચઢે છે. અને આપણા ગોરદેવ, આત્મારામ તથા આચાર્યશ્રી ધનશંકર શર્માની પેઠે છૂપા રહ્યા હોય છે. જો ભારતોધ્ધારક દેશનેતાઓ, નિર્થક્ષેત્રમાં ફરી પરમાત્માની સગુણ ભક્તિમાં સિધ્ધ એવા ભગવદિ જનોનું બળ—યાચે તો અવશ્ય થોડામાંજ ધારેલી મુરાદો ફળીભુત થાય. પણ તે તો હમણાંના બુધ્ધિશાળી મનમુખી ભાઇઓ વર્તવામાં ઉત્સાહિ નથી હોતા. કેમકે પોતે પોતાને સર્વજ્ઞ, અને પૂર્ણ સમજે. તેમજ જ્ઞાનની બુધ્ધી સમજમાં ભક્તિયોગને, હાયલુ સમજે છે. પણ નહી સમજતા જે ભકતો મોટા. કેમકે પરમાત્માની નિરંજની જ્યો[illegible]તમાંથી પોતાની આત્મભાવના બળે ઇચ્છીત સગુણ રાતાને [illegible] છે.

જેવાકે, ૨૩ અવતારો [illegible]

ભક્તોનાં જીવન જેણે અભ્યાસ્યાં હશે, તેને આ બાબત સમજાશે જે ભક્તોને વશ પરમાત્મા—અને ભાવના બળથી આત્મસત્તા ધારે તે સિધ્ધે એટલે જરાય પણ સંશય નહિ હોય. ભગવાનના ભક્તજનોના ઉપાસકમાં.

જ્યારે જ્યારે, ભારતના સનાતન ધર્મ ઉપર રાક્ષસિ સત્તાએ, પગ મૂક્યો છે. ત્યારે ત્યારે ભક્તજનો પ્રગટ થઇ ભગવાનના બળથી અધર્મનો પગ તોડે છે.

છેલ્લા શિવાજીના સદ્‌ગુરુ સમર્થ શ્રી રામદાસજી અને ગુજરાતના સ્વામિનારાયણ ભગવાન હવે હું તો ભક્તજીવન સિધ્ધ કરી ભગવાનનેજ આ દેશભક્તિનું કામ સોંપવા ઇચ્છુ છું.

આપણે કર્તા બનીએ છીએ, ત્યારે નારાયણનું બળ નથી મળતુ. પરમાત્મા પોતેજ એના સર્વ જીવોની ફીકરવાળા છે. આપણે કોણ ફીકર કરનારા ?

આપણે તો આપણી ફીકર એટલીજ રાખવાની કે, ગર્ભયાતના ન ભોગવવી પડે, અને પુનઃજન્મ એટલે **નસ પુનરા વર્તતે** કદી પાછો હું ના આવું. એટલીજ મ્હેં પોતાને અન્યનો ઉધ્ધારક માની, અને હું કંઇક છું એવું સમજી ઘણો કાળ નકામો ગુમાવ્યો. હવે હું જાગ્યો છું, અને ઉઠ્યો છું, એટલે બધાંયને ઉઠવા વિનંતિ કરૂંછું જે, વર્ણાશ્રમી ધર્મ પાળતાં, જીવન ગુજારવું, શ્રી હરિના ભક્ત બની, ભગવાન પાસેજ સર્વ જીવોને સુખ મળે એવું કામ કરાવવા તપસ્વી થવું—તપ એજ ભારતનો જન્મસિદ્ધ હક્ક આપણે મે જણાવેલી બાબતોમાં વેળાસર વળીએ, અને શ્રીહરીને ભજી ભજાવતા, સર્વને સુખી જોઇએ. એજ મ્હારૂં કે'તું છે અને ચ્હાવું છે.

ધનશંકર મહારાજ પ્રમુખશ્રીની આજ્ઞાની રાહ જોતા બેઠા છે. સભાજનોએ પ્રમુખશ્રીને આચાર્ય મહારાજને બોધ આપવા જણાવવા વિનવ્યું. પ્રમુખશ્રીએ સઘળાંને જણાવ્યું જે—આ વિષય ઉપર શેઠજીના

વિચારો સ્વતંત્ર છે. સર્વને માનવા કે નહિ. એ એની મુનસફી ઉપર છે. ભલે, ધનશંકર મહારાજ, બોધ આપે પણ હમણાં ચાલુ ચળવળના અનુયાયીઓને અરૂચીકર નિવડશે નેતાઓનાં કાર્યો અસમજ વાળાં છે. અને આ ભાઇઓ જણાવે તે કાર્યો સમજ ભરેલાં છે. એનો નિર્ણય ન્યાય તો, સૌના અંતરમાં બિરાજેલો સાક્ષિ નારાયણ જે આપે તે ખરો—મહારો સાક્ષિ નારાયણ, શેઠની વિચારણા ચહે છે પણ સમાજમાં મહેને નબળો ગણે, એટલે ઉપરથી નથી ચ્હાતો આપને પણ એમજ હોય માટે સૌસૌની ઇચ્છા મુજબ વર્તવાનું છે. જ્યારે આપણો સમાજ, મોટેરાંની ઇચ્છા મુજબ વર્તતો હતો, ત્યારે કુશળ અને સુખી જીવતી હતો. અને અત્યારે મનમુખી વર્તાવે દુ:ખી દુ:ખી થઇ રહ્યો છે,

પધારો ! ! ધનશંકર મહારાજ ! આપની દૈવી સિદ્ધ વાણીથી સર્વનાં લિંગદેહ ફેરવો જ્યાં સુધી સિદ્ધ યોગીઓની સિદ્ધ વાણી, જીવોના ચિત્તમાં નથી અથડાતી, ત્યાં સુધી જીવો બિચારા ગાડરીયા ન્યાયે ટોળામાં વહે છે. આપ યોગી ભક્ત છો એવું આત્મારામજીનું કહેવું છે. અને તે બરાબર છે.

ધનશંકર મહારાજ શેઠજીની વિચારણાઓને વધાવી, પ્રમુખ સાહેબની ટકોરને ઉત્તર આપે છે.

ભાઇઓ ! અત્યારે અમારા વિચારો સમાજના દોરવાઇ ગયેલા વાસી ભાઇઓને હબંગ જણાશે. અને ગ્રહણ નહિ કરે. પણ હું ધારૂંછું જે જ્યારે પ્રભુની ઇચ્છા હોય છે, ત્યારે ભક્તો બોલતા થાય છે. અને ત્યારેજ ભક્તોની વાણી એવી બળપૂર્વક ઝરે છે જે ભલેને ગમે તેવો હઠીલો મનમુખી ભાઈ હોય. પણ તેનું ચિત્ત તો કબુલ કરે છે અને ફરી પણ જાય છે. મ્હને મ્હારા ઇષ્ટ ઉપર શ્રદ્ધા છે જે, અત્યારે હું જે કાંઇ જણાવું છું તે સઘળુ આ બધાના લિંગ-દેહમાં ઉતરશે, અને વર્તાશે. ભલે રૂચે કે ન રૂચે, એ આપણે હવે

જોવાનું રહ્યુ નથી, આતો નિર્ણયની વાત જણાવી એટલે બધાંયના અંતરમાં આ મ્હારા વિચારો પ્રવેશાવુ છું.

જય મમેષ્ટ પ્રભુ દત્તાત્રેય સ્વામિ મહારાજકી જય. જય. નર્મદા માતની જય જય. સઘળા જીવોની જય—જય.

ભાઇઓ હવે તો પાછા ફરીને, કૂળના કે, હૃદયના સર્વશ્રેષ્ઠ, પરમાત્મા સમા એક ભક્તરાજને, ગુરુદેવ તે ગોવિંદ જાણી, તેની આજ્ઞામાં જીવન વર્તાવ થવા દો.

ગુરુદેવની પ્રાપ્તિ ન થઇ હોય, તો તે માટે હવે પ્રથમથીજ પુરૂષાર્થ આદરી, પ્રગટગુરુ મૂર્તિના દર્શન માટે, છ માસ ફળાહારી થઇ અસંગ, એકાન્ત, અને આસનસ્થ, રહિ શ્રીહરિના જપયોગમાં, પુરશ્ચર્ણિક અનુષ્ઠાની થવું. એકાદ સવાલક્ષના પુરશ્ચણ પછી તુરતજ પરમાત્મા પોતેજ ગુરુગોવિંદ થઇને પધારે છે. અને પ્રગટ દર્શનથી ઓળખ નક્કિ કરાવી. મોક્ષના અધિકારી બનાવે છે—

સર્વેને પ્રગટ ગુરુ મૂર્તિનો નિશ્ચય થાઓ અને સઘળા. પરમ-સત્માં પૂર્ણ બનો એવી સદ્‌ભાવના સાથે, આ નર્મદાતટી બાર વર્ષનો શિવદત્ત રેવાની ઉપાસના સિદ્ધ કરેલો બ્રાહ્મણ આશિષે છે જે પરમાત્મા સ્વયંબુદ્ધ ગુરુદત્ત પોતે હવે થોડાજ કાળમાં જગદ્‌ગુરુ રૂપે પધારી. સર્વેત્રય તાપમાં બળેલા જીવોને શાંતિ આપે છે.

આપ સઘળા તેમના બનો અને જે માટે સાયંપ્રાતર સંકિર્તનથી પ્રભુને ઉપાસો.

આ કળિકાળમાં, પરમાત્માને પામવા સર્વે સાધનોમાંથી, શ્રેષ્ઠ સાધન કયું છે? જે માટે આપ સઘળાંને આવતી કાલે સાંજના શ્રી. શેષનારાયણ મહારાજની શેઠની પૂજનવિધિ પરવાર્યા પછી, મ્હારા સદ્ ગુરૂરાજ ગોરદેવ આત્મારામ મહારાજ. આપને વિદિત કરશે.

શેઠજી—આ ધનશંકર મહારાજનો વિચાર સાંભળી રાજી થયા. અને

અનુમોદન આપ્યું, સાથે સર્વેને શ્રી શેષનારાયણ પ્રભુના પૂજનોત્સવ પછી ભોજનનું પણ આમંત્રણ આપ્યું.

ભાઇઓ ગામદેવ ચક્રપાણી જળશાઇ તિર્થાધિપતિદેવ. શ્રીશેષનારાયણ મહારાજના પ્રસિધ્ધ મંદીરમાં, આવતી કાલે સહવારના ૮ થી ૧૨ સુધી, પૂજનોત્સવમાં અને ૧ થી ૪ સુધી. ગુરુદેવ આત્મારામ મહારાજના બોધામૃતમાં, અને ૫ થી ૭સુધી ભોજનોત્સવમાં, સર્વેને આમંત્રુછું. પ્રમુખ સાહેબ સહ સઘળાં ગામનાં જાહેરમંડળો તેમજ કિર્તન મંડળીયોને પણ જણાવી સઘળાંને આવવા વિનવું છું

ભગવાન્ શેષનારાયણ મહારાજશ્રીના પૂજનોત્સવમાં પધારનારે સ્નાન કરી, સોળા સાથે, અસ્પર્શિ રહિ, પોતાનું પ્રેમભાવવાળુ, દેવ પૂજનનું સાહિત્ય લઈ આવવું.

સવારના ૮ થી ૧૧ સુધી પૂજન અને ૧૧ થી ૧૨ સુધી પૂર્ણાહુતિ સહ મહાર્તિ થશે. માટે ત્યાં સુધી કોઇએ કશુંય ખાવું પીવું નહિ. પુજન પછી જેને ક્ષુધા લાગશે તેને ફરાળ કરાવવામાં આવશે અને ભોજનોત્સવ સાંજના ૫ વાગ્યા પછી થશે. આત્મારામ મહારાજનું બોધામૃત. સાંભળવાની વેળા, સૌને પહેલેથી વિનંતિ છે જે, વિક્ષેપ આવરણ લાવી વૃતિ ચંચળકર્તા કારણો હોવાંજ જોઇએ નહિ. પહેલેથીજ તે બાબતો, પરવારી લઇને આવવું. જયગુરુ સ્વામિ. હરનમંદેથી વન્દી સઘળા છૂટા પડે છે.

ૐ

જીવરાજ શેઠનો શેષનારાયણ ભગવાનનો પ્રેમપૂજનનો ઉત્સવી ચાંદોદ તિર્થનો ચોથો દિવસ.

ચક્રપાણી-જળશાઈ તિર્થદેવનો—પ્રેમપૂજનોત્સવ—

પ્યારે યાત્રાળુજન ! તિર્થમહાત્મ્યમાં અન્ય ચર્ચાઓનું પીંજણ શા કામનું ! એવું કદાચ વિચારશે, પણ એમ ન સમજતાં પરમાત્માની ઇચ્છાથીજ, લેખકના હૃદયમાં પ્રજાને જરૂરના વિચારો સ્ફુરે છે. ભલે તે પછી માન્ય અમાન્ય થાય પણ તે કુદરતી છે. એમ સમજવું-તિર્થમાં તપતા પ્રભુના ભક્તોમાં, નિવૃતિ અને અપ્રસિદ્ધતાની શાંતિ હોય છે. છતાં ઇષ્ટજ એને આવી પ્રવૃતિઓમાં કામ કરાવે છે. આ ગ્રંથમાં ચર્ચેલી ચર્ચાઓ ઇશ્વર પ્રેરીત છે. એમ સમજનાર સમજશે. વળી જ્ઞાતાજનો તો ગ્રહણ કરી અન્ય સમજણો હૃદયમાં વાવશે. આ ચર્ચાઓમાં અભિમાન નથી, રાગદ્વેષ નથી, મિથ્યા હઠીલાઇથી સાચી જણાવવાનો પ્રયત્ન નથી, પણ ભારતાત્માઓને હવે કઇ દિશામાં વળવું જોઇએ એ સુચન છે.

દેશનેતાઓ અને સમાજ સેવકો, પ્રભુના ભક્ત નથી, એમ કહેવાનો ઇરાદો છેજ નહિ. બધાયે પરમાત્માનાજ છે. પણ જે પરમાત્મ સત્તાથી પોતાને ડાહ્યા માની, પ્રભુની આજ્ઞાઓ ભૂલે છે. તેમને ખુદ પરમાત્માનુંજ આ ગ્રંથના લેખકદ્વારા સૂચન છે.

નર્મદાતટની ઇશ્વર પ્રેરિત લોકહિતકર ભાવનાઓ, સદાય સિધ્ધ બની છે. અને સર્વના અંતરમાં ઉતરી છે. એવી રીતે આ દેશ કલ્યાણી વિચારણાઓ, ન્યાય દૃષ્ટિથી, મગજમાં લેવા ભલામણ છે. મિથ્યા હઠમાં અને ભરાઇ ગયેલા માનસિક ભૂતોન્માદમાં, આ શિવદત્ત રેવોપાસનામાં મળેલી સ્ફુર્ણાઓ પણ અનુભવવા જેવી છે.

આ ન્યાયી સલ્તનતમાં સાચુ કહેવાનો સૌને અધિકાર છે. એવી રીતે આ લેખકને સમાજ સેવકજ સમજી જોવા જેવો છે. ભલે વિદ્વાન અને સાક્ષરી કલમમાં કદાચ વિચારણાઓ રજુ કરતાં નહિ આવડી હોય પણ સિધ્ધાંતોમાં તો સમજાય એવી છે.

ઘણા ભાઇઓ, આ વિચારણાઓ અસ્થાને છે, અને યોગ્ય નથી, એમ વિચારશે, પણ તેઓને મ્હારી ટોકર છે જે, શું એવું લખતપત્ર છે જે, અમુકનાજ વિચારો ગ્રાહ્ય છે ?

નાના. ! સઘળાં પ્રભુનાં બાલકોને આંતર ભાવના, ઇશ્વર સ્વરૂપ લોક સમાજ પાસે ઠાલવવાનો અધિકાર છે.

જે સમાજ ન્યાય અને નિતિમાં રહી પરમાત્માના ભક્તજનોનું કહેવું વર્તે છે. એ સમાજ જરૂર ફેલાયેલો અંધકાર ટાળે છે. અને ઇચ્છિત પ્રકાશમાં જીવે છે. ઘણા મ્હને મળેલા પાછા ફરેલા થાકેલા સમાજ સેવકો મળે છે, અને પૂછેછે જે, હવે હમારે શું કરવું નેતાઓ તો પોતાના અખતરા ફળીભુત ન કરી શક્યા.

એટલે, અને રાજ્યસત્તા સામુ પોતાના ધમપછાડા કરી જોઇ પાછા પડયા. અને સઘળાંને અમુક બાબતમાં ખેંચી પડતા મૂકી. માનપાન અને આરામ લેવામાં રાજી થતા ભાગીએ છીએ. કેટલાક એમના અનુયાયીઓ જેલમાં પડયા અંતઃસ્તાપે છે. કેટલાક રખડી ગયા છે. કેટલાક હતાશ થયા છે, અને કેટલાક તો માર્ગ ન મળ-વાથી જડવત્ શુન્ય બની ગયા છે, ત્યારે નેતાએ ફંડની કોથળીઓ ભરવા અને આપણને ફત્તેહ મળી છે એવુ સ્હમજાવવાનો પ્રયત્ન કરી પોતાને અનુકુળ ધંધાઓ બધાંને કરાવવા જણાવી રહ્યા છે. એવા સમયમાં પરમાત્મા પોતેજ પ્રજાના અંતર સામુ દૃષ્ટિ કરી, ભક્તજનોને જાગૃત કરે છે. અને એમની દ્વારા એમના દૃઢ આશ્રયી અનુયાયીઓ મારફત હવે શો માર્ગ લેવો જોઇએ.

એ જણાવે છે એવી રીતે આ તિર્થ મહાત્મ્યમાં પરમાત્મા પોતેજ સ્ફુર્ણાઓ ઠાલવતા ન હોય એમ ભાસે છે.

આ ગ્રંથના યોજકને, આ. ચાંદોદ તિર્થ મહાત્મ્યમાં પરમાત્મા-એજ, કેટલીક લોક કલ્યાણની સ્ફુર્ણાઓ સોંપી છે. એમ ભકતજનો સમજે. અને જરાપણ દ્વૈતાદ્વૈત રાખ્યા વિના, સંગ્રહે. સઘળા દેશનેતાઓ પરત્વે મ્હારો સદ્ભાવ છે. સઘળાંએ જનસમાજને કેળવી છે જેથી પરમાત્મા તેઓ ઉપર રાજી થઇ, હવે એમની પરાભકિતમાં ખેંચી રહ્યા છે. એટલેજ એ બધાંને આ નાશવંત બાબતોના વિજયના મળ્યા હવે સાચા વિજય માટે, શ્રીહરિ સર્વેને સત્કર્મ સત્ભકિત. અને સદ્જ્ઞાનમાં. કેળવે એવી સદ્ભાવના સાથે, આપણા જીવરાજશેઠના આજના તિર્થ દેવોપાસનમાં ભળીએ–સવાર થયું છે. તારા સ્નાનથી પરવારી, ઘણા ભકતો અને યાત્રાળુઓ હર્ષઘેલા, અને આત્મારામ તથા. ધનશંકરના દૈવિ આકર્ષણીય ભકિત યોગના, વાતાવરણમાં ખેંચાયલા, ચાંદોદના શેષનારાયણના મંદિરમાં, ગઇ કાલે જણાવ્યા મુજબ અસ્પર્શ, પવિત્રાચારમાં, પૂજનોપચાર લઇને જવા લાગ્યા છે.

આત્મારામ ગોર સહ, ધનશંકર, અને શેઠજી સાથે સઘળુ કુટુમ્બ, મંદીરના પૂજારીઓ સાથે મળીને ભગવાનનું આખુય મંદીર ધોઇ નાખી શુધ્ધ બનાવવાના, કાર્યમાં લાગી ગયું છે. નર્મદાના પવિત્રજળથી, પૂજારીઓ અને એમનાં બચ્ચાંઓએ મંદીર સ્વચ્છ બનાવ્યું. સૂર્યોદયે, વરૂણમાં. આમંત્રેલા, ચંડપૂરના કર્મઠ ભુદેવો પણ આવવા માંડયા. ગામમાં ખબર પડવાથી, ઘેર ઘેરથી, એક માણસ આ પૂજનોત્સવનો લ્હાવ લેવા, આવી રહ્યા છે. આજે ચાંદોદમાં કોઇ અલૌકિક આનંદનું વાતાવરણ બંધાઇ ગયું છે. ભકતજનોને એમ ભાસવા માંડયું જે. જાણે આજે પરમ ચેતન્ય સત્તાનો આવિર્ભાવ થવાનો ન હોય? શેઠ જીવરાજ આત્મારામ મહારાજને જણાવે છે જે.

બાપુ!! આજે જાણે, પરમાત્મા શેષનારાયણ પ્રગટ પધારે

છે. એવુ જણાય છે. મેં ઘણાય. ઉત્સવોનાં વાતાવરણુ અનુભવ્યાં છે. પણ આજનું દૈવિવાતાવરણ, કોઈ અલૌકિક અને દૈવિ. ચેતનાવાળુ જણાય છે. સર્વના અંતરનો ઉત્સાહ જરાપણ વિક્ષેપાવરણ. વિનાનો નિર્મળ દેખાય છે. અહોહો પરમાત્મા હવે જગતના ભલામાં પધારે છે એમ દેખાય છે. એ વિના આવા ઉત્સવો થાયજ નહિ.

આ. ગોર—શેઠજી બરાબર છે. પ્રભુની મરજીથીજ સઘળુ થાય છે. આપ એટલા બધા સંસ્કારી જે, આપને આજે પૂજનોત્સવનો લાભ મારી સાનિધ્ય મળે છે. કેમકે મેં હજીસુધી કોઇ યજમાનને મ્હારાં દૈવિકામોમાં ભેળવ્યા નથી. આજે તમો ભળો છો અને નર્મદોત્તરતટનું સિદ્ધ વૈષ્ણવી તીર્થના પ્રાધાન્યદેવ શેષનારાયણ પ્રભુનો પૂજનોત્સવ લ્હાણો છો. ચાલો ટકોરખાના વાળાને જણાવીદો જે, નાદબ્રહ્મનું આનંદી વાત્તાવરણ બાંધી દે. ટકોરખાનુ વાગી રહ્યું છે, ગામના સર્વ નાનાંથી તે મોટાં વૃદ્ધ અપંગ માંદા સાજા સઘળાં આજના ઉત્સાહમાં નૂતનબળ વાળાં થઇ, મંદીરમાં ભરાઈ ગયાં છે. ઘનશંકર મહારાજ, વરૂણના બ્રાહ્મણો સાથે વેદના સિંહનાદે, શાંતિપાઠનો ઘોષ આરંભે છે. પૂજારીઓ પૂજારણો અને સાત્વિક ભક્તો જયજયના શબ્દનાદે, પ્રભુને—શયનથી ઉઠાડે છે. રાજાધિરાજ આઠ વાગતાં દૂધ પીને ઉઠ્યા. અને સેવકોને પ્રગટ પૂજનનો લાભ આપવા. હસતા ન હોય તેમ દેખાવા લાગ્યા.

વચમાં એક શિવભકત, અને વિષ્ણુભકત, વૈષ્ણવ, બ્રાહ્મણ વાણીયાની ચર્ચાએ બધાનાં ચિત્ત ખેચ્યાં.

બ્રાહ્મણ શિવભક્ત કહે છે મહારુદ્ર સ્વરૂપ શિવાત્મા સ્વરૂપે પોતે શેષશાઈજી ભાસે છે.

વૈષ્ણવભક્ત—ના ના ! ? એ ભૂતીયા જોગીનાં સ્વરૂપનું ધ્યાન કયાં

છે ! આતો રાજરાજેશ્વર મહાવિષ્ણુનારાયણ પોતેજ દર્શન આપી રહ્યા છે.

શિવભક્ત—બેસો બેસો; હવે તમો વૈષ્ણવો પોમક્ષા, એટલે વૈભોગાધિન રહો એથી મહાન તપસ્વી યોગીસ્વરૂપ, શિવ યોગેન્દ્રને વિલાસી સ્વરૂપ વિષ્ણુના ધ્યાનમાં સિધ્ધોએ તમારો તિતિક્ષા ન ખમવાનો બચાવ છે.

નારાયણ પોતે સૃષ્ટિના બ્રાહ્મણ, સંત, ગૌ, અને સર્વ ભેખના ભકતોને સુખ આપવા માટે સદા તપીજ રહ્યા છે એટલે તપસ્વી યોગેશ્વર સ્વરૂપ શિવાત્માજ ભિન્ન ભિન્ન સ્વરૂપે ખેલી રહ્યો છે.

ધનશંકર—સાંભળો ભાઇઓ આવી ચર્ચાઓ, પરમાત્માનું જેને અભેદ ભાન નથી થયું તેઓજ કરે છે. જ્યાં સુધી ઉપાસનાના ભેદો ભક્તજનોમાં, સમજાતા નથી ત્યાં સુધી ઇષ્ટના નિશ્ચયમાં સામા સામી થયા છે. પણ સમજવાળા, પ્રભુની પરાભક્તિમાં સિદ્ધાયેલા ભકતો પરમાત્માની નિરંજન સત્તા ભક્તાધિન થઇ ભકતોના હૃદયભાવ પ્રમાણે ખેંચાઇ, દર્શન આપે છે.

જ્યાં સુધી એક લક્ષમાં સંપૂર્ણ વૃત્તિ નિરોધ નથી થયો. ત્યાં સુધી આ બન્ને ભાઇઓમાં જે ભાવની હઠ છે તે બરાબર છે પણ અત્યારે તો, અભેદભાવે સૃષ્ટિના ભલા માટે પરમાત્માને ત્રીગુણાત્મક બ્રહ્મસ્વરૂપે ઉપાસવાના છે.

અને હૃદયભાવ આવો સિદ્ધવાનો છે જે, હે પરમ ચૈતન્ય ઐક્યરસ ભરપૂર વ્યાપક વ્યોમાતિત નિરંજન નારાયણની અગમ્ય સત્તા નેતિ, નેતિ, શબ્દે વિરમ્યા છે, વેદ એવા અમો સઘળા ભારતના ભકતાત્માઓ આપને ત્રિગુણાત્મક બ્રહ્મસ્વરૂપે આજે ખેંચીએ છીએ પ્રભુ ? આપ ત્રણગુણ મય સૃષ્ટિના ઉદ્ધારાર્થે પધારો એટલે જ્યાં રૂદ્રસ્વરૂપે કાર્ય કરવાનાં હોય ત્યાં રૂદ્ર સ્વરૂપે પ્રગટો. જ્યાં જે બ્રહ્મસ્વરૂપે કાર્ય કરવાનાં [illegible] ત્યાં બ્રહ્મસ્વરૂપે [illegible]

બ્રહ્મસ્વરૂપે શાંત્યર્થે કાર્ય કરવાનાં હોય ત્યાં વિષ્ણુ બ્રહ્મસ્વરૂપે પધારી હવે હમોને શાંતિ આપો.

માટે હે ભાઇઓ ! આવી દ્વૈતિભાવના, હમણાં અટકાવી ઉપરોક્ત ભાવનામાં પરમાત્મા શેષનારાયણને ઉપાસો.

ઘનશંકર મહારાજનું સમજ ભર્યું કહેવુ સાંભળી સઘળા સમજી ગયા, અને પ્રભુ શેષનારાયણને ત્રિગુણાત્મક બ્રહ્મસ્વરૂપે ધ્યાન કર્તા પૂજનોત્સવનો આરંભ કરવા સઘળા તૈયાર થઇ ગયા.

આત્મારામ ગોરદેવે પૂજનના આરંભે ગણપતિ સ્મરણ
સહ સઘળાંને આ ધૂન બોલાવે છે.

ગણપતિ બાપા વિઘ્ન હરા
રક્ષા કરજો લંબોદરા

સર્વે પૂજનમાં પ્રવેશેલા ભકતોને આ ભજન ઝીલાવે છે.

ભાઇઓ હરિહર એક છે ! !

આદિ સદાશિવ સત્વ ગુણે, વિષ્ણુજી પોતે થયા
સંરક્ષતા બંન્ને મળી, ભાઇઓ હરિહર એક છે—૧
બ્રહ્માજી તે વિષ્ણું ગણો, વિષ્ણુજી પોતે ઇન્દ્ર છે
ને ચંદ્ર ભાનુ રૂપમાં, ભાઇઓ હરિહર એક છે—૨
અંતર ગણે હલકાજનો, જુદાઇ જુદ્રા જાણતા
અદ્વૈત પરમેશ્વર પ્રભો, ભાઇઓ હરિહર એક છે—૩
વાદી પ્રમાદિ ઝક્ક કરે, સમજ્યા જનો તો એક કે
હઠીલા ભલે હઠમાં મરે, ભાઇઓ હરિહર એક છે—૪
ભેદ વાદીઓ ભરમાવતા, ભોળાં જનોને દોરવે
એ પાપીઓ નર્કે પડે, ભાઇઓ હરિહર એક છે—૫

પરમાત્મા એકજ છે. અને તે અત્યારે શ્રી શેષ નારાયણના સ્વરૂપે, તલમેઘ દૈત્યને મારી સુદર્શન ચક્રની બ્રહ્મ હત્યા નિવારવા

નર્મદા તટે, આતિર્થમાં આવી અત્રેજ શયન કર્યું. એવા તે–કૃપાળુ નારાયણ અધુના તક્ષમેધ સમા વર્તનારા અને વામાચાર પ્રચાર કરનારા, અસુરોને વિદારવા અત્રેથી પધારે જે માટે આપણે બધા, પરમાત્માને પૂજન કરી રાજી કરવા, અત્યારે એકત્ર થયા છીએ માટે, બધાય કરો આચમનમ્ પ્રાણાયામ સાંભળો ! યજુર્વેદનો ઉપાસના કાંડ જેના જાણવામાં અને અનભવવામાં નથી આવ્યો, એવા અમારા રૂષિઓની પૂજન વિધીના પ્રયોગને કેમ સમજશે !

અમારૂષિ મુનીઓએ, ભારતના–જીવોને પરમાત્માની કાયમની સ્મૃતિ રહેવા માટે, કર્મ–ઉપાસના અને જ્ઞાનની ત્રણ બાબતો રજુ કરી છે. સ્થુળાંગ શુદ્ધિ માટે સત્ કર્મો સુક્ષ્માંગ શુદ્ધિ માટે જ્ઞાન એ પદ્ધતિમાંથી સુક્ષ્માંગ શુદ્ધિનો આપણો આ પ્રયોગ છે. સુક્ષ્માંગમાં જે દેવો કામ કરી રહ્યા છે, તે દેવોનું ભાવનામાં આવાહન કરી, સુક્ષ્માંગને દેવમય બનાવવું એ ક્રિયાને ઉપાસના જણાવી છે.

પંચ ભૂતાત્મકી સત્તાના પ્રધાન તત્વો, એટલે અમારી પંચાયતન દેવ પૂજા પ્રયોગ. એ પૂજન પ્રયોગને બ્રાહ્મણ કુમારો જેટલો વ્હેલો સિદ્ધ કરે, એટલો વ્હેલો અન્ય વર્ણ જીવ ન કરી શકે, જે માટે બ્રાહ્મણ વર્ણજ અને ક્ષત્રી વર્ણજ આ અમારી વેદોક્ત ષોડશી પૂજન પદ્ધતિમાં સામેલ થવું કર્મના આચાર્ય ધનશંકર મહારાજ અને યજમાન શેઠ, આપણે બધા–સ્હાયકો, સમજી અત્યારનો દેવ પૂજન પ્રયોગ. સિદ્ધિ લઇએ.

તપાસો પૂજન સાહિત્ય સર્વે આવી ગયું છે ને !

શેઠજી—અને શેઠાણી હાજી ! ! માત્ર ફુલહાર આવવાનાં બાકી છે. દશની ગાડીમાં માણસ ગયો છે તે લઇને આવી પ્હોંચશે ત્યાં સુધી આ છુટાં પુષ્પોથી ચાલશે ને !

ગોરદેવ—હાજી ! ! કરો આરંભ પ્રથમ સઘળા પૂજારીઓના ઘરનાં બધાંને ગંધાક્ષત કરીલો કેમકે જેઓ નિત્યના પ્રભુના પૂજકો

છે એટલે પ્રભુ રૂપજ છે. બધાંને ગંધાક્ષત પૂજન કરે છે અને પૂજનારંભ કરવા ધનશંકરને આજ્ઞા આપે છે.

ધનશંકર—યથા વિધિ વેદોકત પૂજન પ્રયોગ આરંભે છે અને ભાવ સિદ્ધ મન્ત્રોથી શેષસાઇજીને પ્રગટ કરે છે.

આત્મારામ ગોરદેવ ભોજનોત્સવની તૈયારીનું સાહિત્ય રસોડે પહોંચાડી પાક તૈયાર થવાની સઘળી વ્યવસ્થા ચોક્કસ કરે છે. અને પૂજન પછી ફરાળનો બંદોબસ્ત કરી સભા મંડપને તૈયાર કરે છે. પૂજનોંત્સવની પૂર્ણાહુતિ પછી ફરાળ અને પછી ભારત ભકતોની પ્રાચિન નાદ બ્રહ્મ સિદ્ધ કિર્તન ભક્તિ પ્રયોગની અર્પણાર્થે પોતે પણ તૈયારી કરે છે.

પૂજનવિધી પરવારતાં સઘળા ભકતજનો ધનશંકર સાથે શ્રીજીની આરતી ઉતારવાના કાર્યમાં પરોવાઇ ગયાં છે.

ટકોરખાના વાળા એટલા બધા ઉત્સાહથી વગાડી રહ્યા છે જે, સર્વેને આનંદ આનંદ વર્તાઈ રહ્યો છે.

આરતીમાં આખુય ગામ સઘળા યાત્રાર્થિઓ, તેમજ ભોજનાર્થિઓ, એકત્ર થયા છે. મંદીરમાં જરાય પણ ખાલી જગ્યા રહિ નથી. આત્મારામ ગોરદેવે પૂજારીઓ મારફત સ્ત્રી પુરૂષના વર્ગ પાડી સર્વેને ગોઠવી દીધા. અને પછી એક સાથે [નારાયણની આરતી ઉતારવા લાગ્યા—

શ્રી શેષનારાયણના પૂજનોત્સવની આરતી.

ૐ જય શેષનારાયણ—પ્રભુ જય ચટપૂરાધીશ—હરિજય—
ભક્ત ભવ પારાયણ પ્રગટ નાથ જગદીશ.—
જય શેષસાઇ પ્રભુ.

શેષશયની સર્વેશ શ્રી [illegible] લક્ષ્મી [illegible] પ્રભુ [illegible]
દર્શને [illegible] વેશ દેતા [illegible] [illegible] શેષસાઇ પ્રભુ.

જળશાઇ સિદ્ધ તિર્થે સુતા દૈત્ય હરી–પ્રભુ સુતા.
ચક્ર સુદર્શન ધોયુ બ્રહ્મહત્યા જ્યાં ટળી—જય શેષસાઇ પ્રભુ.

એકાદશીને દીન વૈષ્ણવજન નાતા–પ્રભુ—
રાજોપચારી પુજને સેવી ખુશ થાતા—જય શેષસાઇ પ્રભુ.

દર્શને ટળતાં દુઃખ જગ્તાર્તના શ્રવતા–પ્રભુ—
ભાગો ભક્તની ભૂખ પરગટ અનુભવતા—જય શેષસાઇ પ્રભુ.

દત્તદેવ પાગલ બાળ તવ ભજને રાજી–પ્રભુ—
લેતા નિત્ય સંભાળ દત્તરૂપ–હે શ્રીજી—જય શેષસાઇ પ્રભુ.

આરતી પછી મંત્રપુષ્પાંજલી થયા બાદ, તુરત સઘળાંને ફરાળનુ પૂછતાં, સઘળાઓએ ફરાળ ન કરવાની, અને કિર્તનભક્તિ પ્રયોગ. સંગ્રહવા. અને શ્રવવા, આત્મારામ ગુરુમહારાજ પાસે માગ્યુ.

શેઠ અને શેઠાણીજી તો આજે ઇન્દ્ર અને ઈન્દ્રાણી સમાં શોભતાં હતાં. બધા ભકતો દેવસમા જણાતા હતા.

એવા પવિત્ર કલ્યાણી વાતાવરણમાં આત્મારામ ગુરુદેવ હવે ભારતને સિદ્ધ કરવાનો પ્રાચિન નાદ બ્રહ્મસિદ્ધ કિર્તન ભકિતનો પ્રયોગ શ્રોતાજનોને રજુ કરે છે.

સઘળા સૌ સૌના આસને સ્થિર અને શાંત શ્રવણ ભકિતના નિયમ પ્રમાણે એકાગ્ર છે. અને આત્મારામ ગોર દેવ

આપણો **પ્રાચિન સનાતનીય નાદબ્રહ્મ સિદ્ધ કિર્તનભક્તિ પ્રયોગ** ભારત કલ્યાણાર્થે સોંપે છે.

આત્મારામ.—સાંભળો હરિજનો–આજે મ્હને આનંદ થાય છે કેમકે નર્મદાતટે રહિ શિવદત્ત રેવોપાસનામાં ભારતજીવ શાન્તિ પ્રયોગની ખોળમાં આ પ્રયોગ મ્હને બે વર્ષ પછી પ્રાપ્ત થયો છે મ્હારા એક ગુરુ બન્ધુએ આ પ્રયોગનું પ્રતિપાદન એવું સુંદર સિદ્ધયું છે. જેને હું સાચવી રહ્યો હતો તે આજે ભગવાન્ શેષનારા-

યણશ્રીનું પૂજન પરવારી ભારત કલ્યાણાર્થે, પ્રકાશમાં મૂકવાનો મ્હને અવસર મળ્યો જેથી હરખાઉં છું.

બોલો આદિ શિવદત્ત દાદાની જય.
નર્મપાર્વતિ પતમે. હર હર મહાદેવ
હર હર નર્મદેહર.
સાંભળો.-

નાદ બ્રહ્મ પાસન્ સિદ્ધ, કિર્તન ભક્તિ પ્રયોગ

—સંપ્રદાન—

સંપ્રદાયક—ચંડપુરસ્થ—આત્મારામ ગોર

શ્લોક.

શિવદત્ત ગૌરિ, જય સામવેદ ।
જય શેષ ગંધર્વ જય દેવી શારદ ॥
કાર્તિક સ્વામી ગણનાથ દેવ ।
જય તુંબુરુ નારદ નાદ યોગી ૧—॥

હા હા. હુ હુ. ને પુરૂરવા સહ ।
શ્રીચિત્રકેતુ ભરત, ઉદ્દાલક ॥
પ્રાચિનકાળી સૌ નાદ યોગી ।
સ્મરી સમર્પું હરિ ભક્તિ નાદ ૨—॥

અલખ નિરંજન, પરમ ચૈતન્ય ૐકારના બ્રહ્મની ઉપાસનાથી પ્રાચિન દેવર્ષિઓએ અનંતરૂપ અભય બ્રહ્માનંદ પ્રાપ્ત કરી પોતાની ભાવિ પ્રજા માટે સામવેદ સોંપ્યો. સામવેદ—નાદબ્રહ્મના મૂળજ્ઞાનનો અપુર્વ ભંડાર છે. ખાત્રી કરવી હોયતો. સામવેદનો સંપૂર્ણ રીતિ અભ્યાસ કર્યો હોય એવા બ્રાહ્મણ દેવના રાજીપો વ્હોરી, સામગાન શ્રવણ કરવું.

સંગીત શાસ્ત્રના સઘળા અભ્યાસીજનો, જ્યારે સામગાન શ્રવણ કરે છે, ત્યારે અભિમાન છાંડી પ્રાચિન મહર્ષિઓના આ દિવ્ય સંગ્રહને ઉપાસે છે.

છંદોગ્ય ઉપનિષદના પ્રથમ, અને દ્વિતિય પ્રપાઠકમાં સામવેદીય ઉદ્ગીથોપાસન વાંચવા ખાસ આગ્રહ કરૂં છું.

કારણ કે એ વાંચનથી નાદ બ્રહ્મો પાસનનો દિવ્ય મહિમા જાણ થશે. સાથે સમજાશે જે, આપણા પૂર્વજાએ તત્વ વિચારમાં નાદ બ્રહ્મને ઉપાસ્યો અને એ રીતે ઉપાસવા આપણને અનુજ્ઞા કરી છે.

વિચારબ્રહ્મ સુપ્રુપ્તિ કરતાં નાદ બ્રહ્મ સુપ્રુપ્તિ સ્હેજે સત્ ચિત્ આનંદની પ્રાપ્તિ કરાવી અન્યને પણ આનંદાયી હોય છે. એવું સ્હમજાતાં નાદ બ્રહ્મોપાસનમાં સ્હેલાઇથી સૌને રૂચતુ આવે છે.

ગદ્ય અને પદ્ય લખાણોથી, આપણાં સર્વ શાસ્ત્રો રચાયાં છે. તે કાળમાં તો ગદ્ય લખાણનું પણ, હ્રસ્વ દિર્ઘ અને પ્લુતોચ્ચારના નિયમથી, નાદ બ્રહ્મમય ઉચ્ચારણ થતુ. જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ ગદ્યગીરા. પદ્યમાં ફરી ગઇ. અને સ્હજ રીતે કુદરતી નાદમાં. વેદમન્ત્રો રચાયા જે પછી ઉપનિષદનાં ભાવ ભર્યાં સૂત્રો, બ્રાહ્મણ શાસ્ત્રો, દર્શનો, વિ. નાદમાંજ રચાઇ નાદબ્રહ્મથી સંપ્રદાયાં જે જીવનું પ્રથમજ માનસ સૃષ્ટિમાં આવાગમન થયું છે, તેને એકદમ નાદ રૂચતો નથી. અને જેને ગત્જન્મોમાં, જેઓને નાદ બ્રહ્મોપાસન મળેલું હોય છે, તે દેવહંસોનેજ નાદબ્રહ્મોપાસન વિના અન્ય ઉપાસન માં ગોઠતુજ નથી.

ઘણા નાદ બ્રહ્મ શત્રુ સંપ્રદાયક મહાત્માઓએ. પોતામાં નાદ સિધ્ધ ન હોવાથી, અનુયાયી હંસોને પણ નાદ વિહિન રાખ્યાં અને નાદ પ્રિય હંસોને સ્હમજાવે છે જે, તમો હજી નગસમા નાદ મોહિ ગણાઓ એથી શું નાદ સિદ્ધ હૃદય ફરે ખરૂં કે ! નાહજ. વેદાન્ત વાદી પરમહંસો ભલેને વિચાર બ્રહ્મને શ્રેષ્ઠ મનાવે અને નાદબ્રહ્મને મોહ-

દશા માંગણે, ગઝલુાવે પણ તપાસશો તો, એઓશ્રીને પણ નાદ વિના નથી ચાલતુ દોહા, સવૈયા, ચોપાઇ, અનુષ્ટુભ, વૃતોમાં વિચારનું સંપ્રદાન કરી શકયા છે. એવુ ગદ્યમાં નથી કરી શકયા અરે ગદ્યપણ નાદ પદ્ધતિથી બોલવા વ્યાકરણ શાસ્ત્રની આજ્ઞા છે. ગદ્ય પૂર્ણ ગ્રંથો કરતાં પદ્યાત્મક ગ્રંથો વધારે અમરતાને પામ્યા છે. અને પામે છે. વર્તમાન સાહિત્ય ગદ્યવાણેજ લખાયે જશે તો તેનુ આયુષ્ય ઓછુજ માનવું. ભાષણો કરનાર પણ જો ગદ્યવાણે સમાજમાં સિદ્ધાંત રજુ કરવા ચાહતો હોય તો, તે એકદમ નહિ બને, અને પદ્યવાણે મૂકે તો એકદમ શ્રોતાજનો ગ્રહણ કરી લઇ સિદ્ધાંતને સમજશે.

નાદ બ્રહ્મોપાસક કવિઓ અમર રહ્યા છે. અને ગદ્યાત્મક ગ્રંથ-કર્તાઓ સુર્ય પાસે આગીયાની પેઠે ઝબઝબી સુર્યના પ્રખર તેજમાં શમી ગયા છે.

માટે મ્હારા પ્યારા નાદ બ્રહ્મોપાસક ? નાદયોગી હંસો ? જો તમારા અંતરનો સાક્ષી નારાયણ, તમને સાક્ષી આપતો હોય, અને નાદ બ્રહ્મથી તું પોતે પોતાને ભૂલતો હોય તો ભાઇ ! નાદબ્રહ્મો-પાસીજ થજે. આ દિવ્ય પદ્ધતિ વેદોથી ઉતરી આવે છે.

મહર્ષિઓએ પણ સંચહી સંપ્રદાન કર્યું છે. અને ભારત હંસોને બધીય પદ્ધતિ કરતાં નાદ બ્રહ્મમયી પદ્ધતિ સરૂચીકર છે. માટે આ અનાદિની સનાતનીય તારક પદ્ધતિથી આપણે પરમાત્માને સંકિર્તવા જોઇએ–નાદબ્રહ્મ એજ પરમાત્મા–એજ ૐ તત્ સત–તેજ આદિનાથ સૌ પહેલાં આ સૃષ્ટિ પૂર્વે એક નાદ બ્રહ્મમય આત્માજ હતો.

જે નાદ ઘનિય ગાઢ સુષુપ્તિમાંથી ઉત્થાનપણાને પામતાં ૐકાર નાદથી ગર્જ્યો. જેમાંથી અ–ઉ–મની ત્રયશક્તિ ભરી સત્તાના ગૂણા-વર્ણો આ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ રહિ અને નાદમાંજ સમાય છે.

માટે નાદ બ્રહ્મમય આપણે સઘળા નાદનેજ ઉપાસીએ નાદ

અહોપાસન સિદ્ધ કિર્તન ભક્તિ યોગમાં આપ બધાંને સામેલ થવા વિનંતિ કરૂંછું. કેમકે

કલૌ કેશવ કિર્તનાત્—।। કલીમાં ભજીયે કિર્તનથી
નારદજીના વર્તનથી—।। સગુણ ભક્તિ કિર્તનમાં
નિર્ગુણ મસ્તિ વર્તનમાં ।।

એ ધૂનોની સમજ પ્રમાણે આ કલિકાળમાં કલિ સંતારણો-પનિષદમાં જણાવ્યા પ્રમાણે જણાવેલ–મન્ત્રનું ગાનજ સાયંપ્રાતર ઉપાસવામાં આવે તો થોડાજ અરસામાં પરમાત્મા અવતાર લઇ ભારતાત્માને શાંતિ સમર્પે.

શ્રીહરિનું આવાગમન કે આવિર્ભાવ થવા માટે આ પદ્ધતિનો પ્રચાર આખા દેશમાં થવો જોઇએ.

આ પદ્ધતિના સંરક્ષકોને આપણે ધન્યવાદ આપી પછી પદ્ધતિને પાળવાની પ્રતિજ્ઞા લઇએ.

કિર્તન ભક્તિ નાદ યોગ પદ્ધતિના સંરક્ષક મહાત્માઓ

સનાતન કલ્યાણી પથના સંરક્ષકો, રાષ્ટ્રેન્દ્ર સત્તાને તપ તેજથી સ્વાધિન કરતા ત્યારેજ જગદ્ગુરુ પદને વરતા. એ વિશ્વગુરુપદ સતયુગમાં ગુરુસ્વામિ દત્તાત્રેય મહારાજે સિદ્ધયુ. ત્રેતામાં સપ્તર્ષિવર શ્રી વશિષ્ઠ મહર્ષિએ દ્વાપરમાં ભગવાન બાદરાયણ વેદવ્યાસ મહારાજે. અને આ કલીયુગમાં ભગવાન આદ્ય શંકરાચાર્ય મહારાજે સિદ્ધયુ જગદ્ગુરો શંકરાચાર્ય સ્વામિ મહારાજે મહામ્નાયઃમાં જણાવ્યા પ્રમાણેનું વર્તન પૃથ્વીરાજના વડીલો સુધી વર્તાયુ. જ્યારે ચક્રવર્તિ રાજ્ય સિંહાસને, મહામ્નાયઃની આજ્ઞા પ્રમાણે શંકર મઠસ્થ શંકરાચાર્યોથી, રાષ્ટ્ર ધર્મ સહકાર તુટયો ત્યારથી, રાષ્ટ્રેન્દ્ર સત્તાનો ભંગ થયો, અને પરદેશી વિધર્મિ રાજ્ય-સત્તાનું આગમન થયું. શંકર મઠસ્થ શંકરાચાર્યોનાં તપ તેજબળ કલીયુગ બળે, આછાં થતાં ચાલ્યાં તેમ તેમ રાષ્ટ્રધર્મ પણ છીન્ન ભિન્ન થવા લાગ્યો.

એટલે મધ્વાચાર્ય, રામાનુજ, નિમ્બાર્કાચાર્ય. વિષ્ણુ સ્વામિ, ગૌરાંગ મહાપ્રભુ, રામાનંદ સ્વામિ અને ભગવાન વલ્લભાચાર્ય મહારાજે, દેશકાળ અને જીવોનું બળ વિચારી સનાતન કલ્યાણ પંથનું સંરક્ષણ કર્યું.

સનાતન કલ્યાણી પથના રક્ષણ કર્તા, ઉપરોક્ત અષ્ટાચાર્યોની આઠગાદીના આચાર્યો, ભારતીય જીવોને કલ્યાણી પંથે આજસુધી દોરી રહ્યા છે. પણ રાષ્ટ્રેન્દ્ર સત્તાના બળ વિના આપણો એ જૂનો ધર્મ તારક પથ, હવે દિવસે દિવસે નબળો થતો જાય છે, અને ગુરુ ગાદી તેમજ આચાર્ય ગાદીની આજ્ઞાઓનો લોપ કરી આશ્રયી સાધકો મનમુખી થતા જાય છે.

દત્તોપાસક ભગવાન જનાર્દન સ્વામિ મહારાજે, પોતાના પટ્ટશિષ્ય એકનાથ સ્વામિને સ્વમુખે જણાવ્યું છે જે, હે એકનાથ! ગુરુ યુગ હવે લોપ થાય છે. અને મનમુખી યુગનો હવે આરંભ થયો છે. એટલે હવે અધિકારી છેલ્લા જન્મી કલ્યાણી જીવને ઓળખ્યા વિના, ગુરુજ્ઞાનનું સંપ્રદાન કરવું નહિ. જેથી એકનાથ સ્વામિ મહારાજના સમય પછી, મનમુખી યુગનો આરંભ થયો. સમજી ઘણા ખરા ધર્માચાર્યો મુમુક્ષુ જીવનો અધિકાર જોયા પછીજ, કલ્યાણ પથનો ઉપદેશ કરતા થયા. જેથી જીવોની ગતિ આચાર વિચાર હિન થતાં, મહારાષ્ટ્ર સ્વામિ પંચાયતન- દેવોએ સંમિલન કરી, ભગવાન શ્રી. ચૈતન્ય ગૌરાંગ મહારાજનું સંપ્રદાન આરંભ્યું, જેને આપણે શ્રીહરિ નામ સ્મરણ ધૂન કિર્તન ભકિત યોગ પદ્ધતિથી સમજીએ.

જે પદ્ધતિને ગુરૂ નાનકજીએ શોભાવી, કબીર સાહેબ ઓપાવી. શ્રી સમર્થ સ્વામી રામદાસજીએ પ્રસરાવી, રામ ભકત તુલસીદાસજીએ જગાવી, નરસિંહ મ્હેતે અને મીરાંબાઇએ લૂંટાવી, વીઠ્ઠલ ભકત તુકારામ. નામદેવ સુરદાસ આદિ ભકતમંડળે મણાવી; અને ભણાવી.

આપણા ગુજરાતના દયારામ. પ્રીતમ. છોટમ. આદિ પ્રચલિત તારક મહાપુરૂષોએ. એ. જીવોદ્ધારક સંતારણીય પદ્ધતિ ભગવાન સહજાનંદ સ્વામિનારાયણના નવ નંદોએ પણ સંગ્રહિ છે. અને અદ્યાપિ પર્યંત એ પધ્ધતિથી જીવોને સ્હેલાઇથી કલ્યાણ માર્ગે વાળી રહ્યા છે. વર્તમાન ભારતમાં ચાલતા સર્વે સંપ્રદાયોમાં આપણી સંતારક રહેલી પદ્ધતિનું દર્શન મુખ્ય થશે.

શ્રીહરિ નામ સ્મરણ સિદ્ધ કિર્તન ભકિત નાદયોગ પદ્ધતિને શ્રી સમર્થ સ્વામિ રામદાસ મહારાજે રાષ્ટ્રોદ્ધાર્ણાર્થે શ્રેષ્ઠ અને સરળ સમજી પોતાના વિદ્વાન શિષ્ય વર્ગને વરદાન સાથે સમર્પિ.

જે સમયે રાષ્ટ્રેન્દ્રસત્તા પરદેશી વિધર્મિલોકોનાથી છીન્ન ભિન્ન હતી. નિતિ ધર્મ આચાર વિચારનો ઉચ્છેદ થઇ રહ્યો હતો. અષ્ટાચાર્યોની ગુરુ ગાદીના મહંતોની દુર્દશા કરવામાં વિધર્મિ રાજ્યસત્તાના અમલદારો ઇરાદા પૂર્વક ખાસ ધ્યાન રાખતા બ્રાહ્મણ સંત ભકતજનો ઉપર અત્યાચારો થઇ રહ્યા હતા. સનાતનીય વર્ણ વ્યવસ્થાને તોડી નાખવા. હિન્દુસમાજને છીન્ન ભિન્ન કરવા જ્યાં ત્યાં પ્રયત્નો થઇ રહ્યા હતા. ભયભીત લોક સમાજ પરધર્મિઓના રાજસી વૈભવો. અને નાસ્તિક આચાર વિચારોમાં સંગદોષી થઇ જવા માંડયા હતા. ક્ષાત્ર સત્તાના રક્ષણ વિના લોકસમાજ આચાર વિચાર, શાસ્ત્રિય સિદ્ધાંત રીત રીવાજ, દેવ-ધર્મ અને સનાતનીય ઉદ્ધારક કલ્યાણકર પરિપાટિનો ભયના માર્યા મોહ ભર્યા ત્યાગ કરતા હતા. સ્વધર્મ છોડી પરધર્મનો ભયાનક નાશકર સિદ્ધાંત ગ્રહણ કરવા લાગ્યા. નબળા હૃદયના વર્ણશંકર વિલાસીજીવો નિજધર્મ વિસરી પરધર્મિઓના નિયમોને ખુશામત કરી પાળવા પ્રિતી દર્શાવતા ઘણા તો સ્વેચ્છાથી પરધર્મિ થતા. અને કેટલાંકને સત્તાધિશોએ વટલાવ્યા બ્રાહ્મણોની બુદ્ધિ ભર્ગનારાયણે હરિ લેવા માંડી. કેમકે તેઓ ભયમાં ગભરાયલા ત્રિકાળ સન્ધ્યાદિ સૂર્યાર્ઘ્ય ગાયત્રી જપાનુષ્ઠાનથી પાછા પડયા શુદ્રો બ્રાહ્મણોને

ઉપદેશ આપતા થયા, ઘણા તો ગુરૂ બની બેઠા હતા. ભર્ગ શ્રાપે માનસિક દુર્બળતાને લીધે બ્રાહ્મણો પણ કાજી ફકીરોના અનુયાયી થયા અને ઉપદેશ ગ્રહણ કરવા લાગ્યા. મોગલાઈ રાજસીઠાઠમાં અંજાઇ વ્યભિચારાદિ પાપમાં ફસાઇ પડયા. પરસ્પર દ્વેષ અને કલેશ કરી બ્રહ્મ તેજનું હનન કરવા માંડયું. વર્ણ વ્યવસ્થા ભ્રષ્ટ થઇ, ઘણા ક્ષત્રીઓએ સત્તાને વશ થઈ નિજ કન્યાઓને બાદશાહી ઝનાનામાં વળાવા માંડી. અંધાધુંધીના રાજ્યમાં કોઇ કોઇનું સાંભળતુંજ નહિ. ન્યાયધર્મ નિતિ ઉપર લોક સમાજે આડી આંખ કરી.

હિન્દુઓનાં તીર્થક્ષેત્રો ભ્રષ્ટ કર્યાં. દેવળો તોડાયાં. મૂર્તિઓ ભંગાઈ સ્ત્રીઓનું પતિવ્રતપણું લૂટાવવા માંડયું: સતિત્વનો નાશ થવા લાગ્યો. રૂપાળી રાજરમણીઓનાં બજાર મંડાયાં રાજ્યસત્તાશ્રયીઓ ફાવે તેમ વર્તન કરી સનાતનીય કલ્યાણી પથ તોડવામાંજ અમલદારી વિવેક જણાવવા લાગ્યા. ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ સુર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ પરધર્મિઓના આક્રમણે ન ચેતતાં પ્રમાદ વિલાસ અને રાજ્ય સુખોમાં બદ્ધ થઇ ખંડણીઓ ભરવા લાગ્યા એવા ૪૦૦ વર્ષ પૂર્વેના કલિયુગી સનાતનીય ધર્મ પ્રલય સમયે જગદ્દગુરુ પદની સમર્થ ચૈતન્ય સત્તા શ્રી સમર્થ સ્વામિ મહારાજમાં ઉતરી લગભગ ઇ. સ. ૧૬૩૦ ૩૨ માં લોકોદ્ધારણાર્થે શ્રી. સમથ સ્વામિ મહારાજે નવયોગેશ્વરના અવતારી નવનાથોના આદિગુરુનાથ દત્તાત્રેય સ્વામિ મહારાજની ગૌપ્ય ઉપાસના સિધ્ધ કરી ત્રણ ઉપાયને શોધ્યા

હરિકથા યાને કિર્તન ભકિત નાદયોગ નિરૂપણ. ॥

નેમસ્તપણે, રાજ્યકારણ ॥ વર્તાયાચેં લક્ષણ ॥ તેંહિ અસાવે ॥

ખરેખર આ ત્રણ મહાન દત્તશકિતથી. શ્રી સમર્થ સ્વામિ મહારાજે, ભારતીય સનાતન ધર્મને ડુબતો બચાવ્યો તૂટતો અટકાવ્યો ખરેખર સમર્થ શ્રી નહોતતો, સુનત થાત સબકી માટે સમર્થ સિધ્ધ

કિર્તન ભકિત નાદયોગનું સંતારક બળ પુનઃપ્રકાશમાં મૂકવા શ્રી ગુરુ દત્તાજ્ઞા સ્વિકારી સમર્પાય છે.

સમર્થ સ્વામી રામદાસ મહારાજ પછી હરિકિર્તનકારો નાદ-બ્રહ્મ-સિદ્ધ કિર્તનભકિત સંરક્ષી રહ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના નવનંદોમાંથી કિર્તનભક્તિ સિદ્ધ ભક્તોએ સંપ્રદાય બળવાન કર્યો, અને હજીપણ તેમના સાધુઓમાં કિર્તનભક્તિ સિદ્ધ સાધુ વધારે જીવોને સતસંગી બનાવી શકે છે.

વડોદરાના શ્રીમાન યોગેશ્વર નૃસિંહાચાર્યજીએ અને એમની પાછળના એમના પૂત્ર અને શિષ્યજનોએ કિર્તનભકિતથીજ ગુજરાતમાં નવુ ચેતન રેડયુ હતું.

બંગાળામાં ઘણા ભકતો કિર્તનભક્તિથીજ જીવોને ઉધ્ધારણા આપી રહ્યા છે.

આપણી આ સ્વરાજ્ય વાદીઓની ચળવળોમાં પણ જ્યાં નાદ-બ્રહ્મયુકત ઉપદેશો અપાઇ રહ્યા છે. ત્યાં સારી રીતે ઉત્સાહ જામ્યો છે.

વન્દેમાતરમનું પ્રથમ નાદસિદ્ધ ગાન ગાયા પછીજ કોંન્ગ્રેસનાં કાર્ય આરંભ થાય છે.

એટલે નાદબ્રહ્મ સિદ્ધ કિર્તનભકિત પ્રયોગ-રજુ કરવાનો નારદાદેશ-સિધ્ધુ છું.

ભારતના દરેક કુટુમ્બ કુળના ઇષ્ટદેવ, અને દેવી પ્રાધાન્ય પંચાયતન દેવોપાસના વ્રત સાથે સૌ સૌની વર્ણને શોભે એવા ઉદ્યોગથી વ્યવહાર ચલાવતા સાયંપાતર પરમાત્માને કિર્તનભક્તિ યોગથીય જે સવારના સૂર્યોદયથી ૧ કલાક, અને સાંજના ૯ થી ૧૧ બે કલાક; શ્રીહરિ કીર્તન કરવાની પ્રતિજ્ઞા લેવી, સઘળાંઓએ અને પોતાના તેમજ સારા ભારતના ઉદ્ધાર્ણાર્થે, પ્રતિજ્ઞાઓ પાળવી જોઇએ.

જ્યાં સુધી પરમાત્માનુ આવાગમન કે આવિર્ભાવનુ પ્રાગટયપણું અનુભવાય ત્યાં સુધી.

અને આજના બોધામૃતની આ અંતિમ ભાવના પરમાત્મા સિદ્ધ કરો. એ સંકલ્પે સર્વેને સોપુંછું ઝીલો—અને ગાન કરવાની પદ્ધતિ ગ્રહણ કરીલો. હમ્મેશાં સાયંપાતર ભગવાનનું સ્મરણ ધ્યાન કરી બોલજો.

(પાગલીયો રાહ)

ગૃહે ગૃહે કિર્તન ભક્તિ થાય, બધાંનુ હુપાગું ટળી જાય.
અસલ શાન્તિમાં સૌ હરખાય, અમારી ભાવના એવી—૧
મતિ કૃતિને ગતિ સુધરે, પ્રભુ ભક્તિ બધે ઉભરે.
કૃષિ ધર્મ સકલ વર્તે, કૃપા કરો ભારતી દેવી—૨
શું કરવાં છે હવે સ્વરાજ્ય, સમજણા થાકેલાની નાજ.
પ્રગટ પામ્યા શ્રી નારદરાજ, ખરામાં હોય શરમ કેવી.—૩
ભલે ચુકે હવે ભારત, ચદેના જુકે છે આરત.
પ્રભુ સિધાવો ૐ તત્ સત, ભલા દિલની અરજ એવી—૪
શ્રવી વર્ણો ભારત પુત્રો, જૂનાં ત્રણ દદ્દી ગૃહ સૂત્રો.
ચૂંટો મુકી બધાં ભૂતો, અરજ પાગલની સંચરવી—૫

હવે ભોજનોત્સવનો સમય થવા આવ્યો છે, માટે બધા પરવારીને સાયંકાળ પેલાં ભોજનથી પરવારી જવા વખાસર પધારો.

ભોજનોત્સવનો આનંદ લુંટયા પછી રાત્રીના શ્રીહરિ કિર્તનનો લ્હાવ લેવા સઘળાંને આમંત્રુ છું.

આજે રાત્રીના મારે ત્યાં મ્હારા એક ગુરુભાઇ દત્તપ્રસાદ સિદ્ધ હરિકિર્તનામૃત પાવાને હા ભણ્યા છે. એટલે પધારજો સઘળાઓ પૂજનોત્સવ તેમજ ભોજનોત્સવનો આનંદ લ્હાણી, રાત્રીના ભજનોત્સવનો આનંદ લેવા જણાવ્યા પ્રમાણે આત્મારામ ગોર મહારાજને ત્યાં સઘળા આવવા માંડ્યા છે.

પ્રત્યક્ષ પરમાત્માનુભવાર્પક.
શ્રીહરિ કિર્તનોત્સવ.

આત્મારામ ગોર મહારાજને ત્યાં રાત્રીના ૯ થી ૧૧ ભજનોત્સવમાં સઘળા ભકતજનો આવી પુગ્યા છે અને મર્યાદા પૂર્વક બેસી ગયા છે. કોઇએ ચું કે ચાં કરતુ નથી. સઘળા કુંટીથી રામનામનો જપ ગુપ્તનાદે કરી રહ્યા છે.

ધનશંકર—મહારાજે આવીને બધાંને નાદબ્રહ્મ સિધ્ધ ધૂનયોગ આરંભ કરાવ્યો, અને અધિકારી હંસોને ભાવ સમાધિમાં ખેંચ્યા. ત્યાં આત્મારામ મહારાજના ગુરુ ભાઇ દત્તદેવ મહારાજ આવી પુગે છે. સઘળાંને ધૂનયોગમાં તન્મય જોઇ રાજી થતા, પોતે પણ

ધૂનયોગી હતા એટલે ધૂનમાં ઉન્મત્ત બને છે.

ભાવાવેશમાં એકદમ આવી જતા. ભકતો પોતાને ભૂલી જઇ ભગવાન મય થઇ જાય છે. એટલે દત્તદેવ મહારાજ ભાવાવેશમાં આવી જાઇ.

ધૂન.

॥ દત્ત નામ સત્. ૐ ગુરુ દેવદત્ત ॥
ૐ હરિ, ૐ ગુરુ, ૐ દત્ત, ૐ ની

ધૂનમાં ઘેલા બની સઘળાંને ધૂંટાવે છે દત્ત નામ ધ્વનિ. એટલા બળ સાથે ઉચ્ચરાઇ રહ્યો હતો જે; દાદા દત્ત પ્રભુને આ ભજનોત્સવમાં આવવુંજ પડે.

આત્મારામ મહારાજે, સર્વેને શાંત કર્યા. અને દત્તદેવ મહારાજનો પરિચય કરાવ્યો

સાંભળો હે શ્રોતાજનો ! અને શેઠજી ! તથા શેઠાણીજી ! આજનો દિવસ મહાન્ મંગલમય ગુજર્યો જેમાં અત્યારે આપને બધાંને આ **દત્તોપાસક ભકતરાજના ભજનનો લાભ મળે છે.**

મારામાં કિર્તનભક્તિનો પ્રકાશ કરનાર આ મ્હારા ગુરુભાઇ છે. હવે આપ! એઓશ્રીના ભજનમાં સામેલ થાઓ, અને આપણે બધાય, આજનો ભજનોત્સવ નિર્વિઘ્ન ઉજવીએ.

દત્તદેવ સિદ્ધ ભજનોત્સવ.

યાને પાગલ વિચારણા.

ભાઇઓ અને ભકતરાજ! જીવરાજ શેઠજી! તથા બ્હેનો વિ. આજે હું પરમાત્મ નામમાં ઘેલો થયેલો કોઇને નથી ઉપયોગનો, એવો તમારી પાસે રજુ કર્યો છે.

મારા ભાઇ આત્મારામ ગોરદેવે હું શું તમને ભજનનો આનંદ આપી શકું છતાં આત્મારામ મહારાજની ઇચ્છા છે તો જંબુસરની ભકત પ્રજામાં રજુ કરેલી પાગલ વિચારણા સમર્પુ છું.

જય ગુરુ સ્વામિ.

દત્ત ભજનોત્સવ

યાને

પાગલ-વિચારણા

છેલ્લો જન્મ કરવો છે કે જન્મ હજી લેવા છે ! જન્મ લેવાના છે એવાંઓની રાજસી તામસી વૃતિમાં આ હદભાવ હોય છે

(૧)

કોઇમાં નિશ્ચય હજી થાય ના હું તું પણું જરી જાયના
શાન્તિ જરી દેખાય ના એ જીવ જન્મો પામતા
ધન માલ ધરા માટે મરે કોર્ટોમાં જીવન વેડફે
મીલ—વીલ ભોગવવા ફરે એ જીવ જન્મો પામતા.
એ'ઠી પૃથ્વીના રાજ્યને ચ્હાતા હજી સ્વારાજ્યને
ગાળો દેતા સંતરાજને એ જીવ જન્મો પામતા.
વ્યહવાર પટલાઇમાં પૂરા નિદામાં તો મોટા શૂરા.
વર્તનમાંતો ધોએલા મૂળા એ જીવ જન્મો પામતા.
સતસંગ સમાગમ ના કરે નાટક હોટલમાં ફરતારે
સટ્ટા વેપારે જે વળે એ જીવ જન્મો પામતા.
ગુરુ દેવમાં ઘેલા થતા લોકલાજે શરમાઇનાજતા.
શ્રી હરિ કિર્તનમા તન્મયતા પાગલ તે કૈવલ્ય લ્હાણતા.

કિર્તન ભક્તિ રસમાં સદ્‌વિચાર એટલી બધી સ્હેલાઇથી ચિતમાં ઠસે છે કે, એના જેવો ઉત્તમ માર્ગ અન્ય નથી.

ગદ્ય એટલે લખાણ વાંચી જવું એ ચાલુ પદ્ધતિ અને પદ્ય ગદ્ય-મય સ્હમજવાનો પ્રકાર એ પાગલ પદ્ધતિ પાગલ પદ્ધતિ પળાવે છે બધાંને આ પાગલ વિચારણા આરંભ કરતાં પ્હેલાં ધૂનયોગ-જે આપણે પ્હેલે દિવસ અનુભવ્યો છે. અને ધૂનયોગ તો પાગલ પદ્ધ-

નું આદર્શ છે. ઘેરેઘેર ધૂનયોગી થાય એવું આપણે ઇચ્છિએ ! પરંતુ ના બને. નારાયણ દાદાની કૃપા વિના ધૂનયોગી અસ્તુ એટલે આપણે બે ત્રણ પાગલ વિચારણા આરંભે સ્હમજવાની ધૂનો ઘૂંટી લઇએ.

૧ અવધૂત બસત ખુદ બનમેં
ઉન્મત્ત રહત નિર્ગુણમેં ॥ ૧ ॥

૨ જય જય ગુરુ મહારાજા હરિ
વૃતિપાવન સદ્ગુરુ કરી ॥ ૨ ॥

૩ ગુરુ ગુરુ જપ મન ગુરુ ગુરુ જપ
ખૂબકર તપમન ગુરુ ગુરુ જપ ॥ ૩ ॥

૪ એક દિન ચલા જાયગા હંસા
તેરા પડા રહેગા પૈસા ॥ ૪ ॥

૫ હરિ હરિ સુમરો દિન ઔર રાત
હરિ બીના સમ જુઠ્ઠી બાત.
સો બાતની એકજ બાત
હરિ હરિ સુમરો દિન ઔર રાત ॥ ૫ ॥

પાંચ ધૂનનો વિચાર અને સતત્ બોલી ચિતમાં ઠસાવવાનો અભ્યાસ એનું નામજ સમજ અને જ્યાં સમજમાં ચોખ્ખુ સમજાયું ત્યાં વર્તનમાં એની મેળેજ ઉતરે.

અને એજ બળવાન વિચાર કહેવાય કે સહમજ્યા

પછી વર્તન થાય —**પાગલીયાના વિચારમાં**—

કેટલાં પૈસાં નકામાં થાય ઘરનારથી દીલ ઉતરી જાય
ધંધામાં ચિત જરીના ઠેરાય પાગલીયાના વિચારમાં ૧
બાવો થાવા ખૂબ ઉત્સુક રે' લોકોની સાથે ચીડીયો રે,
હરિગૂરુ સન્તોની જય જયકે પાગલીયાના વિચારમાં. ૨

પાપી સંગતને છોડી દે હરિ નામમાં જીવ જોડી દે
વિષયી દૃષ્ટિને ફોડી દે પાગલીયાના વિચારમાં. ૩
બે શરમો બે ફીકરો થતો કોઇ જાન ફાને ના જતો
ઘેલાં જોગીને સેવતો પાગલીયાના વિચારમાં ૪
પાગલ પાગલ જોઇને કરે વિચાર પણ જોઇને ધરે
હું તું ને જગનું મીટુ કે પાગલ ગુરુદત્ત વિચારમાં ૫

એવા ઘેલા વિચાર કોણ સાંભળે વારૂ ના સાંભળે અને નાહરે વર્તમાન વ્યવહારમાં વર્તતાં હોય તેનામાં આજે પાગલ વિચારમાં આપ બધાં ઘેલાં અને થયાં છો પેલાં તો વિચારણાને સાંભળવા શાંતિ અને લક્ષ રાખો કેમક લાડુ કરવા બેઠાં અને વાસીદુ વાળવા જઇએ તો લાડુ બગડી જાય માટે.

એકજ કામ બને ભજનમાં આવ્યાં અને ઘેર દીવો સળગતો રહી ગયો. કચેરીમાં આવતી કાલે ફલાણુ કામ છે. દુકાનમાં ફલાણી જગ્યાએ ફલાણું બગડતું હશે એમ મનને ભટકતુ રાખનાર શું સમજે આજના ભજનનો આનંદ—

સમજશે એકાગ્રવૃતિવાળાં
અને હરિભજન રસમાં ઘેલાં—થયાં હશે તે
નહિતર તો—ભજનમાં આમંત્રણ આવે
સમે ત બે પરવા થાયે

નકામા કામ બતલાવે અધુના એવી શ્રદ્ધા છે
ઘણાતો નાટકમાં જાયે વળી કોઇ મીજલસમાં ધાયે
ઊંઘણીયા ઊંઘને ચાયે અધુના એવી શ્રદ્ધા છે
મફતના ચોરે ચૌટામાં ઘણા રાત્રીના સટ્ટામાં
રખડતા હોટલ પીઠામાં અધુના એવી શ્રદ્ધા છે
હજી તો ગાડી જોવી છે હમારે ગાય દોવી છે

હજી સિલક મેળવવી છે   અધુના એવી શ્રદ્ધા છે
ભજન કરવાથી શું થાયે   ઘણા તો મિથ્યા કુલાયે
વીંતડી જ્ઞાન બતલાવે   અધુના એવી શ્રદ્ધા છે
છતાંયે પાગલીયો ગાવે   ભજનથી શ્રદ્ધા ચેતાવે
ન નિંદ કોઇને આવે   ખરેખર તારણ શ્રદ્ધા છે

આવી શ્રદ્ધામાં પાગલની વિચારણાઓ અનુપયોગીજ નથી ઇચ્છતા જાહેરનાં પ્રમાણ લેવા—

પાગલનો સિદ્ધાંત તો...............

એક જાહેર સંતમહારાજ અમુક ગામથી અમુક તિર્થે એક મોટું લોક ટોળુ લઇ આવ્યા તે દિવસે એક મ્હારો મિત્ર મ્હને દર્શન માટે બોલાવવા આવ્યો ત્યારે દત્ત સ્ફુરણામાં આ નીકળ્યું હતુ.

ટોળામાં બેઠેલ બાવો ઝુડથલ જાણવો
ન ઓળખાય અકેલ એવો અવધૂત લ્હાણવો

વળી—કોઇ પૂર્ણ કોઇ ઇશ્વર કોઇ ગુરુ મોટા થાય
કોઇ બને સાક્ષાત પરમેશ્વર પાગલ ખોવાઇ જાય

અને એવા અવધૂતો તો આ જગતની દૃષ્ટિમાં જરાપણ આવવા પ્રયત્ન કરતા નથી કેમકે માન અવધૂતોને સૂકરની વિષ્ટા જેવું છે એટલે એવાં માન ફાન આ પાગલને જોઇએ નહિ.

માન ફાન તાનકે ગાનમાં   મેર્ષીલ મીજલસ તાનમાં
લોકોના મોટા માનમાં   પ્રભુ ભકતોને રૂચે નહિ.
દીવા બત્તીની રોશનમાં   વર્તમાન જુઠ્ઠી ફેશનમાં
પાખંડીયોની ફેસલમાં   પ્રભુ ભકતોને રૂચે નહિ
માવા મલાઇ દૂધ ઘૃતમાં   બાપા બા ભાઇના મૃતમાં
વ્યવહારીયોના કૃત્યમાં   પ્રભુ ભકતોને રૂચે નહિ
મોટાં ભાષણ મેળાવડે   ઇલકાબો ઇચ્છે ને ચઢે

મીથ્યા રાજમાટે શીર ફોડે   (ત્યાં) ભકતોને રૂચે નહિ
પોલિસી પ્રપંચતાઈમાં   જુકિતની મુકિત લાઇમાં
છોરાં છોકરની ખાઇમાં   પ્રભુ ભકતોને રૂચે નહિ
પાગલીયાને પડી રેવાદો   ગુરુ દત, દત્ત કે'વાદો
કિર્તન ભકિતમાં ઠરવા દો   ચેતાવે સૌને કિર્તન ગઇ

માટે મ્હને તો હવે જાહેરમાં બબડવા અને ભજનાર્થે ન મ્હાવા એ પ્રાર્થના છે.

દત્ત ભક્તો સમાજને શા કામના ! કેમકે–

अव्यक्त लिंगा अव्यक्त चारा

નલક્ષણુ જેનું પરખાયે અકુળજીવન ન ઓળખાયે એ ભજનમાં જણાવ્યા પ્રમાંણે અટકચાળાનું અને તદ્દન નાલાયકનું બોલવું સમાજને રૂચેજ નહિ.

કહ્યું છે કે—

ફેરાળી ફેક્કડ ફિકર ફુસ.

રહે જે વિચરણીયો ગુરુ ચુસ્ત,

સતત્ તત્વે તન્મય અલમસ્ત રહે તે પાગલ કે'વાયે.

નિરાડહં નેહ વિના નમતો   પરમ પદી બાલક સમરમતો
સકલ જીવ પ્રાણીને ગમતો   સહે તે પાગલ પરખાયે
તજે પીંડ બ્રહ્માંડી માયા   ભજનમાં જે ભુલે કાયા
અખંડ બ્રહ્માનંદી રાયા   ચહે તે સો પાગલ થાયે
ન લક્ષણુ જેનું પરખાયે   અકલ જીવન ન ઓળખાયે
સહજ સૌમાં મળી જાયે   લહે ગુરૂ પાગલ કહેવાયે
નથી સ્હેલુ થવુ પાગલ   સમજથી જાય જગધાંધિલ
તજી દેવાં પડે છલબલ,   બની પાગલીયો સત ગાવે

એવા પાગલને હવે નથી રૂચતુ જાહેર જનસમાજ સમક્ષ કેમકે જનસમાજ પ્રેયસી છે ત્યારે પાગલીયાં શ્રેયસી હોય છે.

એવા એયસીને અને જગતમાં બનેલા ચેલાને તો પરમેશ્વર મળે લાજ હોય છે કેમકે પ્રભુજીને રેવાનું સંત દેવ મંદિર પ્રગટ ગણાય છે એવા સંત દેવ એજ પ્રભુ મંદિર અને એવાઓનેજ પરમેશ્વર મળે છે નથી મળતા આવાઓને—

સંત સાધુ ગુરૂ સામુ થતા શ્રીહરિ ભજન અટકાવતા
પૂર્વિ મર્યાદા તોડતા એને પરમેશ્વર ના મળે ૧
મિથ્યા જગત જંજાળમાં નાશવંત નકામા પ્યારમાં
લોકિકપણાના ઉછાળામાં પડતાને ઇશ્વર ના મળે ૨
જુઠ્ઠા અખતરા વર્તાવે હૈયેથી હરિને ભૂલાવે
ધન કિર્તિમાં જીવ ફૂલાવે એવાંને શ્રીહરિ ના મળે ૩
દંભીલી સાધુતાઇમાં લોક છેતરવાની ખાઇમાં
મન મુખીલી મોટાઇમાં પરમેશ્વર તેને કેમ મળે ૪
આજે હું આ સોંપાવી દઇશ કાલે તો મોટા ઇશ્વર થઇશ
નહિતર હું મૃત્યુ આધિન થઇશ એ જુઠ્ઠાને હરિ નું મળે ૫
પાગલ સૌને ચેતાવી દે કિર્તન ભકિતથી ભજવાદે'
નારદજીના આદેશે કહું ઉભય લોકી વિજય વરે ૬

માટે પરમેશ્વરને પામવા અવસ્યમેવ પાગલ વિચારણા હું વિનાના થઇ વિચારો જ્યાં સુધી આ આપણું ચિત હરિગુરુ સન્તાની વિચારણામાં સ્વાધા નથી થતું અને મનમુખી વિચારણામાં મદાસ રહે છે ત્યાંસુધી ચિત્ત સ્પંદ થયાજ કરસે, કેમકે ચિત્તનો સુધારક સતગુરૂ દેવજ એવા જે સત્ગુરુ દેવ તો બનાવે છે—જે

શ્વાન, શુકર, બીડાલ, ખર, તેના ટોળાનો કોઇ જન્ત ।
તેને મૂકે દુર કરી. જેને મળે સદ્ગુરુ સન્ત ॥

અને એવા સાચા સાન્તિ દાયક સદ્ગુરુ મળે છે ત્યારે સાધકનું હૃદય ગુરુપરત્વે પ્રગટભાવ વાળુ બની ગુરુદેવ પરત્વે આવા આંતર ભાવથી ઠાલવે છે આ ભાવે ભજે છે

સદ્‌ગુરૂ ચરણે

જન્મ સિદ્ધ પૂર્ણ પુરૂષોત્તમ ગુરુમહારાજ કે, હરિગુરુ સન્ત સમાજ એજ તત સત્ હરિ ૐ

પ્રગટ પરમાત્મા કે પ્રત્યક્ષ પરમેશ્વર તેજ તારક સદ્‌ગુરુ અલખ નિરંજન ચૈતન્યનું, અદ્‌ભુત અનુપમ અકલ કલાનુ સાક્ષાત સ્વરૂપ, તે પોતેજ ગુરુદેવ કે અવતારી ભગવાન્ મહર્ષિ વ્યાસ નારાયણે વર્ણવેલા અંશાંશ–અંશ–આવેશ–કલા. પૂર્ણ અને પરિપૂર્ણતમ. એમાંના પરિપૂર્ણતમ અવતાર એજ સદ્‌ગુરુ સ્વયં.

મરિચ્યાદિ રૂષીઓ તે અંશાંશ–બ્રહ્માદિ દેવો તે અંશ–કપીલ-કૂર્મ વિગેરે કલાવતાર, ભાર્ગવાદિ આવેશ. નૃસિંહ–રામ–વિષ્ણુ યજ્ઞ, નર નારાયણ અને નારાયણ. એ પૂર્ણાવતાર અને પરિપૂર્ણતમા અવતાર, તે તારક સદ્‌ગુરુ. ધર્મનાશે અધર્મ અવિર્ભાવે, બ્રાહ્મણ,સંત સાધુ સંરક્ષણાર્થે, પાપીઓના વિનાશાર્થે, અને ધર્મ સંસ્થાપનાર્થે, પ્રત્યેક યુગમાં અવતરતુ ચિદ્‌ઘન ચૈતન્ય એજ આપણા સાક્ષાત સદ્‌ગુરૂ હરિ. સતયુગમાં અનસુયાઽત્રિનંદન, ગુરુ દત્તરાજ, યોગીમહારાજ રૂપે ઉદ્ધારક ભવતારક સદ્‌ગુરુ પતિત પાવન તે પોતે આપજ ત્રેતામાં દશરથ કૌશલ્યાનંદ રામચંદ્ર રૂપે, દ્વારપરમાં, દેવકીનંદન શ્રી કૃષ્ણચંદ્ર રૂપે, અને કલીયુગમાં શ્રી સ્વામિ ભગવાન શંકરાચાર્ય સ્વરૂપે પધારનાર એ આપજ સમર્થ સદ્‌ગુરૂ સ્વામી મહારાજ. જન્મ્યાં ને અજન્મા લોકનાં લાભ જના. આપ યુગે યુગમાં પધારો છો એવું જાણુ થયા પછી-ફાગટ ફાંફાં શાને મારીએ, દૃસ્ય સૃષ્ટિમાં અહિનિશ ગુરૂગોવિંદની પારખ [illegible] એ આ ક જન્મના. મહા-પુરૂષાર્થનું જ ફળ છે

જે હંસ દેવ પરમપદમાં વિલય પામવાને જન્મ્યો છે તેનાજ તમો સંગી સ્નેહિ થાઓ છો. નાથ. નિર્ભય છાયા. છાયી રાખજો, અને બચાવજો—મનમુખી યુગના માનવોથી.

ગુરુ પ્રણાલિકાના અભ્યાસકો, જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામિ પછીના-ગુરુવંશને જાણતા હશે. નથી જાણતા. એમણે પ્રગટ સદ્‌ગુરુદેવ સ્વામિમાંજ સઘળા સમાય છે એવું ધ્યાન કરવું.

ગુરુસ્વામિ જનાર્દન. શિષ્ય એક નાથ પછી ગુરુવંશ છિન્ન ભિન્ન થયો, અને મિત્રયુગ આરંભ્યો. જગદ્ ગુરુગાદિ-ગુરુ યૂગનો અસ્ત થવાથી, ગુપ્ત રીતે પૂજાતી રહી અને મીત્રયુગ આરંભયાથી, સરખામણીમાં ગુરુમહિમા ઘટયો, ઘટતાં ઘટતાં આ મનમુખી પોરામાં માનવો મોટા પુરૂષની પિછાણમાં પાછા પડયા છે જેથી ગુરુ મૂર્તિ ગુપ્ત રે'વામાં રાજી રે'છે, ઓળખ આપે છે અધિકારી છેલ્લા જન્મી કલ્યાણી હંસને આ નિચેના ગુરુગુણોની અદ્‌ભૂત પારખ આ હોવી જોઇએ.

સર્વજ્ઞપણું, આત્મ સંતોષ, અનાદિ જ્ઞાન, સ્વતંત્રતા, અખંડ અવિનાશી દૃષ્ટિ અને અનંત શકિત વાળાં છ અંગો સહિત, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, શાંતિ, ત્યાગ, સંતોષ, સરળતા, શમ, ઇન્દ્રિય દમન, તપ, સમતા, તિતિક્ષા, ઉપરતિ.

સર્વ શાસ્ત્રજ્ઞતા, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ. સ્મરણશકિત. સ્વતંત્રતા, કુશળતા, કાન્તિ, ધૈર્ય, કોમળતા, ચતુરાઇ, વિનય, વિવેક, મહત્તા, શક્તિ-સંપત્તિ, સ્થીરતા, આસ્તિકતા, વિશ્વ-વંદ્ય, કિર્તિમાન, પૂર્ણપૂર્ણતા, અને નિરાહંતા. તેમજ નાદબ્રહ્મ યોગી એવા સદ્‌ગુરુ તે આપજ—

દયાર્ણવ ! નઝર કરતાં નથી દેખાતું આપ વિના અન્ય ઉપર ગણાવ્યા ગુણ ને ધારણ કરનાર-આપજ છો. દેવ, આપની અકલ

કલાને કોણ કળી શક્યું છે? ગૂણાતિત છતાં ગુણાઢય છો. માયાતિત છતાં માયિનંતુ મહેશ્વરમ્ ગાયા. પાર પામી ન શકાય એટલે નેતિ શબ્દે વિરમ્યાઃ હે નરોત્તમ-નરહરિ ગૂણ ગાન કરનાર હું મૂર્ખ તે કોણ? મતિ અમતિ થાય છે ચંચુ પ્રવેશ થતો નથી. નમન ગુરુગોવિંદ ભવસાગર પાર લઇ જવા સમર્થ બનાવો. સહજાનંદ, સહજાવસ્થામાં સસ્વરૂપે અખંડ બીરાજો. સાધક ઉરે મહાદેવ માયા દેવીની મદદથી સ્તવું પણ માયાજ શરમાય છે આપનાથી એટલે શું કરૂં!

જયશ્રી સચ્ચિદાનંદ સમર્થેશ. માયા નાથ મહેશ.

આપ ગુપ્ત પણે અને પ્રકાશંતા એમ બે રીતે વિશ્વમાં વિલસી રહ્યા છો. પ્રકાશ પામ્યા પુરૂષવરોના વિશ્વ વિહારિ વિશ્વે જાણ્યા પણ ગોપ્ય રહેલા. ગુરુવરો હજી નથી માણ્યા માયા બધ્ધ માનવ વર્ગે. બાપુ હવે નિરાશી યુગ આરંભાયો એટલે દયા સાગર આપની અગમ દયા વર્ષાવો, અને હર્ષાવો, હચમચી ગયેલી. હોડીયોમાં બેઠેલા ભવપાર ઉતરનારા હંસોને દયાળુ દેવ! આપની તો દયા જ વરસી રહી છે. પણ. અમો હજી અમારા કલ્યાણી સઢને ક્યાં ચઢાવીએ છીએ.

ચઢાવવા અમારા ચિત્તને ચેતના આપો અને બુડાડક સુકાની ઓપર અશ્રદ્ધા પ્રવર્તાવો-કેમકે તેઓ સઘળા જુના સતને, સનાતન સતને આઘુ મૂકી. મનમુખી. દુરાગ્રહને સત્યાગ્રહ કથાવે છે. શું એ તારક કે બુડાડક, ઓ બુડાડકો બેસી જાઓ ગીરી—આબુ-સાતપુડા કે હીમાલયની ગુફાઓમાં અને આરાધો સતગુરુ દેવને.

લોકૈષ્ણાની લાલચોમાં ફસી ફસાવવાના પાઠ પડતા મૂકો વિત્તૈષ્ણાનાં વિજ્ઞાનો હવે વનવાસે તત્ સતના તપમાં વાળો પુત્રૈષ્ણાથી પાછા પડયા છે અને સત્ પુરૂષાર્થે સત્ ગુરુને સિદ્ધયા છે

નરાયણ.

કેટલાક તારક પણાના તરકટમા
નારીનાણાં ભજાવે છે.
ત્યારે કેટલાક આશા તૃષ્ણામાં નચાવે છે

ઘણાતો આ લોકનાં સુખને સત્ય મનોવે છે અને બુદ્ધિ વાદ ના બાહુક બનાવી શ્રદ્ધા વાદથી પાછા પાડે છે એ–મનમુખી યુગના માનવી મહાત્માઓ ગુરુ યુગના માનવી મહાત્માઓ ગુરુ યુગના અમર પુરૂષાર્થોને શું હસો છો ?

ઢોંગ અને ઢેમ ઉચ્ચરી સ્વયં મનુદેવ ના બનો સ્વેચ્છા સૃષ્ટિને ના રચો અને માનવ સમુહને ના રૂચાવો હરકત નહિ–રચો રૂચાવો અમોને શું !

એ સઘળુ ભારત ધર્મની ગુરુઆદિ ના ગણોને સોંપ્યું અમે તો ગુરુનાગુનાં બાળક ગણાઇએ એટલે ગજુ નહિ વધારે કે'વાનું

ભગવન

જ્યારે તેઓ કલ્યાણી સમજમાં સમજશે અને આપના ચરણને ચિંતવશે ત્યારે અવશ્ય આપની દયાના પાત્ર બની ભવપાર થવાની તારક ગુરુ નૌકાના આશ્રયી થશે.

અહમો પાર્શી પ્રેયસવાદી. લોકનાદી.
મનમુખી માનવટોળાં ને આ લૌકિક નાશવંત

સુખાર્થે દોરે છે. પણ નથી જાના કે ભારતાત્માઓ તો પરમપદના પુરૂષાર્થે અજન્મા થવાને જન્મ્યા છે. હશે–હોય ગુરુનાથ. જાજો બુદ્ધિ ભડકાવશો નહિ. અને આ છેલો જન્મ સિધ્ધાવવામાં ઉપરોકત માયાવાદનાં પ્રલોભનથી પાડશો નહિ.

ગુંચવાયલા કાળમાં ગુરુમૂર્તિ સ્વરૂપો ગુપ્ત રહિ. થાકયાં મુમુક્ષુઓને ચેતના નહિ આપે તો ભારતીય આધ્યાત્મિક કલ્યાણી પ્રવાહ

મુક્ત થશે અને તે શું આપ ગુરુ કોટિના ગણોથી સ્હેવાશે ! ના. ના. નથી સહ્યા. સમર્થ સતપુરૂષોએ તો ભારતીય ધર્મરાજ્ય ઉપર આક્રમણ કરતા અસુરોને અટકાવ્યા છે. એની સાક્ષી પુરે છે ૪૦૦ વર્ષ પહેલાંનો ઇતિહાસ સમર્થ સ્વામી રામદાસ અને શિવાજી મહારાજે મોગલાઇ સત્તાને સમજાવી હરિગુરુ સંતોને પાઠ આપ્યા છે જે ધર્મ રાજ્યના ભંગે ગુપ્ત તપંતા તપસ્વી યોગીરાજો પ્રકાશજો અને છેલ્લા જન્મી ભારત હંસોને સબળ બનાવજો–આપે અમોને સબળ બનાવ્યા છે; લોકેષ્ણા આદિ પાડનારાં પ્રલોભનોથી બચાવ્યા છે ભવભંજન આપના સગુણ સ્વરૂપના શરણ્ય વિના કયા હંસની સતમાં ગતિ થઇ છે! તેમજ આપની પૂર્ણ કૃપા વિના કોની મતિ કૃતિ સુધરી છે.

ગુરુ પદવર ગુરુરાજ ! મહદ્દભાગી છેલ્લા જન્મી હંસોથીજ આપનું અકલ સ્વરૂપ પરખાય છે બીજા પામર અને વિષયી જનોનું ગજુ નથી અમારી ઉપર આપે પૂર્ણકૃપા વર્ષાવી એટલેજ આપનાં આવાં જીવોધ્ધારણીય સતકર્મોમાં અમારી ઉપર નઝર કરી ઉત્સાહી બનાવ્યાં.

દેવ દેવ મહાદેવ સ્વિકારજો, સેવા અને રાખજો શરણે. બાપુ-માફ કરજો આપનાં દત્તવન્દીય સિધ્ધોદ્દગીથ. ભક્તજનાર્થે પ્રકાશમાં મૂકવા આગ્રહ કરી આપની ઇચ્છા વિરૂદ્ધ વર્તિ આપને પજવ્યા છે. હોય મોટા પુરૂષ ક્ષમાના સાગર છે એટલે અમો નિર્ભય વર્તિએ છીએ. દાદા જયારે પાગલોદ્દગીથ ભક્તજનોના. હૈયામાં કોઇ અજબ શકિત ભર્યું મહાચૈતન વ્હેવરાવશો ત્યારે અમો રાજી થઇ અને આપનો રાજીપો વ્હોરીશું કેમકે આપને જીવોનુંકલ્યાણ જોવું અતિશય ગમે છે. જય જય વ્યોમાતિત વરેણ્યનાથ, નારાયણસ્વરૂપ, પ્રગટ પરમાત્મન્ જય જયોડમ્

આર્તનાદ–દરદી–નાદ—દુઃખી નાદ સાથે જયારે ખરા હૃદ-

યથી સ્હેજે ગદ્યેકે પદ્યમા ગુરુ, ઇષ્ટની પ્રાર્થના થાય—અને સ્હેજે જ એની મેળે જ્યારે—રૂદન થઇ જાય—હસાય—ભાવા વેશમા-ગુરુ રૂપ થવાય ત્યારે આપણો અધિકાર-સદ્દગુરુ કે ઇસ્ટને ભજવાનો છે એમ જાણવું એ અધિકાર કયારે મળે ?

સાંભળો એક વણઝારાની પોઠ આવી-જેમાં હાથી વેચવાના હતા. આપણા એક ઠાકોરના ચિ, ને ઉઘલાવવા માટે હાથી લેવા અમો બે ત્રણ જણા વણઝારાની પોઠે ગયા. વણઝારો એક એવી અજબ કૂતરી રાખે છે કે વણઝારાની ઠોકેલ ખીલીયોની આજુબાજુ ફરતી રહે અને રક્ષા કરે પોતાના ધણીની પોઠની ગ્રાહકો અજાંણ્યા છે, એટલે જ્યાં ખીલી ઓરંડી વણઝારા પાસે માલ લેવા જાય છે ત્યાં તો કૂતરી જોરથી ધસે છે. અને ગ્રાહકોને ગભરાવી પાછા હટાવે છે ગ્રાહક વધારે ગભરાતા બચાવવા વણઝારાને મોટેથી બૂમ મારે છે કે; ઓ વણઝારા ત્હારી કૂતરી માલ લેવા આવતાં કરડે છે, પાછળ પડી છે માટે એને વાળો અને પાછી બોલાવો હમો ખરેખર માલ ખરિદવા જ આવ્યા છીએ.

વણઝારો સાચી વાત જાણી કૂતરોને એક અવાજ સાથે ઇસારો કરે છે કે ટેમી. ટેમી. ચૂપ ઇધર આવ. એમને લઇને એટલે કમક-કણી કૂતરી બેસ ઝાલી કોટ પકડી પૂછડી પટપટાવતિ વણઝારા પાસે માન સહિત લઇ જાય છે.

એવી રીતે જ્યારે વણઝારા રૂપ પરમાત્માના ગૃહ પરત્વેજતાં માયા રૂપી કૂતરી કરડેજ પણ જ્યારે આર્તનાદથી કૂતરીથી બચી જવા વણઝારાને બૂમ પાડી તેમ ખરા હૃદયથી ડૂંટીથી વિરહી હૃદયે વ્હાલાનું નામ લેવાય અને સ્હાય લેવાય. ત્યારે જ વણઝારાનો માલ ખરિદાય. એવા-ઇશ્કી-દિવાના ઘાયલ હૃદયના ભકતો જ સદ્ગુરૂ દેવને ઉપાસે છે—

એ શઠને સદ્ગુરૂ કેમ મળે—?

સંત આવે સંતાઈ જાય છે મળવા જતાં શરમાય છે
સેવાની ફીકર થાય છે એ શઠને સદ્ગુરુ કેમ મળે !
વ્યહવારી ભાર ખેંચાય છે ઘરની મજુરી થાય છે
પટલાઇમાં જીવન જાય છે એ શઠને સતગુરૂ કેમ મળે !
મરતાં પણ નિશ્ચય થાય ના જીવભાવ જરી બદલાય ના
સોંપેલા સાધન થાય ના એ શઠને ગુરુદેવ કેમ મળે !
ઝાઝા પંથે અથડાય છે એકે માંના ઠેરાય છે
મિથ્યા હું માં ભટકાય છે એ શઠને ગુરૂ પ્રભુ કેમ મળે !
જુઠડી જગતની ઝાળમાં રાજ લેવાના વિચારમાં
લક્ષ ઉડું નાણા નારમાં એ ઠગને ઠાકોર કેમ મળે !
પાગલતો ચોખ્ખુ ચટકે મિથ્યા ખુશામત ના લવે
ગુરૂનો થયો નાવે ભવે સાચાને સદ્ગુરુજી મળે.

અહો—શો દિવ્ય આનંદ એ આનંદમાં વધારો થવા માટે કરો જોઇએ આટલી ધૂનો

ગોવિંદ નામ બિસારેગા ઝીતી બાજી હારેગા—
હરિદાસા હરિદાસા હોજા હરિદાસા હરિદાસા
તું છોડ જગતની આશા—હોજા ૧
હરિસેં લગે રહો મેરેભાઇ કોઈ દિન બનત બનત બન જાઇ
ગુરુસેં લગે રહો મેરે ભાઇ— ૩
ધૂનલગી લગન ગુરૂ દત્તસેં દોરી લગ રહિ—
દોરી લગ રહિ રે દોરી લગ રહિ સત્ લાગી લગન ગુરૂદત્તસે
દોરી લગ રહિ ૪
તોરે નયનોમેં રામ રસ છાઇ રહ્યો રે છાઇ રહ્યો રે
છૂપાઇ રહ્યો રે— ૫

રામ—રામ ઘૂંટલે—સત્ સંગ લૂંટલે ૬
દત્ત ધૂન લાગી—સત્ ધૂન લાગી ૐ ધૂન લાગી.
ગુરુની ધૂન લાગી ૭

આ સાત ધૂનનો વિચાર સર્વ બાબત સિધ્ધાર્થે છે માટે ઉપનિષદનાં સૂત્રો જેવી ધૂનોની સમજ લક્ષમાં રાખી હૃદયમાં ઉતારવા નિત્ય મેવ ઘૂંટશો જેથી પ્રગટ ગુરુદેવ વેળાસર મળશે—

એનુ નામજ—પાગલ વિચારણા—અને પાગલની વિચારણે તો આવું બને છે.

લોકની પોકો કંઇ ના કરે પંચેષણાથી પાછો પડે
હુને હરિમાં ફેરવે પાગલની સત વિચારણે ૧
અવધૂત ફકકડ દેશે લે જીવન્ત મુક્તાનંદ દે
મ્હારા પણાથી આગો રે. પાગલની સત્ વિચારણે ૨
નારી નાણાંને ચાય નહિ ફિરિ મોટાઇમાં મીઠુ સહ
કુદરતના એકડે ખોવાઇ જઇ પાગલીયો રે' ગુરુ બારણે ૩
વિચાર નારા વૈદેહિ થઇ જાય પૂર્ણ નિર સ્નેહિ
પાગલીયો તો કોઇનો નહિ રે'વાદો સદ્ગુરુ પારણે— ૪

ગુરુદેવના પારણામાં પોઢનાર બાળકો કેવાં હોય છે. સાંભળો

અખંડાનંદ એકીલો સમજમાં પૂર્ણ ટકીલો
ઉપરથી દેખાતો ઘેલો ગુરુ બચ્ચો એ પીછાણો
નકોઇનો ગુરુ કે ચેલો નથી કોઇથી એ બાઝેલો
સદા નિર્બંધ સ્વેચ્છીલો સમજણો સિધ્ધ એ જાણો
નથી કોઇ ચાળો કે ચટકો નથી પેટ ભરવાનો લટકો
ન લંગોટી કે અંગરખો પરંત્યાગીએ પરમાણો
નિરા[illegible]હં ન્યારો નિષ્ફીકરો નિરાંતી પદમાં બેઠેલો
નરમ નાજુક નમતેલો પરમપદનો એ સિદ્ધ જાણો

નથી બકવાદ કે કોઇવાદ નથી જેને જુડી ફરિયાદ
નથી કોઇ છંદ ન ચ્હાતો રાજ પરમજ્ઞાની પુરૂષ માનો
નિશાની પાગલીયાઓની પિછાનો આ દિવાનાની.
શું સમજે દુનિયા નાદાની કો સમજે પાગલ પૂરાણો

એવાં ગુરુબચ્ચાંઓને. મારા જયગુરુસ્વામિ. અને આ છેલ્લી ધુન આપું છું ગુરૂને શીરનામી–

ગુરૂદત્ત નિરંજન નારાયણ.

અવધૂત નિરંજન નારાય.

ૐ શાન્તિ. ૐ શાન્તિ ૐ શાન્તિ ઓમ

ૐ નેતિ ૐ નેતિ ૐ નેતિ–ઓમ.

જયગુરુ સ્વામિ—

ગતલખે જંબુસરની ભક્ત જીવની સમાજ પાસે, સિદ્ધાવેલો ભજનાનંદ આપ સઘળાંને સોંપી આત્મારામ દેવ મહારાજને આપેલા વચનથી છૂટો થાઉ છું–

મહને તો એવી શ્રદ્ધા છે, અને ટેવ પડી ગઇ છે જે, ભક્તના આસનેજ પિપાસુ, મુમુક્ષુ, આર્ત. અને એની આધિનતા પરખાય ત્યારે જ આંતર અનુભવ ઠાલવવો છતાં શ્રીહરિ અને હરિના ભક્તોની આજ્ઞાથી, કદી કદી આમ વર્તાય છે–જયગુરુદેવ.

આત્મારામ મહારાજે ભક્તરાજનો ઉપકાર માન્યો અને ભજનાનંદના નિશામાં સઘળાંને આસને જવા રજા આપી સઘળા સૌ સૌને ત્યાં જાય છે, અને રાત્રી ભજનાનંદની સમાધીમાં ગુજારી. બીજે પ્રભાતમાં ગોરમહારાજને ત્યાં આવવાનું શરૂ કરે છે.

શ્રી ક્ષેત્ર ચાંદોદ ના. કપીલેશ્વર તિર્થનું મહાત્મ્ય
અને
જીવરાજ શેઠની યાત્રાનો ૫ દિવસ.

ચાંદોદ તિર્થયાત્રાના. ગ્રંથમાં યોજકે અન્ય બાબતોની ચર્ચાઓ રજુ કરવા. ઇષ્ટાજ્ઞાને જ માન આપ્યું છે. વળી તિર્થ મહાત્મ્યનું પુસ્તક હાથમાં લેતાં, તિર્થ મહાત્મ્ય સાથે, તિર્થકરના પ્રગટ ફળમાં જીંદગી જીતવાની બાબતો સમજાય એ પણ ફાયદો. તિર્થ કરવાના હેતુમાં આપણા ધર્મશાસ્ત્રોએ સમજાવ્યું છે જે, તિર્થ કરવાથી, મહત્ સંગ. સહ વિવેક જાગૃત થઇ. મોક્ષાધિકારી થવાય છે. એ રીતે આ ચાંદોદ તિર્થના યાત્રાળુઓ તિર્થ મહાત્મ્ય સાથે, સતસંગને સિવે, એ લક્ષ્ય સમજી; આધ્યાત્મિક બાબતો જ ગ્રંથમાં ચર્ચિ છે. આત્મારામ ગોરે શેઠ અને શેઠના કુટુમ્બને જીવનમુક્તનો અનુભવ જાગૃત કરાવવા સતસંગ કરાવ્યો છે. જે સતસંગ વાંચકને પણ ફળ આપો.

અસ્તુ.

આજે પાંચમા દિવસના સ્હવારે. શેઠ અને શેઠનુ કુટુમ્બ ચાંદોદનું ત્રીજુ તિર્થ કપીલેશ્વર સિદ્ધવાના છે. ઘનશંકર મહારાજ આજે સાથે નથી રહ્યા આજે ગોરાણીનાં બ્હેનની દીકરી શેઠાણી સાથે જાય છે. અને ત્યાંથી તેમના પતિશ્રાને તિર્થ સ્નાન સિદ્ધાવવા. બોલવવાનાં છે. એટલે સઘળાં વેળાસર સુર્યોદય પ્હેલાં કપીલેશ્વર તિર્થે આવ્યાં.

કપીલેશ્વર તિર્થ મહાત્મ્ય. આ તિર્થ મલ્હાવરાવ ઘાટની પાસે જ આવ્યું છે. કયાં સ્નાન કરવું એ જાણુ માટે પોતાના ગોર દેવને પૂછવું. શેઠજી પાસે ગોરાણીની બ્હેનની દીકરીના વર આવી ગયા હતા, એટલે સઘળાં આ તિર્થનો મહિમા. સાંભળે છે. સાંભળો.

પૂર્વકાળમાં કર્દમજીના પુત્ર દેવર્ષિ, કપીલેશ્વરજી; તિર્થયાત્રાના પ્રસંગે રેવાતટ ઉપર આવ્યા. આ ક્ષેત્ર તેમને સિદ્ધિ આપવા વાળું

માલુમ પડયું; જેથી પોતે અત્રે પાંદડાં ભક્ષણ કરી, નિયમ અને તપમાં રહ્યા. અને પોતાના નામથી શંકરનું સ્થાપન કર્યું. શુકલ પક્ષની અષ્ટમિ અથવા ચતુર્દશિને દિવસે, પરમ ભક્તિ વડે, કપિલેશ્વરને કપિલાગાયના પંચામૃતથી સ્નાન કરાવવું, ચંદન. વસ્ત્ર અને સુગંધી દાર પુષ્પથી પૂજન કરનારને યમરાજના મંદીરમાં જવાનો પ્રસંગ આવતો નથી. તેની પીડા. કપીલેશ્વરના. પૂજનથી દૂર થાય છે.

નર્મદા જળના સ્નાનથી ઉત્તમ બ્રાહ્મણના ભોજનથી. ગાય, સુવર્ણ, તેલ, વસ્ત્ર, અન્ન, જોડા, અને શય્યાના દાનથી. ધર્માત્મા રાજાનો જન્મ મળે છે. અને પ્રતાપી નિરોગી, પૂત્રવાન, આયુંયવાન, અને શત્રુ રહિત થાય છે. કપીલેશ્વર તિર્થમાં સ્નાન કરી, સઘળાં કપિલેશ્વર પૂજનાર્થે મંદિરમાં આવ્યાં મંદીર જુની બાંધણીનું, અને સારી રીતે વ્યવસ્થામાં છે. ગયાકવાડ સરકારનું દેવ પૂજન ખાતુ દેખરેખ રાખે છે તેમજ તે બાજુના બ્રાહ્મણો આ તિર્થદેવ ઉપર ભાવવાળા હોવાથી સાયંપ્રાતર પૂજા આરતીનો બંદોબસ્ત રહે છે.

કપીલેશ્વર તિર્થ મહાત્મ્ય શ્રવણ કરી તિર્થદેવનું પૂજન કરી શેઠજીનુ કુટુમ્બ કિનારે રહિ ઘર તરફ આવતું હતું. ત્યાં શેઠાણીએ શેઠજીને કહ્યુ કે. ગઇ રાત્રે આપણા ગોર દેવના ગુરુભાઇના ભજનાનંદ પછી મ્હને એમનું જ સ્મરણ થયા કરે છે. તો આપ મ્હને તેમના આશ્રમમાં ન લઇ જાઓ. શેઠે હા પાડી. અને દત્તદેવ, પાગલ મહારાજના આશ્રમ તરફ વળ્યા. આશ્રમમાં જતાંજ આશ્રમના એક સાધકે સર્વેને બેઠકમાં બેસાડી આશ્રમના દેવને સૂચન આપ્યું.

આશ્રમ પતિએ જવાબ આપ્યો જે, તમારા ગોરદેવ આત્મારામજીની સાથે આવો. કારણ કે, અત્રે એવી પદ્ધતિ છે જે ચાંદોદમાં આવતા તિર્થ યાત્રાળુઓના ગોર સાથે હોય તોજ આશ્રમના મહારાજ મુલાકાત આપે છે. એટલે સઘળાં પાછાં ફર્યાં અને મુકામે ગયાં.

આત્મારામ—કેમ ! શેઠજી હવે હું તમને ભક્તશેઠથી બોલાવીશ. કહો તિર્થ સ્નાન અને તિર્થદેવ પૂજન દર્શન કર્યાં કે !

જીવરાજ શેઠ—હાજી, અને ત્યાંથી દત્તદેવ પાગલ મહારાજના આશ્રમમાં ગયા, પણ તેમણે તો આશ્રમમાંથી જણાવ્યું જ આત્મારામ ગોર મહારાજની સાથે આવો એટલે પાછાં આવ્યાં.

આત્મારામ—બરાબર છે. શેઠજી એમનું જણાવવું યોગ્ય છે. આપણે છેલ્લે દિવસે એટલે તિર્થ સ્નાન પરવાર્યા પછી જઇશું ચાલો આજે તો આપણે રાત્રીના મન્ત્ર જાગરણ યાને વસન્ત પૂજા ઉજવશું જે માટે મ્હેં અત્રેના ચાર વેદના વેદીયા ઘનપાઠી ને આમંત્રણ આપ્યાં છે આથી આપે એમજ વિચારવું જે ગોરદેવ બ્રાહ્મણોને જ દક્ષિણા આપવાના ઉત્સવો ઉજવાવે છે.

હું તો, આપે જણાવ્યું જે મ્હેં ૩૫૮૮૦ હજાર રૂપીઆ સ્વરાજ્યની ચળવળમાં ખરચ્યા જેથી એ રાજસ તામસ દાનમાં અપાયેલા દાનનું પ્રાયશ્ચિત નિવારણ થાય એ હેતુથી તમારી લક્ષ્મીમાંથી સત્દાનમાં આવી રીતે ખર્ચાવું છું.

શેઠજી—પ્રભો ! આપને એવા સંકલ્પ કેમ ઉદ્‌ભવ્યા આપતો હવે અમારા સઘળાના માલીક બન્યા છો. એટલે હવે કશીય બાબતમાં સંશય ન રાખવો. આપ મોટા પુરૂષ છો એટલે જરાય પણ અઘટિત ન વર્તો. અને વર્તાવો એવી દૃઢ શ્રદ્ધા છે.

આત્મારામ—અહો શેઠજી તમારા નિશ્ચયને હું ધન્યવાદ આપું છું, આટલો બધો સમર્પણ ભાવ અત્યારે અન્ય સાધકમાં મ્હેં જોયો નથી પરમાત્મા તમારો નિશ્ચય કાયમ રાખે,

ગોર યજમાન વાતો કરે છે. ત્યાં ગોરાણી મૈયા અને શેઠજીનાં પત્ની સાથે એક બે ગામનાં ભક્ત બૈરાં આત્મારામ મહારાજનાં દર્શનાર્થે આવ્યાં.

આત્મારામ—બેસો આજે રાત્રે મન્ત્ર જાગરણના ઉત્સવમાં તમો અને તમારા ઘરનાં સર્વે આવજો. અત્યારે તો હું અને શેઠજી બ્હાર ફરવા જવા ધારીએ છીએ.

ગોરાણી—પ્રભો ! આ આવેલાં એક બ્હેન આવતી કાલે. આપનો ભજનોત્સવ એમને ત્યાં ઉજવવા માગે છે.

આત્મારામ—તમો જાણો જ છો કે. આપણે એ પદ્ધતિને નથી પળાતા. છતાં તમો જણાવતાં હોતો ભલે રાખીએ.

ગોરાણી—રાખો પ્રભુ એ બ્હેન ઘણાંજ ભાવીક અને પ્રભુનાં ભક્ત છે !

ગોર—અસ્તુ. કાલે ગુરુવાર છે એટલે વિશેષ આનંદ પણ એટલું જાળવવું પડશે જે ભકિત વિહિન હ્રદયને ભજનમાંથી રગ્ન આપવી પડશે.

ભક્તબાઇ—જેવી પ્રભુની આજ્ઞા— !

ગોરાણી—ચાલો બ્હેન, તમારૂં કાર્ય પરમાત્માએ સિદ્ધ કર્યું. બાકી તો પોતે કંઇએ જતા નથી.

આત્મારામ અને શેઠજી સાંજના ૪ વાગ્યા છે એટલે સાયંસ્નાન સહ જંગલની જડબુટીઓના અભ્યાસ માટે બ્હાર ફરવા નિકળે છે.

આત્મારામ—શેઠજી. આયુર્વેદ શાસ્ત્રના ગ્રંથોમાં જણાવેલાં અમૃત અને ભારતની વનસ્પતિઓમાં રહેલા ગુપ્ત. દિવ્ય ચમત્કારો પાશ્ચિમાત્ય વૈદક પદ્ધતિના વિશેષ પ્રચારથી અંધકારમાં આવતા જાય છે, એ જોઇ મ્હારો બહુ જ લાગણી થાય છે. જેથી તમારા જેવા શ્રદ્ધાળુ વૈદ્યોને આયુર્વેદના ગુપ્ત અને આયુમેધા પ્રદ પ્રયોગો રજુ કરી આપણા, ભારતીય વૈદ્યપરત્વે પાછી શ્રધ્ધા જમાવું છું.

શેઠજી—રાજી થતા અહો ધન્યભાગ્ય મ્હારાં કેમકે મ્હને આયુર્વેદ ઉપર પૂર્ણશ્રધ્ધા અને મા · કે, એટલે આજે આપ મ્હારા

અંતરની જાણીને વાત કરી એમ વાતો કરતા ગોરયજમાન નર્મદા તટે વિચર્યા—

— નર્મદા તટી દિવ્યૌષધી—

અને

—આત્મારામ ગોરનું મન્ત્ર વૈદુ—

મ્હારા અનુભવન પ્રમાણે જો કોઇ ઉતારો કરે તો એક મન્ત્ર વૈદુ નામનો ગ્રંથ તૈયાર થાય. પણ તે કોણ કરે-ભક્તજનો એકાંતિક હોવાથી એવી પ્રવૃતિઓમાં પડતા નથી. છતાં જ્યારે તમારા જેવા ગ્રાહક નજરે ચઢે છે, ત્યારે અનુભવ ઠાલવે છે. સાંભળો ટુંકામાં જણાવુ છું—

પ્રથમતો પ્રભાતના વ્હેતા નદીના જળથી ઘણા રોગો મટે છે. વળી તે જળ અમુક અમુક પાત્રોમાં, અમુક સ્થાને રાખવાની પધ્ધતિ જાણવાથી ઘણા રોગ મટે છે, જેનો મ્હને સ્વાનુભવ છે. જ્યારે હું પાઠશાળા ભણાવતો, ત્યારે મારા હાથ નીચેના વિદ્યાર્થિઓને પ્રાતઃકાળી ઉષઃપાન વિધીથી ઘણા રોગોથી બચાવતો.

વિર્યના દોષ, અને ક્લૈબ્ય એટલે પુરૂષાતનહિણ ઉપર પ્રભાતનું વ્હેતું પ્હેલા મોજાનું જળ અને મધ મિશ્ર કરી એક કોરા ઘડામાં રાખી મુકવું મધ જોઇએ તેટલું નાખવું એ ઘડામાં આ ઔષધોની પોટલી નાંખી મુકવી ત્રીફળા કે ગળો ગોખરૂ ને આમળાં એ એમાંથી ગમે તે એક રા તોલાના માપમાં [illegible] [illegible] દેવું અને તે પાણી. આખો દિ પીવું ગયાનું દુધ ચોખા મગની દાળ ઘઉ ફળ. વિ. ખોરાકમાં લેવું હવિષ્યાન જમવું જેથી ક્લૈબ્યના નપુંસકત્વ નાશ થાય છે. આ ઔષધી ખાનારે શંકરના ભક્ત થવુ અને क्लीं બીજ સાથે પંચાક્ષરી જપ કરવો,

જુઓ આ શંખ પુગી છે. જેને બળીયા કાકાને પસંદ કરવા

હોય, તેણે આ ફૂલ બળીયા દેવને ચઢાવવું એમ ગામડાના, રબારીઓ જણાવે છે જેને માટે મ્હારો અનુભવ એવો છે જે, શંખાવેલીનું પંચાગ ચુર્ણ મધ ઘી સાથે સાયંપ્રાતર ખાનારને અને હવિષ્યાન્ન જમનારને બુધ્ધિ બળ પ્રાપ્ત થાય છે. એટલે જડ જેવો ઢોબડ. રોગડ હોય તો પણ મેધા-વાન થાય છે. ઘણા બોબડાં બાળકો આ વનસ્પતિના સ્વરસ અને મધથી બોલતાં થયાં છે આ ઔષધીખાનારે સરસ્વતિના ભક્ત થવું અને એનું બીજમંત્ર જપવું ઐઁ સરસ્વત્યૈનમઃ

આ લીમડાનાં પંચાંગ એટલા બધા રોગોને મટાડે છે જે બીજી ઔષધીની જરૂર ન જ પડે માત્ર એકલો જ્યાં લીમડો હોય ત્યાં પછી બીજી વનસ્પતિની શી જરૂર ધન્વંતરી સ્વરૂપ એક લીમડો બહુ જ છે

જુઓ આ માટી સુંધો. આવી હૃદયપ્રીય ગંધવાળી માટીથી ઘણા રોગો મટે છે.

ઘણા શુષ્ક જેનામાં પૃથ્વી તત્વ ઓછું હોય છે એવાઓને આ માટી અને બકરીનું દૂધ. પીવાડવાથી શરીરે મોટા જાડા થયા છે અને કૃશતાથી બચ્યા છે लं બીજનો જપ કરવો.

લ્યો આ કાંટાવાળી બેઠેલી ભોરિંગણી એનાં ફૂલની પુંકેસરો, લઈ મધ અને પીપર સાથે ચટાડેતો છાતીના ફેફસાંનાં દરદો, અને શ્વાસથી થનારાં દરદો નાબુદ થાય છે. यं બીજનો જપ કરાવવો.

જુઓ આ મોટા દારૂડીઓ જેને કેટલા જંગલી એરંડો કહે છે. એનો ડુંખનો સ્વરસ, આંખોમા આજવાથી રતાંધળો અને ન દેખતો દેખતો થાય છે.

આંજવાની પધ્ધતિ. રવિવારે સવારમાં દીવસ ઉગતાં પ્હેલાં એ માણસોએ रं બીજમંત્રનો જપ કરવો અને ચક્ષુષોપનિષદના ૧ અનુવાકનો પાઠ કરવો આને આજ ઔષધીના બીજથી એટલે કાળા દારૂડીઆને વાટી અંદર છાશ તેલ નાંખી, ચામડીનાં દરાજ અને કોઢ રોગ ઉપર લેપ કરે, અને यं બીજનો જપ કરે.

સુર્યનો પાક કરે તો દરાજ અને કોઢ મટે છે.

આ બાળવનો ગુંદર ગુંદરનો પાક કરતાં જેને આવડતો હોય, તેની પાસે કરાવવો અને ઘી સાકર તથા દૂધ સાથે ખાવો. જેથી કમ્મરના સઘળા રોગો મટે છે.

માથાના રોગ માટે हं બીજનો જપ કરાવવો અને ત્રીફળા તો૦ ૩ જેઠી મધ તો ૧, સુંઠ તો ૧ મેળવી ગોળ ઘી સાથે ગોળી કરી ખવરાવવી કે હરડે તેલ અને ગોળ મિશ્રણ કરી આપવું ભેંસનું દૂધ પીવું ખોરાક હલકો અને એક વખત લેવો તેલની શીરો બસ્તી લેવી એટલે માથે તેલ ભરવું.

આંખના રોગ માટે ત્રીફળાની પોટલી નવા ઘડામાં પ્રથમના પ્રભાતી વ્હેણુના જળમાં નાખી પીવામાં લેવું ત્રણ વખત આંખમાં છાંટવા પણ લેવું અને ચોપડવા પણ લેવું પોતાં મૂકવાં છાંટી પાવું આંખ ધોવી પાણી છાંટતી વખતે ગંડુષ એટલે કોગળો ભરી રાખવા અને નેત્ર ઉઘાડાં રાખવાં પછી જળ છાંટવું.

વ્હેતા જળના પ્રથમનાજ વ્હેણુના મોજાનું જળ આંખમાં ૬૪ વખત છાંટવાનો માવરો રાખવાથી આંખો ચાંદા સુરજ જેવી રહે છે. આંખના દરદીએ रं वं નો જપ કરવો અને સદાય ત્રીફળા ખાવી કેમકે ત્રિફળાને અમુલ્ય ગણી છે.

નાકનાં દરદો માટે અનુભવીને રોગ જોઈ પૂછવું નસ્યનાં ઔષધો લેવાં.

દાંતનાં દરદો માટે હિરાદખણુ, માયુ, કપુર,, કાથો, અને એલચી સરખે વજને લઇ, એનુ મંજન બનાવી મંજન કરવાથી, કે પોલાણમાં ઘાલવાથી દાંતનાં દરદો મટે છે. એણે लं रं નો જપ કરવો જન અને અને શક્તિ હોયતો, દર અડવાડીયે કે ત્રીજે દિવસે, તેલનો કોગળો ભરવો, જ્યારે કોગળો રાખતાં ગલોફાં દુખવા માંડે ત્યારે કોગળો છોડી દેવો તલ ચાવવાની ટેવ રાખવી.

જીભનાં દરદો માટે—પંચામૃત પાન સાથે જેઠીમધ અને મધનું ચાટણુ સાથે હિમજ અને લવીંગ મોઢામાં રાખવાં અકલકરાનાં ફૂલ સાથે સોપારી જોઇતી લેવાથી જીભનાં દરદો નથી થતાં, ગરમીથી આવેલી જીભ માટે લીમડો જેઠીમધ અને સુખડના ઉકાળાના કોગળાથી મટે છે **रं राम** નો મંત્ર જપ.

કંઠના રોગો માટે-જેઠીમધ, આંબાનો મોર, વરીયાળી, સાકર, એલચી, દ્રાક્ષ, અને મરી નાખી ગોળી બનાવવાથી કંઠ કોકિલ સમો રહિ કશોય રોગ થતો નથી. **हं. यं. रं. बं. लं.** પાંચે બીજ મંત્રનો જપ

છાતીના રોગો માટે—દ્રાક્ષનો આસવ અને ચ્યવનપ્રશાદિ અવલેહ. એ ન મળે તો આ પીપળાની લાખ, જેઠીમધ, અને સાકરથી ઉકાળેલું દૂધ પીવાથી ઉર:ક્ષત છાતીની ચાંદી ક્ષય આદિ રોગો મટે છે-પ્રાણાયામથી છાતીના ઘણા રોગો મટે પણ તે માટે અભ્યાસી પાસે અભ્યાસ કરીને વર્તવું.

પેટનાં દરદો માટે—હરડે. પાચન અને સોડા મેળવી ખાવો અથવા છાશનો જ પ્રયોગ કરવો માત્ર છાશ ઉપર રેવું. ગાયનું મુત્ર ત્રીકુટ એટલે સુંઠ મરી અને પીપરના ઉકાળા સાથે પીવાથી સઘળાં પેટનાં દરદો નાબુદ થાય છે. માત્ર એકલી સુંઠ અને ગોળ ઘીની ગોળી પણ હરડે સાથે ખાવાથી ઘણા રોગો ટળે છે.

યં—બીજના જપ સાથે હનુમાનજીના ભકત બનવું

रीँ रां रौँ रां रीँ रां रौँ નો જપ કરવો.

પેઢાનાં દરદો એટલે—મુત્રાશયનાં દરદોમાં શિલાજીતવાળી ચંદ્રપ્રભા ગાયના મુત્ર સાથે કે મૂળાના રસ સાથે કે જવખારના પાણી સાથે, શરપંખાના પંચાંગનો સ્વરસ અને મધ પીવાથી બધાં દરદો દૂર થાય છે.

વરૂણ નારાયણના ભકત બનવું એટલે જળોપાસના કરવી અને જળની સરિતા કે તળાવની પરિક્રમા કરવી. वं. બીજનો જપ કરવો અને ચંદ્રદેવને ભજવા.

વિર્યનાં દરદો માટે. ભેંસનું દૂધ ભેંસને પાવું તે ભેંસનું દૂધ ત્રીજી ભેંસને પાવું અને તેનું ચોથીને એમ સાતમી ભેંસનું દૂધ વલોવી માંખણ કાઢી જાયફળ સાથે ખાવાથી વિર્યાશયનાં દરદો મટે છે. અને મર્દાઇ વૃદ્ધને પણ આવે છે.

ગળોની રસક્રિયા એટલે સંશમની ગોળી તેમજ રસાયનચુર્ણ એટલે ગળો, ગોખરૂ, આમળાં, ખાવાથી વિર્યની પીડાઓ મટે છે.

यं रं वं મન્ત્ર જાપ અને મહાવીર પુજન ભકિત કે શંકર ભકિત કરવી.

ઝાડાનાં અતિસાર સંગ્રહણી એટલે મળાશયનાં દરદો માટે.

વિજયા, બીલી, દાડમ, જેઠીમધ, અને તુરાઝાડની છાલ બાવળની છાલનો ઉકાળો કે સ્વરસ પીવો.

છાશનો પ્રયોગ કરવો ગાયની છાશ સર્વોત્તમ लं रं નો જપ મળાશયનાં દરદો માટે ઉપવાસ અને અન્ન ત્યાગ પંચામૃત કે દુગ્ધપાન કે તક્ર પાનથી શાંતી થાય છે.

વૈદ્ય કે ભકત તપસ્વીના હાથનો પાક ખાવાથી સંગ્રહણી જેવાં દરદો શાંત થાય છે.

ચામડીનાં દરદો માટે માટી ગાયનું છાણ લીમડાનો રસ કપુર અને ઘી, ના મલમનું લેપન રકત વિકારનાં દરદોમાં મંજીષ્ટાદિ ક્વાથ અને ગંધક ખાવાથી તેમજ સુર્યકવચ કે સ્તોત્રપાઠ અને સુર્ય બીજ મંત્રના જપથી ઉપદંશ ગરમી અને રકતપિત્ત જેવા મહાન દરદો પણ મટે છે. અસ્તુ

મન્ત્રાયુર્વેદનો ગ્રંથ તૈયાર થતાં લોક સેવામાં રજુ કરવા ઇચ્છા છે.

શેઠજી હવે મ્હારો સ્નાન કરવાનો સમય થયો, એટલે હવે હું છૂટો પડીશ. આપ નિમ્બ દાતણ લઇ ઘરે પરવરો; હું સાયંકર્મ પરવારી આવું છું.

શેઠ—પ્રભુ હું પણ સ્નાન કરી લઉ, અને આપને વિનવું છું જે આપના અનુભવનું મંત્રાયુર્વેદ મ્હને અર્પો. જેનો હું લોક નિરોગીતા માટે પ્રકાશમાં મૂકી મ્હારી પ્રાણો પાસનાની અગત્યમાંની અગત્ય ફરજ અદા કરૂ.

આત્મારામ—ભકત શેઠજી! સાંભળો, જે માટે મ્હારો તો વિચાર એવો છે જે આપ જ્યારે નિવૃતાશ્રમમાં અત્રે નિવાસશો ત્યારે આપણો પ્રાણોપાસના. ધર્મે ધર્માદા આયુર્વેદ મંદીર ખોલશું અને તે સમયે તમો જણાવો છો તે સઘળુ કરશું! શેઠ રાજી થયા અને સ્નાન કરી ઘર તરફ વળ્યા.

સાયંઆરતિથી પરવારી; રાત્રીના ૯ વાગ્યા પછી વેદ મન્ત્રોદ્ગીથ ના ઉત્સવમાં સઘળા વેદીયાઓ, તેમજ જાણીતા સબંધીઓ, આવી ગયા. અને યજમાન શેઠ જીવરાજની ગુરુ દિક્ષા લીધા પ્હેલાં, વેદ મન્ત્રોથી શુદ્ધી કરવા આત્મારામ ગોર દેવની અનુમતિ લીધી.

પ્રથમ ઋગ્વેદના ઘનપાઠીઓનું ઉદ્ગીથ થયું. તે પછી યજુર્વેદ, સામવેદ, અને અંતેઅથર્વણ વેદ ગાન કર્યું.

ગુજરાતમાં ચારે વેદના ઘનપાઠી બ્રાહ્મણોનાં દર્શન કરવાની ઇચ્છાવાળાને ચાંદોદમાંજ દર્શન થાય છે. કદાચ કાશીમાં કે એકાદ બે અન્ય સ્થળે ચારે વેદના ભુદેવો મળશે.

આજથી ૨૦ વર્ષ પ્હેલાં જ્યાં બ્રાહ્મણોનો થોડો ઘણો જથ્થો જણાતો, ત્યાં વેદના ભણેલા અને કર્મઠ બ્રાહ્મણોનાં દર્શન થતાં, તે હાલમાં નથી તેનું કારણ, અમો બ્રાહ્મણોજ. કેમકે પ્રજાની રૂચી જેમ જેમ પશ્ચિમી સંગમાં જોડાતી ગઇ તેમ તેમ આપણી પૂર્વિ રીતી

નીતી તજાતી ચાલી એની સાથે બ્રાહ્મણો પણ યજમાનોની રૂચી જાળવતા થયા. અને વેદશાસ્ત્રોનાં પઠન પડતાં મૂક્યાં, માત્ર ઉપર ટપકે યજમાનોને બતાવવા, ઉપરનું ભણતર તાજુ રાખ્યું. જેથી ઉભયને હાંની થવા લાગી. યુરોપી ભણતર ભણેલા ભુદેવો. અલમદારો થવા લાગ્યા, નોકરી કરવા લાગ્યા, જેમાં યજમાનવૃતિ કરનારા સગાઓ શરમાયા, અને પોતાનાં બાલકોને ગુરુપદ–ગોરપદમાંથી વંચીત કરી નોકરી કરવાનું ઉત્તેજન આપ્યું એટલે અમારી બ્રાહ્મણ વિદ્યનો પ્રચાર નરમ પડયો. છતાં ચાંદોદમાં જ્યાં સુધી ગોર યજમાનની પદ્ધતિ રહેશે ત્યાં સુધી ધર્મશાસ્ત્રો અને કર્મશાસ્ત્રો તથા વેદ વિદ્યા રહેશે. શ્રીમહારાજ કાશીકર દેવ, ચાંદોદમાં પધારી ઘન પર્યંત વેદનું વેદ સોંપી ગયા છે. એ પ્રભુએ જેને સોંપેલા, તે બ્રહ્મર્ષિઓએ પોતાના સંતાનોને વેદ સોંપ્યા છે.

ચાંદોદના ગુરુ દોલતરામ મહારાજ, અને કરનાલીના ગુરુ ગંગાશંકર ઘનપાઠી, તેમજ વેદપુરૂષ ભાઈ અંબુદત્ત શર્મા, ગુજરાતમાં ઘનપાઠી તરીકે પ્રસિદ્ધ છે. જેમણે ચાંદોદના બાળકોને વેદ સમર્પવા ઘણા યત્નો કર્યા છે. દર વર્ષે આષાઢી પુનેમને દિવસે યજુર્વેદ સંહિતા પારાયણોત્સવ ઉજવવામાં આવે છે વેદ સ્વરૂપ ગુરુ મહારાજ કાશીકર દેવની છબી અને પૂજન સાથે: ગામના સઘળા વેદ ભણેલા બ્રાહ્મણો એકત્ર થઇ. સવારના ૮ થી સાંજના ૭ સુધીમાં ઉત્સવ પૂરો કરે છે. જે દિવસે કાશીવિશ્વનાથના દામેશ્વરના દેવળમાં, પ્રાચિન ૠષિઓની પરિષદ જેવું દર્શન થાય છે. અને જેનાથી ગામના જન સમાજમાં પણ દેવ બુદ્ધિ રહે છે. અસ્તુ વસન્ત પૂજનનો ઉત્સવ જોઇ શેઠજીએ દરમાસે આ વેદગાનોત્સવ ઉજવવા અમુક રકમ કાઢી, અને જેના વ્યાજમાં ચાંદોદના વેદપાઠીઓ દરમાસે મન્ત્ર જાગરણનો ઉત્સવ ઉજવે.

શેઠે પ્રાર્થના કરી જે હે ચાંદોદમાં નિવાસંતા ભુદેવો ? ભલે તમારા

સંતાનોને પશ્ચિમાત્ય ભણતર ભણાવો પણ ખાસ કરીને યજમાનવૃતિનાં સઘળાં કર્મો અને બ્રાહ્મણવૃત્તિનાં ષટકર્મો, તથા સ્વવેદનું પઠન ભણાવવાની પદ્ધતિ કાયમ રાખજો. ભળ્યું શું! યજમાનવૃત્તિમાં મળે છે! એવી નબળાઈ બતાવી નોકરી કરાવવા માટે બ્રાહ્મણ કર્મ ધર્મોને જતાં કરવાં, અને યજમાન વૃત્તિને તજી દેવી, એવું ન કરશો હવે થોડા અરસામાં બ્રાહ્મણો ઉપર પ્રજા ભાવવાળી થશે. અને પોતાના ગોર ભુદેવના કહ્યામાં અનુસરશે.

દરેક કૂળમાં અને કુટુમ્બમાં ગોર દેવ હોય છે, એનું કારણ તે કુટુમ્બના વડીલોએ, ગોર એટલે દેવો સાથે સબંધ રાખતા ભુદેવોને પૂજ્યમાની કલ્યાણી કર્મોના આચાર્યપદે રાખ્યા. જ્યાં જ્યાં ગોર! એટલે ગુરુદેવના કહ્યામાં જે કૂળવર્તે છે તે સઘળાં કૂળો કુશળ હોય છે. ગોરદેવ પણ તેમના દેવ રૂપજ હોય છે. માટે ગોર યજમાનની જુની તારક પદ્ધતિને ભૂલી ન જતાં સદાય તાઝી રાખવા મારી ભલામણ છે. અરતુ સઘળા ભજનાનંદ કરતા શયન કરે છે અને આવતી કાલે ગુરુવાર છે એટલે વેળાસર વ્હેલા ઉઠાય તે માટે પરસ્પર બાળકો વ્હેલા ઉઠાડવા વિનવતાં સુઇ જાય છે.

શેઠની યાત્રાનો ૫ મો દિવસ.

શ્રી રૂણમુક્તેશ્વર તિર્થનું મહાત્મ્ય.

સાધુ હૃદયી યાત્રાળુ દેવ......હરનર્મદે ?

તમો માનવ વૃતિમાંથી, લોક વ્યવહારમાંથી, જગપ્રવૃતિમાંથી, નર્મદા તટી તિર્થયાત્રામાં આવ્યા, એટલે જ્યાં સુધી તિર્થોમાં નિવાસો ત્યાં સુધી દેવજ ગણાઓ. એટલે વંદન અને દેવજનો પાસે દેવ લોકનીજ ચર્ચાઓ ચર્ચાય, દેવકર્મોજ થાય, એ ભાવે આ તિર્થયાત્રાના મહાત્મ્યમાં આપની ચિતવૃતિને કાયમનો દેવભાવ રહે. એટલે દૈવીજ ચર્ચાઓથી સઘળાં તિર્થોએ શેઠજીને ફેરવી, કલ્યાણકર બાબતોજ રજુ

કરી છે. રાજસી અને તામસી લખાણોથી સાહિત્ય ભરપુર થઇ ગયું છે. હવે સાત્વિકી લખાણો થોકેલાંની નજરે ચઢવાં જોઇએ. એ ઈશ્વરી અનુજ્ઞાથી યોજક કલ્યાણી વિચારોનેજ ચર્ચે છે—અસ્તુ

આજે ૠણમુક્તેશ્વર તિર્થે સ્નાન કરવા, અને તિર્થદેવ પૂજનાર્થે, આચાર્ય શ્રી ધનશંકર શર્મા સાથે શેઠજી અને શેઠજીનું કુટુમ્બ, તેમજ અન્ય આત્મારામજીને ત્યાં આવેલા યાત્રાળુઓ જાય છે. સઘળાં તારાસ્નાની થયાં હતાં એટલે વેળાસર ગૃહસ્નાન પરવારી સૂર્યોદયે ૠણમુક્તેશ્વર તિર્થે સંચર્યાં.

આ તિર્થદેવ પ્હેલાં નદીતટે આવેલું એક જુનું દેવળ છે ત્યાં હતાં પડી જવાથી માંડવા સરકારે તેના પૂજારીને કરનાલી જતાં રસ્તા ઉપર જગ્યા આપી નવું બાંધવા વ્યવસ્થા કરી આપી એટલે હાલમાં ૠણ-મુક્તેશ્વર તિર્થદેવ નવા મંદિરમાં બીરાજ્યા છે.

સઘળાં તિર્થસ્નાન કરવા માટે તિર્થદેવની સિધ્ધિ લીટીમાં નદી તટે ગયાં અને જ્યાં ફીણ વળતું જણાયું ત્યાં સ્નાન કરતા. પ્હેલાં તિર્થ મહાત્મ્ય સાંભળવા બેઠાં.

પ્યારે યાત્રાળુ ! તમો પણ આ પદ્ધતિને ગ્રહણ કરજો. જે તિર્થ સ્નાન કરવું, અને તે તિર્થનો ઇતિહાસ ન જાણવો, એ શ્રદ્ધા વિહિ-નનાં કામ છે. હમણાં સુધરેલા ભાઇઓ અન્ય દેશમાં કે આપણા દેશમાં મુસાફરીએ જાય છે, ત્યારે તે સ્થળોની હકીકત ઇતિહાસ ખાસ પ્હેલેથી જાણવા માટે મળતું સાહિત્ય મેળવે છે. એ પદ્ધતિ આપણી પાસેથીજ એઓને મળી છે. તિર્થ મહિમા જાણીને સ્નાન કરવું. જેથી હૃદયભાવો બદલાય છે. અને જો તિર્થદેવ પ્રસન્ન થાય છે, તો સદ્-ભાવનામાં તિર્થસ્નાનનું ફળ આપવા શ્રદ્ધા ઉભરાવે છે.

શેઠજી અને શેઠાણી આદિ સઘળુ મંડળ હવે પૂર્ણ શ્રદ્ધાવાળુ દેવમય બન્યું હતું. એટલે ધનશંકર મહારાજને તિર્થમહાત્મ્ય સંભળા-વવા વિનવે છે.

ધનશંકર મહારાજ સઘળાંને ૠણમોચન તિર્થનું મહાત્મ્ય સંભળાવે છે.

માર્કંડેય ૠષિ—કપીલેશ્વર તિર્થથી થોડુંજ દૂર માંડવા સ્ટેટના દવાખાનાથી નવા દેવળવાળુ ૠણમુક્તેશ્વરનું ધામ છે. એની સામેજ જુનું દેવળ તટ ઉપર આવ્યું છે. ત્યાં તિર્થસ્નાન થાય છે.

મ્હેતર લોકના ઘાટની પાસેજ બે ત્રણ વામ આ તિર્થનું સ્નાન થાય છે, ત્યાં સઘળાં બેસી તિર્થ મહાત્મ્ય શ્રવે છે.

આ તિર્થ ૠષિ બ્રાહ્મણોએ સિદ્ધ કરી સ્થાપન કર્યું છે. જો કોઈ મનુષ્ય ભક્તિ ભાવથી, છ માસ સુધી દેવ પિતૃ તર્પણ કરી, તપશ્ચર્ણ કરે છે, તો તેનાં ત્રણે ૠણ નક્કી ટળે છે. તે ૠણથી મુક્ત થાય છે.

આ સંસારમાં જીવોથી ઘણાંનાં ૠણ રહિ જાય છે. એટલે તે ૠણના સંશયો, મરતા પ્હેલાં ટળી જવા; આ તિર્થે સ્નાન કરવું. વળી જે જન ૠણમાં ફસાયેલો હોય છે, તે જો આ તિર્થ અને તિર્થ દેવ ઉપર તપ કરી ભજે છે તો, ૠણથી મુક્ત થાય છે. એવાં ઘણાં દૃષ્ટાંતો મળ્યાં છે. હાલમાં પણ ચાંદોદની વસ્તિ અને ભાવિક ગોર દેવો તિર્થમાં આવતા યજમાનોને ૠણમાંથી છૂટવા, આ દેવની બાધા રખાવે છે. જેથી ઘણા જનનાં ૠણ મુક્ત થાય છે. અને બાધાઓ મૂકી જાય છે.

જીતેન્દ્રિય રહિ, સ્નાનથી, અને ૠણનો નાશ કરનારી સર્વ ઉપસ્કર દાનની પદ્ધતિ પાલનથી. અને ધેનુ દાનથી અને શ્રદ્ધા વિધી પાલનથી અવશ્ય તે ભક્ત ત્રય ૠણથી મુક્ત થઈ ચિરકાળ સ્વર્ગમાં સુખ પામે છે. આ તિર્થમાં વધારે ચમત્કાર તો એછે જે સાચા ભાવિક અંતરવાળાનાં પાપ ટળી જવાની ખાત્રીમાં પાપો ફીણ રૂપે પ્રત્યક્ષ દેખાય છે. નાસ્તિકોને આ બાબતમાં હસવુંજ આવે એ શું વળી પાણી ઘસાતુ હશે એટલે ફીણ થતું હશે પણ તેમ નથી. નર્મદા પુરાણની
છે જે તિર્થદેવનું અને તિર્થનું એટલું બધું બળ છે જે પાપો

ક્ષીણ થઇ રહેતાં જણાય છે. માટે ૠણથી મુક્ત થવા હે શ્રદ્ધાળુજનો! આ તિર્થનો આશ્રય કરો. હમણાં તો પરસ્પર માનવોમાં એવાં ઘણાં કારણો બને છે જે, ઘણાજનો ઘણાંના ૠણમાંજ હોય છે. જેમકે ફલાણું ફંડ કર્યું અને એમાં દાન આપનારને એ ફંડનું ધારેલું કામ સિદ્ધ થયું એમ ન અનુભવાય તો, તે ફંડ લેનાર સઘળાંનો દેવાદાર જ ગણાય એટલે સહજ રીતે સમાજના દેવાદાર ઘણા જણ થાય છે. છે. એવાઓ ઉપર કૃપા કરી ૠષિઓએ પહેલેથીજ વિચારી આ તિર્થ સ્થાપ્યું છે.

શેઠ—આચાર્ય દેવ! અહોહો શું ૠષિ દેવોની દયા વર્ષિ રહિ છે. ભારતના જીવો ઉપર ખરેખર હમણાં તો સામા સામી ઘણા લોક ૠણમાંજ મરે છે. પિતૃૠણ, દેવૠણ અને મનુષ્ય ૠણ્તો, એ ત્રણ ૠણમાંથી છૂટવાની બાબત તો આઘી રહી પણ પરસ્પરના લેણ દેણનાં ૠણો રહિ જાય છે. મુબાપમાં તો અવળી પાઘડી મૂકવાની ટેવ પડી ગઇ છે. તે એટલે સુધી કે સારા સારા મહાત્મા યોગીઓ પ્રજાના ૠણમાં ફસાયેલા અભ્યાસ કરતાં માલમ પડે છે. કોઇએ અમેરિકાનો સોનાનો કપાસ લેવા ભક્તજનો પાસેથી લક્ષ્મિ લીધી, તો કોઇએ સ્વરાજ્ય અપાવવા લક્ષ્મી લીધી. કોઇએ નાતીનાં બાળકોના ઉદ્ધાર માટે તો કોઇ નાત સુધારવા, કોઇ પરબડીઓ માટે તો કોઇ પરબો માટે, કોઇ અમુક સુધારણા કરવા માટે તો કોઇ પોતાના વિચારમાં બંધાઇ ગયેલાને આમ તેમ સમજાવી દેવ નિમિત્ત, દાન નિમિત્ત, પરોપકાર કરવા નિમિત્ત, લક્ષ્મી લઇ લક્ષ્મી આપનારના કરજદાર ૠણી રહે છે: એવાઓને માટે આવાં તિર્થ ન કર્યાં હોત તો જરૂર મરતાં મરતાં સંશય રહિ જાય, સ્મૃતિમાં આવી જાય, અને જીવ તે ૠણ પૂરાં કરવા જન્મ ધરે એ સંશયો અને એ કર્મો ટાળવા આપણા વૃદ્ધ ૠષિ દાદાઓએ અગમની વિચારી લોકસંશય નિર્વાણાર્થે

આવાં તિર્થોનું સ્થાપન કર્યું છે. ધન્ય ધન્ય.

વળી જેને માથે રૂણ છે એવાઓ પણ આ તિર્થની અને દેવની આધાઓ રાખવાથી રૂણમુક્ત થાય છે. એવું અત્રેના વતનિઓ જણાવે છે. અને મ્હેં મુંબાઇમાં પણ સાંભળેલું એટલે હે તિર્થરાજ ! અને તિર્થદેવ ! અમારાં રહેલાં સર્વ રૂણોમાંથી અમોને મુક્ત કરજો.

એમ શેઠજીએ ભાવપૂર્વક પ્રાર્થના કરી અને સઘળા સ્નાન કરી તિર્થદેવ પૂજનાર્થે દેવળમાં આવ્યા. દેવળમાં આવી તિર્થદેવ પૂજન-વિધિ પરવારી સઘળાં ઘર આગળ આવે છે.

ભોજનના સમયે એટલે ૧૨ વાગતાં.

આત્મારામ ગોરદેવ—કેમ શેઠજી ! તિર્થસ્નાન દેવપૂજન થયાં ?

શેઠજી—હાજી ! ! પણ આટલી બાબત આપે લક્ષમાં લઇ ગામજનો સાથે મળી સુધારો કરવા જેવો છે.

આત્મારામ—કઇ જણાવો શેઠજી !

શેઠજી—જો આપને યોગ્ય જણાય તો આ બાબત ધ્યાનમાં લેવી, હું ઘર્પો ભાવથી નથી જણાવતો પણ હૃદયથી જણાવું છું

આવા તિર્થ અને તિર્થદેવોના મંદિરમાં કે. સ્થળોમાં પૂજારીઓ પોતાને ગૃહસ્થાશ્રમ અલગ વર્તાવે. અને માનુષિક દૃશ્યો યાત્રાળુઓ-નાથી દૂર રાખે તો યજમાનની પૂજકની, શ્રધ્ધા કાયમની દેવ વૃતિમાં રહે કેમ! પ્રભુ આ મ્હારૂં કે'વું યોગ્ય છે ને !

આત્મારામ—યોગ્ય, અને વર્તાવવા જેવું પણ આપ જેવા મોટા શ્રીમંતો અત્રે નિવાસી, રાજસત્તાને મળી નિયમ બંધાવે તો વર્તાય.

શેઠજી—પ્રભો ! તિર્થ શોભાવક મંડળી સ્થાપન કરી ઘણા તિર્થોમાં આવી સારી વ્યવસ્થાઓ થઈ ગઈ છે. આપની આજ્ઞા હોય તો અત્રે વસાવીએ.

આત્મારામ—ભલે! ભલે! સિધ્ધં ભવતુ—પરમાત્મા આ સંકલ્પો સિધ્ધ કરો—આમ વાતો કરતા. સઘળા આનંદથી દિવસ પસાર કરે છે. અને રાત્રીના ગુરુવાર હોવાથી ચાંદોદના એક ગૃહસ્થ ગોરદેવનાં ઘર ધણીયાણીની ગઇ કાલની માગણી હતી એટલે સઘળાં રાત્રીના ભજનોત્સવાર્થે ત્યાં જવા તૈયાર થયાં

આત્મારામ મહારાજનું ચાંદોદની વસ્તીની પાસે પ્હેલુંજ હરિકીર્તન.

ચાંદોદના એક ધનાઢય ગોરદેવને ત્યાં, આજે રાત્રીના ભજનોત્સવમાં આત્મારામ મહારાજ ભજનાર્થે આવે છે એવું જાણી ઘણા, ચાંદોદના ગોરદેવો અને ગોરાણીઓ, તેમજ સઘળાઓને ત્યાં આવેલા યાત્રાળુ જનો સહ આવવા માંડયાં

કમળાબાઇ અને- હરગોવિન્દ પંડયાએ સઘળાંને યોગ્ય વ્યવસ્થાથી બેસાડયાં અને રાજી થતાં સઘળાં આવ્યાં છે, એટલે રાજીપો જણાવવા માંડયાં.

આત્મારામ ગોરદેવ અને શેઠ શેઠાણી વિ—આની પુચ્યાં અને સભા ભરાઇ ગયેલી જોઇ, ભજનનો આરંભ કરવા પંડયાજીની અનુમતિ. લીધી—કમળાબાઇએ અને પંડયાજીએ આત્મારામજીને ગંધાક્ષત કર્યાં અને પધરાવેલા આત્મારામજી ના. ઇષ્ટ શિવદત્તનાં પૂજન ધૂપ દીપ ભાવથી રજુ કરી આ ભજનારંભ થતાં પ્હેલાં સર્વે સ્ત્રી મંડળને ઉપયોગી બોધામૃતની માગણી કરી.

આત્મારામ—આજે મ્હારાજ ગામની ચાંદોદ ના, ભુદેવોની વસ્તી પાસે, પ્હેલુંજ ભજન કરવાની મમેષ્ટ શિવદત્તે આજ્ઞા કરી એટલેજ સૌ. કમળાબાઇને મ્હેં ભજન કરવા કહ્યુલ્યું, જેથી શિવદત્ત દાદાની જય ઉચ્ચરો—હું વધારે વખત નહિ લઉં: કેમકે મ્હારો વિચાર મ્હારા ઘરમાંથી, ઉપદેશ કરે એવો છે.

ચાંદોદ નાં સઘળાં બાઇ બ્હેનો આજે આવેલાં જણાય છે, અને તેઓ માટેજ બોલવા પંડયાજીનું ફરમાન છે. જેથી ઘરમાંથી ઉપદેશ કરે એ યોગ્ય છે. સઘળાં રાજી રાજી થઈ ગયાં અને સ્ત્રી ઉપદેશકની પ્હેલીજ પધ્ધતિ વર્તાય છે એ જાણી આશ્ચર્ય સાથે બોધ સાંભળવા તલ પાપડ થઈ ગયાં. નર્મદા સ્વરૂપ આત્મારામ દેવનાં ગૃહદેવી સૌ. રેવામાઈ.

"ચાંદોદની સ્ત્રી જનતાને ઉપયોગી બોધ-" નો આરંભ કરે છે.

રેવામૈયા—પતિદેવને ઈષ્ટદેવને સઘળા શ્રોતાજન દેવને, વંદન કરી સ્ત્રી વર્ગમાં બેઠાં બેઠાંજ બોધ કરે છે.

સાંભળો! શ્રી નર્મદા મૈયાના તટ ઉપર વસંતિ–રૂષિપૂત્રીઓ! શ્રવણ કરો, શ્રી નર્મદા મૈયાની કૃપા બળેજ હું બોલું છું–બ્હેનો! સઘળાં એમજ માનજો કે શ્રી નર્મદા મૈયાજ તમોને પોતાના તટની બાળકીઓ ધારીને વાત્સલ્યોપદેશ કરે છે ઓ અમ્બામાની વિભૂતિ ઓ!

સમાજમાં નેતાઓ, જાહેર રીતે આપણી પ્રાચિન મર્યાદાઓ ને ઉલ્લંઘવા જણાવે છે. અરે! જેમાં એટલું કડક બોલે છે જે, તમારા પતિ સ્વરાજ્યના કામમાં ન ભળે તો, તેની સાથે છૂટા છેડા કરજો પાશ્ચિમાત્ય પ્રજાના ચલણવલણ પ્રમાણે ચાલવુ હોય, તો તેને માટે એ કે'વું બરાબર પણ આપણી પૌર્વાત્ય પ્રજાના આદર્શે ચાલવું હોય, તો તેને માટે વિચારવા જેવું ખરૂં સમજુ વિજ્ઞાનીઓને શોધકો હવે શોધી શક્યા છે જે ભારતનાં સ્ત્રી પુરૂષોની મર્યાદાઓ અનેક યુગોથી ઘડાતી આવી, પાકે પાયે દૃઢ થઇ ગઇ છે અને તે અન્ય દેશની પ્રજાઓના અનુભવ અને ચલણથી ઘણે દરજ્જે સર્વ શ્રેષ્ઠ કુદરતી પાળવા જેવી છે,

પ્રકૃતિ એ પુરૂષ બ્રહ્મની છાયા છે. એટલે છાયા બ્રહ્મનેજ અનુસરે કદી સ્વતંત્ર વર્તેજ નહિ એ ન્યાયે ઘરની બાયડીને પણ સ્વતંત્રતા

જોઇએ એવી વર્તમાન સમાજમાં મનાતી, અને પાળવા માટે વિચારાતી ભાવના, માનસિક ઉન્માદની ઘેલછામાંજ ગણાય માટે બ્હેનો! બાઇઓ! સુધરેલીઓના સંગે જોજો ખેંચાશો નહિ, અને વર્તવા ઇચ્છશો નહિ. એક ગામડાની તલાવીયણ એક દિવસ એક જણને સાપ ઉતારતાં બોલે છે જે, હે સુરજ-દેવ! તમો જાગતા-જીવતા દેવ છો, અને સદાય,-અમારા સાક્ષી છો, એટલે જો જોતાજ હોતો જો હું મારા ધરવાળા વિના અન્ય ભાયડાના, સ્પર્શ-સંગમાં નહઉતો હે-ભાણ આ ભાઇને કરડેલો સાપ ઉતરી જજો. તે સાપથી કરડાયેલો ભાઇ બેઠા થઇ, બાઇને પગે પડી. વિદાય થયો. એવું આપણી નીચ કોમમાં વર્તાઇ રહેલુ પ્રાચિન બેરાંનું સત્ય હવે આપણે વ્હોરીએ, અને ખાત્રી કરી આપી એજે પુરૂષ બ્રહ્મને, જે, પ્રકૃતિ, પ્રત્યે સ્ત્રી તે પુરૂષની છાયા, તે છાયાજ છે. જે માટે આ મ્હારી **ભારતી દેવી** ક્ષેત્ર સુધારણાર્થે પ્રાર્થના—સાંભળો.

(હાકપડી એ રાહ)-**ગરબી**—

ભારતીય માતૃદેવી જાગજોજી રે!
હદ થઇ હવે તો બ્હેની ચેતજો—
અમ્બા માટીની પાસ માગજો જીરે-
રક્ષો પાતિવ્રત ટેક જો— હદથઇ—૧

અનો કોઇ અનસુયા શાંડિલી સમાહાં
અરૂન્ધતિ મૈત્રેયી ગાર્ગિ સમાંહાં
શોભાવો પૂર્વે સતી ક્ષેત્ર જો— હદથઇ—૨

ક્યાં છે એ રામકૃષ્ણ જન્મ આપનારી,
દેખાડો કોઇ પતિ દેવ માનનારી
ઝળકોજી ઠારો હિન્દ નેત્રજો— હદથઇ— ૩

સંખણી શીંકોતરીઓ ગર્ભમાંજ મરજો-

ઘેર ઘેર સતયુગી હંસીઓ અવતરજો.
દીપાવો ભારત સ્ત્રી નેકજો— હૃદયથ—૪

ભૂલેલાં ભૂલતજી પાછાં સૌ ફરજો,
કન્યાઓ ભણી ગણી હંસ દેવ વરજો
સોંપો ભારતને દેવ પૂત્ર જો— હૃદયથ—૫

જગદમ્બ ! આર્ત સુણી વ્હારેમા ચઢજો
દૈવી ગુણોથી પાછુ સ્ત્રી ક્ષેત્ર મઢજો
અંતે તમારામાં ખેંચજો— હૃદયથ—૬

તપની રેવાને તીરે ચૈતનડી ગાવે
આત્મ દેવ પ્રાણને પુરૂષ બ્રહ્મ ધ્યાવે
પાળી ગુરુદેવદત્ત ભેખજ— હૃદયથ—૭

આશ્ચર્યોઆ !—આપણા ચાંદોદના સ્ત્રિ વર્ગ માટે, ભ્રષ્ટ યાત્રાળુઓએ, બ્હાર ગામોમાં નિંદ્ય બાબતો પ્રસરાવી છે, પણ. તેથી નર્મદા તટી તપસ્વી બ્હેનોને, શું વાંધો નડે એમ છે ભલે ! બુરા બુરાઇ કર્યાંજ કરે, એથી ભલાં ઓને શું !

આ આપણી શેઠાણીજી મુંબાઇથી આવ્યા ત્યારે, બીજે દિવસે વાતમાં જણાવતાં હતાં જે, ચાંદોદના બૈરાંઓ ચોર—જુઠ્ઠાં, બેશરમાં મર્યાદા ભંગી છે. એ. એમના. મગજમાં ઘુસાડેલી અન્ય નીચ યાત્રાળુઓની જુઠી ખબરો, જ્યારે તેઓ અત્રે પાંચ છ દિવસ રહ્યાં, અને સ્વનજરે જોયુ ત્યારે હવે તેઓ પશ્ચાતાપકરી આપણા ઉપર ભાવવાળાં અને માન નજરે જોતાં બન્યા છે.

બ્હેનો ! તમારો તમારા પતિદેવનો ઘર સંસાર ચલાવવાનો—યજમાન વૃત્તિનો ધંધો અને તે માટે ઘડાયેલું વર્તન, અને યાત્રાળુઓ માટે પોતાના પતિની સેવામાં રહેવાનુ તપ જોઇ, અભ્યાસક બ્હેનો તો પૂજ્યભાવજ અનુભવશે. ખરેખર ! ચાંદોદના કે તિથમાં વસતા

ગોરદેવોનાં બૈરાં, યજમાનને પોતાના સંબંધી અને શિષ્યભાવવાળા જાણી બચ્ચાંઓ પેઠે સંભાળ લેછે, એ જોઈ પ્રાચિન ગુરુપત્નિઓ યાદ આવે છે,

ભ્રષ્ટવૃતિલા યજમાનો આવા ભાવને ખોટા વર્તનમાં ઠરાવે અને મનાવે, એથી શું !

એમનાં કરમ એમને નડે, માત્ર આપણે આપણા ઉપર જણાવેલા ભાવવાળા વર્તનમાં કસ્તર જણાતું હોય તે કાઢી નાખી, માત્ર આટલો સુધારો કરવો.

મ્હને ઘણા વખતથી આપ બધાને એકત્ર કરી જણાવવાનો વિચાર હતો, પણ આવો યોગ નહિ, એટલે આજે આપ બધાં સાંભળી સ્વિકારશો.

ચાંદોદની ગુરવાણી યાને ગોરાણીઓને કરવો જોઇતો સુધારો.

૧ આપણે સ્ત્રી વર્ગે, યજમાનોને લેવા સામા જવું નહિ ભલેને તે તે પછી વૃદ્ધ અને મોટેરાં હોય પણ જવુંજ નહિ.

૨ આવેલા પુરૂષ યજમાનો સાથેના પરિચયમાં પુરૂષનેજ વાતચિત કરવા રાખવો. તે પુરૂષ સગો કે ઘરનો હોવો જોઇએ.

૩ ગોરદેવની હાજરી વિના યજમાનોને આપણા ઘરમાં ઉતારવા નહિ. અન્ય ઘરમાં ભલે ઉતરે. અને ગોર આવે ત્યાં સુધી સગો પુરૂષ કે દીકરો ભાઇ તેઓ સાથે મળે અને વાતચીત કરે.

૪ ગોર દેવલોક થયા હોય તો, દીકરીના પતીને એટલે જમાઇને કે દીકરાને ગોરના કાર્યમાં યોજવો. કોઈ ના હોય તો પાડોશીને વચમાં રાખવા.

૫ ભોજન કરવામાં યજમાનોની વૃતિને આધિન ન થતાં તમારા

વ્રત નિયમવાળા જીવનનોજ પરિચય કરાવવો. અને તે પ્રમાણે ઘરમાં થતુજ અન્ન એ લોકોને મળે એવુ કરવુ;

૬ જ્યારે યજમાન તિર્થમાંથી યાત્રા કરી વિદાય થાય ત્યારે છેલ્લે દિવસે બ્રહ્મભોજનાર્થે રસોઇ એમની એટલે યજમાનની ઇચ્છા મુજબ કરવું.

૭ સ્ત્રી યજમાન વર્ગને તમારો પરિચય આપી પતિદેવની સેવામાં પ્રિતી કરાવવી. અને તમારા વર્તન બળનો સંગ આપવો.

૮ દીકરી બ્હેનો વહુઓ આદી સ્ત્રી વર્ગને યજમાનો સાથે બોલવા ચાલવાનો, પીરસવાનો, અને છૂટથી વર્તવાનો પરિચય જરા પણ ન કરાવવો.

૯ યજમાનનાં કામ એમની સ્ત્રીયોજ કરે. અથવા સ્ત્રીયો ન હોય તો કામ કરનારી માછણ કરે તમારે ન કરવું, અને કદાચ કરવું તો ઓરડામાં રહિ બંધબારણે સામી નજરે તો નહિજ.

૧૦ ચાંદોદમાં આપણી બ્રાહ્મણની વસ્તી ઘણી છે. અને એમાં કન્યાની લેવડ દેવડનો વર્તાવ ગામમાંને ગામમાંજ છે. એટલે સબંધ ગાઢ થતો જતાં જે સૌભાગ્યવતીની વધૂ મર્યાદા છે તે લોપ થઇ છે. એટલે લાજ, શરમ, પડદો નથી રહ્યો. ચાંદોદના ઊભે બજારે બૈરાં–બ્હેનો દીકરીઓ પેઠે ચાલી જાય તેનુ કારણ આ છે તે ન વર્તાવવું. સ્ત્રી મર્યાદા પાળવી એટલે કારણ વિના ઉમરો છોડવો નહિ અને છોડી જવું પડે તો મર્યાદાથી લોકની આવજાવ વધારે ન હોય એવા રસ્તે

૧૧ યજમાનની રસોઇનાં ચોર આપણને ગણે છે. એ ન થવા દેવુ એવું યજમાનના દીલમાં આવ્યું છે. એમ દેખાતાંજ, તમારે રસોઇ ન કરવી, અને રસોઇઆને બોલાવી અલગ યજમાનની દૃષ્ટિમાં કરાવવી.

૧૨ કોઇ બ્હેનો લોભથી જણાવશે તો પછી એ અમારી કારીગરી વિના પૈસો કેમ એકઠો થાય તો એને મ્હારો જવાબ છે જે એવો પૈસો એકઠો કરનારા નિર્વંશમર્યા અને તાળાં દેવાયાં છે. ચાંદોદના ઘણા કુટુમ્બોના ઘરોમાં માટે એ નાશવંત કુલોચ્છેદ કારિગરી પડતી મૂકવી. અને બ્રાહ્મણ વૃત્તિનાં અયાચક તેમજ નિસ્પૃહ ઇષ્ટ રેવાના આશ્રયબળમાં નિસ્પૃહતા ધારણ કરવાથી યજમાન તમારી ઉપર પૂજ્ય ભાવવાળો થઇ ચોરી કરીને લેશો એના કરતાં બે ઘણું આપશે. છતાં જેને ટેવ પડી હોય તે ભલે વર્તે હવે થોડામાંજ ચોરી કરનારને રેવા મૈયા શિક્ષા કરશે. કેમકે રેવા મૈયાનેજ પોતાનો તટ પવિત્ર અને પવિત્ર નિવાસીઓ વાળો કરવો છે.

માતાઓ ! તિર્થમાં વસતી રૂષિ પત્નિઓના આદર્શવાળાં તમોને જોઇ હું રાજી થાઉં છું. અને યાચુ છું જે, ચોક્કસ ઉપરની બાબતો અમલમાં મૂકી નિચ યાત્રાળુઓની બોલી ઉપર આપણે વર્તાવથી હડતાળ મારવાની છે મુખ બંધ કરાવવાનું છે. નર્મદા મૈયા તમોને બળ આપો.

પ્રાચિન રૂષિ મુનીઓની સ્ત્રિઓનાં વર્તનથી, યાં તમો અજાણ્યાં છો! પુરાણો તો તમારાંજ છે, એટલે હવે આપણે એવાં બની ભારતના સ્ત્રી સમાજને આદર્શ આપવાનું છે નિર્થયાત્રામાં આવતી સન્નારીઓ તમારાં નર્મદા તટે તપવાળાં અને ગોરદેવોના ઉપર ઇશ્વર ભાવવાળાં વર્તનાચાર જોઇ આદર્શ લઈ જાય.

કેમકે આખા ગુજરાતનું ભાવિક સ્ત્રિ ક્ષેત્ર એક વખત તો અત્રે ચાંદોદમાં આવવાનુંજ એટલે ચેતવાનું છે. અને ગણાતું ગોરાણીઓનુ ભ્રષ્ટજીવન રદ કરવાનું છે. મ્હારો તો અનુભવ છે જે તિર્થમાં વસતાં ગોરાંઓ તપસ્વી વ્રતવાળાં અને, સનાતન નિતી મર્યાદને પાળનારા શ્રેષ્ઠ છે.

એકાદ બે એવી શંખણીઓના વર્તાવથી શું સત્ય વર્તાવ ઢંકાય ખરેકે? ઓય બ્રાહ્મણ! તિર્થમાં આવેલા શ્રોતાઓ! અને હવે આવનારા તિર્થાર્થિઓ! તમો ગોરાણીઓને ગુરુપત્નિ સમાં જોજો. અને સેવજો " તિર્થક્ષેત્રે કર્યું પાપ વજ્ર લેપ સમુ થતું " એ મુજબ અત્રે કરેલું માનસિક પાપ પણ વજ્ર લેપ સમુ થશે. માટે સંભાળજો.

એક કવી કહેછે કે.

કર. કછોટા. જીભડી.
તીનકુ રાખે વશ.
તીન ભુવનમેં હરેફરે
કોન કહેતું ખસ.

વિચરણમાં આ દુહો ઉપયોગી છે. એ ત્રણનેજ વશ રાખવામાં કુળવાન પણું છે. અને નિર્વિઘ્ન વિચરાય છે. નીચ મા બાપની ઉત્પત્તિ નિચ ભાવનાઓમાં કુળવાન તો. " કમનીય " સુંદર ભાવોમાંજ ઝુલે છે અને અન્યને ઝુલાવે છે.

૧ સ્ત્રી ધર્મ નિરૂપણ.
૨ ભામિની ભૂષણ,
૩ સતિ મંડળ. આદિ સ્ત્રી વર્ગને ઉપયોગી

ગ્રંથોનું વાંચન વાંચવા, શ્રવવા, એક સ્ત્રી સંયમ મંડળ સ્થાપવા. આપણાં બધાંનો વિચાર થાય તો સ્થાપીએ. અને ચાંદોદના. સ્ત્રી મંડળને, ગુજરાતના. સ્ત્રિ સમાજનું આદર્શ બનાવીએ.

બધાંયે હાપાડી, અને શેઠાણીના હાથે આવતા રવિવારે મંડળ સ્થાપણીનો વિચાર કર્યો. ગોરાણી રેવામૈયા! આટલું બોલી, અટકે છે. સૌની માફી માગે છે, અને ગોરદેવને ભજન કરવા વિનવે છે ગોર દેવ ભજન ન કરતાં થોડા ધ્યાનયોગ કરાવી ભજનની પૂર્ણાહુતિ કરે છે.

આવતી કાલે, પિંગલેશ્વર તિર્થે અને નંદાહ્રદ. માના તિર્થે સર્વેને આવવા જણાવે છે.

પિંગલેશ્વર તિર્થ અને નંદાહ્રદા તિર્થનું મહાત્મ્ય.

શેઠની યાત્રાનો ૬ ઠો દિવસ.

આજે ચાંદોદનું છેલ્લું તિર્થસ્નાન અને તિર્થદેવનું પૂજન પરવારવા સઘળાં આત્મારામ સાથે આવી ગયાં છે.

પીંગલેશ્વર તિર્થ.

નંદાહ્રદા તિર્થની પાસેજ છે. માંડવા સ્ટેટની ધર્મશાળાનાં પગથીયાં ચઢતાં પિંગલાવર્ત તિર્થના દેવનુ શિવાલય છે. જેનું સ્થાપન અગ્નિદેવે કર્યું છે. સઘળાં તિર્થસ્નાન કરવા ઉરી સંગમે આવ્યાં નર્મદાના વ્હેણુમાં સ્નાન કરી પિંગલાવર્ત તિર્થદેવનું પૂજન કરતા પ્હેલાં, સઘળા. મહાત્મ્ય સાંભળે છે

યુધિષ્ઠિર. રાય માર્કંડેય મહારાજને પૂછે છે. હે મહારાજ—અગ્નિએ પિંગ્લેશ્વરની સ્થાપના કેમ કરી તે કૃપા કરીને કહો!

માર્કંડેય રૂષિ—પ્રાચિન કાળમાં એક વખત એવું બન્યું કે. શંકર, પાર્વતિ સાથે વિહારમાં પડયા. તે વખતે સંપૂર્ણ જગત સ્થિર થયુ, ક્રિયાઓ બંધ થઇ કલ્પનાઓ અને સ્વાધ્યાયો પણ બંધ થયા. આમ થવાથી દેવતાઓએ શંકરને ક્ષોભ, કરવા સારૂ અગ્નિ ને મોકલ્યા. અગ્નિ દેવ કપોતનું રૂપ ધારણ. કરી એક જાળીયામાંથી અંદર ગયા, શંકરે દૈયા, પાસે આવેલા કપોતને જોયો દેખતાની વારમાંજ અગ્નિના મુખમાં વિર્ય નાખી ને વડે તૃપ્ત કર્યા અમીત તેજવાળા રૂદ્રે અગ્નિના મુખમાં વિર્ય મૂકયુ, અગ્નિ દગ્ધ થઈ પીંગલ રોગી થયા. અગ્નિ રોગીષ્ટ થવાથી તિર્થાટન કરવાનો નિશ્ચય કરી ફરતાં ફરતાં નર્મદા ઉપર આવ્યા આ તિર્થમાં અગ્નિએ કેવળ વાયુ ભક્ષણ કરી સો વર્ષ તપ કર્યું અને શંકરને પ્રસન્ન કર્યા.

મહેશ્વર—અગ્નિ—દેવનો વિચાર જાણી, બોલ્યા-જે હે વન્હિ દેવ,

તમે મ્હારી અહિ સ્થાપના કરો, અને ભજન કરો એટલે નિરોગી થશો અગ્નિદેવે—શંકરના વચનથી પિંગલેશ્વર નામના, શંકરની સ્થાપના કરી. તેમનું ભજન પૂજન કરી અગ્નિદેવ નિરોગી થયા અને પોતાના સ્થાનમાં ગયા. આ તિર્થમાં પિંગલેશ્વરના પૂજનથી શુક્ર દોષના રોગીઓ રોગ મુક્ત થાય છે.

જીતેન્દ્રિય રહિ ઉપવાસ કરવાથી, તત્કાલ ફળ થાય છે. ગરીબ કપીલાગાય, વત્સ, અને અલંકાર સાથે આપવાથી સર્વ પાપથી મુક્ત થઇ પરમગતિને પ્રાપ્ત થવાય છે–

આ તિર્થ સ્નાન દેવ પૂજન પરવારી નંદા તિર્થ સઘળાં આવ્યા, તિર્થ સ્નાન માટે ઉરી સંગમ પાસે સ્નાન કર્યું.

આ તિર્થ નર્મદા અને ઓરના સંગમ ઉપર પશ્ચિમ દીશાએ ઉચા ટેકરા ઉપર હતું તે હવે પડી જવાથી માંડવા સ્ટેટની ધર્મશાળામાં દેવીઓની મૂર્તિઓ પધરાવી છે જે માટે માંડવા સ્ટેટે નવું મંદિર બંધાવ્યું છે સ્ટેશન ઉપર જતાં, રસ્તામાં આ નંદાહ્દા દેવી માંડવા સરકારનાં કુલદેવી ગણાય છે. આઠમે અને દશમે ચાંદોદ અને માંડવાના લોકોનો મેળો ભરાય છે. નવરાત્રીના દિવસોમાં લોકો ઉત્સવ ઉજવે છે સાંજે બૈરાઓ ગરબા ગાય છે. આ દેવીની લોકોમાં બાધા બહુ ચાલે છે.

શેઠ શેઠાણી ધર્મશાળામાં સ્નાન કરી આવ્યાં અને માતાજીની મૂર્તિઓનું પૂજન કરી મહાત્મ્ય સાંભળવા બેઠાં માતાજીના માહાત્મ્યનો ગરબો ગાઇ સંભાળાવ્યો. પૂજારીએ

નંદાહ્દાખ્ય તિર્થ મહાત્મ્યનો—ગરબો—

(મા પાવાતે ગઢથી ઉતર્યા એ રાહ)

માડી શંકરજીને કરી સ્હાય. જય દેવી નંદામા,
ઋષિમુની દેવો ગુણ ગાય. જય મારી નંદામા.

થયાં પરમેશ્વરી પરગટ   જય દેવી નંદામા,
સૌ દૈત્યોને માર્યા ઝટ   જય મારી નંદામા.
સિંહહ ઉપર બિરાજ્યાં માત.   જય દેવી નંદામા,
આઠે ભુજમાં આયુધ દેખાય   જય મારી નંદામા.
આદિ શક્તિ સૌ દેવીઓની સાથ   જય દેવી નંદામા,
દેવો સઘળા નમાવે છે માથ,   જય દેવી નંદામાં.
હાસ્ય મુખોને ખૂબ ચિત્કાર   જય દેવી નંદામા,
બાણુ ધનુષ્ય ના ધુધવાટ   જય મારી નંદામા.
દેવ દેવી સૌ નિરખે યુધ્ધ   જય દેવી નંદામા.
રૂપ લીધું રૂદ્રીનું મહા ક્રુદ્ધ   જય મારી નંદામા,
દુષ્ટ દૈત્યો પોંચાડયા યમઘર   જય દેવી નંદામા.
કરી દેવો ઉપર ઘણી મ્હેર   જય મારી નંદામા,
ને દાર્થી બીરાજ્યાં છો અત્ર   જય દેવી નંદામા.
દેવ રૂપિ મુની સિદ્ધ કૃત્ય કૃત   જય મારી નંદામા.
સુર સ્તુતિ કરી હરખાય   જય દેવી નંદામા.
તેજ ગરબો ગાનારીઓ ગાય   જય મારી નંદામા,
વિશ્વજનની કલ્યાણીઓ માત   જય દેવી નંદામા.
ભય હરીને પાપ કરો નાશ   જય મારી નંદામા,
તમો દેવોને દીધો આનંદ   જય દેવી નંદામા.
નામનંદા પડયું જગવન્દ્ય   જય મારી નંદામા,
જ્યાં સુધી રેવા રે' પ્રખ્યાત   જય દેવી નંદામા.
ત્યાં સુધી અતિર્થે માત   જય મારી નંદામા.
કરો રક્ષણ સૌ ભક્તોનુ સત્ય   જય દેવી નંદામા.
કહે સ્નાન શ્રાદ્ધ પૂજન જેઅત્ર   જય મારી નંદામા,
પામે વાંછીત ફળ તે તરત   જય દેવી નંદામા.
વળી આઠમને નોમ ચૌદશ   જય મારી નંદામા,

રવિવારે પૂજે પામી હર્ષ જય દેવી નંદામા.
જો રાખે અખંડ દીપ પાસ જય મારી નંદામા.
ફળે ઇચ્છિત ટળે સૌ ત્રાસ જય દેવી નંદામા,
તપ્યા સો વર્ષ કણ્વ મુનીદેવ જય મારી નંદામા.
પામ્યા સિદ્ધ પદ સાધી તપ સેવ જય દેવી નંદામા.
વળી રાજાનાં ફળ દેવી આપ જય મારી નંદામા.
તારાં દર્શનથી શમતા સંતાપ જય દેવી નંદામા.
મૈયા કોલ્હાપુરીથી છો ઉગ્ર જય મારી નંદામા.
કથે માર્કંડેય મહારૂદ્ર જય દેવી નંદામા.
હવે બીરાજો નૂતન મંદીર જય મારી નંદામા.
મા શોભાવો સંગમ તીર જય દેવી નંદામા.
નથી યાચતો બીજુ કાંઈ જય મારી નંદામા.
મા અવિચળ વાસ કરો આંહિ જય દેવી નંદામા.
તારો ગરબો ગાનારાંને રક્ષ જય મારી નંદામા.
જોડનાર પર કરજે લક્ષ જય દેવી નંદામા.
ગાય શીખેને સાંભળે કોઇ જય મારી નંદામા.
ને ઉપર તવરાજીપો હોય જય દેવી નંદામા.
દત્ત પાગલીયો ગાવે ગુણ જય મારી નંદામા.
માડી હરજો અમારાં ત્રણ રૂણ જય દેવી નંદામા.

ગરબો સાંભળી પૂજન કરી, સઘળાં આત્મારામ મહારાજ સાથે, ઘર આગળ આવી ગયાં.

ચાંદોદમાં આવેલાં સઘળાં તિર્થોનું મહાત્મ્ય અને તિર્સ્થસ્નાન દેવ પૂજન પરવારી ગયા છીએ. એવું આત્મારામ મહારાજે જણાવ્યું

શેઠજી—પ્રભો ! કરનાલીમાં રહેલાં તિર્થો હનુમંતેશ્વર અને કુંભેશ્વર આદિ તિર્થો માટે એક દિવસ અને વ્યાસ અનસુયા તરફનાં તિર્થો માટે એક દિવસ એમ બે દિવસ હજી તિર્થ મહાત્મ્યમાં

ગુજારવાના છે. માટે આપ વ્યવસ્થા કરી આપશો તેમ વર્તશું.

આત્મારામ ગોર—તરત હોડીવાળા માછીઓને બોલાવ્યા અને કરનાલી થઇ, હનુમંતેશ્વર અને કુંભેશ્વર તિર્થ કરાવી લાવવા સુચવ્યું. સાથે એક વિદ્યાર્થિને મોકલવા નક્કી કર્યું. આવતી કાલે સવારે, મોટે પરોઢીએ, પનાઇ હંકારવી અને જઇ આવવું એમ નિર્ણય કરી ઘણી ચર્ચાઓમાં રહેલો વખત પસાર કરી બીજે સ્હવારે કરનાલી જવા શેઠજીનું કુટુંબ મોટે પરોઢીએ નર્મદાતટ ઉપર આવી હોડીમાં બેઠું

શેઠજી તથા તેમનું મંડળ, એક વિદ્યાર્થિ સાથે સૂર્યોદય પ્હેલાં કરનાલી તિર્થે જઇ ત્યાંના તિર્થનું સ્નાન દર્શન કરી હનુમંતેશ્વર, અને કુંભેશ્વર જવાના લક્ષમાં પનાઇને હંકારી. પનાઇ ચલાવનારા માછીઓ એટલા તો ભલા. અને માણસાઇમાં છે જે, ગમે તે યાત્રાળુને પનાઇમાં બેસાડયા પછી જરાય પણ કનડગત કે ભયમાં મૂકેજ નહિ, એટલે શેઠજીનું મંડળ નિર્ભયપણે કરનાલી વિચર્યું.

પનાઇ ચાલતાંજ તિર્થોનો મહિમા વિદ્યાર્થિએ ટૂંકામાં જણાવ્યો, તે આ નિચે મુજબ. યાત્રાળુઓ—ચાંદોદનાં સાત તિર્થ પરવારવા ત્રણ દિવસ જોઇએ, અને બીજા બે દિવસ કુંભેશ્વર અને અનસૂયા જઇ આવવા એમ મળી જ્યારે પાંચ દિવસની નિવૃતિ લઇ રે'વામાં આવે, ત્યારે યાત્રાનું ફળ મળે. ચાંદોદ તિર્થયાત્રાર્થિએ તો ત્રણ રાત્રી નિવાસ કરવોજ જોઇએ. એકજ દિવસમાં સઘળાં તિર્થો પરવારી ચાલ્યા જવું એ કનિષ્ઠ પ્રકાર, બે ત્રણ દિવસમાં જવું એ મધ્ય પ્રકાર, અને એક એક પખવાડીયું રેવું એ ઉત્તમ પ્રકાર. કેમકે તિર્થયાત્રા એટલે પ્રવૃતિમાં થાકી ગયેલો જીવ કુદરતી સૌંદર્યવાળાં સ્થાનોમાં જઇ સ્નાન, ધ્યાન, પૂજન, સત્સંગ, સંત બ્રાહ્મણ સેવા, આદિ સત્કર્મોથી પ્રવૃતિનાં પ્રાયશ્ચિતો ભસ્મ કરતા, નિવૃતિનો આનંદ લેવાની પદ્ધતિ

અધુના યુરોપ આદિ પશ્ચિમના દેશોમાં પણ આ પદ્ધતિ વધારે પળાય છે. એવાં સુંદર સ્થાનોમાં ઘણાં કુદરતને પ્યારાં હંસો કુદરત નિહાળવા જાય છે. જેમાં સૌથી શ્રેષ્ઠ નંબર કાશ્મિરની મુસાફરી, મોટા ઉદેપુરની મુસાફરી અને નર્મદાતટના અમરકંટકની, તેમજ હિમાલયની મુસાફરી માટે યુરોપીઅનો, અમેરિકનો ઘણા આવે છે. આપણે તિર્થોમાં જવાનું ભૂલ્યા. અને હમણાંના સુધારકોને પ્રિય સ્થાનોમાં જવાનું શીખ્યા તે કરતાં આપણા વૃધ્ધોની તિર્થયાત્રા ગમનની પદ્ધતિ, સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય અભ્યાસે જણાય.

ભલે તિર્થોમાં તિર્થત્વ નથી, પણ નરક સમો અનુભવ આવે છે એવુ કથનાર ભલે તેમ અનુભવે પણ જ્યારે તેઓ પરમાત્માના, ચકાવ્યા થાકશે ત્યારે અવશ્ય તિર્થયાત્રામાં દેવત્વ નિહળશે.

ડાકોરજી દ્વારકાંજી અને ચાંદોદ કરનાલી તેમજ અંબાજી બહુચરાજી, સહ ગીરનાર આદિ તિર્થયાત્રાનાં સ્થળોમાં જવા. ગુજરાતના હંસોનો હકક છે. ફરજ છે એ ફરજોને ભુલાવી એમાં દાન થનારી લક્ષ્મીને પોતાના ઉપયોગી ફંડોમાં ખેચી લેનાર ઘણા જાગ્યા છતાં તિર્થોમાં તો આવજાવ, પ્હેલાં કરતાં પણ વધારે છે. એનું કારણ રૂષિમુનીઓની કેટલીક પદ્ધતિઓમાં કુદરતી સહજ સ્વભાવ ધર્મો વર્તાય છે. જેથી ચાંદોદ આવો ત્યારે, વધારેમાં વધારે ત્રણ રાત્રી તો નિવાસ કરજો તિર્થમાં આવીને કેમ વર્તવું એ માટે ગોરદેવને પૂછવું એટલે ગોરદેવ મહાભારત કે કોઇ પુરાણમાંથી તિર્થે વર્તવાનો ધર્મ વાંચી સંભળાવશે છતાં આટલી બાબતો તો ધ્યાનમાં લેવી.

અન્નમય કોશમાં—ફળ કે દૂધનાખી તપ કરવું ઉપવાસી ફળારી રહેવું.

મનોમયકોશ—ગોરને સોંપવો, અથવા ધર્મ સત્તાને સોંપી નિર્વિષય વર્તાવ વર્ત્તાવવો.

પ્રાણમયકોશને—જપ. ભજન. દેવદર્શન સ્નાનાદિ કર્મોમાં પ્રાણનું લેવું

મૂકવું કરવું વળી પ્રાણાયામ પદ્ધતિ પણ નર્મદાતટની તારક હવામાં ભાવનાથી પાળવી.

વિજ્ઞાનમય કોશ—સત્સંગ આદિ બ્રાહ્મણ પૂજન સેવનથી શુદ્ધવો.

અને

આનંદમય કોશ—સદ્ભાવનામાં શ્રદ્ધા રાખી, તિર્થયાત્રા થઇ એથી કૃત કૃત્ય સમજી શંકર રેવાના ભજનમાં આનંદ લેવો. અને સિદ્ધવો રેવાતટે તપ સાથે નમઃ શિવાયના જપ ત્વરિત સિદ્ધ દાતા છે.

આની રીતે પંચકોશની શુદ્ધીમાં, તિર્થયાત્રાએ વર્તતાં ત્રણચાર દિવસ ગુજારવા હુડધુસીયા અને અશ્રદ્ધા ભર્યા ન રેવું. જેથી ફળશું? આમ વિચારો કરતા સઘળા ઉરી સંગમે સ્નાન કરી સોમનાથ તિર્થે આવ્યા—

સઘળાં સોમનાથ તિર્થસ્નાન કરવા ગયાં. અને ઘાટ ઉપરજ તિર્થમહાત્મ્ય સાંભળવા બેઠાં.

" કરનાળીના સોમેશ્વર તિર્થનું મહાત્મ્ય. "

આ તિર્થનું મહાત્મ્ય પ્રયાગથી વધારે છે. પ્રચેતસ દક્ષની ૨૭ કન્યા ચંદ્રમાની સ્ત્રીઓ હતી. પરંતુ ચંદ્રમા એકલાં રોહિણીનેજ વધારે ચ્હાતા. આવા અન્યાય માટે દક્ષે શ્રાપ આપ્યો જે, તમને ક્ષયરોગ થશે. જેથી તેમ થયું. તે પછી ચંદ્રમાએ સઘળીને સમાનમાની, અત્રે રોગ નિવારણોર્થે તપ કર્યું. અને સિધ્ધિ પામ્યા વળી ઉરી સંગમ નર્મદા તિર્થમાં પવિત્ર છે. એટલે સુર્યથી ઉત્પન થયેલા પુત્રોના પુત્ર. શંભર મનુ ભગવાનના નાતીલા કણ્વ મહારાજ પોતાની પાછળ લાગેલી બ્રહ્મહત્યા મટાડવા તપ કરી સિદ્ધિ પામ્યા. આતિર્થના હૃદયમાં બ્રહ્મ હત્યાનુ પાપ નથી ધુસતુ સદાની આઠમી–૧૪ ને રવિવાર, **સોમવાર,** શુકલપક્ષની સાતમને રવિવાર આ દિવસોમાં વિશેષ મહાત્મ્ય છે. ચંદ્ર-ગ્રહણે ઘણું ફળ છે, આ તિર્થની પ્રદક્ષિણાથી પૃથ્વી પ્રદક્ષિણાનું ફળ

થાય છે. એટલે સઘળાઓ સ્નાન કરી તિર્થ દેવ પૂજન કરી તિર્થ દેવ મંદીરની પ્રદિક્ષણા કરી કુબેરેશ્વર આવ્યા.

કુબેર-તિર્થ મહાત્મ્ય—

કોઇ બ્રાહ્મણ સ્ત્રીને દેખી, કુબેર મોહ પામ્યા, અને પકડવા ગયા, પતિવ્રતા તે સ્ત્રીયે, ઘરડા થઇ જવા શ્રાપ આપ્યો. એ શ્રાપ નિવાર્ણાર્થે, કુબેર મહારાજે નર્મદા જળમાં ઉભા રહી તપ-કર્યું. અને સિદ્ધ પામ્યા, અત્રે સોનાના દાનનું ફળ ઘણું છે ફળ દાતા છે. અને કનખલ તિર્થમાં ન્હાઓ, કે અત્રે નાઓ, એ બેઉ બરાબર છે-

કુબેરેશ્વર તિર્થે સ્નાન કરી, કુબેરશ્રીના પૂજન માટે એક અભિષેક થાય ત્યાં સુધી સઘળાં થોભ્યાં બ્રાહ્મણો અભિષેકમાં બેસી ગયા છે. એક બાજુ ભોજન વ્યવસ્થાઓ થઇ રહિ છે. શંકર ભક્તો શિવ-ભજન કરી રહ્યા છે. અને સઘળુ શેઠજીનું મંડળ, કુબેરશ્વરના ઘાટ ઉપર આવેલા છજામાં બેસી, નર્મદા દેવીનું સૌન્દર્ય નિહાળી રહ્યું છે. સામો રાજપીપળા સ્ટેટના મહારાજાનો બંગલો જોઈ, એક જણે. પૂછયું કે આ મહારાજા અત્રે રહિ, જેટલાં ધર્મ વિરૂધ્ધ કાર્યો કરે, તેનું પાપ વ્રજ લેપ જેવુંજ થાયને ! એક વૃધ્ધા ડોશીએ જણાવ્યું. બાઈઓ ! જવા-દોને ! પારકાની શીપડી છે એ તો રાજા રહયા એટલે પેલા જન્મનુ પુણ્ય ભોગવે છે. જેથી એમને એ બાબતનું ભાન હોયજ નહિ જ્યારે ભાન થાય ત્યાર પછી વર્તે તો વ્રજ લેપજ થાય-શેઠજીની એક દીકરી જેનુ નામ મધુ હતું તેણે બંગલાનાં સુખ કરતાં પુર્ણકુટિના સુખ ઉચ્યાં છે એ માટે ભજન ગાયુ

(આવી મારી ઝુપડીમાં)

એ બંગલામાં વસતા વિહારી હંસદેવ
સંતની કુટીમાં દેવ ચેતના.
ગુરુની કુટીમાં શાંત આત્મના—૧

વિદ્ય વિધ વૈભોગો ત્હારા વિષસમ જાણ્યા.
લ્હાણ્યા, ઘણુય પણ સમજણમાં પાણ્યા,
રાજ્યના રસિક રાજમાન રાજદેવ-
અવધૂતાનંદ શ્રેષ્ઠ વેદમાં—૨

ભોગ સર્વ રોગ કર ભર્તુરાય બોલ્યા—
ગોપીચંદ બુધ્ધરાજ ત્યાગ રંગ ખેલ્યા.
માગી લીધી ભક્તિની વેદના—૩

નાગા આવ્યા ને જાવુ નાગ અલખએં
સમજુ એ જાણ્યુ રદ વિષયનું ખેલન
અજબ આનંદ પ્રેમ ખેલના—૪

પાગલ પઢાવે પ્રેમ પ્રભુનાજ સાચા
પ્રભુ નામ ધામ જાણ્યા વિના સૌ કાચા-
જાણો એ ચોરાશી ખેલના—૫

વળી. સાંભળો

પ્રભુના પ્રેમનુ ધામ, ન જોયુ ધીઃક્તો જીવન.
ન જાણ્યુ નાથનું નામ, ખરેખર ખોટુ છે જીવન—૧
કમાયા ક્રોડ રૂપૈયા. બન્યા બહાદુર બે છૈયા.
ઘણા મિત્રો અને ભૈયા, ન તેથી શોભતું જીવન—૨
ગણાવે, બાર ઘર મારે, જણાવે સંપત્તિ ભારે.
સ્વયં કિર્તિના ઉજાળે, બજ્યુ એતો છે શું જીવન—૩
હતા શું તે રાયો મૂર્ખા, તજ્યાં રાજપાટ ધન્ય મર્દા
ભરત બુદ્ધ ગોપીચંદ સરખા, અહા ધન્ય તેનું છે જીવન—૪
દયાળુ દેવ દત્તાહો, ભજનની આપુ સત્તાહો
ભલે અભ્યાગત સ્થિતિ, રે, સુધારો પાગલનું જીવન—૫

કુબેરજીના ઘાટ ઉપર, આવેલાં બે ઉચ્ચાં અને સુંદર છજામાં

દિવસના. ઇથી, દશ સમયે મીઠાકંઠે આભાવવાળાં ગાન શ્રવણ કરી ઘાટ ઉપરના અને આજુબાજુના. સઘળા-જીવો ત્યાં આકર્ષાયા-અને બ્હેનબાને બીજાં ભજન બોલવા, યાચના કરવા લાગ્યા-

શેઠજી એ—આજ્ઞા આપી છતાં દીકરી ડાહી એટલે ના બોલતાં એક ઘરડા ઘાટીજ નોકરને ભજન બોલવા જણાવ્યું ઘાટી-શરમાગો એટલે ખુદ શેઠજી બોલ્યાજે જવાદો. હવે. પૂર્ણાહુતિ થઇ બ્રાહ્મણોને ભોજન કરવાની આજ્ઞા આપી અને સઘળા, હનુમંતેશ્વર-ગયા-નર્મદાના સામા કિનારે દક્ષિણ તટના તિર્થમાં આવ્યું છે. સમજ્યા યાત્રાળુઓ ઉત્તરનાં તિર્થમાં દક્ષિણ તટનાં તિર્થ નથી કરતા છતાં પદ્ધતિ પડી ગઇ છે એટલે સઘળા. જતા પ્હેલાં કુબેરજી પાસે આવેલું પાવકેશ્વર તિર્થે જઇ આવ્યા

કુબેર પાસેનું

પાવકેશ્વર તિર્થ માહાત્મ્ય

ભૃગુ રૂષિના શ્રાપથી અગ્નિ દેવને સર્વ ભક્ષણનો દોષ લાગ્યો એટલે અગ્નિ દેવે, આવી શંકર સ્થાપન કરી, લાગેલો દોષ મટાડ્યો. અત્રે તપ કરવાથી અભક્ષ્યા ભક્ષ ભોજનનું પાપટળે છે. વન્હિ સુક્તના જપથી દરિદ્રતા નષ્ટ થાય છે-ત્યાં દર્શન કરી સઘળા હનુમંતેશ્વર આવ્યા.

હનુમંતેશ્વર સામે કિનારે છે. એટલે હોડીમાં બેસી જવાય છે, હમણાં પાળ પડવાથી ચાલીને જવાય. પણ એ ઠીક નથી હોડીમાં જવું એજ સહિ સલામત

—હનુમંતેશ્વર તિર્થ મહાત્મ્ય—

રાવણ વધ કર્યા પછી, બ્રહ્મહત્યા નિવારણ માટે સઘળાં એ તપ કર્યુંઃ ત્યારે રામચંદ્રે હનુમાનજીને તપ કરી બ્રહ્મ હત્યાથી નિવૃત થવા સુચવ્યું ત્યારે હનુમાનજી એ કહયું કે હું તો અમથો પણ ઉડીને

શિવજી ને મળી અપરાધ ક્ષમા કરાવી શકુ એવો છું. એવું કહી હનુમાનજી કૈલાસમાં આવ્યા અને નંદીજીએ અટકાવ્યા અને કહ્યું કે બ્રહ્મહત્યા પાપ નિવારણ કરી આવો તમે રાવણનો પૂત્ર મારી લંકા જલાવી, એટલે જેથી હનમાનજી રામજી પાસે આવ્યા. અને આજ્ઞા માગી આ સ્થાને આવી તપ કર્યું જેથી આ ગામનું કપિ સ્થિતાપુર નામ છે અને તિર્થનામ હનુમંતેશ્વર પડયું અત્રે હનુમત કવચ અને હનુમાનજી ના પાઠ કરવાથી ઘણું ફળ મળે છે કાન્યકુબ્જ દેશાધિપતિની ધારાણાની કન્યા અને સુપર્વા રાજા ને સિદ્ધિ મળી અને ઘણાને સિદ્ધિ મળી હનુમાનના ભક્તો અત્રે વસેતો હનુમાનનાં દર્શન થાય છે. ૧૪ ને આઠમનું ફળ વિશેષ છે, સર્વ કર્મો સિદ્ધ થાય છે સ્નાન પૂજન પરવારી સઘળા ઓએ બ્રહ્મેશ્વર કુંભેશ્વર જવા પનાઈ હંકારી.

નર્મદા દક્ષીણ તટી

બ્રહ્મેશ્વર—કુંભેશ્વર—તિર્થ મહાત્મ્ય—

સઘળા હોડીમાં આનંદ કરતાં કુંભેશ્વર આવી પહોંચ્યા—અને આ તિર્થની કથા સાંભળવવા સઘળાં બેઠાં. આ તિર્થ પૃથ્વીનાં સર્વ તિર્થથી શ્રેષ્ઠ છે. સ્નાન કરાવાથી કરોડ જન્મનાં પાપ ટળે છે કાશીમાં દશહજાર વર્ષ રે'નારને અને અત્રે સ્નાન કરનારને સરખુ ફળ મળે છે. અત્રે કરેલા સર્વ કર્મો કરોડ ઘણાં થાય છે. આ તિર્થ જગદોદ્ધારણાર્થે આદિકલ્પમાં બ્રહ્માજીએ તપ કરી સિદ્ધયું. અને બીજા કલ્પમાં વિષ્ણુજી એ સિદ્ધયું. પ્રભુ ઘણા યદ્ધો કરી મનનાં શંકાવાળા થયા જે પાપ ઘણાં થયાં તે શંકા અત્રે સ્નાન કરવાથી ટળી તીજા કલ્પમાં ઇન્દ્રે તપ કર્યું અને સિદ્ધ પામ્યા જેથી શક્રેશ્વર તિર્થ પણ થાય છે. અત્રે ચક્રની હદ પણ છે આજ મેઘેશ્વર તિર્થ ગણાય છે ઇન્દ્રની સાથે મેઘરાજ આવ્યા ચોથા કલ્પમાં યમરાજ ધર્મરાજે ૧૦૦૦ વર્ષ તપ કરી સિદ્ધ પામ્યા ત્યારે આનુ નામ ધર્મેશ્વર થયું પાંચમા કલ્પમાં

વરૂણ સિદ્ધિ પામ્યા માટે વરૂણેશ્વર કેવાય છે છઠ્ઠા કલ્પમાં કુબેરજી સિદ્ધિ પામ્યા જેથી ધનદેશ્વર કેવાય છે સાતમા કલ્પમાં માર્કંડેયજી તપ કરી વેદપારાયણ કર્યું. જેથી કુંભેશ્વર કથાય થાય છે.

કુંભેશ્વરની કથા—એક સમયની વાત છે. શનીએ પોતાનો ક્રોધ મટવાને દેવગુરુને પૂછી એમણે કુંભેશ્વર જઇને તપ કર્યું નાસિક ગોદાવરીના ચઢાવના મહાત્મયનું આ તિર્થ છે. શનીના કહેવાથી દેવગુરુએ કથા સંભળાવી ભૃગુજીના નાતના માર્કંડેયજી તપ કરી વેદપારાયણ નવમે દીવસે પુરૂ કર્યું અને કલસનો ઉદ્ધાર કરવા માંડયો તો એમાંથી લીંગનું પ્રગટ પણ થયું શંકર કહે છે વરદાન માગ ફરી શનીજીએ આહિં આવીને દેવોના હજાર વર્ષ તપ કરી શાંતિ પ્રાપ્ત કરી શનીશ્વરની સેવા કરવાથી શની પ્રસન્ન થાય છે. કોઇને ગ્રહની પીડા થતી નથી. કુંભારશીના શનીનું મોટુ મહાત્મ્ય છે. વીપમ રાશીસ્થ શનીનું ઘણું ફળ છે ગોદાવરીનું સ્નાન કરીને જ્યાં સુધી અત્રેનું સ્નાન ન કરે ત્યાં સુધીનું ગોદાવરીના ચઢાવનું ફળ નથી મળતું સ્નાન કરવાથી સઘળાં કર્મો બે ઘણાં ફળ આપે છે- બ્રહસ્પતિજીનુ ઘણું મહાત્મ્ય છે શનિવાર ભદ્રા અને શ્રાવણના શનીવાર ઘણું ફળદાતા છે. બ્રહ્મભોજન અને તલદાનનું ઘણું મહાત્મ્ય છે અહિંયાં વેદપારાયણ અને તપ કરવાથી વેદનારાયણ અને મકંડેયજી પ્રસન્ન થાય છે. અને રહે છે.

શેઠજી સહ સઘળાં પરવારી પાછા ફર્યા—અને સાંજ પડતાં ચાંદોદ આવી ગયાં—ચાંદોદથી. બીજે દિવસે સવારમાં જે પનાઇમાં કુબેશ્વર જઇ આવ્યાં. એજ પનાઇમાં સઘળાં; અનસુયા વ્યાસ તિર્થે જવા સંચર્યા. આજે ધનશંકર મહરાજ સાથે છે, કેમકે તેઓ દત્તાત્રેયના. ઉપાસક હતાં એટલે અનસુયા ક્ષત્રે વારંવાર જતા હતા, શેઠજી અને

શેઠાણી તેમજ એમનુ મંડળ ધનશંકર સાથે હોવાથી, વિજ્ઞાનમય રહેતુ. જેથી હોડીમાં બેસતાંજ ચર્ચાઓ ચર્ચવા માંડી.

શેઠ—ધનશંકર મહારાજ! પ્રભો! આપશું ધારો છો! સ્વરાજ્ય વાદીઓની મ્હેનત ફળી ભૂત થશે કે?

ધનશંકર—શેઠજી આપણે એવા પ્રેયસવાદી નિર્ણયો અને ન્યાયો જણાવતાજ નથી, છતાં આપ પૂછોછો એટલે જણાવું છું. તે આપનેજ બીજાને તો જણાવું છું જે જા. સ્વરાજ્ય અપાવનાર ને પૂછી આવ—સાંભળો, શેઠજી જ્યાં સુધી. ગૌર પ્રજાના ભાગ્યમાં ચક્રવર્તિ રાજ્ય લખ્યું છે તે મિથ્યા કોઇ કરી શકેજ નહિ. જે માટે યોગવાશિષ્ઠમાં જણાવ્યું છે જે, જ્યારે રાજ્યકર્તામાં અનિતિ નકહેવાય એવી વર્તાય છે, અને એમનામાં અભિમાન જાગૃત થાય છે. ત્યારે અને રાજ્ય કરતી પ્રજામાં ક્રીયા સક્તિ, તેમજ પ્રમાદ અને નિરૂદ્યમીપણું વધે છે, ત્યારે એની મેળેજ રાજ્ય સત્તાને ગૂમાવે છે, સઘળી સલ્તન, અને સઘળા રાજ્યના વર્તાવ કરતાં, આ રાજ્યકર્તા ઓનો વર્તાવ, ન્યાયી, અને માનુષિક છે. એટલે બળવાન છે. માટે એ વિચારણાઓને છોડી દઇ આપણે બધાઓ એ જો બને તો ભારત માટે સન્યાસ લઇ—યુરોપ અમેરિકા આદિ પશ્ચિમના દેશોમાં વિચરવાનું છે. જ્યાં જઇ રામ કૃષ્ણ પરમહંસના શિષ્ય દેવ વિવેકાનંદજી એ કેવો પુરૂષાર્થ કર્યો એવા પુરૂષાર્થોની જરૂર છે નહિ કે ભારતમાંને ભારતમાં રહિ તામસિ વાતાવરણ બાંધી, ગરીબ ભારત ભાઇઓ પાસેથી નાણાં ઉઘરાવી, સ્વતંત્ર પણે વાપરવાં, એની જરૂર નથી. જરૂર તો સ્વામિ રામતિર્થજી એ ૧૯૫૬ ના દુષ્કાળમાં અમેરિકાથી કરોડોની મદદ અપાવી હતી. એવા પુરૂષાર્થોની જરૂર છે અસ્તુ—ચાલો યમહાસ તિર્થ આવ્યુ સ્નાન દર્શન કરી લઇએ, સઘળા સ્નાન દર્શને ઉતર્યા અને મહાત્મ્ય સાંભળ્યું ચાંદોદથી થોડેજ

દુર ગંગાનાથ તિર્થની અને ચંડાદિત્ય તિર્થની વચમાં આ તિર્થ આવ્યું છે.

યમહાસ તિર્થ મહાત્મ્ય—

વૃત્રાસુર વધ પછી બધા દેવો સાથે યમરાજ અત્રે આવ્યા અને પાપ નિવાર્ણાર્થે નર્મદામાં સ્નાન કર્યું. જેથી બધાં પાપ ભસ્મ થયાં જેથી ઘણાજ આનંદથી રેવામાનો યમરાજે મહિમા ગાયો. અને બધા. પાપીયોને ચેતાવ્યા કે, તમો આ તિર્થે સ્નાન કરો. જેથી મારા દરબાર નહિ આવવું પડે. આઠમને ચૌદશે ઘણું મહાત્મ્ય છે. તપ કરવાથી વૈકુંઠ મળે છે ભેંસના દાનનું ઘણું ફળ છે સઘળાં તિર્થ કર્મ પરવારી હોડીમાં બેઠાં અને ગંગાનાથ ના પ્રસિધ્ધ તિર્થે આવ્યાં

કલ્હોડીકા-યાને-ગંગાનાથ તિર્થ મહાત્મ્ય—

પુરાતન કાળમાં જ્યારે ગંગાજીને ૫-પાંચ પાપ લાગ્યાં, જેથી દુ:ખી રેવા લાગ્યાં. એ પાપ નષ્ટ કરવા, ભાગીરથી ગંગા વાછડીનું સ્વરૂપ લઇ, અત્રે આવ્યાં. અને નર્મદા સ્નાન કર્યું. ને પાંચ પાપ ભસ્મ કર્યાં ૧ મિત્રદ્રોહ ૨ કૃતઘ્નતા, ૩ વિશ્વાસઘાત, ૪ સ્વામિદ્રોહ અને ૫ ગુરુદ્રોહ-માંથી મુક્ત થયાં. અત્રે સર્વ કર્મ સિધ્ધ થાય છે. પ્રયાગરાજ અને પુષ્કરરાજ સમાન આ તિર્થ છે. આ તિર્થનો મહિમા બ્રહ્મચારી શ્રી બ્રહ્માનંદજી મહારાજ ના. નિવાસ પછી પ્રસિધ્ધીમાં આવ્યો અને એમના. તપો બળથી આ તિર્થ ગુજરાતમાં માનવંતુ થયું પ્રાતઃસ્મરણીય શ્રી બ્રહ્માનંદજી મહરાજનું જન્મ સ્થાન બંગાળામાં હતુ કે'વાય છે કે ૧૮૫૬ ના. બળવા પછી ઘણા રાજવંશી પુરૂષો વૈરાગ્યમાં દેશતજી ફકીરી લઇ પરમાત્મામાં મળવા તિર્થોમાં વિચરેલા, એ. દંત કથાને આધારે, મહારાજ શ્રી. નર્મદા પરિક્રમા કરી, અત્રે નિવાસ્યા પોતાના તપો બળે કરી નર્મદાને પ્રત્યક્ષ કર્યાં હતાં અને સિધ્ધ પુરૂષમાં ગણાતા એક વખત વાત એવી કેવાય છે કે

ભોજનોત્સવમાં ઘૃત ખૂટયું, એટલે મહારાજજી એ શિષ્યોને નર્મદા જળ લેવા જણાવ્યું, જે ઘૃત સમુ થઈ ભક્તોને આશ્ચર્યમાં મુકયાં. ખરેખર યોગી. સિધ્ધ પુરૂષો ઈષ્ટ બળે ધારે તે કરી શકે. એમાં સંશય નહિ પોતે આજુબાજુના ગામોમાંથી કાચી મધુ-કરી માગી લાવતા, અને આસને આવતા, સઘળા. પ્રાણુ દેવોને અન્ન પાણી, અને વિશ્રામની વ્યવસ્થા, એવી કરતા જે, આવેલો જન. પોતાના માતા પિતા પાસેજ આવ્યો છે. એમ અનુભવે પોતે બ્રહ્મચર્ય વાન સિદ્ધ યોગી પુરૂષ હતા. એમના પછી કેશવાનંદજી મહારાજ, ગુરુગાદી સંભાળવા લાગ્યા. અને તે પછી હાલમાં શ્રી દેવ કૈલાસનંદ બ્રહ્મચારી મહારાજજી છે, જેઓ ગુરુસ્થાનની શોભામાં વધારો કરતા ગુરુ ગણાલીને જાળવી રહ્યા છે. મુલાકાતે એમની યોગ્યતા, સર્વને સમજાય છે કેમકે વર્તમાન કાળમાં યોગીજનો ગુપ્ત અને બુદ્ધિ બ્હેકી પ્રજાને ન ઓળખાય એવા રહે છે—પોતે પોતાના ગુરુદેવ કેશવાનંદજી મહારાજનુ ધ્યેય સિદ્ધ કરવા વિચારમાં વર્તિ રહ્યા છે પરમાત્મા. નર્મદા તટી બ્રહ્મચારીઓ માટે આ સ્થાને પ્રાચિન વિભુતીઓ સિદ્ધાવે-સઘળાં તિર્થ સ્નાન પૂજન કરી બ્રહ્માનંદજી મહારાજની મૃતિ પધરાવી છે તેનાં દર્શન કરી મહારાજશ્રીને મળી ભેટ કરી, આગલા તિર્થે જવા નિકળ્યાં થોડેજ દૂર—નંદેરીયાગામે નંદિકેશ્વર તિર્થ છે તેનુ મહાત્મ્ય સાંભળવા લાગ્યાં.

—નંદેરીયાનું—

નંદિકેશ્વર તિર્થ મહાત્મ્ય

એક વખ્ત નંદીગણને, શિવવરદાન મળવાથી અભિમાન થયું. અને પાર્વતિજીને પોતાનાથી હલકાં માનવા લાગ્યા. જેથી માજીએ પતિત થવા શ્રાપ આપ્યો. જે શ્રાપનું નિવારણ કરવા નંદીજીએ અત્રે તપ કરી સિધ્ધી મેળવી. અત્રે સર્વ કર્મો સફલ થાય છે. સ્નાન તિર્થ દેવ દર્શન કરી પનાઇ આગળ ચાલી—અને દરિયાપરા ગામે છીતી. આ ગામ નાનું છે. છતાં તિર્થ મહાત્મ્ય શ્રેષ્ઠ છે.

દરિયાપરાનું નરનારાયણ તિર્થ મહાત્મય-

પ્રાચિનકાળમાં પૃથ્વીનો ભાર હરણ કરવા. ભગવાન નરનારાયણ શ્રી. બદરિકા શ્રમથી. અત્રે તપ કરવા પધાર્યા. અને મહાદેવ આદિ સામ્બ સદા શીવ પાસેથી, ઇચ્છિતવર પામ્યા-અને રામકૃષ્ણાદિ અવતાર લઇ, ભૂમી ભાર હરણ કર્યો. ૮-૧૪ નું મહાત્મ્ય ઘણું છે. ૧૪ ઇન્દ્ર બદલાય ત્યાં સુધી રૂદ્ર લોકમાં નિવાસ કરે છે. અત્રે તપ કરનારે સઘળા સ્નાન પૂજન પરવારી. પનાઇ આગળના તિર્થે હંકારે છે-

કોટેશ્વર તિર્થ મહાત્મ્ય

માલેથા ગામમાં આ તિર્થ છે-પૂર્વે-બદ્રિકા શ્રમથી યાજ્ઞવલ્કયાદી સિધ્ધ પુરૂષો, વ્યાસનજીને મળવા. આવ્યા, એટલે તે સમયે તે સઘળાં એ આ તિર્થ સ્થાપન કર્યું. અને મહાદેવજી ને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું માલેથા. ગામથી હોડી હંકરાઇ તિર્થ સ્નાન પૂજન કરી સઘળા વ્યાસેશ્વર તિર્થે આવી પ્હોંચ્યાં.

શેઠજી—મહારાજ શ્રી. દરેક તિર્થે સ્નાન કરવું એ પધ્ધતિ સઘળાં ઓ, ન પાળે તો, શું કરે ?

ઘનશંકર ના ચાલે અને ચલાવે તો એટલી શ્રધ્ધામંદ, અને ફળ પણ મંદ પોષ્ટ ઓફિસનો પોષ્ટ મેન જેમ આ ગામની ટપાલ અત્રે આવી ન આપે તો ચાલે કે ! ના ચાલે તેમ-અમારા ૠષિ-મુની ઓના પ્રાચિન અનુભવોની શબ્દ બ્રહ્મની ટપાલના. તિર્થ મહાત્મ્ય ગામના પત્રોમાં જણાવ્યા મુજબ ન વર્તિએ તો ગુન્હેગાર. માટે ગોરદેવોએ જ યાત્રાળુઓને તિર્થ સ્નાન ન કરવા જણાવવું નહિ, અશ્રધ્ધાળુ ગોરદેવોએ જ, સ્નાન માહત્મ્ય પોતાના પ્રમાદે ભૂલાવ્યું છે વખતો વખત સ્નાન કરવાથી બુદ્ધિ સાત્વિક ધરમાં વહે છે. અને સંકલ્પો સાત્વક થાય છે. તેમજ હૃદયમાં અલૌકિક આનંદ સાથે પરિશ્રમનું ભાન થતુ નથી.

વળી તિર્થોમાં તપેલા મહર્ષિઓ એ, સ્નાન ધ્યાન કરીજે દિવ્ય વાતાવરણ સિધ્ધ કર્યું હોય તે, સ્નાન કર્યા પછીજ યાત્રાળુ ના અંગમાં પ્રવેશે એ ગુપ્ત સમજ પ્રમાણે સઘળાં તિર્થોમાં યાત્રળુઓએ સ્નાન. અને તિર્થ પૂજન કરવું, એ ખાસ ધર્મ છે—જે ન પળે તે બીજાને પ્રમાદ નો પાઠ શીખવે છે. માટે સઘળા ઓએ જેટલા તિર્થ આવે તેટલાં તિર્થોમાં ઉતરી સ્નાન કરવુંજ એવી મારી માન્યતા છે. અને ધર્મશાસ્ત્રની આજ્ઞા છે–

શ્રી. વ્યાસેશ્વર તિર્થ મહાત્મ્ય

આ તિર્થ. ભરૂચથી તે તિલકવાડા સુધીમાં આવેલાં તિર્થોથી. ઘણુંજ સુંદર છે—અને આજુબાજુ નર્મદા ના. પ્રવાહોની વચમાં ઉપવ નથી એવી શોભા આપે છે જે અલૌકિક. શાંતિ પ્રદા અને એકાંત ભજનાનંદ સિધ્ધાવે એવું આ તિર્થ છે જેટલા યાત્રળુઓ આવે છે. તે બધા ને આ તિર્થે વસવાનું કુદરતી મન. થાય છે—સઘળાં ઉતર્યા મધ્યાન્હ પ્હેલાં સ્નાન પરવારી તિર્થ દેવ મંદિરમાં આવી મહાત્મ્ય સાંભળવા બેઠાં

જ્યારે ભાગીરથી તટે, મત્સ્યગંધાથી વ્યાસજી થયા, ત્યારે એમના પિતા પરાશરજી, નર્મદા દક્ષિણ તટમાં અત્રે લાવ્યા વ્યાસજી અત્રે ઉછર્યા, અને ઘણો સમય તપ કર્યું શંકરજી એ સઘળાંને અત્રે ભજન કરવાથી ઇચ્છા પૂર્ણ થવાનુ વરદાન આપ્યું ત્યારે વ્યાસજી એ વ્યાસેશ્વરજીની સ્થાપના કરી થોડા સમય પછી યાજ્ઞવલ્કયાદિ, ૭૫૦૦૦ હજાર રૂષિમુનીઓ વ્યાસજી ને મળવા આવ્યા, વ્યાસજી એ સઘળાની પૂજા કરી સ્નાન કરવા અને નર્મદા જલામૃત. સહ ફલ ખાવા જણાવ્યું. સઘળા ઓએ જણાવ્યું જે અમા ઉતર તટી રૂષિઓ નર્મદા દક્ષિણ તટી તિર્થે સ્નાન સંધ્યા ન કરીએ. જળ ફલ પણ ન ગ્રહીએ એટલે વ્યાસજી એ નર્મદા માની સ્તુતિ કરી. જે હે. દેવી. આ સંકટ નિવારણ કરનાર

તુંજ છે. જો આપના તટે તપી આપનુ ભજન કરી આપનો વ્હાલો થયો હઉ. તો, આ. મ્હારો આશ્રમ ઉત્તર તટમાં થઈ જાય નર્મદામા એ પ્રગટ થઇ જણાવ્યું જે હે વ્યાસજી આ કાર્ય કેમ બને, અસંભવિત છે-જેથી વ્યાસજી મુર્છિત થયા. અને હાહાકાર વર્તાયો ત્યારે નર્મદાજી એ સઘળા રૂષિઓને વાયુ દેવનું સ્મરણ કરવા જણાવ્યું વાયુદેવે, વ્યાસજી ને ચૈતન્ય આપ્યુ, અને વ્યાસજી જાગૃત થઇ રૂષિઓના દેખતાંજ પોતાનો આશ્રમ. ઉત્તરે તટે બતાવ્યો. નર્મદામાએ, વ્યાસ ઉપર પ્રસન્ન થઇ, વાયુ દેવની સ્હાયથી પોતાનો પ્રવાહ બદલ્યો, અને વચમાં માર્ગ કાઢી વ્યાસજી નો આદર કર્યો, ચમત્કાર જોઇ જગત્માં વ્યાસજીની કિર્તિ વધી, અને સઘળા રૂષિઓએ નર્મદાના બીજા વ્હેણના પ્રવાહથી વ્યાસા શ્રમ. ઉત્તર તટે નિહાળી સઘળાં કર્મો પરવાર્યા. અને વ્યાસજીનું આતિથ્ય સ્વિકાર્યું. કાર્તિક અને વૈશાખ માસમાં અત્રે નિવાસ કરવો એ પવિત્ર ગણાય છે-કાર્તિક પુનમનું ઘણું મહાત્મય છે અને અત્રે ગાયત્રી પુરશ્ચર્ણનો મહિમા. અવર્ણ નિય છે વળી અત્રેના જેવા યજ્ઞનો દાનનો અને તપનો મહિમા બીજે કંઇ પણ નથી સઘળા સ્નાન પૂજનથી પરવાર્યા, અને ફળાહાર કરી લઇ બે ત્રણ કલ્લાક વિશ્રામ માટે; અત્રેની ગાયકવાડ સરકારે બાંધેલી ધર્મશાળામાં ગયાં ઠંડા પ્હોરે સઘળા વ્યાસેશ્વર તિર્થ સામુ શુકેશ્વર તિર્થે ગયાં.

શુકેશ્વર તિર્થ મહાત્મ્ય.

જ્યારે પરમ વૈષ્ણવ. યોગીરાજ શુકદેવજી-૮ વર્ષના. હતા ત્યારે એમણે અત્રે તપ કર્યું ૧૦૦ વર્ષ તપ કરીને શંકરજી ને પ્રસન્ન કર્યા. અને સ્વ મુક્તિ સાથે ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવાનું વરદાન માગ્યું ત્યારથી. શુકેશ્વર કર્ણેશ્વર અને માર્કંડેશ્વર ત્રણે દેવો અત્રેજ નિવાસે છે-સ્નાન પૂજન પરવારી સઘળાં પ્રભાતિર્થ-સંકર્ષણ તિર્થ જનકેશ્વર તિર્થ મન્મથેશ્વર તિર્થનાં દર્શન કરતા અને માનસિક સ્નાન ધ્યાન પરવારતા-અનસુયા ક્ષેત્રે આવી પહોંચ્યા.

પરિક્રમા કરનારે સઘળાં તિર્થે જવું જોઇએ પણ અનસુયા માતાએ જનારે વચલાં તિર્થોનું માનસિક સ્નાન ધ્યાન પરવારવું, એ ધર્મે સઘળાં ધનશંકરજી સાથે અનસુયા ક્ષેત્રે આવી પૃગ્યાં. અત્રે રાત્રીનો નિવાસ છે એટલે સઘળાં નિશ્ચિત પણે સાયંકાળે નર્મદા સ્નાન પરવારે છે. અને તિર્થ મહાત્મ્ય શ્રવે છે.

ધનશંકર—શેઠજી. મમેષ્ટ ગુરુદત્તાત્રેય મહારાજશ્રીની આ જન્મભૂમિ છે. મને વિશેષ પ્યાર છે સાંભળો—

અનસૂયા તિર્થ મહાત્મ્યા.

પૂર્વે બ્રહ્માના પુત્ર અત્રિરૂષિ હતા. એમણે પોતાનાં સ્ત્રી અનસુયાજીને પુત્રના કારણે નર્મદાના તટે તપ કરવા જણાવ્યું, જેથી માજીએ આવી અત્રે ૧૦૮ વર્ષ સુધી શાકભાજ્ય આહાર કરી તપ કર્યું, અને ત્રણે દેવોને પ્રસન્ન કર્યા. એમણે પોતાની માયાથી એરંડી નિર્માણ કરી, ત્રણે દેવાએ પોતાના અંશથી ત્રણ પુત્રો આપ્યા. શિવાંશ-દુર્વાસા બ્રહ્માજીના અંશ ચંદ્રમા. અને વિષ્ણુના અંશ દત્તાત્રેય. એમ ત્રયાવતારના કારણથી આ તિર્થનું ખાસ જ મહાત્મ્ય છે સ્ત્રીઓની પુત્ર કામના અત્રે સફળ થાય છે બધાંય કર્મો સફળ થાય છે.

મહાત્મ્ય સાંભળી માજીનું પૂજન પરવારી ધનશંકર મહારાજે દત્તચરિત્ર રાત્રીએ સંભળાવવા જણાવ્યું. જે માટે સઘળાં તલપાપડ થઇ રહ્યાં—

ધનશંકર મહારાજે દત્તચરિત્રનો ગરબો જોડીને શેઠાણીને ભેટ કર્યો. અને એ ગરબો ગાવામાં શેઠાણીના દિકરીઓ તેમજ અન્ય યાત્રાર્થિનાં બૈરાં સાથે ઘણો આનંદ આવ્યો સર્વેને.

ઘનશંકર કૃત.

દત્ત ચરિત્રોદ્દગીથ

પૂર્વે કાળે સત યુગમાં અત્રિરૂષી રાજર્ષિ
સતી અનસુયા સેવા કરે વેદ મર્યાદા ગૃહસ્થી શ્રીગુરુદત્ત ચરિત્રગા.
પૂત્ર પ્રાપ્તિના કારણે સતી તપીયાં મહાતપથી
ત્રિગુણ દેવ ઉપાસીયા બ્રહ્માવિષ્ણુ મહેશજી શ્રી. ગુ. દ. ચ. આ.
બ્રહ્માંશ ચંદ્રમા જાણવા સત્વાંશ મહાવિષ્ણુ દત્ત
તમાંશ દુર્વાસા માનવા એક રૂપ સુરેશ શ્રી. ગુ. દ. ચ. ગા
જ્ઞાન વૈરાગ્યની મૂર્તિમય સ્વામિ દત્ત ગુરુદેવ
રાજ્યાસને બીરાજતાં ભાગ્યો ભવસિંધુ ભેવ શ્રી. ગુ. દ. ચ. આ.
વેદ વિચાર ગ્રહણ કરી પૂર્ણ અવધૂત નિવૃતિ.
અદલ કૃપારી આદરી દેહાતિત અલ્લમસ્તિ શ્રી. ગુ. દ. ચ. ગા.
જટાધરા પાંડુ રંગીયા. ત્રિશુલધારી કૃપાલ.
ભવરોગ હર્તા ગુરૂવરા. ગુરૂદત્ત દયાળ. શ્રી. ગુ. દ. ચ. આ.
જગદોત્પત્તિ સ્થિતિલયતણા કર્તા ભવપાશ હર્તા
જરાને જન્મ વિદારતા. દેહશુદ્ધિના દાતા. શ્રી. ગુ. દ. ચ. ગા.
દયામૂર્તિ દત્ત દિગમ્બરા. વાસુદેવ એકનાથ.
કર્પુર કાન્તિલા જ્યોતિલા. વેદશાસ્ત્રના જાણ. શ્રી. ગુ. દ. ચ. આ.
યજ્ઞભોગી યજ્ઞરૂપ છો. યજ્ઞ વ્હાલો અતિશે.
સિદ્ધોના સ્વામી યોગીલા. ધ્યાને પરગટ દીસે. શ્રી. ગુ. દ. ચ. ગા.
ભિક્ષાટની ગ્રહગામના નાના સ્વાદના શોખી
રાગને ત્યાગથી પરસ્લા નથી યોગી કે જોગી શ્રી. ગુ. ચ. આ.
જમ્બુ દ્વિપે મહાક્ષેત્રમાં માતા પુરની માંહી
જય વર્તાવી અખંડ રહ્યા શિવ બ્રહ્માના ભાઇ. શ્રી. ગુ. ચ. આ.
બ્રહ્મજ્ઞાન મય મુખ છે પ્રત્યક્ષ પરમેશ રૂપ
આનંદ પૂર્ણ સ્વરૂપ છે મુનિ રૂષિના ભૂપ શ્રી. ગુ. ચ. આ.

અવધૂત આનંદ નિત્ય છો પરબ્રહ્મ સ્વરૂપ
દેહ વિદેહથી પર રહો રૂપ કે નહિ અરૂપ શ્રી. ગુ. ચ. આ.
સત્ય રૂપ સદાચારી છો સત્ય ધર્મ પરાયણ
ત્રિશૂલ વનમાલ ધારતા ગુરૂ દત્ત નારાયણ શ્રી. ગુ. ચ. આ.

ખાંધે ભિક્ષાની ઝોળી છે કમળ શંખ ચક્ર ધાર
અંગે વિભૂતિ ચોળી છે દિવ્ય રૂપ દયાળ શ્રી. ગુ. ચ. આ.
સત્યરૂપ સદાચારી છો સત્ય ધર્મ પરાયણ
ત્રિશૂલ વનમાલ ધારતા ગુરુદત્ત નારાયણ શ્રી. ગુ. ચ. આ.

ક્ષરા ક્ષરથી પર રહયા ગુણા ગુણથી પાર
નાશ કરંતા શત્રુનો ઘોર પાપ હરનાર શ્રી. ગુ. ચ. આ.
વિદ્વાને ગાય સ્વરૂપમાં વેદ જ્ઞાન સ્વરૂપ
યોગીપતિ અવધૂત હો તારી લીલા અનૂપ શ્રી. ગુ. ચ. આ.

બાળપણે બ્હાર નિકળ્યા તજી રાજપાટ બાળ
વન વન અસંગ એકલા રહેતા દત્ત દયાળ શ્રી. ગુ. ચ. ગા.
રૂષિ મુની બાલક પુંઠ લે ગમતા દત્ત મહારાજ
દેહાતિત થઇ મસ્ત રે' તજી આશ્રમ પ્યાર શ્રી. ગુ. ચ. આ.

ગુરુદત્ત લીલા પછીખેલીયા પડયા સરોવર માંહિ
ત્રણ દિવસમાંય સુઇ રહયા પૂર્ણ સમાધિ સાહી શ્રી. ગુ. દ. ચ. ગા.
બ્હાર આવીને દેખતા. જોયાં રૂષિઓના બાળ
ખસશે નહિ એમ ધારી ને કર્યો માયા પ્રચાર શ્રી. ગુ. દ. ચ. આ.
દારા ને દારૂ હાથમાં લઈને આવ્યા જ્યાં બ્હાર
રૂષિનાં બાળ જતાં રહયાં આતો ઘેલો ગમાર શ્રી. ગુ. દ. ચ. આ.

હસતા ગુરુદેવ જતાં એકલા. ફરતા વનની મોઝાર.
એકદા કોઇ એક રાજવી પામ્યો દેત્ત દયાળ શ્રી. ગુ. દ. ચ. ગા.
પ્રશ્ન કર્યો ગુરૂ દેવને પ્રભુ આનંદ રૂપ.
મહા શાન્તિ ને ધારતા, અવધૂત પૂર્ણ સ્વરૂપ. શ્રી. ગુ. દ. ચ. આ.

કેમ કરી પદ આ ગ્રહ્યું ગુરુ તારો બતાવી
આજથી શીષ્યશીર સોપીયુ ભૂત વર્તમાન ભાવી શ્રી. ગુ. ચ. આ.
શ્રી ગુરૂ દત્ત દેવ ઉચ્ચર્યા સુણ રાજવી ધીર
મેં તો ચોવિસ ગુરુ કર્યા સાંભળ ચીત રાખી સ્થીર શ્રી. ગુરુ

૧ પૃથ્વીને ગુરુ પ્હેલી કરી એણે આપ્યા બે ગુણ.
ક્ષમા પરોપકાર શીખવ્યા, સાધક રાજન સુણ શ્રી. ગુ. દ. ચ.
૨ બીજા ગુરૂ મેં વરૂણ કર્યા સ્વચ્છતા માધુર્ય શીખ્યો
૩ ત્રીજા ગુરુ અગ્નિ દેવથી ઉદર પાત્ર મેં લીધો શ્રીગુરુ—
૪ ચોથાગુરુ વાયુ દેવથી, નિરાસકત સંતોષ
૫ પંચમાકાશથી શીખ્યો અસંગ વ્યાપક કોષ. શ્રીગુરૂદત્ત.
૬ છઠ્ઠા ગુરૂદેવ ચન્દ્રમા. પાસે શીખ્યો હું એમ
આત્મા પરિપૂર્ણ જાણીયો પૂર્ણ ચંદ્ર છે જેમ. શ્રીગુરુદેદત્ત
૭ ગુરૂ વરેણ્ય છે સાતમા આપે ગ્રહણનો ત્યાગ. શ્રીગુરૂદત્ત.
૮ આઠમો કપોત મેં માનીયો શીખ્યા સ્નેહનો ત્યાગ. શ્રીગુરૂદત્ત.
૯ નવમો અજગરમે સેવીયો શીખ્યો અજગર વૃત્તિ.
યોગક્ષેમ તજી નિર્દ્વં. સંતુષ્ટ પુરણ સિદ્ધિ. શ્રીગુરૂદત્ત.
૧૦ દશમા સમુદ્રમે જાણીયા અટલમર્યાદિ શીખ્યો
૧૧ પતંગ ગુરૂ અગીઆરમો લીન થવાનું શીખ્યો. શ્રીગુરૂદત્ત.
૧૨ ભ્રમર ગુરુદેવ બારમા ભિક્ષાવૃતિ બતાવી
૧૩ માખી ગુરુદેવ તેરમા. અસંગ્રહતા જણાવી. શ્રીગુરુદત્ત.
૧૪ હસ્તિ ગુરુદેવ ચૌદમા. સ્ત્રિનો ત્યાગ બતાવે
૧૫ હરણાં પંદરમા જાણજો નાદમોહ તોડાવે શ્રીગુરુદત્ત.
૧૬ મચ્છ ગુરુદેવ સોળમા. સ્વાદ ત્યાગ બતાવે
૧૭ વેશ્યા સત્તરમી જાણજો નિરાશા શીખવાડે. શ્રીગુરુદત્ત.
૧૮ કુકરપક્ષી છે અરાઢમા. ભોગત્યાગ જણાવે
૧૯ છંવણુ બચ્ચુ ઓગણીસમુ અચિંત્ય વૃત્તિ સિદ્ધાવે શ્રીગુરુદેવ.

૨૦ વીસમી કુમારીકા જાણજો કંકણ એકથી જણાવે
એકલા રહી જ્ઞાન માણજો. લોકસંગ ત્યજાવે. શ્રીગુરુદત્ત.
૨૧ એકવીસમો સર્પ મ્હને મળ્યો રમતારામ બતાવે
૨૨ બાવીસમો લુહાર ગુરુ ધ્યાન સિદ્ધ જણાવે શ્રીગુરુદત્ત.
૨૩ ત્રેવીસમો ગુરુ મખડી છે સંકલ્પોને છોડાવે.
૨૪ ચોવીસમો કીટ ભ્રમરી છે તન્મયવૃત્તિ ભણાવે
દેહરૂપનામ ઘાટના નિદિધ્યાસ ભૂલાવે શ્રીગુરુદત્ત.
આમ ગુરુ ચોવીસ કર્યા વનવન સ્વચ્છંદે ભમતો
દત્તદિગમ્બર અવધૂતો પૂરણ પદમાંહિ શમતો શ્રીગુરુદત્ત.
કાર્તિક સ્વામીને આપ્યો છે અવધૂત ગીતાનો બોધ
પંચમ વેદનો સ્થાપ્યો છે કૈવલ્યાદ્વૈતિ બોધ. શ્રીગુરુદત્ત.
આઠ અધ્યાય જુદા જુદા ગુહ્ય બોધ જણાય.
વેદાન્તના મુખ્ય મુદ્દા. અવધૂતોને સમજાય. શ્રીગુરુદત્ત.
એવીરીતે ગુરુદેવનું જીવનવૃતાંત સાર
પાગલદત્ત ગુરુએના કહ્યો આ ગુરુભાગ શ્રીગુરુદત્ત.
નર્મદાખંડે તટેવસી ચંડ પુર મોઝાર
પ્રગટદત્ત ગુરુ બજી પાગલ ચૈતન્યપાર. શ્રીગુરુદત્ત.
અમરગઢમાં દત્ત છે પ્રભુ પ્રગટ પ્રમાણ.
ગુરુચરિત્ર આ સત્ય છે બોલી પાગલ વાણ શ્રીગુરુદત્ત

શ્રી ગુરુ દત્તાર્પણ મસ્તુ

—અનસૂયા માજીનો ગરબો—

આ ગરબો. દત્ત ચરિત્રનો ગરબો, અને અમર ગઢીય સિધ્ધામૃતમાં છપાયેલી દત્ત લહરિનો અનસૂયા ક્ષેત્ર રહિ સાત દિવસ સાંજ સવાર પાઠ કરનાર ને ગરમીના રોગ શાંત થાય અને-વંધ્યત્વ નિવારણ થાય છે. એટલે વાંઝીયા પણું ટળે છે.

(ગરબાનો રાગ)

માડી આવ્યાં કુલાચળથી આંહિ—જય સતિ અનસૂયા
મુની અત્રી મહારાજની છાંઈ—જય માડી અનસૂયા-
પ્રભુ કપીલજી નાં બ્હેન—જય સતિ અનસૂયા.
ત્હારી પાતિ વ્રતમાં પ્હેલ—મહાસતી અનસૂયા.
રેવા મૈયાની સહિયર શ્રેષ્ઠ—જય સતિ અનસૂયા.
ત્હારી વિશ્વે વખણાઈ ટેક—મહા સતિ અનસૂયા

સો વર્ષ કર્યા મહાતપ-જય સતિ ત્રૈણકાળ કર્યા ત્રયજપ-મહા સતિ
શાકા હારે મુનીની સેવ-જય સતિ જેર્થી ઉતર્યા છે ત્રણ દેવ-મહા સતિ
બ્રહ્માજી ચંદ્ર સ્વરૂપ-જય સતિ શિવ, દુર્વાસાનુ રૂપ-મહા સતિ
મહાવિષ્ણુ દત્તાત્રેય-જય સતિ ત્રૈણેય રહ્યા એક મેય-મહા સતિ
પેલા ગોવિંદની તારક-જય સતિ બ્રાહ્મહત્યા નિવારક-મહા સતિ
યોગ જ્ઞાન ત્યાગ વૈરાગ-જય સતિ પ્રેમ લાવંતાં મહાભાગ-મહા સતિ
પતિ વ્રતાવરી મહાભર્ગ-જય સતિ જેણે સોંપ્યુ દેવને સર્ગ-મહા સતિ
અવતારની અર્પક અમ્બ-જય સતિ જાણુંતિ દેવ ના. દમ્ભમહા સતિ
એવાં મહેશ્વરી અવતાર-જય સતિ જય સતિ શ્રેષ્ઠ સંસાર-મહા સતિ
વસ્યાં નર્મદા ઉત્તર તટ-જય સતિ અનસૂયા તિર્થ ઝાંઝડ-મહા સતિ
જેના સેવક ગાયકવાડ-મહા સતિ બાળરામાં લડાવે લાડ-મહા સતિ
ત્હારા સતિપણાના પરતાપ-જય ટળે જીવોના ત્રયતાપ.-મહા સતિ
તર્વતિર્થતટી કાદવ-જય સતિ મહારોગહરે અનુભવ-મહા સતિ.
રગતપીતીયાં ઠુંઠાં લોક-જય સતિ એને બચાવતી હરીશોક-મહા સતિ.
નવરાત્રીની સાતમ-જય સતિ ભરતી મેળો ઉપવન-મહા સતિ.
લોક આવે બાધા લઈ-જય સતિ એનાં કામ સફળ થાયસહિ-મ. સ.
અપૂત્રને આપો પૂત્ર-જય સતિ ધનહિણને ધનદો તુર્ત-મહા સતિ.
કિર્તિચાહકને યશ-જય સતિ વખણાવો ચારેદશ-મહા સતિ.

ભૂખ્યાંને ભરપેટ અન્ન–જય સતિ નિર્ધનિયાને ખૂબધન–મહા સતિ.
યોગીને આપો યોગ–જય સતિ વૈરાગીના રક્ષો જોગ–મહા સતિ.
દત્ત દુર્વાસાને ચન્દ્ર–જય સતિ ફેરીફરે એરંડ સંગમ–મહા સતિ.
અમરગઢી બાલાદત્ત–જય સતિ નિત્ય આવે હા ચોક્કસ–મહા સતિ.
એવી અગમ્ય અનસૂયા–જય સ. ભજનારાં થાય અભયા–મહા સતિ.
માડી ગરબો તારો ગાય–જ. સ. દત્તદેવ પાગલ હરખાય–મહા સતિ.
ગાવંતિ ભગવતી બ્હેન–જ. સ. એને આટલુ છે મમકે'ણુ–મહા સતિ.
માગશર મહિનાનીમાંય–જ. સ. લેજો માની કોઇ છાંય–મહા સતિ,
વસજોને ભજજો દત્ત–જય સતિ મળે દેવપૂત્ર છે સત્–મહા સતિ.
દીવો અખંડ વચમાં રાખ–જ. સ. પછી ગરબા ત્રણ આ ભાખ–મ. સ.
રાત્રીનું કર જાગરણ–જય સતિ કરજો હરજો ભવરણ–મહા સતિ.
અનસૂયામ્બા સાક્ષાત–જય સતિ દત્તાત્રયીનાં વૃદ્ધ માત–મહા સતિ.

ધુનો

૧ અનસૂયાનંદન તુહિજનાર્દન રેવાતટી અલમસ્ત દિગમ્બર
૨ અત્રિપૂત્ર અનસૂયાસુત દત્તાત્રેય જય ગુરુઅવધૂત.
૩ દત્તરાજ અવધુત દિગમ્બર કરૂણાકર આત્રેય પરાત્પર
૪ સતિ અનસુયાનું આદર્શ સિદ્ધો સૌકોઈ ભારતવર્ષ.
૫ અનસુયાત્રિ જય શિવામ્બ ટાળો નરનારીના દમ્ભ

ઉપર જણાવેલા ત્રણ ગરબા અને પંચ ધુન સિદ્ધ કરનારને અનસુયામા દર્શન આપી દત્ત મિલન કરાવે છે. અનુભવ કરવા સાત દિવસના આસનથી ભજન તપે તપતાં ઉભયલોક વિજયસહ જીવન્ત કલ્યાણપદ અનુભવાય છે. જો કોઇ દત્તભક્ત અનસુયા ક્ષેત્રે ભજન કરી દત્તદાદાનું સ્થાપન કરે તો માજી ઘણાં પ્રસન્ન થાય– અને દત્તદાદો એ ભક્તને અમર કરે. અસ્તુ સઘળાંએ આ ગરબામાંથી દત્તચરિત્રનો ગરબો, વખતોવખત ગાઈ અનસુયા દેવીને પ્રસન કર્યા

અને દત્તલહરીના પાઠથી દત્તમહારાજનું પ્રગટ દ્રષ્ટાંત લીધું–ભજનથી રાત્રી પસાર કરી શેઠજી અને શેઠના કુટુમ્બે, તેમજ ધનશંકર મહારાજે. આ તિર્થનો મહિમા ઘણો છે. અત્રે રક્તપિત્ત એટલે જેમાં અંગો ખવાય છે, એવા અસાધ્ય રોગ નર્મદાની હવા જળ અને અનસુયા સતિના તિર્થની માટી ચોપડવાથી તેમજ તપ કરીને રે'વાથી રોગ મટે છે. જેથી શ્રીમંત સરકાર ગાયકવાડ સરકારે ત્યાં રગતપિત્તીયાં માટે એક ધર્માદા દવાખાનું ઉઘાડુ મુકયુંછે, ૨૫ થી ૫૦ જેટલા દરદીઓ રખાય છે. હાલતો ૧૦–૧૫ દરદીઓ હશે.

જ્યારે તિર્થોનાં આવાં પ્રગટ દષ્ટાંત નજરે ભાળીએ છીએ છતાં નાસ્તિક હૈયાંને તિર્થો ઉપર ભાવ નથી બેસતો તેનું કારણ, નાસ્તિક વર્ગનો સંગ.

બીજે દિવસે પરોઢીએ. માજીનાં દર્શન કરી સઘળુ મંડળ. ચાંદોદ આવવા પનાઈમાં બેઠુ, વાતો કરતાં આનંદ લેતાં અને દત્ત ચરિત્રનો ગરબો ગાતાં ગાતાં સવારના ૧૦ વાગે ચાંદોદ આવી પૂગ્યા સ્નાન કરી સઘળાં આત્મારામ મહરાજને અને ગોરાણીજી ને જઇ પગે પડે છે, અને આશિર્વાદ મળવે છે.

પ્યારે યાત્રળુ સન્ત ! શેઠજીની ચાંદોદ યાત્રા સંપૂર્ણ થાય છે. એટલે ત્હને પણ સઘળાં તિર્થનુ મહાત્મ્ય જાણવાનું પૂર્ણ થાય છે, એમ સમજ. અને ભાવપૂર્વક ગોરદેવને સાક્ષી રાખી શેઠજીની પેઠે શ્રદ્ધા રાખી તિર્થ યાત્રા ઉજવજે ડુબકા મારી ગોરને ત્યાં એક દિવસ લાડુ ઝાપટી લહેરીલાલની મુસાફરી જેવુ કરીને ન જતો, ત્રણ રાત્રી તો નિવાસ કરજે અને બને તો. દાન પૂણ્ય ભજન આદિ સત્ કર્મો વ્હોરજે. અસ્તુ નર્મદા માઇ સઘળા યાત્રાળુ જનની યાત્રા સિધ્ધ કરો. આ ચાંદોદ તિર્થ મહાત્મ્ય. જે દેવને સમર્પાયુ છે તે ગોરદેવ–મ્હારા. અંગત મિત્ર અને દત્તના. ઉપાસક હતા. એટલે. ઉપાસકને જે લખાણ

રચે એવુ લખાણ. એમને સોંપી ચાંદોદ તિર્થોની સાથે એમની સ્મૃતિ અમર સંધાઇ ને, ભટ્ટ બન્સિલાલ અમરગઢના. આધ્યાત્મિક સંગના પારખુ હતા. અને પોતાના જાણીતા જનોને પરખાવતા, તેમને અમરગઢના. પરિચયમાં અમરગઢની ભીંતોના. ચેતનાર્પક દુહાઓ વધારે પ્રિય હતા. એટલે યોજક યાત્રાળુઓને,

અમરગઢની ઉપદેશક ભીંતોના ચેતનાર્પક દોહરા.

આપી. શબ્દસંગ કરાવે છે-આ દોહરા અમરગઢની કામડાની ભીંતો ઉપર ત્રણત્રણ વર્ષ રહેતા. અને બદલાતા.

અમરઘઢના સાધકો આ દોહરાની સમજના શિક્ષણમાં કેળવાયા છે. અને અત્યારે જેટલા અમરગઢના કારણ શરીરના સંગી સાધકો છે તે સઘળા દેવરૂપ બની પુંજાય છે.

અમરગઢની ઉપદેશક ભીંતોના ચેતનાર્પક દોહરા:—

અ. આશાવણ એકલો | **વ.** વને વાસના દૂર
ધૂ. ધૂતકારે ત્રિગુણને | **ત.** તે તત્વમસીશૂર
એવોજે અવધૂત———

ગુરુ પરમાત્મા પ્રગટ છો | સાધક હંસોદ્ધાર
અવધૂત સૌના મુગટ છો | ભવભયના હરનાર ૨
સમજણ હવે સમાય છે | બાલા અવધૂત દેશ.
પાગલ ડાહ્યો કેમ બને | છે સતગુરુના આદેશ ૩
ગુરુદેવને જ્ઞાનથી | ભૂલે સાધક શઠ
સમજ્યા ગુરુ તતસત વિષે | રહે ચુસ્ત અલમસ્ત ૪
જ્ઞાનોન્માદી હંસને | ગુરુદેવ ના ચા'ય.
જડસેવકડાં ભક્તને | અંતરમાંજ રખાય ૫
તું હશે ત્યાં તે નથી | તેતો તેમનો તેમ
હુંકારે તે રં નહિ | પાગલ જેમનો તેમ ૬

યોગી ભોગી સમરસ અવધૂત સ્વચ્છંદી દત્તાત્રેયના પૂત
તું એકલો અંતરયામીથી છૂપાટ રાખીશ તો આત્માને ગુમાવીશ

સર્વ ખલ્વિદંબ્રહ્મ આત્મરત્યાનંદમાં
શાંડિલ્ય મુનીના અંશો જીવન્ત આત્માનંદમાં ૭
યોગભોગને ના બને બને ન રાગે ત્યાગ.
યોગ ભોગરાગ ત્યાગથી પાગલદત્ત બડભાગ ૮
સમજણનું ઘર શોધવા દેશ વિદેશ અથડાય
દિનપ્રતિદીન નવા ગુરુ કરતા જીવ કુટાય ૯
સ્વાદ વાણુ ઇચ્છા નજર મનમુખી જો વર્તાય
પાગલ તે બાવાજીની અંત ફજેતી થાય ૧૦
સમજણ સત્ ગુરુ દેવની વેદ શાસ્ત્રની સાક્ષ.
સત્ પુરૂષાર્થ સત્ શાન્તિનો પાગલ જાતે રાખ ૧૧
ગુરુ ઇષ્ટ જેને નથી નથી વીવેક વૈરાગ્ય
પાગલ એવાં માણસાં એકદમ કર ત્યાગ ૧૨
જયાં ત્યાં જેમનો તેમ છે પણ ભ્રમણા પટ ચઢી જાય
અવધૂત સેવી સાધકાં જેમનાં તેમ સદાય ૧૩
મોટા પુરૂષો બહુ મળ્યા પણ જમનો તેમ જણાય
પાગલ એવા શુષ્કની ભૂલે સંગન ન્હાય ૧૪
લક્ષ સિદ્ધ જેનું નથી નથી ગુરુ નથી જ્ઞાન
મનમુખી મહાસ્વાર્થિની સંગત પાગલ. હાણ ૧૫
કર્મ યોગમાં શાન્તિ શું અવધૂત ગીતા વાંચ
ને અર્જુન શ્રી કૃષ્ણની અંતિમ સ્થિતિ સાંચ ૧૬
માયા ભક્તિ રડાવશે જુઠડી હડ જગ જુઠ
મિથ્યા દેશોધ્ધારણા પાગલ રામનામ લૂંટ ૧૭
કોઇ પૂર્ણ કોઇ ઇશ્વર કોઇ ગુરુ મહાન થાય
કોઇ સાક્ષાત પરમેશ્વર ત્યારે પાગલ ખોવાઇ જાય ૧૮

ચિત્ત વૃતિ નિરોધવી અખંડ આત્મનુ લક્ષ
વિવેક વૈરાગ્ય બ્રહ્મ ધી અવધૂત પાગલ પક્ષ ૧૯
ઉપનિષદ્‌નો આત્મા ગુરુદત્ત અવધૂત ભેખ
વિશ્વરૂપ સર્વાત્મા પાગલ સમજણુ પેખ ૨૦
હું નહિ તું નહિ તે નહિ નહિ ગુરુ નહિ ચેલા
જબ સત્ કૈવલ્ય અનુભવ આવ્યો તબ
ભાસત હંસણ ખેલા સાધુ આત્મારામ એકલા ૨૧

ઓમમન્ત્ર વિના ઓર જપના ક્યા
સત્ કર્મ વિના ઓર તપના ક્યા
ૐ તત્વ મસિ ધૂન હૃદયવસી

પરમ સત્ ગુરુ દેવને સદાય રાજી રાખ
સત્‌ને માટે સાધકા હું ને ગુરુવશ રાખ ૨૨
પ્રકૃતિ પુરૂષાધિન છે પુરૂપ પરમેશ્વર
માટે સમજી ગુરુ ભજ ગુરુ દેવ તવેશ્વર ૨૩
જ્ઞાન થયા પછી બધ્ધ શું રેં છે જીવન જુદા
ઉડન્તા હંસ એકલા. લૂટે સમજ અખુટ ૨૪
અવધૂત યોગી પૂર્ણ છો પૂર્ણમાં ઓછપશું
ઓછા જનની નજરમાં દ્વૈત ભાવનું હું ૨૫
અવધૂતાત્મા નંદમાં સદાય જીવન મુક્ત
પાપ પૂણ્યમાં ના રહે તત્ સત્યાત્મા યુસ્ત ૨૬
ચૈતન્ય ભક્તિ પૂર્ણ છે ગુરુહંસી અવધૂત
તુર્યાપાર અમર્ણ તે જીવન મુક્ત મજબૂત ૨૭
નિશ્ચય સિદ્ધ જો ડગમગે તોતો નાથ ભૂલાય.
ભૂલવણીમાં ભટકી મરે ભવમાં જીવ ઘણાય ૨૮
સ્વાહાકાર કાચો રહે અગ્નિ વિણુ ગંધાય.
આચાર્ય અળગો કરે યજ્ઞ અપૂર્ણ મનાય ૨૯

પ્રથમ ત્રય વર્ષના પુરા

—બીજા ત્રયાબ્દિ દુહા—

ઉમ્મર વીતે હંસલા   સદ્દગુરુ બોધ વિચાર
જ્ઞાનાત્મા પરિપૂર્ણ થા   કૈવલ્ય પદે સધાર ૩૦

નાદ બિન્દુ ને પ્રાણની   ઐક્યતા સિદ્ધિવન્ત
પાગલ તે સાક્ષાત ૐ   નિરાડહંમીયા જગવન્ધ્ય ૩૧

દત્તાશ્રયી દત્તગણ બન્યા   થયા ગુરુમુખી બાળ
તે દીઠી સૌ ભય ગયા   નિઃસંશય નિર્જાંળ ૩૨

ઉપનિષદ્દનો આત્મા   રૂષિ મુની સમ આદર્શ
વિશ્વ રૂપ સર્વાત્મા   પાગલ સમજણ સર્શ ૩૩

તત્વમસિ દઢ ભાવના   નાડહં મન્ત્રનો જાપ
સર્વાત્મા પરમાત્મા   સમજ્યાનંદ અથાગ ૩૪

રાગદ્વેષથી મુક્ત થા   સર્વ તણુ શુભ ચા'
દઢબોધી રહે ધીરણા   પરમ પદે પછી જા ૩૫

પરમાત્માનુ ઘર ગુરુ   સતસંગ જેનુ ખાદ્ય
ધર્મ દયા જેનુ આંગણું   ૐ નાદ છે આદ્ય ૩૬

ઘણાય બાવા આથડે   પણ અંતર રાખે આશ
ગુરુનાં બચ્ચાં મસ્ત રે'   પાગલ દત્તના ખાસ ૩૭

પંચકોશના સિધ્ધણા   પંચ વ્રત પળનાર
પચવિષયના જીતણા   પાગલના દરબાર ૩૮

અલખઅલખસૌ કોકહે   પણ ખલકતણું નથી ભાન
પલક જેણે જાળવી   પાગલ તે નિર્વાણ ૩૯

વાણીમાં વૈરાગ   વર્તનમાં વેવલા પણું
પાગલ એ કમભાગ્ય   સતગુરુવણ સુધરે નહિ ૪૦

સબઘટ સોડહં રામ   પોતેજ પરમાત્મા પુરણ
પાગલ કોણ નિષ્કામ   સાક્ષાત જ્યાં વિલસ્યો સદા ૪૧

દત્તાત્રયી ઉપાસના. અવધૂતિ આદર્શ
પ્રગટ ચેતન ચેતના પાગલ પૂરણ હર્ષ ૪૨
અળવીતરાંને ઓળખુ પાખંડી પર પ્રેમ
છેતરીયાંને શું કથુ પાગલની તો રે'મ ૪૩
વિપત્તિએ વિપત્તિ નહિ ન સંપત્તિએ સંપત્તિ
વિપત્તિ વિષ્ણુ ભૂલવાથી સંપત્તિ શ્રીહરિનીસ્મૃતિ ૪૪
ઘડીયે પલકે રીસ કરે વાતે વાત ખીજાય
સેવે પણ સિદ્ધાન્ત ભૂલે પાગલ તે ઝખખાય ૪૫
અનુભવમાં જ્યાં હું પણું સમજણમાં શમ નહિ
ભજન પૂજનમાં વૈખરી પાગલ એ શઠતાઇ ૪૬
ચર્ચામાં ચતુરાઈ કરે વિવાદમાં વિદ્વાન
બકબકંતા બાપડા શું સમજે ગુરુતાન ૪૭
જીવ ઇશ્વરની કલ્પના વસ્તુ કશુ ન કાંઇ
એવું જે સમજી ગયા જીવનમુક્ત તે સાંઇ ૪૮
જેમનો તેમ સદાય હું ચૈતન્યૈક્ય રસપૂર્ણ
સમજણ સદ્ગુરુ દત્તની પાગલ ક્યાં છે અપૂર્ણ ૪૯
અહિતહિ પણે પ્રભુ હશે એમ બોલતાં સાધ્ય
એને ઉત્તર એટલો મોટા પુરુષ આરાધ્ય ૫૦
જીવનમુક્ત પદ સિદ્ધ છે પુનઃજન્મથી હા.
જીવદશા પલટાઇ ગઇ પાગલ કોણ કે'ના ૫૧
સમજણમાં સતગુરુ પ્રભુ વિશ્વવ્યાપી વર્તન.
પંચેષણા પુરી ટળી અખંડ આનંદ ઘન ૫૨
નિંદક જન વ્હાલાઘણા ઠપકો દેતા ઠીક
ખીજવતાની ખોજ કરૂ પાગલ સંગ્રહ શીખ ૫૩
સઘળા સંપ્રદાયમાં ઓછાવત્તિ હોય
અવધૂત દત્તને આશરે સૌમાં સરખો જોય ૫૪

અન્નદેવ અઢળક રહે જ્યાં ખૂબ ભોજન થાય
પાગલએ પીરસુ ચહે જમતાં ખૂબ તફડાય ૫૫
હૃદય સંકોચાય જ્યાં ત્યા શું અભેદ હોય.
આત્મદેવ હરખાય જ્યાં આનંદ શાંતિ જોય. ૫૬
સમજણની શી પ્રીછ પવિત્રતા ઓળખાય કેમ
ઉત્તર કોણે દીધ પાગલ એમનું એમ. ૫૭
પરમેશ્વર છે પ્રગટ ગુરુ સમજણ વાળા સંત
અનુભવી આ ઉચ્ચરૂ પાગલ કોણ ધીમંત ૫૮
આત્મા આત્મા સો કથે તજે ન દેહાધ્યાસ
નાત્મા નાત્મા મન્ત્રથી શાંતિ પાગલદાસ ૫૯
જનક વિદેહી સો થયા પણ થયો ન ગોરખ કોઇ
પડદે સો ખેલી રહ્યા પાગલ બેઠા જોઇ ૬૦
ગુરુ ગુરુ ગમવીણ કોણ ઘુંટે હરિ હરિ સ્મરે હતાશ
ભજન કર્યાં વણ કોણ છૂટે પાગલીયો ગુરુદાસ ૬૧
પરમપદે જીવતાં શમ્યા. દત્ત પ્રગટ મળતા.
છેલ્લા જન્મી સંગ ગમ્યા પાગલ અમ્મરતા. ૬૨
આશાવાળો આદરદે નિરાશી કહેના
સંઘરનારો સાંચવે નિસ્પૃહીયો કે' જા ૬૩
સાધક શિષ્ય મળતાજનો ચમત્કાર બહુ થાય
એ સૌને હું શું કથું પાગલ દત્ત ચિત્ત થાય ૬૪
દુનિયાને નહિ કામના એવા આવો અહિ
પતિતો તારણ દત્ત છે પાગલ દત્તની સહિ ૬૫
લુચ્ચાઇ રાખી આવતા તે પણ બદલાઇ જાય
દત્તાશ્રયીના સંગથી પાપી પણ તરી જાય. ૬૬
દત્તાશ્રયી સન્તો બધાં સગાં હમારા હોય
જગદાશ્રયી સબંધીયાં જરા ન ગમતાં કોય ૬૭

પરમેશ્વરને શોધતા સાધક આવો અહિ
જુઓ સત ગુરુ પ્રગટ બીજો શોધો નહિ ૬૮
અલક્ષ્ય હતુ તે લક્ષ્ય થયુ અગમ્ય જોવાયુ
અનુભવ પૂરણ વિલસ્યો પાગલ હુ ટાળ્યુ ૬૯
જતાં આવતાં ગાળ દો તો તો સંત હરખાય
ભાવ કરી જો નામશો તો પાગલ ખીજવાય ૭૦
ઘણાય ગુરુ સમજાણતા એવાને :આશિષ
ગુરુ તો ગુરુ કૃપા વિના થવાય ના જા ધિક્ ૭૧
પ્રગટ ભજંતાં પ્રેમીજન પરોક્ષ ભજે માનવ
ઉપાસના તો દત્તની પાગલ અનુભવ નવ ૭૨
સમજુ સન્તો શાન્તિમય જરા ન તામસ હોય
અણસમજુ તો દૂપીલાં સદાય રે'તાં રોય ૭૩
આશાવાળો! આવકે સંગ્રહી દે સનમાન
પાગલ એકે ના ગ્રહે મુકતોને દે માન ૭૪
ભલેને મહાત્મા ના કહો પણ આત્મા જોજો ભાઇ
પરમાત્મા સૌમાં લહો પાગલ જો પ્રભુતાઇ ૭૫
કર્મોપાસન જ્ઞાન વિણ ત્રયાંગ શુદ્ધ ન હોય
પાગલ ગુરુદત્ત સેવવિણુ મુકિત ન પામ્યા કોઇ ૭૬
આવતા સંતોઓળખાય હું પણામાં અંધ
કોકજ વીરલાઆવીજાય નિર્ભીયા નિર્બંધ ૭૭

॥ ઇતિ બીજા ત્રયાબ્દી દુહા સંપૂર્ણ મસ્તુ ॥

અમરગઢની બોલતી ભીંતોના વર્તમાનીય દુહા:—

ભટ બન્સિલાલજીના મરતા પેહેલાં એક માસ અગાઉ આ દુહરા લખાયા છે. જે બન્સિલાલે અભ્યાસ પૂર્વક વાંચ્યા. અને પ્રગટ કરવા જણાવ્યું. પણ પ્રમાદે મુલતવી રાખ્યા. તે આજે પ્રકાશમાં મૂકવા તેમની ઇચ્છાને વર્તુ છું.

—વર્તમાનીય દુહા—

સ્મરણ શરણ ગુરુ દત્તનું   સ્વરૂપાનંદ   અથાગ
કર્મોપાસન   સત્યનુ   તે   પાગલ   બડભાગ   ૭૮
નથી ગ્રહણ ધારણ કર્યું   ગુરુનુ   જ્ઞાન   જરાય
હુંપણું જેનુ ના મર્યું   તે શું પાગલ ન્હાય   ૭૯
જીભરે જપમાં—મન સે'તપમાં
ચિત્ત નહિ લપમાં—તે ગુરુના ખપમાં   ૮૦
આત્મોદ્ધિના પંચનંદ   પાછા   જો   પલટાય
જ્ઞાનો પાસનનો મદ   ટળતાં   પાગલ   થાય   ૮૧
સંગ રંગ આવે નહિ   તો   સંગતમાં   દોષ
પાગલને ફાવે નહિ   જેમાં   હુંનુ   જોસ   ૮૨
જ્યાં ભય ત્યાં પાપ   ત્યાં જય જ્યાં જાપ
દયા દમન ને દાન   દેવોમાં   દેખાય   છે
દારૂ   દારા   દુઃખ   અસુરમાં   પેખાય   છે   ૮૩
દાન દીધાં પાછાં લીધાં   ત્યાંથી હરિ ગુરુ જાય
ખાધાં પીધાં કહી દીધાં   મહા નિચતા એ ગણાય   ૮૪
પ્રપંચ કરના પ્રાણ   સરળ બની જા સાધવા
સમર્થ સંત સૌ જાણ   કપટ તજી દે બંધવા   ૮૫
આજકાલના જીવસહ   સરખામણી શું કર
બાર વર્ષના સિદ્ધને   જોઇ અનુભવી મળ   ૮૬
વિવેક જાગૃત જ્યાં થયો   ત્યાં શું વૈભોગ હોય
જેનો હુંકાર ૐ બન્યો   પજવે કો' કોણ કોઇ   ૮૭
ગુરુદેવના   વિરહમાં   ગુરુવાણી   વિચાર
કરતાં શિષ્યો નિર્ભયાં   ભૂલકણાં   ખાય   માર   ૮૮
આદિનાથ અવધૂતના   પાગલ   સંગી   સિદ્ધ
પંચ વિષયના જીતણા   જીવનમુક્ત   ખચિત   ૮૯

ભાવહિણ ભોજન જુઠડુ પ્રેમહિણ પરિચય
દાનહિણ દિલડુ જુઠડુ કલેશ પ્રપંચે ક્ષય ૯૦

સાફૂટતા પુરી થતાં સંત દેવ દૂર થાય
પૂજ્યભાવેથાય જ્યાંતુતાં ભજન ભકિત ભૂષ્ટાય ૯૧

નારી નાણાં સંગમાં ભજન રંગ રગદાય
પ્રજાપતિના રંગમાં પુરૂષાર્થ નિંદાય ૯૨

ચૂપરે ચંચળતાતજ મૂર્ખા હરિને ભજ
સમજુ સત બળ ને સજ તજી દંભણાના ધ્વજ ૯૩

આશ્રમ સેવા સિદ્ધતા સાધક પર ગુરુ પ્યાર
રાગદ્વેષથી મુક્તતા તે સાફૂટની હાર ૯૪

ચૂપરે ચંચળતાતજ મૂર્ખા હરિને ભજ
સમજુ સત બળને સજ તજી દંભણાના ધ્વજ ૯૫

આશ્રમ સેવા સિદ્ધતા. સાધક પર ગુરુપ્યાર
રાગદ્વેષથી મુક્તતા. તે સાફૂટની હાર ૯૬

જય ગુરુસ્વામી રામ બે દિનના મેંમાન હવે
રટજે દત્તગુરુનામ ફરી ન આવો આ ભવે ૯૭

ભોળા દીલના સંત સમજે પણ ના સાચવે
પ્રપંચોમાં જુઠ જંત અંતે અંધારે ફરે ૯૮

મંડળ બંડળનાં હશે એકલમલ્લ અવધૂત
જુવતી જર જીવ સાચવે શિવસનમાં મજબૂત ૯૭

આવંતાં નિજ ગરજથી જતાંય શેના ભૂત
સાચા જન કોઇએ નથી શું રે છે મગરૂપ ૯૮

ગુરુભક્તોમાં દત્તદેવ ગુરુદ્રોહિમાં ભૂત
માટે ચેતી લુંટ સેવ નહિતર સઘળુ ધુત ૯૯

દત્તબાલા મહાદેવીનું પૂજન કરતા જીવ
સંત કૃપા તે પામશે ભક્તિથી થાય શિવ ૧૦૦

મળવા આવી મોટા થાય   ગુરુ કેતા જાય નેઘૂરકાય
વરદકૃપાબળ જે પી જાય   પાગલ કે' એઠેલા ખાય ૧૦૧

આસનલેપણઅળગોજીવ   એ સાકૃટ શું સમજે શીવ
નચી કેતા સમ બાળ   બુદ્ધ સમો યુવાન વીર
પાગલ તે સહ પ્યાર   બાકી સઘળા અર્કછીર ૧૦૨

પાંચ વર્ષનો બાળ   બટૂક તેને જાણવો
કરતાં આંતર પ્યાર   બટૂક કૃપાને લ્હાણશો ૧૦૩

બ્રાહ્મણ ષટ્ કર્મો વિના   બ્રહ્મ તનુ ન ઘડાય
ગુરુકૃપાથી જે હિણા   મુક્તિપદ ન મણાય ૧૦૪

હૃદય ચોરટાં ચાડીયાં   જુઠડાં જગનાં બદ્ધ
નાણાં ચાહક નારીયાં   પાગલ ગણતો ગદ્ધ ૧૦૫

હરિ ભજનને વેચતા   પ્રતિગહિયા પછડાય
સાકૃટ સાધક શેકતા   ગુરુ આગ્નો મૂજાય ૧૦૬

ગુરુબળમાં ભીખ માગતા   તેઓઇયાં કરી જાય
આખર તે ધૂળ ફાકતા   પામર થઇ અથડાય ૧૦૭

આ યુગ છે મતમુખી   ગુરુ આઇ કોઇ નહિ
શીલસુરીસોની થઇ સુખી   બુદ્ધિ બ્હેકી ગઇ ૧૦૮

જેમ નકુલ બૂટી સુંઘી   નિર્વિષ શુદ્ધ થઇ જાય
નામામૃત જીવડા જપી   નિર્ભય સવથી થાય ૧૦૯

અન્નમયકોશઝીલ્યાવિના   સતમાં ના પ્રવેશાય
કામ કાંચન મૂક્યા વિના   શ્રીહરિ કેમ ભજાય ૧૧૦

હરિગુરુ ભૂલનારા જનો   અધમાધમ જીવ થાય
અમરમન્ત્રને જો ભણો   તતપદ જરૂર પમાય ૧૧૧

તત્ત્વજ્ઞાન સમજ્યો ખરો   જ્યારે એક જણાય
જુદામાં જીવનો મરો   સ્વાનુભવે જણાય ૧૧૨

ના કરતો અભિમાન	હરિનો થઇ હર દ્વંદને	
પાગલની ગૂઢ સાન	રાજી રાખ સૌ વંદને	૧૧૩
નથી જોઇતુ અમને કશુ	માત્ર માગીએ તપ	
તપમાં જો હો આળસુ	તો ચહિએ હરિ જપ	૧૧૪
જપતપ ઉપાસના પછી	સિદ્ધેલું જે જ્ઞાન	
છેલ્લા જન્મીમાં હરે	ગ્રહેન જીવ નાદાન	૧૧૫
સત કલ્યાણ પ્રવાહના	રક્ષક સંતની જય	
તોડંતા તાબૂતના	પુરુષાર્થનો ક્ષય	૧૧૬
રાજ્ય અપાવવા રોકડા	કરોડ લે તે દેવ	
રામ રટાવંત બાપડા	નિંદાય કાલની ટેવ	૧૧૭
નિશ્ચયમાં સેવા અને	સેવામાં દઢ આય	
સાકુટમાં કશુ ના જમે	મન મુખીમાં રે'હાય	૧૧૮
આવો કોને કહું	આવે તે સૌ માણસાં	
જેથી મુગો રહુ	સન્તો આવો પ્રાણશાં	૧૧૯
ચૂપકીમાં ચેતન	શાંતિમાં સ્વરાજ્ય	
અયાચનાનું તપ ધન	પાગલ કે બડભાગ	૧૨૦
હરિરેવ જગદ્	જગદેવ હરિ	
કાળી ધોળી પ્રજા	પ્રભુએ જ કરી	૧૨૧
વસુધૈવ કુટુમ્બકમ્	ભાવ વણા	
અસહકાર પછી	કો' કેમ કર્યા	૧૨૨

આ અમરગઢીય નવાબ્દી દુહાઓ ભટ્ટ બન્સિલાલને ઘણા રુચ્યા હતા એટલે ટાંકયા છે અને યાત્રીને સતસંગ મળે એમ સમજી લીધા છે.–પ્યારે ગણેશ ભક્ત ભટ્ટ બન્સિજી ? આંતર હતું દેવનું અને વર્તન હતું વ્યવહારનું એથી. ન ઓળખી શકયા સંબંધીઓ પણ ઓળખ્યા હતા પાગલે. એટલે. સ્મૃતિમાં સંધાયા એ જાણી આનંદ થજો અને સમજજો જે ગણેશજીએ જીવતાં અમરાપદને સોંપ્યું.

આપે જયારે. અમરગઢીય પ્રથમ દત્તજયન્ત્યોત્સવ સં. ૧૯૮૧ માં ઉજવાયો ત્યારે. ઉત્સવનુ મંત્રી પણું લઇ. માંડવા સ્ટેટના. મેનેજર સાહેબ, શ્રીમાન, વૃધ્ધ વર્ય ભાઇ રાજાભાઇ સાહેબ ના પ્રમુખ પદે ચાંદોદ માટે જે વિચારો મારી પાસે. ઉચરાવ્યા હતા. તે લખાણ. હજી સચવાઇ રહેલુ છે અત્રે ટાંકત પણ. ૧૦ વર્ષ થઈ ગયાં એટલે મૂલતવી રાખુ છું. ત્યાર પછીની સઘળી દત્ત જયંતિના ઉત્સવો સારી રીતે ઉજવાયા છે તે આપે આ વર્ષની દત્ત જયંતિ વિના સઘળા જોયા અને જાણ્યા. રાજપીપળા, ઉત્તરાણ, કોચરબ પાલડી; (અમદાવાદ) આદિ ઉત્સવોમાં આપ પધાર્યા હતા, અને રૂબરૂમાં દત્તો પાસનાનું પ્રગટબળ આપે અનુભવી દત્ત પ્રભુની ઉપાસનામાં પ્રેમી થયા હતા. ગણેશો પાસના સાથે દત્તો પાસના ગ્રહણ કરી, ઘરમાં પણ દત્ત ભજન માટે છૂટ આપી. જે છૂટે મ્હને એક દિવસ. ઘાટ ઉપર ગામના. એક વૃધ્ધ રામભક્ત પુરાણી મહારાજે. જેમનુનામ. ઉજમરામ પુરાણી હતુ તેમણે જણાવ્યું હતું જે પાગલ મહારાજ આપના સંગ પછી ભદ્ર બન્સિલાલ અને એમના ઘરમાંથી દેવ બન્યાં છે એમના સ્વભાવો અને વર્તમાનમાં ઘણોજ ફેરફાર થયો છે મ્હેં જવાબ આપ્યો જે આપ ભક્તરાજ આવુ પ્રમાણ, આપો છો એટલે બસ છે વધારે હવે ઇચ્છા નથી ભલે અધર્મિજનો અવળા વિચારથી પોતાનેજ હાનીકર્તા નિવડે એવાઓ ઉપર તો આપણે દયાજ રાખવાની છે અને પરમાત્મા એમની બુદ્ધિને સુધારો એમ સ્તવવાનું છે અસ્તુ—

આપનાં પત્નિ. સુખરામે દત્ત ભક્તિ બળથી જીવન. ને ઝીત્યું છે. એ આપેજ જણાવ્યું હતુ એની ખાત્રીમાં ગંગાસ્વરૂપ. સુખરામે દત્ત મહારાજનાં ત્રણ ભજન લખ્યાં છે જેમાં એમના હૃદયના ભાવથી વાચક પરખ જે, ખરેખર ભારતની સ્ત્રી ભક્તો પણ. પ્રભુ ભજનમાં જેવા ભાવ. ઉતારે છે એવા ભાવો અત્યાર નો સુધરેલા સમાજનો કવિ વર્ગ પણ ઉતારી શક્તો નથી એમ ભક્ત. કવિરાજ

રૂબરૂમાં જણાવ્યું છે. ખરેખર દત્ત ગુરુ ભક્તિમાંજ એવુ બળ છે જે જેટલી સ્ત્રીઓ દત્ત ભક્ત થઇ છે તે બધી શ્રીદત્ત મહારાજના ભજન લખાવાની કવિત્વ શક્તિ વાળી બની છે ધન્ય છે દત્ત પ્રભુને. આપ જ્યારે, વ્યવહારની ઉપાધિમાંથી દત્ત ભકત્યાનંદમાં જવા ધારતા ત્યારે તમે તમારાં પત્નિ પાસે અમરગઢીય ભજન બોલાવતા. અને ભજનાનંદ લેતા. વળી. ઘણીવાર સુખરામનાં બનાવેલાં ભજન પણ. જ્યારે તેઓ બોલતાં ત્યારે એક ચિત્ત થઈ સાંભળતા. તે ત્રણ ભજનો નિચે મુજબ છે.

પ્રભાતી રાહ.

જાગોરે અનસુયા નંદન અત્રિ સુત દત્ત દેવારે
અમરગઢના યોગી દિગમ્બર કરીએ તમારી સેવારે ૧
પ્રભાતમાં તવનામ સમરિને ગાઇએ ગુણ તમારા રે
ભક્તજનોમાં વ્હાલા વિભુજી હૃદય મંદિરનાલાલા રે ૨
કૃપા કરી સેવક સંભાળો એજ અરજ ઉચ્ચારો રે
નારાયણ નિરંજન દેવા દર્શન દઇ મ્હને તારો રે ૩
ત્રિગુણા તિન ત્રિગુણ પતિરાયા આપ છો નિર્ગુણ ન્યારા રે
સકલ વિશ્વના દત્ત ગુરુ દાદા બ્રહ્મ સ્વરૂપ. ઉજીયારા રે ૪
રૂદ્ર દેવા સાનિધ્ય સિધ્ધ વરદેક અટલાસની યાવયોગી રે
પાગલ સુખ સહ કરતાં સેવા આપ શરણ્યનાં ભોગી રે ૫

૨

પ્રભુના નામને ભજીયે ગુરુના ગુણને ગાઇએ
સતત સ્મરણે અટલ રહીએ ભજનકરી નિર્મળા થઇએ
શરણ ગુરુ દેવનુ ઝાલ્યુ કાઢ્યુ માયાનું અંધારૂ
ગુરુદેવ એટલુ યાચુ તમારા નામમાં રાચુ
સગાં સૌ સ્વાર્થનાં બેલી સ્વાર થીયાં મૂકશે ઠેલી

સાફૂટના સંગને તોડી   બનાવો આપમાં ઘેલી
સદા ૐ ૐ સમજમાંપુર   હૃદયમાં ધ્યાન હું સ્થાયુ
રહેલુ કુડ કપટ કાપું   નરહુ માયાની હું ઘેલી

૩

ઓ અવધૂત દેવ ગુરુરાજ   સદ્ ગુરુ દેવ આવો
આ સંકટમાંથી નાથ   દાદલા બચાવો
હું છું અજ્ઞાન ગરીબ   બ્રાહ્મણની બાલા
વાડામાં અકળાઈ   છોડાવો નંદનાલાલા
તમે અનાથના છો નાથ   દીનના દયાળા
કરો પતિતને પાવન્   યોગી ગુરુ મારા
પ્રભો નહિ આવો તોયે,   નાથ હવે ન તજુ
સુખ ને તારો હે દેવ   પરગટ જાણી ભજુ

આ ત્રણ ભજનનાં ભાવ જોજો. કવિત્વ પણું કે સાક્ષર પણું હોયજ નહિ ભક્તોના ભાવમાં ગંગાસ્વરૂપ. સુખબા. જ્યારે આ ભજન ગાય છે ત્યારે ખરેખર એમના ભક્તનાદથી સહેજેજ ભક્તોનાં આંતર હવે છે. એજ કુદરતી બક્ષીસ અસ્તુ

યાત્રાળુઓને તિર્થ મહાત્મ્યમાં આપેલી અન્ય ચર્ચાઓમાં નર્મદા મૈયાએ કરાવેલો સતસંગ. ઇષ્ટ દેવની પ્રેરણાથીજ થયો છે એમ સમજાશે આ ગ્રંથમાં ચાલુ પ્રવૃતિ માટે ટીકા નથી કરી પણ. હૃદયની દેશપરત્વે આંતર લાગણી અને તેમાં પણ ઇશ્વર દત્ત પ્રિતીજ કાલવી છે રૂચે તેને રૂચે ન રૂચે તેને ન રૂચે, એથી હૃદયના ઉભરા અટકાવી રાખવામાં શોસાર ઘણા મ્હારા ભાઇઓને થાકેલા જાણી અને એમણે હવે શું કરવું એવી ખરી જીજ્ઞાસાથીજ મારા પરિચીત જનોને પત્યુત્તર છે

ભટ્ટ બન્સિલાલ ના જીવનની સ્મૃતિમાં આ લખાયેલો ચાંદોદના તિર્થાર્થિઓને ઉપયોગી **શ્રી ચાંદોદ ક્ષેત્ર તિર્થ મહાત્મ્યનો ગ્રંથ**

આવતા યાત્રળુઓને ઉપયોગી નિવડો અને સમજુ જ્ઞાતા યાત્રાળુ ઓ મહાત્મ્ય ને વધાવો, આમ યાચના કરતો યોજક સર્વેને હરનર્મદે સહ જય ગુરુ સ્વામી પાઠવે છે.

શેઠજી તથા શેઠાણી સાથે મુબાઇથી આવેલુ મંડળ આજે ચાંદોદનાં સઘળાં મંદિરોમાં દર્શન કરી આવ્યાં યથા શક્તિ સર્વ મંદીરોમાં ભેટ–ભોજન સમર્પ્યાં પોતાના પતિાજી ની પ્રણાલી જાળવી રાખવા શેઠજી એ પણ. ચાંદોદની ચોરાશી કરી અને અરધો રૂપીઓ દક્ષિણા ચાંદોદના સઘળા બ્રાહ્મણોને આપી ગોરદેવને તેમજ ગોરના સંબધી ઓને પણ રાજી કર્યા અને તિર્થ યાત્રાનું ફળ શ્રેષ્ઠ પામ્યા સઘળાં ને વિદાય કરી શેઠ શેઠાણી ગુરુદેવ આતમારામજી નો સતસંગ સિધ્ધવા રહ્યાં અને નિવૃતા શ્રમની વ્યવસ્થા કરવા માંડયાં–આશ્રમ તૈયાર થાય ત્યાં સુધીમાં ગરૂડેશ્વર શૂલપાણેશ્વર આદિ તિર્થોમાં જઇ આવ્યાં

આતમારામ. ગોર અને ગોરાણી રેવામૈયા—ના સંગે ઘણા યાત્રળુ ઓ કલ્યાણ પદને વર્યા છે તો પછી શેઠ શેઠાણી જેવાં સંસ્કારી ખાનદાની કુળવાન સાધકો કેમ ન કલ્યાણ સિધ્ધે અસ્તુ પ્યારે યાત્રાળુ જન તમો પણ કલ્યાણના પદને સિધ્ધી માનવ દેહમાં આવવાનુ સાર્થક કરો બાકી તો બીજુ બધુ નાશવંત અને ભૂલ ભૂલા મણી જેવું છે માટે ચેતો અને ચીવટ રાખી જીવન કૃત કૃત્ય કરો ધન્ય કરો હરનર્મદે

નર્મદા. માના પરમભક્તોને અને યાત્રાળુઓને.

નર્મદોત્પતિ સહ ચાંદોદની સામાન્ય જાણવા જેવી હકીકત જણાવવી રહી જાય છે. જોકે ઘણુંજ કેવું રહી જાય છે છતાં ગ્રંથ મોટો થઇ જાય. અને પ્રકાશકને ધાર્યા કરતાં વધારે ખર્ચ આવે. એટલે આગળ–ફરીથી. કોઇ અન્ય સ્થળે અત્રેતો નર્મદોત્પત્તિ સહ જાણવા જેવી હકીકત ટૂંકામાં જણાવું છું:—

શ્રી નર્મદોત્પત્તિ સહ રેવા મહાત્મ્ય.

નર્મદા તટે આવ્યા અને નર્મદા મહાત્મ્ય ન જાણ્યું તો સઘળુ ફોક. જેથી. જાણો શ્રદ્ધાભર્યા હૃદયથી માનો. આદીમાં આ કથા. શિવજીએ વાયુને કહી એજ કથા નૈમિષારણ્યમાં શૌનકાદિ રૂષિઓએ સૂતપૂરાણીને કહી, એમણે વ્યાસ શિષ્ય વૈશંપાયનને કહી અને એમણે જનમેજયને કહી. વનવાસના સમયે જ્યારે પાંડવો અમરકંટક પહોંચ્યા, ત્યાં એમણે તપોનિધિ માર્કંડેય રૂષીજીનાં દર્શન કર્યા અમર પુરુષે આદરસત્કાર કર્યા પછી. ધર્મરાજના પ્રશ્નથી માર્કંડેય મુનીએ સાતેય કલ્પનું વર્ણન કર્યું અને સાતેય કલ્પોનું નર્મદા ચરિત્ર જણાવ્યું પછી ધર્મરાજના પ્રશ્નથી માર્કંડેયજીએ નર્મદાજીની ઉત્પત્તિ જણાવી.

કૃતયુગનાં ૧૦૦૦૦ વર્ષ પહેલાં બધાય ભૂતોથી અદ્રશ્ય રહીને શંકરજી રૂષ્ય પર્વત ઉપર તપ કરવા બેઠા. પ્રભુએ ઘોર તપ કર્યું. ત્યારે શિવજીના શરીરથી શ્વેત રંગનો પરસેવો ઝર્યો. અને તે બધા પર્વતમાં વહેવા માંડ્યો એની એક કન્યા થઇ ગઇ પછી એ કન્યાએ શંકરજીની સામુ એક પગ ઉપર ઉભા રહી ઘોર તપ કર્યું. ત્યારે મહાદેવજી પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું ત્યારે રૂદ્રદેહાએ વરદાન માગી લીધું જે હું અમર થઇ જાઉ મારામાં સ્નાન કરનાર જીવ પાપ રહિત થઇ જાય. જેમ ઉત્તરમાં ભાગીરથી ગંગા છે. તેમ દક્ષિણમાં હું થાઉ બધી પૃથ્વીનાં તિર્થોનું સ્નાન ફલ. મારામાં સ્નાન કરવાથી ફળે. અને મારા દર્શનથી જીવો મુક્તિને મેળવે, અને આપ પાર્વતિમૈયા સહિત સદાય મારામાં નિવાસ કરો. મારા જલનો સ્પર્શ જે પથ્થરને થાય તે આપનુ રૂપ થઇ જાય. આવાં શંકરજીએ વરદાન આપ્યાં અને કહ્યું કે તારા ઉત્તર તટમાં રહેવાવાળા મારા લોકમાં અને દક્ષિણ તટમાં રે'વાવાળા પીતર લોકમાં જશે અને તેઓ સાથે હું પણ રહિશ. હવે તું વિંધ્યાચલે જઇને વહીને જગતનુ કલ્યાણ કર.

આ સાંભળી નર્મદાજી ગુપ્ત થયાં, અને વિંધ્યાચળ પર્વતમાં પ્રગટ થયાં ત્યારે એમનું સ્વરૂપ અને ગતી જોઇ બધાય દેવ તથા દાનવો મોહિત થયા. અને રૂદ્ર તનયા જાણી શંકરજીની પાસે આવ્યા. અને વિવાહ કરવા માગણી કરી.

શંકરજીએ કહ્યું કે તમારામાં જે એનાથી બલવાન હોય તે એને પરણે. જેથી સઘળાઓએ નર્મદાજીને પરણવા પોતપોતાની શકત્યાનુસાર ઉદ્યોગ આરંભ્યો. આ જોઇ નર્મદા ગુપ્ત થયાં જ્યારે દેવો ખોળવા લાગ્યા ત્યારે નર્મદા મૈયા અનેક સ્ત્રીયો સાથે દેખાયાં દેવો બધા સ્ત્રીવૃદમાં નર્મદાને ખોળવા માંડ્યા. જ્યારે પારખે કે તરત નર્મદામા ગુપ્ત થઈ જાય એવી રીતે એક હજાર વર્ષ સુધી નર્મદામાએ દેવોને રમાડ્યા. આ જોઇ શંકરજીએ પાર્વતિને કહ્યું કે આ દેવો મુર્ખ છે. આદિ શક્તિનો પત્તો પામવા ચાય છે. આમ કહેતાંજ નર્મદામા શંકરજી પાસે આવ્યાં ફરીથી મહાદેવજીએ નર્મદાજીની પ્રશંસા કરી અને ઘણાં વરદાન આપી સમુદ્રને સોંપ્યાં. આવી રીતે કલ્પ કલ્પમેં નર્મદાનાં ભિન્ન ભિન્ન નામ અને ચરિત્ર વર્ણન. ગૌદાન મહિમા. કલિમહિમા વર્ણધર્મ સૃષ્ટિ ઉત્પન્ન કથા કલ્પાંત સમયમાં લોકોનું કષ્ટ યમરાજના દરબાર પાપીઓની શિક્ષા પ્રણાલીકા કલ્પાંત સમયે રૂષીજન આત્મજ્ઞાન તથા અન્ય સાધનમેં કેમ રહેતા નર્મદા તટમાં તપ કરવાથી થોડામાંજ સિદ્ધિ વિધાન સહિત ભસ્મ મહિમા ગાયત્રી મહિમા, દશકોટિ લિંગ સ્થાપન, જ્ઞાન કથન; શિવ ગૌરી સંવાદ. સંવર્તકાગ્નિની કથા; વિષ્ણુકૃત પ્રલયકાળ વર્ણન; અન્ય નદીનાં ફળ પરંતુ નર્મદા પગે પગે ફલ દેનારાળી છે. માજીના તટમાં કૃતયુગમાં ૬૭ કરોડ તિર્થ ત્રેતામાં ૬૭ હજાર દ્વાપરમાં ૬૭૦૦ અને કલીમાં અલ્પતિર્થ નર્મદામા સો સો ગાઉ સુધી બંન્ને તટે ફળ આપનારી છે એવી જે નર્મદાના તટે તપ કરનાર મહા પાપી પણ પાવન થાય છે થયા છે અને થશે. ઇતિ.

—સ્વાનુ ભવી નર્મદા મહાત્મ્ય—

પ્યારે યાત્રાળુ ! શ્રી નર્મદા મૈયાની ઉત્પતિ, અને મહાત્મ્ય, ટુંકામાં નર્મદા પુરાણમાંથી જણાવ્યું, સાથે ૧ સ્વાનુ ભવ ટાંકુ છું. સંવત ૧૯૭૮ માં ચક્ર પાણીના ઘાટે દલપત દેવની ધર્મશાળા સામુ, નર્મદા માતાજીના મંદીરની પાસેની ઓરડીમાં, સાત દિવસ આસન હતુ ત્યારે ચાંદોદની પ્રજાથી અપરિચીત, જીવને અયા ચકી હતો જેથી ૬ ઠ્ઠા દિવસની રાત્રી સુધી કશુય પણ ભોજનમાં ન મળ્યુ સંતોનાં કેણુ હતાં જે પ્રત્યક્ષ નર્મદા ભૂખ્યાને ભોજન આપી જાય છે, એટલે એ વિશ્વાસમાં છઠ્ઠા દિવસની રાત્રી પણ પસાર થઇ, સાથે એક વૃધ્ધ ઉદાસી મહારાજ હતા. જેને હું શિવ દત્ત પોતેજ હતા એમ માનુ છું યુવાન ભકત હૈયામાં હઠીલાઈ હોય જે. એ રીતે અંધારાં આવતાં હતાં, ઘાટ ઉતરી સ્નાન કરવા જતાં બેચાર વખ્ત બેસી જવું પડતુ, બોલાતુ પણ ન્હોતુ. આંખો ઉંડી ગઇ હતી પેટમાં રહેલા કરમીયા પણ ચેતના રહિત થવાથી રાતાં પીળાં અને અંધારાં વ્યાજ કરતાં. સાતમા દિવસનું સવાર ઉગ્યુ, આજે તો જો નર્મદા દેવી નદર્શતોતે પણ નકામાં. એમ સમજી સવારમાં ભીખ માગવી, સાંયકાળ થતાં એક બે ગૃહસ્થો ભોજન લેવરાવવા ઘણા આગ્રહથી લઈ જવા આવ્યા પણ રાત્રી પસાર કરવી અને માનુ દૃષ્ટાંત મેળવવુએ શ્રદ્ધામાં પ્રલોભન આધિન ન થયો, સાથેના વૃદ્ધ ઉદાસી મહારાજ આ નિશ્ચય જોઇ આંસુ સારતા. નર્મદાને દર્શન આપવા વિનવવા લાગ્યા. રાત્રીના દશ થયા. અગીઆર થયા બાર થયા સઘળુ શાંત હતુ, ઘાટ ઉપર કોઈપણ જણાતુ ન્હોતુ, હું અને ઉદાસી મહારાજ, હઠીલાઈમાં સાત દિવસના ભૂખ્યા. ટુંટીયાં વાળી, ધૂણી પાસે પડી રહ્યા હતા. ત્યાં એકદમ લાલ સાડી પ્હેરી હાથમાં રામણુ. દીવો બૈરા ઝાલે છે. એવો દીવો ઝાલી, એક વૃધ્ધ મૈયા ટોપીલમાં, લાડુ આદિનો પ્રસાદ ભરી અમારી પાસે આવ્યાં અને આગ્રહ પૂર્વક વાત્સલ્ય ભાવે ખૂબ તૃપ્તિથી પ્રસાદ જમાડયો. વિધ વિધ

સ્વાદ વાળા પદાર્થો એ ટોપલીમાંથી આપ્યા કરતાં, છતાં એટલોને એટલોજ ખોરાક ટોપલીમાં દેખાતો, ઉપર લાલ કપડુ વખતો વખત ઢાંકી દેતાં, અને ઉઘાડતાં, ત્યારે નવોજ પદાર્થ ખવરાવતાં ખૂબ તૃપ્તિ આપી. થોડો પ્રસાદ સાચવવા જણાવી બોલ્યાં જે બેટા જા આજથી ત્હારી ક્ષુધા દેવી શાંત થઈ તુ તૃપ્તજ રહિશ, યોગીઓની પેઠે ત્હને પણ અમૃતના ઘુંટડા ભરાવીશ એમ જણાવતાં ઘાટ ઉતર્યાં અને તરતજ વીજળીના ઝબકારે અદૃશ્ય થયાં. ૨. ચાંદોદમાં વાસતા. એક વાળંદ. જેનુ નામ મથુર ભગત છે. તેને ત્યાં શ્રી નર્મદા. પ્રગટ જઇ દૂધ લઇ આવ્યાં અને જણાવ્યું જે પાગલ બેટા કે લીયે દૂધ દેતે પોતે આવી જઇ આશ્રમમાં દૂધ, પ્હોચાડી. અદૃશ્ય થાય છે ને ડોશીમાની મુદ્રા અને ભાવ. કોઈ અલૌકીક હતં માની દયા. અતિશય છે. ૩. દેશ ભક્તિના. કર્મયોગ પછી ભક્તિ યોગમાં, ભજન કરતાં ભક્ત જનોને ત્યાં જવાનુ થતુ ત્યારે, ગવર્નમેન્ટનું સી. આ ઇંડીઆ ખાતુ–પોતાની ફરજ અદા કરતુ રાજકીય પ્રવૃતિમા ડુબળુ છું કે નહિ ! એ જોવામાં–પણ મ્હને વિક્ષપ હતો, જેથી નર્મદા પંચાગ મંગાવી નર્મદા પાસના નો આરંભ કર્યો જેથી ગવરનર જનરલ સાહેબની સાનુમતિર્થ. ખેડા જીલ્લાના પોલિસ કમીશ્નર સાહેબની સહિથી એક માફી પત્ર મળ્યુ જે. પછી. જરાય પણ ભજન ભક્તિમાં વિક્ષેપાવરણ. છે જ નહિ. નર્મદા તટે ફરનારા સિધ્ધ યોગી જનો કદી કદી દર્શન આપી જાય છે, અને જણાવે છે. નર્મદાની દયા છે. તારી ઉપર–ખરેખર સાક્ષાત નર્મદા દેવી પ્રસન્ન છે અને એની દયામાંજ દત્ત ભકિત સહ જીવન વ્યતિત થાય છે–ઘણા ભક્તોની મન કામના. સિદ્ધ કરે છે એવુ ઘણા ભક્તો જણાવે છે રેવાતટે તપઃ કુર્યાત ॥ મરણં જાન્હવિતટે ॥ એ વાકયા નુસાર, રેવાતટે. સઘળા ઋષિમુની દેવો એ તપ કરી પાપ કર્મના સંશયો નિવારણ કર્યા છે ખરેખર પતિત પાવનિ, રેવામૈયા, કલીયુગમાં પ્રત્યક્ષ છે. ભક્ત જનો ઉપર બહુ વ્હાલ છે. વધુ શું જણાવું મ્હને તો

નર્મદા મૈયાએજ નાન પણુથી સાચવ્યો છે. મારાં પૂજ્ય માતા પિતા. ભરૂચ પાસે ઝાડેશ્વરમાં અમીન. હરિભાઇ ગુલાબભાઇને ત્યાં મોટા મુનીમની જગ્યાએ હતા ત્યારે નર્મદા પરિક્રમા વાસી, બ્રહ્મચારી નર્મદ નંદજીએ વરદાન આપ્યુ હતુ જે, ત્હારો નર્મદા ઉપરનો ભાવબોધ હું જણાવું છું જે નર્મદા સતત્ તારી રક્ષા કરો હું તે વખતે ૧૫ વર્ષનો હતા અને ૧૫ મા વર્ષથી તે આજ આટલાં વર્ષ સુધી હજીએ. પણ સાંજે કે સવાર નર્મદા સ્નાન ચાલુજ છે બ્હાર ગામ જવું થાય ત્યારે કદી આરોગ્યતા ન હોય ત્યારેજ સ્નાન પડે છે. ઝાડેશ્વરમાં પણ નર્મદા ઉપર એટલી બધી ભક્તિ જે નર્મદા સ્નાન વિના ચેનજન પડે ત્હારી દયાથી દૂધેશ્વર મહાદેવ ના. ટેકરે શ્રી શિવ. દત્ત વાસુ દેવાનંદ સ્વામી-જીનાં દર્શન પામી દત્ત ભક્ત ગણાયો છું સદા રક્ષજે અને ધારેલી સર્વ ધારણાઓ સિદ્ધાવજે અસ્તુ–નર્મદા દેવીનું સિદ્ધ સ્તોત્ર સમર્પું છું જેના નિત્ય પાઠથી સર્વે મનો કામના. મૈયા સિદ્ધ કરે છે–એવો સ્વાનુ ભવ છે–

શ્રી નર્મદા પંચ દશ નામ

શોણો મહાનદશ્ચૈવ નર્મદા સુરસાકૃતા
મંદાકિની દશાર્ણાચ. ચિત્રકૂટાતથૈવચ
તમસા વિદશા ચૈવ કરભા યમુના તથા
ચિત્રોત્પલા વિપાશાચ રજનાવાલું વાહિની
સદાધાર પ્રસુતાસ્તા સર્વાવૈરુદ્ર સંભવા.
સર્વપાપ હરાઃ પૂણ્યાઃ સર્વ મંગલ દા શિવાઃ
ઇત્યેતે ના મર્દિભિ દિવ્યૈઃ સ્તૂયતે વેદપારગૈઃ
પૂરાણજ્ઞૈર્મહા ભાગૈ રાજ્યપૈઃ સોમ પૈસ્તથા.
તસ્માત્યેતત્સર્વથા ધ્યાન મહાભાગં નરોત્તમ !
મનુનોક્તં પુરાભાગ્ય મૂનાના નર્મદ્રભવં
પૂણ્ય પવિત્ર મતુલં રુદ્રોદ્ર ગીત મીદં શુભં

આ ઉપરનાં પંચદશ નામનાં નિત્ય પઠનથી, નર્મદા દૃષ્ટાંત આપી પ્રસન્ન રહે છે. આવિના નર્મદાષ્ટક નર્મદાલહરી આદિ ઘણાં સ્તોત્રો પ્રસિદ્ધ છે. જેના પઠનથી નર્મદા સર્વ ઉપર રાજી રહે અને જગતનું ભલે કરે.

નર્મદાખંડની કથા એકાદ વખત સઘળી શ્રવણ કરવી કે વાંચવી જેથી વિજ્ઞાન સાથે, આખા નર્મદા ખંડનો ઇતિહાસ મળે છે. હરનર્મદે નર્મદા પંચાંગ આદિ ગ્રંથો મંગાવી જોવાથી નર્મદા મહાત્મય વધારે દૃઢ થાય છે. જયરેવા, શીવરેવા.

વર્તમાન ચાંદોદ તિર્થની ટુંક હકીકત.

મુંબાઇથી આવનારે, મીયાંગામ સ્ટેશને ઉતરી, ડભોઇ આવતી ગાયકવાડ રેલ્વેમાં બેસવું, અને અમદાવાદથી આવનારે વિશ્વામિત્રી સ્ટેશને ડભોઇ આવતી ગાયકવાડી રેલ્વેમાં બેસવું.

ફાગણ માસ—વૈશાખ માસ શ્રાવણ માસ અને માર્ગશિર્ષમાં ચાંદોદના યાત્રાળુઓને વધારે રૂચતુ આવે છે, કેમકે તે માસમાં ચાંદોદનાં હવા પાણી સારાં રહે છે. તેમાં વળી વધારે સુન્દર માસતો ચૈત્રિપુનેમનો અને વૈશાખ માસ સારો. ઉનાળાના દિવસો હોય છે. નર્મદાનું નિર્મળ જળ, અને જળ ઉપરથી ગળાઇને આવતો વૈશાખી વાયુ, એટલો બધો હલકો અને હદય પ્રીય હોય છે, જે સાંજના નર્મદા તટેથી ઘરે જવાનું ચિત્તજન થાય.

સાથે જોઇતો સરસામાન રાખવો, કેમકે ગોરદેવોને ત્યાં સઘળી સગવડો મળે છે. છતાં પથારી તો આપણી સાથે રાખવી. કારણકે યાત્રાળુઓનાં વપરાતાં ગોદડાં-મળે છે, જેથી ચામડીના રોગ અને રક્ત વિકાર થવાનો સંભવ ખરો-ધર્મશાળા. વીશી કે અન્ય વણિ ભાઇને ત્યાં ઉતર્યા કરતાં, ગોરને ત્યાંજ નિવાસવું એ શ્રેયસ્કર અને સમજ ભરેલુ સમજાશે, રાંડેલી. ગોરાણીઓને ત્યાં કોઇ પુરૂષ નો પરિ-

ચય ન હોય તો. કદી એકલા ઉતરવું નહિ. સાથે તે ગોરાણીની ચાલ ચલગત પણ જાણી લેવી, જોકે ગોરાણી ઓ સઘળી રેવાભૈયા જેવીજ છે. છતાં યુગ ધર્મે એકાદ–હોય છે તો, તેને ત્યાં જાણી જોઇને અટક-ચાળા યાત્રાળુઓ જાય છે. માટે આ બાબતની ખાસ સંભાળ રાખવી. જે દિવસે તિર્થમાં જાઓ તે દિવસે જે સાદુ મળે તે ભોજન કરવું. અને બીજે દિ. ઉપવાસ કરવો, ત્રીજે દિ. જતીવેળા લાડુ વિ. મિષ્ટાન્ન જમાડવું જમવુ ચાંદોદમાં પ્રવેશ કરતાંજ પ્રથમ તો. કેળવણી ખાતાનાં મકાનો સાથે હમણાં નવાં બંધાયેલાં સ્વતંત્ર મકાનો નજરે ચઢે છે. તે પછી સર વીઠ્ઠલદાસ શેઠજીની સંસ્કૃત. પાઠશાળા. અને ફીલાઇબ્રેરીનું મનહરણ. મકાન. યાત્રાળુઓને મોટા શહેર જેવો ભાસ કરાવે છે

રા. પંડ્યા બિલ્ડિંગ રા. ભાણુશેઠનું મકાન આદિની શોભાથી બજાર પણ સુંદર દેખાય છે. એટલે નવા યાત્રાળુને તો એમજ સમજાય જે ભરૂચ સુરત જેવું આ શહેર હશે. બજાર નાનું છે પણ એવી રીતે રસ્તા ઉપર ગોઠવાઇ ગયું છે જે, જાણે ચૌટુ–એક બાજુ શેષનારાયણ જતાં આવતુ બજાર, આ બજારની ૪–૫ દુકાનો લાય લાગવાથી બળી ગઇ છે એક સ્ટેશનથી આવતાં બજાર, કરનાલી જવાના રસ્તે બજાર, અને જાહેર મલ્હાવરાવ ઘાટ ઉપર જતાં બજાર. એટલે એમજ સમજાય જે વેપાર બ્હોળો ચાલતો હશે. વચમાં શ્રીમંત સરકાર ગાયકવાડનું નાકુ, અને માંડવા સ્ટેશનનું નાકુ, બન્નેય સામાસામી છે બજારમાં ગાંધીની દુકાનો વધારે છે. શાકવાળાની દુકાનો, અને પાનવાળા તથા ચાહવાળાની દુકાનો વધારે છે. કાપડીઆ તેમજ અન્ય વેપારીઓ ઓછા છે.

તિર્થતટના વર્તન એટલે બજારમાં વેપાર કરતા વેપારીઓ અન્ય શહેર ગામો કરતાં નિતિવાળા અને ભલા જણાય છે. હમણાં હમણાં બ્હારગામના વેપારીઓના સંગથી જરા વૃતિ બદલાઇ છે. પણ તિર્થ-દેવો એ વૃતિને વધવા દેતા નથી. વસ્તી બ્રાહ્મણની વધારે, તેમાં

ઉદિચ્ય, ટોળકીયા, નાગર, મેવાડા, ખેડાવાળ, દીસાવાળ, આદી અન્ય નાતના પણ છે જેઓનો મૂખ્ય આધાર યજમાનવૃતિ ઉપર છે. જેથી અત્રે વેદ વિદ્યા અને ધર્મશાસ્ત્રોનું ભણતર પ્રાધાન્ય છે. ગુજરાતમાં અન્ય સ્થળે ચારે વેદના ભણેલા બ્રાહ્મણો નથી મળતા. એટલે ઘણીવાર એવા મોટા યજ્ઞોમાં ચાંદોદથી બોલાવવામાં આવે છે. બ્રાહ્મણો સઘળા નર્મદાની ભક્તિવાળા અને કર્મકાંડી છે. કોઇકજ સન્ધ્યા નહિ જાણતો હશે ગામમાં બ્રાહ્મણ વિદ્યા માટે બે શાળાઓ છે અને સ્વતંત્ર ભણાવવાની ગુરુપદ્ધતિ તે જુદી–ભરૂચમાં જનારને જેમ બ્રાહ્મણત્વ ભાસે છે, તેમ અત્રે પણ બ્રાહ્મણત્વ જળવાઇ રહી પ્રાચિન બ્રાહ્મણોના નિવાસનું ભાન કરાવે છે. ઘણા પ્રાંતોમાં બ્રાહ્મણો શુદ્ર જેવા દેખાય છે. અને તે ચાલ્યું જાય છે તેમ અત્રે ન ચાલે. જો કદી એવો બ્રાહ્મણ અત્રે આવી ચઢે તો જરૂર શરમાય. અને બ્રાહ્મણ થવા હોંસીલો થાય.

ચાંદોદના ભુદેવોથીજ ચાંદોદ શોભા પામી રહ્યું છે. અન્ય જ્ઞાતીઓ ખરી પણ તે ભુદેવોની છાયામાં. આ ગામ બ્રાહ્મણોનુંજ હતું. સત્તા પણ બ્રાહ્મણોની હતી, છતાં આપસ આપસમાં સમજ્યા નહિ, અને અભિમાનમાં સત્તા ગૂમાવી છે. ભૂમીપતિ માંડવા દરબાર અને પ્રજાપતિ ગાયકવાડશ્રી. એટલે મ્હેસુલી સત્તા માંડવા સ્ટેટની. અને પોલીસ ખાતાની સત્તા સરકાર ગાયકવાડની. યાત્રાળુ જે દિવસે આવે છે, તેના કરતાં બીજે દિવસે વધારે ગમે છે, અને બીજાથી ત્રીજે દિવસ વધારે ગમે. એનુ કારણ ચાંદોદની વસ્તિનુ વાતાવરણ–અને ગોરદેવોનુ આકર્ષણ–સવારમાં ઉઠતાંજ શ્રી સ્વામિનારાયણના મંદિરની નિયમિત આરતીના નાદે ધીમે ધીમે સઘળા મંદીરોના પ્રાતઃઆરતિના નાદમાં પ્રભાતકાળે [illegible] સુધી પ્રભાવ છે–મિયાંગામ રેલ્વે ટ્રેઈન જાય છે એટલે ગાડીએ જતા યાત્રાળુઓ સવારના દૂધ વેચવા આવતા ફેરીઆઓ અને પ્રાતઃસ્નાન પરવારી આવતાં પ્રભુ ભક્તોથી

ચાંદોદની સવાર શોભા આપે છે. અન્ય શહેર ગામની પેઠે ૯–૧૦ વાગ્યા સુધી શુનસાન અને ઉદાસી વ્હાણું નજરે નહિ ચઢે.

આરતીઓ થઈ રહી હશે. દૂધવાળાઓ દૂધ વેચવા ફરી રહ્યા હશે નર્મદાસ્નાની ભક્તો નર્મદા સ્નાન પરવારી શ્રીહરિના જપોચ્ચાર કરતા. મંદિરોમાં દર્શન કરતા. ઘર તરફ જતા હશે. ગાડીએ જનારા નજરે ચઢશે, બાળકો શાળામાં અને સ્કુલમાં જવા દેખાતાં હશે! પાણી વાળીઓ ઘરાકોનાં પાણી ભરી વેળાસર પરવારી લેવા જોસ-વાળી દેખાશે. બજારમાં હોટલો અને કાછીયાની દુકાનો ઊઘડતી દેખાશે, ધીમે ધીમે વસ્તી જાગૃત થતાં સર્વકોઇના ઘરેથી કેટલાંક નર્મદા સ્નાનાર્થે તો કેટલાં પાણી ભરવા જતાં દેખાતાં હશે, ત્યાં સૂર્યોદય થાય છે. ખરેખર સૂર્યોદય સમયે નર્મદાના તટ ઉપર કોઇ એવું અલૌકિક દૃશ્ય થાય છે જે વર્ણન નથી કરી શકતો અનુભવી જોજો ઘાટ ઉપરનું દૃશ્ય પણ મનહર બને છે, કેટલાંક સ્નાન કરતાં. કેટલાંક પાણી, ભરતાં કેટલાં વાસણ અજવાળતાં, તો કેટલાં ધોતાં નજરે ચઢે છે, નદીના પ્હેલા પ્રવાહનું પ્રાતઃકાળી જળ સર્વ રોગ હર છે એવું જાણનારાંઘેડાં વહુ દીકરીઓને પ્રભાતમા પાણીયારૂ ભરી દેવા ફરજ પાડવાથી, ઘાટ ઉપર સુંદર શોભા થઇ રહી હોય છે. નિર્મળ જળથી, અને માજીની નિર્મળતાથી, નિર્મળ મનવાળાં–મળ વિનાનાં કપડાં સહ; મેલ વિનાનાં વાસણો કરી. એટલે ખૂબ અજ-વાળી ચકચકાટ કરી, પાણીનાં બેડાં માથે ચઢાવી ૫૦–૬૦ પગથી-વાળો ઘાટ ચઢતાં વાતો કરતાં અને સવારની કસરતથી કુદરતી ઉત્સાહી મુદ્રામાં આનંદી જોઇ, નિરોગી જોઇ, શહેરના અને અન્ય ગામના આવેલા યાત્રાળુઓને સ્હેજે જ ઇર્ષા થાય, પણ તે ઇર્ષા નર્મદામા ગ્રહણ બુદ્ધિમાં ફેરવી નાખે છે એટલે સઘળાઓ ચાંદોદનો ગુણ જ ગ્રહણ કરે છે. ૮–૯ વાગ્યાની અંદર ગામનાં ઘણાં ખરાં આધ્યાત્મિક એટલે ધાર્મિક કાર્યોથી પરવાંરી જાય છે. ૯–૧૦ વાગ્યા

પછી યાત્રાળુઓ દર્શનાર્થે નીકળે છે. સાથે ગોરદેવ હોય છે ત્યારે શોભા સારી આપે છે અને એકલા હોય છે ત્યારે અજાણ્યા જેવા દેખાય છે. યાત્રાળુઓને લઇ ૧૦ વાગે એક ટ્રેઇન આવતી હોવાથી ગોર દેવો સ્ટેશન તરફ વિદાય થતા નજરે ચઢે છે, કેટલાક યાત્રાળુઓના ભોજનની સગવડમાં હોય છે. વૃદ્ધ મોટેરાં અને નિવૃત્તિ પામ્યાં છે એવાં જ બૈરાં દેવ દર્શન અને શાકભાજી આદિ બજારી કામ પરવારતાં દેખાય છે. કેમકે બીજાંને તો યજમાનોની રસોઇ પાણીમ રોકાવાનું હોય છે ૧૨ એકની અંદર યજમાનોને જમાડી. ઘરન નાનેરાં જમી પરવારે છે અને મોટેરાં રાા વાગ્યાની બપોરની ગાડી જોઇ પછી શાંતિથી જમે છે, એક વખ્ત જમનારા ચાંદોદમાં ઘણા છે. એટલે આ વખત પણ તેઓ માટે અનુકૂળ આવી રીતે વસ્તીના વર્તનથી ચાંદોદ શોભે છે. પોષ્ટઓફિસ દવાખાનુ, ઇંગ્રેજી નિશાળ, ગુજરાતી નિશાળ, કન્યાશાળા, સંસ્કૃત પાઠશાળાઓ, ફ્રી લાયબ્રેરી, ધર્મશાળાઓ, આદિ વ્યવસ્થાથી ચાંદોદ હમણાં સુધરેલા શહેર જેવું દીસે છે તેમાં વર્તમાન ચળવળની પ્રવૃત્તિથી યુવાનો અને અન્યવર્ણ ભાઇઓ મુંબાઇની પ્રજા જેવું અનુકરણ બતાવતા. એમના જેવા જ દેખાય છે.

ગામમાં શિવમંદિર ઘણાં છે. કેમકે નર્મદા તટે શંકર ભક્તિ બળ પ્રાધાન્ય છે. છતાં દયારામ આદિ વૈષ્ણવ ભક્તોના સંગે કરી હમણાં વૈષ્ણવી મંદિરો પણ શોભી રહ્યાં છે લગભગ બધા સંપ્રદાયનાં મંદિરો છે. માત્ર મસ્જીદ નથી દેખાતિ એનું કારણ મુસલમાનોની વસ્તી ઓછી સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર અન્ય મંદિરોને શિક્ષણ રૂપ છે. છતાં સ્વતંત્ર બ્રાહ્મણોના હાથમાં રહેલાં મંદિરો કાંઇક પ્રમાદવાળાં જણાતાં હશે.

ગામદેવ ચંડાદિત્ય અને શ્રી ભગવાન્ શેષનારાયણ છે એટલે ત્યાં ઘણી સારી વ્યવસ્થાઓ અન્ય મંદિરો કરતાં છે. સ્વતંત્ર મંદિ-

રોનું લખવું શું! લગભગ ૫૦-૬૦ સ્વતંત્ર મંદિરો હશે જેમાં ચાંદોદનાં સાત તિર્થો અને સાથેના તિર્થ દેવનાં મંદિર તો અસલ. તે પછીનાં આચાર્ય પ્રણાલીનું રામાનુજ સાંપ્રદાયી શ્રી બાલાજીનું મંદિર સર્વશ્રેષ્ઠ, અને ગુજરાતમાં જેટલાં એ સાંપ્રદાયનાં મંદિરો છે એમાં આ મૂખ્ય ધામ છે. સનાતન ધર્મના ભૂષણ રૂપે આ મંદિરના વયોવૃદ્ધ આચાર્ય દેવ દર્શનિય અને પૂજનીય છે. ઔપધર્મ સિદ્ધ આચાર્ય પુરુષોમાં અમારા ચાંદોદના આ આચાર્યવર પૂર્ણ પુરુષ, અને સર્વમાન્ય છે. પાસેજ દૂધાહારિ મહારાજનું નૃસિંહ રામમંદિર છે, જેના આદિ પુરૂષ સિદ્ધ ભકત અને લોકમાન્ય થઇ ગયા આ વિના મંદિરોના કેટલાક વૃદ્ધ સંતસાધુઓ દર્શનીય છે. ચાંદોદમાં બ્રાહ્મણ ધર્મનું તેજ હઝી ઝબક મારી રહ્યું છે. ઘણા બ્રાહ્મણ પૂત્રો પોતાના બ્રાહ્મણ ષટકર્મોમાં અને યજમાનવૃત્તિ માટે જાણવા પડતા ધર્મશાસ્ત્ર પુરાણોના જ્ઞાતા હોય છે અગ્નિહોત્રી નાવર્તાવ આ યુગમાં કઠણ છે એટલે ગામમાં એકજ અગ્નિહોત્રિજી છે. કેટલાક ગાયત્રિ પુરશ્ચર્ણ આદિ અનુષ્ઠાનોમાં કેટલાક વેદવિદ્યામાં કેટલાક વ્યાકરણમાં કેટલાક યાજ્ઞિકીમાં કુશળ છે, ચાંદોદના સ્ત્રિ સમાજમાં જરા સ્વતંત્રતાની છાયા જણાશે. પરંતુ સનાતન ધર્મના નિતિ નિયમોનું વખતો વખત શ્રવણ અને ટોકણથી અંતર, ધર્મવાન અને નીતિવાન છે. અભ્યાસે જણાશે પતિસેવામાં વધારે ઉપયોગિતા અને યજમાનોને શિષ્ય સમજી તે સાથે છૂટથી વર્તન જોઇ ઘણા ચાંદોદમાં સ્ત્રિયારાજ છે એમ જણાવે છે. પણ તેમ નથી કેમકે નર્મદા માતા એઓની રક્ષા કરે છે. અને સાચવે છે. સંતસાધુ પરિક્રમા વાસી ઘણા આવ જાવ કરે છે. જેઓને માટે ધર્મપ્રિય માંડવા સરકાર તરફથી એક સદાવ્રત અપાય છે બીજુ પણ છે એક ગૃહસ્થવર સુખડીના લાડુ આપે છે. આવી રીતે અન્ય તિર્થો કરતાં અને વરિત કરતાં અત્રે અભ્યાગતોની સંભાળ સારી લેવાય છે. યજમાન વૃતિનું ગામ એટલે તેઓ તરફથી

પણ અભ્યાગતો પોષાય છે. છતાં હવે અભ્યાગતી ક્ષેત્ર ઘણી નીચ દશામાં આવતુ જાય છે, એટલે શ્રદ્ધા પણ ઘટતી જાય છે. તો પણ ચાંદોદમાં તો હજી દશ પંદર વર્ષ એ પદ્ધતિ મોળી નહિ પડે. ઘણા તિર્થ ઘાટ ઉપર અને કાયમના આસન ઉપર બેસી ભીખ માગે છે. એમાં જે નીતિવાન છે તેને નર્મદા રક્ષે છે અને અધર્મિઓને તો ટકવાજ દેતી નથી. છતાં માજી દયાળુ છે અને સંભાળે છે. દંભી જુઠ્ઠાં ગાંડાંઘેલાં બધાંને લોકચારિત્ર સુંદર છે. સ્થિત્તિ પણ મધ્યમ પ્રકારની સારી છે. ઉદ્યમમાં બ્રાહ્મણોની યજમાનવૃત્તિ. અન્ય વર્ણોનો વેપાર અને રજપૂત માછી ભીલ આદીનો ખેતીવાડીનો ધંધો છે. માછી લોકોનાં બૈરાં ચાંદોદની વસ્તીની પાણીઆરણો છે મુંબાઇના ઘાટી સમાં કામ કરી એમના પુરૂષોને મદદ કરે છે. વર્તન નિમકહલાલ જેવું હોય છે. જેથી વસ્તી સાથે સગાં સમો સંબંધ જણાય છે. વસ્તીમાંથી આદર્શનિય મરણો થાય છે. છતાં એના જીવનચરિત્રનાં દર્શન કરાવવાની સગાંને પરવા નથી રે'તી એનું કારણ મંદ સાક્ષરતા અને સાહિત્ય સેવાનો અભાવ હમણાં ચાલુ વર્ષમાં બેમરણો મેં એવાં આદર્શનિય જોયાં જે ભારતમાં એવાં ઓછાં જ હોય. જેમાંનાં અત્રેના પ્રસિદ્ધ વૈદરાજ રા. ગંગાધરજીનાં વન્દનિય માતુશ્રી અને એક બ્હેન જેઓ અત્રેના પ્રસિદ્ધ લોકમાન્ય પણ હું જેને જાણું છું ભક્તહ્રદય, એમના જેષ્ટ પૂત્રનાં વધુ જેઓ મ્હારા એક હ્રદયી ભાઇનાં બ્હેન હતાં પરમાત્મા સ્હાય કરે અને તેઓનાં દેવ જીવન ચાંદોદના સાહિત્યપ્રિય જનો સાચવે અન્ય શહેરો અને ગામો કરતાં અત્રેની વસ્તીમાં શ્રદ્ધા ભક્તિ, પ્રેમ, વિનય, સેવા દયા આદિ ગુણો શોભા આપે છે નર્મદા તટને. મહારાજશ્રી વિષ્ણુદાસજીનું ત્રિકમજીનું મંદિર. સ્વામી વૈદ્ય સ્વામીનો મઠ વીઠ્ઠલનું મંદિર વધારે જાણીતાં છે.

મહારાજશ્રી વિષ્ણુદાસજીના મંદીરમાં સંતસાધુ અભ્યાગતો માટે

એક વખત હરિહર બોલાય છે એટલે ભોજનના નાદ સમયે જેટલા જાય તે બધાને જમાડવા એ પદ્ધતિ આટલામાં અત્રેજ પળાય છે.

વિષ્ણુદાસ મહારાજશ્રીનાં આ લેખકને દર્શન થયાં છે–જૂના જોગી સમી મૂર્તિ હતી. રામાનંદી મહંત સમી વિભૂતિ મુદ્રા જોતાંજ સમજાતી. રામના પરમભક્ત હતા. મુત્સદી સાચા અને કોઇથી ઠગાય નહિ તેવા પુરૂષાર્થિ જબરા અને સંતની પરિક્ષાવાળા હતા. પ્રથમ હું ચાંદોદમાં આવ્યો તે અરસામાં અમો બન્નેય એટલે **પાગલ ભકિત** મહારાજના દર્શને ગયા. જ્યારે પોતે કાંઇક બિમાર હતા. છતાં ત્યાંથી ઉઠીને અમારા બન્નેયની મુદ્રા શીર ખેચીને જોઇ અને છાતીએ ચાંપ્યાં. વળી રામાયણમાંથી રામવનવાસનો પ્રસંગ કાઢી વંચાવ્યો જે સમયે ખરેખર મહારાજશ્રીમાં એટલો બધો ભાવાવેશ દેખાયો જે પોતે રડવા મંડી પડયા. અને અમોને પણ રોવરાવ્યાં. ધન્ય છે–ભક્તોને ત્યારપછી એટલે મહારાજશ્રીના આ ભાવાવેશી દર્શન કરી મ્હારામાં ભાવ પ્રગટ થયો. ધન્ય–ભક્તોની મુલાકાતમાં આવાંજ ફળ પ્રાપ્ત થાય છે. પોતે પરમ રામભક્ત હતા. જાતેજ આખુ ધામ બંધાવ્યું અને વ્યવસ્થા પણ એવી સુંદર ગોઠવી. પાછળના મહંતશ્રીને સોંપી છે જે–અત્યુત્તમ છે. હમણાંના મહંતશ્રી મળતાવડા. ભલા, નિષ્કપટી અને રામજીના ભક્ત છે અમલદાર વર્ગ અને મોટા શેઠ શાહુકારો મહારાજના મંદીરમાં ઉતરે છે. જેની વ્યવસ્થા સારી રીતે જળવાય છે. જો મહંતશ્રીની આજ્ઞા થશે તો નિત્યસ્મરણીય વિષ્ણુદાસજી મહારાજશ્રીનું જીવનચરિત્રનો અલગ ગ્રંથ પ્રકાશમાં મૂકવા યોજકની ઇચ્છા છે કારણકે દેવજીવનોનો સંગ્રહ કરવો એ જન્મની ટેવ છે–અસ્તુ—

મહારાજના મંદીર પાસે સામેના ટેકરે એક સ્વામીજીની સમાધી છે. જે સિદ્ધ પુરૂષ દાદલીયા મહારાજની છે. એમ જ્ઞાતાજનો જણાવે છે—દાદલીયા સ્વામીની કથા હું નથી જાણતો એટલે જાણીતાને પૂછી

લેવી. તે પછી ગોપાલસરસ્વતિજીનું જુનુ સ્થાન કપીલેશ્વરના તિર્થ પાસે ઉપરના ટેકરે પડી ગયેલુ દેખાય છે, તેઓ પણ સિદ્ધયોગેશ હતા. શ્રી વૈદ્ય સ્વામીનો મઠ મલ્હાવરાવના ઘાટ ઉપર ચઢતાંજ સ્વામિનારાયણના મંદીર સામે છે વૈદ્યસ્વામી પોતે યોગી અને સિદ્ધ હતા. એવુ એમના ભક્તો જણાવે છે. મઠમાં જઇ પૂછવાથી વાતો મળશે–તે પછી બજારમાં બન્ને નાકાંની સામુ એક આટાદાર બાવા સિદ્ધપુરૂષની જગ્યા છે. જ્યાં તેમની પાદુકાવાળી સમાધી છે. આ પુરૂષની કથામાં આટલી વાત છે તે જણાવું છું.

એક વખ્ત–ખંડેરાવ ગાયકવાડ સરકાર કે એમના કુટુમ્બી માંથી કોઇ રાજવી ચાંદોદ તિર્થ આવ્યા હશે ત્યારે આટાદાર બાવા. અત્યારે એમની સમાધી છે–ત્યાં એક ઓટલા ઉપર આસન સ્થ હતા. ઘણા વખ્તથી એમનુ આસન હતુ એમ જૂના વૃધ્ધો જણાવી ગયા છે. તેઓ પરમહંસ વૃતિમાં એટલા બધા સિદ્ધ હતા જે એક ચાટમાં કૂતરાંને નાખવાની જગ્યામાં પોતે પણ ખાઇ લેતા. અને આટો અને દાળ ઉપર વધારે પ્રેમાળ હતા. જેથી આટા દાળ બાવા નામ છે તે રાજવી આ મહાપુરૂષના આસનેથી પસાર થતાં મહારાજ શ્રીને એક શાલ ઓરાઢે છે. રાજવીના ગયા પછી તરતજ. માહારાજે શાલ અગ્નિ દેવને સોંપી એટલે પાસે સળગતી ધૃણીમાં નાખી. રાજવીના. માણસોએ તે રાજવીને જણાવ્યું જે મહારાજે તો શાલ અગ્નિમાં નાખી ભસ્મ કરી ત્યારે તે રાજવી ડાપણ બતાવવા–મહરાજ પાસે આવી બોલ્યા જે મહારાજજી મેંતો ઓઢવા આપી હતી અને આપે અગ્નિમાં નાખી એ શું ! ખરેખર સાધુઓમાં એક પ્રકારની જડતા તો ખરીજ. આ શબ્દોથી. મહારાજ હસ્યા અને તે રાજવીને શાલ પાછી સોંપવા, તપસિધ્ધાવિર્ભાવમાં આવી જઇ અગ્નિ દેવને વિનવ્યુ અને એક ચીમટાથી. બે ત્રણ. શાલો. બ્હાર કાઢી બતાવી અને કહ્યું જે તેરી પીછાન લે ઓર–લેલે–આદ્દશ્ય જોઇ તે રાજવી નમે છે અને

ભારતના. સિદ્ધ પુરૂષોની ગુપ્ત વિભુતીઓમાં રાજ્ય સુખો રદ છે એમ સમજી મ્હારાજ શ્રીનું આસન પાકુ બંધાવી મહારાજ જ્યાં સુધી લિલા દેહમાં રહયા ત્યાં સુધી સેવા ધર્મસ્વિકાર્યો છે ચાંદોદમાંની હવે આવી વાતો ઇતિહાસમાંથી ભૂસાય છે. તેન થતાં ચાંદોદનાં. ઇતિહાસમાં ટાંકી લેવા. વૃદ્ધ જનોને સૂચન છે જે પોતાના બાળકો પાસે. જૂની વાતો રજુ કરતા જવી અસ્તુ જેને હું સિધ્ધાવધૂત પરમહંસ જાણું છું એવા એક દર્શનનિય પરમહંસ મહારાજ હાલમાં નિવાસે છે દશ વર્ષનું આસન છે. અને પૂર્ણ અનુભવી પુરૂષ ને એમની ઓળખાણ પડે છે. મુમુક્ષુ એ જરૂર સતસંગ કરવો એ માટે વિનંતિ છે

ચાંદોદના વતિન શ્રી. ઉધ્ધવ જોશીજીનું ચરિત્ર પણ જાણવા જેવું છે. જે માટે એમના પૂત્રોને મળવું ચાંદોદમાં હજી પણ એમની મરણ તિથીએ હડતાળ પડે છે. એમના પૂત્રશ્રી પણ યોગી ભકત છે. આ વિના ઘણા પુરૂષો ચાંદોદમાં થઇ ગયા હશે, મ્હારી જાણમાં અને મળેલાજનોનાંથી આટલા પુરૂષાર્થિઓની ટૂંક હકીકત જણાવું છું. ગામના ગૃહસ્થ પંડયાજી જેમનુ નામ ભવાનીશંકર પંડયા હતુ જેઓ પુરૂષાર્થિ લોકમાન્ય અને રાજ્યમાન થઇ ચાંદોદની પ્રજાના માનવંત ગણાઇ ગયા છે. જેઓ આપણા ભટ્ટ બન્સિલાલ ઉજમરામના સબંધી હતા ભટ બન્સિલાલે પોતાની વચાટ દિકરી પંડયાજીના પૂત્રના પૂત્રને પરણાવી છે. તે પછી વર્તમાન ચાંદોદની વસ્તિના માન્યવર અને હું ભકત હ્રદયથી ઓળખુ છું એવા ભાઇશ્રી રા. જગન્નાથભાઈના મામાશ્રી ઉલ્લાસરામનું જીવન રામકૃષ્ણુ પરમહંસજીની કથા મૃતમાં ભાઇશ્રી ડાહ્યાભાઈ રામચંદ્રે જણાવ્યું છે તે પુરૂષ પણ ચાંદોદના ભૂષણરૂપ હતા. રા. રા મહાશંકરના પિતાશ્રી પાઠકજી હરગોવિન્દ ભાઇ પણ શંકરભકત અને ચાંદોદના માન્ય વર હતા જેમણે ૪૦ વર્ષ સુધી પાર્થેશ્વર ચિંતામણીના પ્રયોગથી બ્રાહ્મણોને આદર્શ આપ્યું છે. વળી શેષનારાયણના પૂજારીઓના વૃદ્ધો પણ ચાંદોદના ભૂષણરૂપ

હતા. મ્હેં જોયેલા ભાઈ મગનલાલ ધનસુખરામ જેઓ સણોર દરબારના કારભારી હતા. રેવા પંચતિર્થના પ્રગટ કર્તા અને ચાંદોદના માન્યવર હતા. ખરેખર તેમની જીવન પદ્ધતિ આદર્શનિય હતી જે પછી નર્મદાપૂરી મહારાજ પણ એક સંત ગુરૂપ અને ચાંદોદના ભૂષણ રૂપ હતા. પુરાણી મહારાજ ઉજમરામજી જેઓ રામભકત હતા. અને મ્હને ભજન ભકિતની ઘણી અનુભવી વાતો વખતો વખત મમાશ્રમે આવી જણાવતા જેઓ હમણાંજ રામ ધામે પધાર્યા છે. આ વિના હમણાં પણ ચાંદોદના મહાજનો અને જ્ઞાતીઓના અગ્રેસરો ચારિત્ર્યવાન સહ લોકમાન્ય છે. અસ્તુ. ચાંદોદમાં હવે ધીમે ધીમે વસ્તી વધે છે. અને સુધારા પણ દાખલ થયા છે. ચાલુ ચળવળમાં ચાંદોદના યુવકોએ બ્હાર પડી ખ્યાતી મેળવી છે. અને જનસેવા ધર્મમાં આગળ વધ્યા છે. તેઓ જો ચાંદોદમાં ભરાતા મેળાઓ અને તિર્થમાં આવતા તિર્થાર્થિઓની વ્યવસ્થામાં, સેવા સોંપે તો યશ સારો મળે. જ્યારે મેળા ભરાતા હોય, તે પ્હેલાં બે ત્રણ દિવસ અગાઉ ચાંદોદના મહાજનોના મંડળની દૃષ્ટિ નીચે અને સરકારની સાનુમતિમાં લોક સેવા વ્હોરે તો, સ્તુત્ય પગલુ ગણાય ઘાટ ઉપર ન્હાતાજનોને ચેતવણી આપવા મેળામાં આવતા જુગારીઓને અટકાવવા અને ચોર લોફ્ફર જનોથી યાત્રાળુઓની રક્ષાનો સેવા ધર્મ સ્વિકારે તો સારો યશ મળે.

નર્મદા મંડલના વ્યવસ્થાપક નર્મદાજીની સાયં આરતી હંમેશાં કરે છે. અને તે નિમિત્ત દર દશેરાને રોજ એક ઉત્સવ કરવામાં આવે છે. આ આરતીમાં તિર્થમાં આવેલા જાત્રાળુઓ ભાગ લે અને નર્મદાની આપણી નવી આરતીથી આરતી બોલે તો જરૂર સિધ્ધે નર્મદા ધાર્યું ચાંદોદનાં હવા પાણી એટલાં બધાં સારાં છે. જે ક્ષયરોગી પણ વગર દવાએ સારો થઇ જાય.

ઓનરેબલ સર વીઠ્ઠલદાસ ઠાકરસી નાઇટ સાહેબની પાઠશાળા,

અને લાયબ્રેરીની સેવાઓથી તેઓ સાહેબના ચાંદોદના મન્ત્રી શ્રી ભાઇ જગન્નાથજીની નીતિભરી વ્યવસ્થાઓથી ચાંદોદ ઘણું શોભી રહ્યું છે અને અત્રેની વસ્તી તેમના આવાં સત્કાર્યોથી ઉપકૃત છે.

ચાંદોદની શારીરિક સ્થિતિ કુદરતી કસરત મળવાથી સારી રહે છે, ટેકરા ચઢવા ઉતરવા, અને ખુલ્લી હવા સ્વચ્છ પાણી, આદિ સાધનોથી ચાંદોદમાં રોગવાળા, ઘણાજ ઓછા થાય છે. છતાં હમણાં વસ્તી વધવાથી તેમજ હોટેલો તથા ખાદ્ય પદાર્થોની દુકાનોના સંગથી તેમજ યાત્રાર્થિઓનાં કુભાવ વાળાં ભોજનોથી રોગ પ્રમાણ વધે છે. છતાં અનુભવી વૈદ્યરાજો અને ડોકટરોની પ્રજા ઉપરની સારી મમતાથી વસ્તીમાં રોગ પ્રમાણ વધતું અટકે છે. માનસિક સ્થિતિ ચાંદોદની સારીજ હોય કેમકે ભાવે કભાવે પણ શ્રદ્ધા અને સત્કર્મોમાં સઘળાંને દોરાવુ પડે છે. સાથે વડીલોની થાપણ પણ શ્રદ્ધા અને સતકર્મમાં પ્રિતીવાળી છે. એટલે સઘળાં જનો પવિત્રાચાર અને વિચારમાં દેવ સમાં દેખાય છે. આત્મિક બળમાં ગુરુ અને સંત કૃપાને પામેલાજ આદર્શને પામે છે. ચાંદોદની વસ્તીને સંત કૃપા મળવાનો રહેજે જ પ્રસંગ પ્રાપ્ત થવાથી ઘણા ગુપ્ત રીતે આત્મબળમાં સિદ્ધ છે. અસ્તુ.

ગુજરાતમાં નર્મદા તટે આ તિર્થ સર્વોત્તમ છે. કેમકે કુદરત પ્રભુની માયાની ગોઠવણી અત્રે દૈવી છે ઘાટોના દેખાવો નર્મદાનું દશ્ય સામે કિનારે રહિ ચાંદોદ કરનાળીનો દેખાવ ચિત્રકારને અભ્યા સમાં મદદ કરે એવાં છે. ઘણા જનો કરનાળીમાં અને ચાંદોદમાં હવા ફેર માટે આવે છે. ઉરી સંગમ આગળનું દશ્ય જોનારને આકર્ષણ કરી ખેંચી રાખે છે. અત્રે ભૂત પ્રેત વળગાટ વાળાંનો ઉદ્ધાર થાય છે. અને પિતૃઓને શ્રાદ્ધ આદિ પ્રયોગોથી તૃપ્ત કરવામાં આવે છે. અસ્તુ મહા નીચ વર્તનવાળા પણ નર્મદા તટે રહેવાથી દેવસમા થાય છે. એવા બે ત્રણ દાખલાથી વિનવું છું જે હે ભાઇઓ ઉભય

લોકનું કલ્યાણુ અને વિજશ વ્હોરવો હોય તો નર્મદા તટે થોડો સમય નિવાસ કરો અને શંકર રેવાને ભજો. અલં આ વિના બીજો કેટલોક ઇતિહાસ પંચતિર્થમાં અને અન્ય લખાયેલા ગ્રંથોમાં આવેલ છે. તે જોઇ લેવો. વર્તમાન ચાંદોદની ટૂંક હકિકતમાં કાંઇ વધારે ઓછું જણાય તે સુધારી લેવું અને સુધારાવવું હર નર્મદેઃ

હવે ભટ્ટ બન્સિલાલને અમરગઢનાં ભજનોમાંથી જે ભજનો વધારે પ્રિય હતાં તે અને અત્રેથી ગુજરાતમાં પ્રચલિત થયાં છે તે ભજનો સતસંગાર્થે આપવામાં આવે છે.

અમરગઢનાં પ્રસિદ્ધ ભજનોદ્દ્ગીથ

અને

ભટ્ટ બન્સિપ્રીય દત્તપ્રસાદ સિદ્ધ પદ્યામૃત.

ભકતોના આર્તનાદમાં સ્ફુરેલી વાણી એજ વેદવસ્તુ એવુ જેના અનુભવમાં આવ્યું છે તે ભક્તજનો આ દત્તપ્રસાદ સિદ્ધ પદ્યામૃતને પચાવશે અને જીવનમાં ઉતારશે એવું યાચતો પાગલીયો પ્રલાપે છે.

દત્તદાદાની દયામાં જયગુરુ સ્વામિ

(પાગલીયો શાહ)

ખુવારી ખુદ મસ્તોની ખરાં ખાખી ખુદા જાણે
બીમારી ઇશ્કે બંદાની મહોમદ મુસ્ફતા જાણે ૧
ન જાણે ચામ દામોના ગુલામો દીલ દુનિયાના
પીછાને પ્રેમ ગુલતાના જનમના જોગીડા જાણે ૨
વિરહની વેદના પેલાં શું જાણે શુષ્ક હૈયાનાં
બનેલાં ઇષ્ટમાં ઘેલાં દરદ દુઃખ દર્દિ પીછાને ૩

ચઢી ઉન્માદની મસ્તી કડણ વૈરાગ્યની સુસ્તિ
ખરા સાધુ હૃદય જાણે અજાણ્યા ઢોંગીલા માને ૪
ન તેથી બાપ ખીજવાશો ન મુકશો કોઇ નિશ્વાસો
અમર છે નિત્ય ખુદમસ્તો બન્યાં પાગલ મઝા માણે ૫

(૨)

ધોબી બીચારો શું કરે જ્યાં ડાઘ છે દિવેલના
અવધૂત યોગી શું કરે વિષયો ગમે છે મ્હેલના ૧
મન મસ્ત થઈ વાંકો ફરે ગુરુદેવ આજ્ઞા ના પળે
દાદા ગુરુજી શું કરે ધંધા કરે છે ફેલના ૨
ખૂબ દેશભક્તિ આદરે ભોળા જનો પૂજા કરે
તેને ગુરુજી ના મળે એ જાણજો છે જેલના ૩
વૈરી અને ઍરી રહિ ઉંડાણમાંથી ના ગઇ
કે'છે બધુ મારૂ સહિ પાકો મળે ના પ્રેમના ૪
આ જગત છે કલ્યાણમય સૌ જીવ સઘળા રામમય
ફીકો બધુ જંજાલ હય પાગલ કદી યે ભૂલ ના ૫

(૩)

ગુરુદેવ તમોને નહિભુલુ નહિભુલુ માયાના પંજે નહિડુલુ નહિડુલુ
મ્હેલ દીયો કે જેલ દીયો પણ. તાર તમારો નહિતોડુ નહિતોડુ ૧
મરણ દુઃખ અપ કિર્તિ આપો પણ તમને તો નહિવિસરૂ નહિવિસરૂ ૨
આપ ભલે ભૂલી જાઓ પણ. હું તો તમને યાદ કરૂ યાદ કરૂ ૩
ભલે લીલા અવળી દર્શાવો પણ શ્રૃધ્ધાથી નહિજ ચળુ નહિજ ફરૂ ૪
કોઇ મોટરો ગુરુ બતાવો પણ તમને તોનહિજ તજુ નહિજ તજુ ૫
એક તજી બીજાને ચાહી વૈશ્યા પેઠે નહિજ ભજુ નહિજ ભજુ ૬

પાગલ હુ તુજનામ સ્મરણુમાં જીવન આ બરબાદ કરૂ તનેયાદ કર ૭
રામગુરુવાર તારી વાંસે જોગ લઇને મસ્ત ફરુ મસ્ત ફરૂ ૮

ૐ

(૪)

જીવ રટીલેને રામ, બીજુ આવે કંઈ નાકામ
માટે ભજીલેને રામ, ભજન હશે તોતો જીતશો ૧
મોટાંરાજ અને મ્હેલ, એતો બાજીગરના ખેલ
બધી ખટપટ મેલ ભજન વિનારે બહુ વીતશે ૨
તૂટ્યાં રાજ અને પાટ, ખાલી કૃષ્ણજીના ખાટ
મોટાં ભાગી ગયાં હાટ, ભજન વિના નહિ ચાલશે ૩
ગયાં મોટેરાંનાં નામ, પડી રહ્યાં સૌ કામ
થયાં રદ્દે દદ્દે દામ, ભજન કરંતા રે મ્હાલશે ૪
જીવ મ્હારૂ ત્હારૂ છોડ, હવે મૂક માથાફોડ
પ્રેમે ભજીલે રણછોડ, નામ જાણ્યું તેતો ભવતર્યા ૫
પાગલ કે'છે સાચો સાર, ડાપણ તારાં હવે બાળ
ઘેલો થઇ રામ ભાળ, રામ ભજેરે ફેરા ટળ્યા ૬

(૫)

નારદજીના નિશાળીઆ, હમો નારદજીના નિશાળીઆ
પજવોના ઓ વેવારીઆ, હમો નારદજીના નિશાળીઆ ૧
બીજી નિશાળોના મ્હેતાજી, સોટી મારી શીખવે
મારા મે'તાજી મીઠાશરાખી, પ્રેમ ધરમમાં રીઝવે હમેતો. ૨
બીજા મ્હેતા રે'તા જગમાં, મારો તો હરિ હ્રદયમાં
મારે એવાં મારાં ચહિએ, ગણીએ બીજા રદમાં હમેતો. ૩
કોઇ કે'છે કે જગત સુધારો, કોઇ કે' ધર્મ સુધારો
મારો મે'તો કે'છે સૌ છોડો, ભજન કરો લઇ તારો હમેતો. ૪

પાગલ ગુરુનું કે'ણું માની, થયા નારદના ચેલા
નિશાળીઆ નારદ શાળાના, પ્રેમ ધરમમાં ઘેલા હમેતો. ૫

(૬)

આતાનંગા જાતાનંગા, માલ ખજાના કયા કરના
ફના ફકીરી લેલે ફક્કડ, હરદમ રામરામ રામ સ્મરના.
કિસકી માડી કીસકી લાડી, બાવા બેટા સ્વારથકા.
દુનિયાકી જંજાલ છોડ દે, પંથ પકડલે ગુરુ ધરકા.
આશક માશક જુઠ્ઠા ઝગડા, તાબુત સબ કોઇ મસાણકા.
ગુણગા ગમખા ગૂમ થાપ્યારે હોજા બંદા સાહેબકા.
મેરા તેરા જુઠ લવારા, ખાલી ખંખં જાવેગા.
સબ કુછ પડા રહેગા પ્યારે, નેકી બદી સંગ આવેગા.
ચેત ચેત ઓ બુઢીયા પાગલ, હરદમ દત્તગુરુ દત્તગુરુ બોલ.
માયા કાયા કા છડ ધાંધલ, ગુરુદત્ત તુહિદત્ત ભાવે બોલ.

હક્ક ચલેસો હક્ક પાવે

ઉપર જણાવેલાં ષટ્ ભજનો ભટ્ટ બન્સિજી ને મોઢે હતાં જયારે અમરગઢીય સત્‌સંગમાં બેસતા ત્યારે વિવેચન સાથે બોલી સંભળાવતા. અસ્તુ

॥ श्री नर्मदोऽत्पत्ति ॥

કે

—નર્મદામાનો ગરબો.—

૧ આદિરુપા આદીમાયા આદ્યા અમ્બા અમ્બરિ
મા જય રેવા શંકરી ૐ નર્મદે હર શંકરી ॥ધૂન॥
૨ પતિત પાવની રેવા મૈયા અમર શંકરી તવશરણું ॥ધૂન॥
૩ નર્મદે હર નર્મદે હર નર્મદે હર નર્મદે—
સર્વદે વર નર્મદે હર રુદ્રદેહા મેં

ૐ

ઐશ્વર્ય દેતી જન દુખ હર્તિ
પાપો હરિ વિમલ ચિત કર્તિ
શિવાત્મિકા લોક પદે ધરન્તિ
શ્રી નર્મદા દેવી વર પ્રસીદ

પતિત પાવની નર્મદામૈયાનો ગરબો.

અનુષ્ટુપ.

આવેલા નર્મદા સ્નાને, યાત્રાર્થિ જન કારણે
ને નર્મદ ભકતો માટે, નર્મદા ત્પત્તિ અર્પિએ

સ્ત્રિઓનો રાહ.

આદિમાં આ કથા શિવે કથી છે વાયુદેવને
સુતે શૌનક રૂષીઓને નૈમિષારણ્યે કહી
વૈશંપાયને જન્મે જયને પાન્ડવને માર્કંડેય કહે
દત્તદેવ કે'સૌ ભકતોને નર્મદમાની આયથી

ગરબી

પૂછે ધર્મરાજ મહારાજ રૂષિ માર્કન્ડેયને
કહો રેવોત્પત્તિ આજ ટાળોજી ભવ ભયને

માર્કન્ડેય બોલ્યા.

સાતેય કલ્પની માંય હે પાંડુ સુતો
નર્મદ લીલા હું જોઉં પ્રલય નથી માનો થતો
હવે સાંભળજો ધરી ભાવ પૂર્વે કૃત યુગમેં
દશ હજાર વર્ષ પેલાંય શિવ રૂષ્ય પર્વતમેં
રૂષ્ય પર્વત ત્રિકુટાચલ. અમર કંટક કે' છે
ત્યાં બેઠા ૐ શિવહર, છૂપા સૌથી રે' છે
દાદે કર્યું મહાઘોર તપ તપંતાં સ્વેદ ઝર્યો
એ ધોળા રંગે થઇ ગીરીમાં ખૂબ વહ્યો
શીવ સ્વેદ પ્રવાહથી એક કન્યા ઉત્પન્ન થઇ
સનમુખ આવી કર્યું તપ એક પગે ઉભાં રહિ
શંકરજી પ્રસન્ન થાય માગરે માગ વરદાન
ત્યારે માગે નર્મદ માય પિતુચર્ણે દઈ ધ્યાન
સૌ પૃથ્વિ તિર્થના સ્નાન મુજમાં નાહયે ફળે
મારાં દર્શનથી અઘહાણ સૌને મુક્તિ મળે
વળી પાર્વતિ સહ પિતુદેવ મુજમાં નિવાસ કરો
મમજળ સ્પર્શે પથ્થર આપનુ રૂપ ધરો
શિવે આપ્યાં સૌ વરદાન વળી વિશેષ વદયા
તવ ઉત્તર તટ રે' નાર લે મમ લોક મઝા
દક્ષિણ તટના રે' નાર પિતર લોકમાંહિ જતા
તારાં ભક્તજનોની સાથ સદાયે હું રહું જા.
વિન્ધ્યાચલમાં જઇરે' જગતનું કલ્યાણ કર
ત્યાંથી ગુપ્ત થયા છે મા આવ્યાં વિન્ધ્યાચળ
શંકર તનયા રેવા બ્રહ્મચારિણી સિદ્ધા
જોઇ મોહિત થયા સૌ દેવ શંકર પાસ ગયા

સૌ પ્રથક પ્રથક પૂછે, વિવાહને સાટે
ત્યારે શંકરજી કે'છે, ભલે વરો બળ માટે
તવ દેવો રાજી થઇ, નર્મદ વશ કરવા
આવ્યા સૌ લાલચ લઇ, રેવામાને વરવા
નર્મદા મૈયા ત્યાં ગુપ્ત, દેવો ખોળ કરે
દેખાડે સ્ત્રીનાં જુથ, સૌ કોઇ હારી ફરે
એવી રીતે હજાર વર્ષ, દિવ્ય લીલા રમતાં
બ્રહ્મચારિણી પામ્યાં હર્ષ, પિતાની પાસ જતાં.
ત્યારે પાર્વતિજી કે' નાથ, દેવો શું ? મુર્ખ થયા.
શું આદિ શક્તિની સાથ, વરવા ભૃષ્ટ થયા
શિવ ગૌરિ થાય પ્રસન્ન, રુદ્રદેહા વર્યા
તું અમ્મર રે' જગવન્દ્ય, સમુદ્રને સોંપી દીધાં

(સ્ત્રિયોની ચાલ)

ઉપર મુજબ

જગ તારણી શિવકન્યકા, ગુણ ગાવે સુરમુની માનવા.
મૃકુંડ સુતને દુધ પાઇ, રાખતાં સાત કલ્પમાં
શની ભયથી શિવ રક્ષ્યાં, નિજ વારીમાં છૂપાવતાં
ઇન્દ્ર રોગ મટાડીને, જગમાં સુકિર્તિવાન કીધા.
દેવો મળીને આવતા, નિશાચરને હણવા કારણે.
તેઓને તન મન ધનથી રક્ષી, મા થયાં છો પાલણે.
કાર્તિક જીતાવીને કર્યા, સેનાની લાજી સો નદી.
અત્રીમુની ને અનસુયા, નિજ જલથી રક્ષ્યાં બહુ સદી
તવ તીરપર બેઠાં ઉભય, ગુરુ દત્તરાજ પ્રગટ કર્યા.
પૃથ્વીના સુત મંગલજીને, બલ આપી ગૃહમાં ભેળવ્યા.
ગંગાજીનાં ઘોર પાપ કાઢી, શુદ્ધ કરંતી માવડી.

પ્રાયશ્ચિતો દેવનાં હર્યાં, મા છો ઉભય તટ પાવની.
પતિતોદ્ધારિણી માતા રેવા, નર્મદે હર નર્મદે.
કલીમાં સદ્દા સુખદાતા, સર્વ દે મા સર્વ દે.

ઉપરની ગરબીનો રાગ આરંભ.

એવી નર્મદ લીલા ગાઇ, જનાર્દન દત્ત શુકલે.
ભક્તો ઝીલજો ખુશ થાઇ, રેવામા પ્રસન્નરે.
રેવામાની ગરબી ગાય, તેની હાય ટળે
શિવ ગૌરિ રાજી થાય, દત્ત ગુરુ દર્શન દે
શીખવે જો દશ જનને, નર્મદ તટપર ગાય.
પામે છે મોક્ષ ધનને, કિર્તિ ખૂબ પ્રસરાય

ઇતિશ્રી નર્મદોત્પત્તિ સહ ટૂંક નર્મદલીલા સમાપ્ત.

સંવત ૧૯૮૫ ના શ્રાવણ વદી દ્વિતિયાના પ્રભાતે નર્મદા સાક્ષીથી લખી. લેખક. દત્તદેવ જનાર્દન શુકલ પાગલદત્તના

જય ગુરુસ્વામી સહ હરનર્મદે:—

ચાલુ વર્ષના માઘ માસની પુનેમ ને રોજ

પ્રગટ દત્ત પ્રભુએ

"દત્ત ભક્તાને આપેલું આમંત્રણ"

આવો તપવા રેવાતીર હો મમ જોગી નામ ભોગી
મ્હારાં વ્હાલાં ભજનીયાં વીર હો ધૂનયોગી સત્ ભોગી

દત્ત ભકત વૃંદ લઇ ફરશુ પેલાં ભૂલાં પડયાં ને મળશુ
દત્તાદેશે લઇ તરશુ કિર્તન ભકિત ખૂબ કરશું
હો મમ જોગી નામ ભોગી

નિર્મળ ભજને હળી મળીને કરી નામે નિર્ધુત કલીને
પેલા પંચ વિષયથી જલીને નવતજીયે પેલાં છલીને

હો ધૂન યોગી, નામ ભોગી

ગુરુ દત્ત દાદે કરી આજ્ઞા દત્ત નામ દીયો નિર્વિઘ્ના
હવે વાર કરોના સૂચના. ખેલો અતિરૂ દ્રોત્સવયજ્ઞા

હો ભાઇ ભજની દત્તયજની

ગૃહિ સ્વયંભુનું આમંત્રણ આવો આવો થાક્યાં જોગીજન
ગુરુ દત્ત ફરે છે વન વન તને મને મને બધાંને કે ધનધન

હો રૂષિયોગી બ્રહ્મ ભોગી

થશે પાગલ ત્યારે પ્રસન્ન ભક્તોને દે દત્ત દર્શન
નવ ખેંચીલો પ્રભુ કિર્તન કરે બધાંયનાં મન નિર્મળ

હો જન્મયોગી પૂર્ણયોગી

ૐ

અમરગઢમાં સાચુ જીવન જાળવતાં હૃદય માંના પ્રીયજનો ના ઉપદેશ સામુ અને ઘણા. ડાહ્યા. જનોની. શીખામણ. સાંભળતાં

સઘળા મૂલ્લાકાતિ જનો, ઉપદેશ અર્પતા ગુરૂ
સોમાંથી કોઇ એકાદજણ સદ્બોધ સિધ્ધે રૂબરૂ ૧
કોઇતો મળી ટીકા કરે કોઇ પંડીતાઈ પાથરે
કોઈ ઝીતવા હુંકાર બળે, પજવે તે ટાણે મૌન ધરૂ ૨
એકાત્મભાવી હાસ્યથી, હણું દ્રેષી વૃતિ દાસ્યથી
હારૂ ન પ્રત્યક્ષ ત્રાસથી વઢતાંને વ્હાલાં ખાસ કરૂ. ૩
જેથી સદા આનંદમાં રહીયે ન હુના ફંદમાં
ગુરૂ સંતમંડળ વૃંદમાં સમજણની શાંતિમાં ભળુ ૪
પાગલ થયા ને દુઃખ શું તૃપ્તાત્માને ભૂખ શું
માનવ જનોના મુખનું કેવું કહો કેમ સંઘરૂં ૫

અમરગઢના દત્તોપાસી જીવનમાં નિત્યમેવતિર્થ મહિમાસહ ગ્રામદેવનું માનસિક પૂજન થતું કદી કદી ભગવાન શેષનારાયણના મંદિરે ભક્તશ્રી ઉત્છવલાલ દાદાના–પ્રેમાકર્ષણે જવું થતું ત્યારે એક પ્રસંગે પરમાત્મા શેષ સાઇજીને રીઝવવા ગાયેલુ કિર્તન—

જય શેષનારાયણ નાથ નિરંજન, ભવભંજન ભગવાન પ્રભો
ચંડપૂરાધિશ ચક્રતિર્થઇશ, બ્રહ્મયજ્ઞ રક્ષેસ વિભુ
બ્રહ્માસુર તલમેઘ વિદારક, ચક્રપાણી જય શેષ શાઇ
ચક્રશુદ્ધિ બ્રહ્મહનન પ્રાયશ્ચિત, આ તિર્થે ટાળ્યાં સાંઇ ૧
અનંત ચૌદશ સકલ એકાદશી, સ્નાન કરે વૈષ્ણવ જન કો
સેવે જો મૂર્તિનારાયણ, પ્રગટ પ્રભુ દર્શન દેતો
ચક્રતિર્થની પરિક્રમાથી, પરિક્રમાથી સિદ્ધ થતી
માર્કંડેય રૂષિની સાક્ષી જય રેવાતટી શેષસાંઇ ૨

પાગલ તવ શરણે રે' નિર્ભય. જલશાઇ જય નમો નમઃ
હે મધુસુદન દત્ત સ્વરૂપા. પતિત પાવન નાથ નમઃ
ગામજનો કરતાં મુજ ઉપર. પૂર્ણ કૃપાળુ આપ રહો.
શાંડિલ્ય ગોત્રી શુક્લ બાળ. નિઃસંશય પિતૃ પેડ ચહો. ૩

અવધૂતિ હંસાને એટલે અમરગઢમાં એક ચાંદોદનો બાલક સંગ રંગમાં રંગાયા પછી ગીરનારગઢે સાથે આવ્યો જે સમયે બનેલા એક હૃદય પ્રસંગ પછી સંભળાવેલુ—

અવધૂતિ હંસા ઉડોરે ઉડોજી ગુરુદેશ.
નિર્જન્મિ સંતા બેસોરે બેસોજી નિર્વેશ. અવધૂતિ ૧
ક્યાં સુધી કર્મજાળનાં જીવડાં, લાગે હ્યા સુંદર બેશ.
ત્યજ ત્યજરે સ્વતંત્ર સિદ્ધા, નથી આ ત્હારો દેશ.
જંગલીયા જોગી ફરોરે ફરો પરમેશ.
બ્રહ્મચરીયાં બોગી શમોરે શમો દરવેશ. અવધૂતિ ૨
ગુરૂપદ મકરદ કર હર ફૂર સાંઇ નિર્બંધન નિર્વાણી.
સબઘટ સોહં વ્યાપક તુંહિ ગામ અપની આપ ઉજાણી.
ગુરુદત્ત ભેખનીયાં બેસોરે બેસો બંબેશ.
પૂર્વિ મસ્તનીયાં રટોરે રટો દત્તેશ. અવધૂતિ ૩
પાગલ ઘાંઘલ બાંઘલ છોટી એકલીયો અટલેશ.
થઇ ગયો ગીરનારી બાવાથી સમજણમાં સ્વયમેશ.
કોણ કો તારણીયાં દત્તગુરુ વિણ શેષ
નથી કોઇ ઉધ્ધરીયાં ખાતો ના અમથો કેશ. અવધૂતિ ૪

ચકલાશીમાં ઘણા માનવજનો સંતજનોના જીવનનેન સહમજવાથી કેટલાક વિચારો નબળા જણાવતાં સંભળાવેલ.

જે આંખથી જોતા હરિ તે આંખમાં માણસ બન્યા
જે મુખથી કે'તા ગુરુ તે મુખથી અપમાન મળ્યાં ૧

જે હાથથી પૂજા થતી તે હાથ આંગળીઓ કરે
તોયે હજી પાગલ અલ્યા લોકૈષણા ત્હારી ના બળે ૨
જે ગેહમાં દેવ સેવલીધી તે ગેહમાં હુંકાર થયા
જે હૃદયમાં મોટા હતા તેમાં હવે ખોટા પડયા ૩
જ્યાં ત્યાં બધે જાતાં મળતાં માનતે ઓછાં થયાં
તોયે હજી પાગલ અલ્યા લોકૈષણામાં કાં રહ્યા ૪
બસ બેસ પેસ ગુરુ ગૃહે પંચેષણે પૂળો મૂકી
કિર્તિ વિભુતિને તજી પ્રાલબ્ધ સ્હેને રે સદા ૫
નાઙહંનો મન્ત્ર દૃઢ ગૃહિ આનંદમાં ગુમ જે થયા
તે તો બધા છૂપા ગયા કૈવલ્ય સંત પંકાયના ૬

વર્તમાન જીવોનો સ્વભાવ.

જુનુતજી ચાહેનવુ વર્તમાન જીવનો ઝોક છે
એધાંસીયાં બુદ્ધિ ચળ્યાને કેવું શું ! બોધ ફોક છે
તનમન કર્યાં છે વર્ણ સંકરી. જાતિ સત્તાસંગથી
કર્મો અને ધર્મો પડયા છે. દંભીઓના દંગથી. ૧
જ્યાં ત્યાં જુડકી બુડકી પોક પાડે છે ઘણા સ્વારાજયની
એ પથરાયલા અંધકારમાં છે વ્યર્થ મ્હેનત ધર્મની
માટે સમજ સિધ્ધી મળેલા. મહાત્મનો સૌ મૌન રો'. ૨
પરમાત્મ ચૈતન્ય દેવનો સત્ કર્મ અંતે પાર્થજો
હે દેવ અસત્ માંથી હમોને સત્યમાં ગતિ આપજો
તામસતણાં વાદળ વળ્યાં છે. પૂણ્ય જ્યોતિ સ્થાપજો
મૃત્યુ તણા વાતાવરણમાંથી. વિભુ અમૃત દીયો. ૩

હે ભર્ગ સ્વામિ. દેવ દત્તા. હિંદને સંભાવીલ્યો.
મુગા મુગા. આસન કરી ઠરીને હરિ હરનેયજ્જો.
સંતોષ શાન્તિ સાથ બ્રાહ્મણુ વૃતિથી બ્રહ્મનેભજ્જો
તો તો જરૂર થોડા સમયમાં રાક્ષસી બળ હારશે
પાગલ અનુભવ સાક્ષીછે બ્રાહ્મણુ તકે સંતોષ્ધારશે ૪

—પરમહંસોને—

પરમહંસ બાવા જય નમ; નારાયણા નારાયણા.
બાપજી સાચુ વદો કેમ લેવાડો ઓવારણાં ૧
ભગવી કર્યા પિછી ભોગ શું શું ભાન ભૂલ્યા યોગનું
એ ભોગતો ઘર રોગનું શાને બન્યા ભરમાયલા ૨
એકાકિ વિચરણુકે મતજ્યુ ટોળામાં વરપણું કેમલીધુ
લોક નમન કહો કેમ ગમ્યુ કેમ આમ બન્યા દેખાવડા ૩
જગ મિથ્યા ને ઉપદેશતા. પણુ આપતો જગ ખેલતા
શાને ગમે છે શ્રેષ્ઠતા. નિંદા સહન કેમ થાયના ૪
જો બ્રહ્મ સત્ય વદો ખરૂ તો સિધ્ધો સૌની રૂબરૂ
તો આશ્રમની રહે આબરૂ બાકી તો વેશ ભવાઇના. ૫
એકાકિનિસ્પૃહ શાન્તિમાં કરપાત્રીને દિગમ્બર.
જો થાવ તો ગુરુ દેવ થાવ પરમહંસ કોટીમાં વરા. ૬

—બ્રાહ્મણાડવતારને ધન્યવાદ—

બ્રાહ્મણનો અવતાર ફરી ફરી હાથ ન આવે
માટે ભુદેવ વિચાર. શુદ્રતા શાને તું ચાવે બ્રાહ્મણુ.
સપ્તર્ષિના વંશજવીરા નિજાશ્રમને સુધારો
તે પછી અન્યાશ્રમ ને ઉધ્ધારો
તોજ જનમ સિધ્ધ થાવે ફરી ફરી ૧

સંસર્ગ દોષે દુબળા આપણુ એ નિર્બળતા ટાળો
ખટ્કર્મ ખટ્ સંપત્તિ સિધ્ધિ બ્રહ્મ તનુ જે શોભાવે ફરી ફરી ૨
અવિણુ અન્ય ઉપાય નથી હા. અનુભવી ભુદેવ બોલે.
બ્રાહ્મણ ધર્મ જો ભારતે પ્રસરે તો પાગલકે ઉદ્ધાર થાવે ફરી ફરી ૩

પ્રાસંગિક દોહરા.

એક વખ્ત અગણીત સમે પ્રગટ પીછાણુ થઈ હોય
એમાં સંશયજો રમે તો હત્ ભાગી જોય
બ્રાહ્મી મુદ્રા બ્રહ્મતનુ બ્રહ્મવાક આચાર.
શ્રોત્રીય બ્રહ્મનિષ્ટ નિજગુરૂ તે હંસજીવન્ત ભવપાર
શ્રૃંગાર રસોપ દેશય પુરાણી રોચક બોધ.
ચેલા ચેલી અતીશય પરમહંસનો અવરોધ.
લોકા કર્ષણ જો ઘટે. ઘટે કિર્તિનીજમાન.
અલભ્ય ગુરૂની ભેટએ પાગલ સમજણુ જાણુ
નિરાહમી પદમાં રમ્યા તેમારા ગુરુભાઇ
મિથ્યા માનમાં છાકયા તે સહશું મિત્રાઇ
સોઽહં સમજ શમીગઇ નાઽહં ચેતન થઇ
તે સિદ્ધ મૂર્તિને નમે પાગલ ઓળખી લઇ
લૌકિક વ્યહવારો કહે ને પરમાર્થિકનો ત્યાગ.
એ ચોરાશી ચક્રે ફરે પાગલ તે નિર્ભાગ
ગોરપદે ગૌરવગયુ થયુ ઘર દુકાનદાર
બ્રહ્મ પણું તો આથમ્યુ તિર્થક્ષેત્ર મોઝાર

ઓ. થાકેલા કલ્યાણી હંસ આવ અને રેવાતીરે તપ કરી પંચભૂતાત્મકી પ્રધાન દેવો સહ પરમ ચૈતન્ય સત્તાની અગાદ્ધ શક્તિ ને ઉપાસ અને આત્મબંળ એટલુ બધુ વધાર જે, દેવોની સ્હાયથી એક વખ્ત પંચભૂતાત્મકી સત્તાને વશ કરે અને નાસ્તિક યુગને ઘડનારાઓ પ્રાચિન તપ યોગ ભક્તિ બળમાં કેવી અલૌકિક શક્તિ છે એ જાણે. ઓ નર્મદી. ખેંચ હવે એવા સમર્થ હંસરાજો ને. જે તારાતટે ભજન તપે અવતારાવાહન સિંધે કે તે મહાશક્તિને સ્વયં પામે અને પછીતુ ત્હારા તટે તપેલા સિદ્ધાત્માઓને, ભારતની ચારે દીશ મોકલી સનાતન સત્ય ધર્મ પ્રચાર નો વિજય ધ્વજ ફરકાવે જય ગુરુસ્વામિ પ્યારે યાત્રાળુ–દેવ. જય ગુરુસ્વામી–ગ્રંથ વાંચક હંસ દેવ જય ગુરુસ્વામિ ગણેશ લોકમાં બીરાજતા. ભાઇ બન્સિ દત્ત જય ગણેશ જયા શિષ તમારા પુત્રને પત્નિ ને અને તમારા. પ્રેમાળ કુટુમ્બીઓને જેમણે તમારી આ દિવ્ય સ્મૃતિમાં સેવા ધર્મ સિદ્ધયો પાગલ દત્તના હરનર્મદે.

"હર હર નર્મદે હર"

॥ ઇતિશ્રી ચાંદોદ તિર્થ મહાત્મ્ય સંપૂર્ણ મસ્તુ ॥

॥ શુભં ભવતુ ॥

॥ નરહરિ કરૂતાં જગતાં શિવમ્ ॥

– જય ગુરુસ્વામિ –

ગ્રંથાનુક્રમણિકા

અમરગઢીય સાહિત્ય.

જીજ્ઞાસુ જીવન	૦—૮—૯
અમર મેધા. ભાગ ૧	૦—૧૨—૦
અમર મેધા. ભાગ ૨	૦—૧૨—૦
ચાંદોદ તિર્થ મહાત્મ્ય.	૦—૧૨—૦
દેસાઇ જીવનની આંતર વિભુતિ	જીજ્ઞાસુને વિના મુલ્ય એક આનાની ટીકીટ.

છપાય છે. છપાય છે.

સતયુગી દત્તાવધુતચરિત્ર.... ...	૨—૪—૦
અગાઉથી ગ્રાહક થનાર પાસેથી...	૨—૦—૦

અમરગઢ દત્ત દરબાર ચક્રદત્તપાટ—ચાંદોદ—

—દત્તદેવ જનાર્દન શુકલ પાગલદત્ત—